# યોગદૃષ્ટિ સમુચ્ચય



પ.પૂ.ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (પંડિત મ.સા.)

# યોગદૃષ્ટિ સમુચ્ચય વિવેચન

-: આશીર્વાદદાતા :-

ષડ્દર્શનવિદ્, પ્રવચનપ્રભાવક સ્વ. પ.પૂ. મુનિરાજ

શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મહારાજ)

-: વાચનાદાતા :-

અધ્યાત્મગુણસંપન્ન, યોગમાર્ગમર્મજ્ઞ પ. પૂ. ગણિવર્ય

શ્રી યુગભૂષણવિજયજી મહારાજા (નાના પંડિત મહારાજ)

-: સંકલન :-

પૂ. સાધ્વીશ્રી લલિતપ્રભાશ્રીજી

વી.સં. ૨૫૨૭ * વિ.સં. ૨૦૫૭ * ઈ.સં. ૨૦૦૧ * નકલ-૩૦૦૦ * આવૃત્તિ-૩

મૂલ્ય - ૨૦.૦૦

-: પ્રકાશક :-

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી,

ફતેહપુરા રોડ, પાલડી,

અમદાવાદ-૭.

## 卐 પ્રાપ્તિ સ્થાન 卐

ગીતાર્થ ગંગા AHMEDABAD

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

☎(૦૭૯) - ૬૬૦ ૪૯ ૧૧, ૬૬૦ ૩૬ ૫૯

**નિકુંજભાઈ ર. ભંડારી** MUMBAI

વિષ્ણુમહલ, ત્રીજે માળે, ગરવારે પેવેલીયનની સામે, ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.

☎ (૦૨૨) - ૨૮૧ ૪૦ ૪૮, ૨૮૧ ૦૧ ૯૫

**શૈલેષભાઈ બી. શાહ** SURAT

શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે, હરિપરા, હાથ ફળીયા, સુરત-૧.

☎ (૦૨૬૧) - (ઓ) ૪૩ ૯૧ ૬૦, ૪૩ ૯૧ ૬૩

**નટવરભાઈ એમ. શાહ, (આફ્રીકાવાળા)** AHMEDABAD

૯, પરિશ્રમ બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી, વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.

☎ (૦૭૯)- ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

**કમલેશભાઈ દામાણી** RAJKOT

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

☎ (૦૨૮૧) - (ઘર) ૨૩૩૧૨૦

**ઉદયભાઈ શાહ** JAMNAGAR

C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ, C- 9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે, જામનગર.

☎ (૦૨૮૮) - ૬૭૮૫૧૩

**વિમલચંદજી** BANGALORE

C/o, J. NEMKUMAR & COMPANY, Kundan Market, D.S.Lane, Chickpet Cross, Bangalore-560 053,

☎ (O) 287 52 62, (R) 225 99 25.

**: મુદ્રક :**

મુદ્રેશ પુરોહિત

**સૂર્યા ઓફસેટ**, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષો તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વ જિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વ જિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

# પ્રસ્તાવના

માર્ગદ્રષ્ટા સૂરિપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના અનેક શિરમોર ગ્રંથોમાં જેનું મૂલ્યવાન સ્થાન ગણી શકાય એવા યોગદૃષ્ટિ સમુચ્ચય નામના મહાન યોગગ્રંથની વાચના આજથી વર્ષો પહેલાં હસ્તગિરિ મહાતીર્થની છાયામાં આપવાનો પ્રસંગ બનેલો. તે વખતે અપાયેલી વાચનાઓનો સારાંશ પૂ. બાપજી મ.સા.ના સમુદાયનાં વિદુષી સાધ્વી શ્રી લલિતપ્રભાશ્રીજીએ શબ્દદેહ રૂપે આલેખ્યો; જેના વાંચન માટે ઘણાની માગણી હોવાથી આજે તેને પ્રકાશિત કરાયો છે. આ ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે સાધક જીવના મિથ્યાત્વ અવસ્થામાં પણ અનિવાર્ય ઉપયોગી આધ્યાત્મિક વિકાસનું, અનેક આગવી વિશેષતાઓ સાથે દૃષ્ટિઓના માધ્યમથી વર્ણન કરેલ છે. આ વિષયની જાણકારી મુમુક્ષુ જીવો માટે ખૂબ જ અગત્યની છે. તેથી આ ગ્રંથના પઠનથી સાધક જીવોને પ્રથમ ગુણસ્થાનકરૂપ મિથ્યાત્વ અવસ્થાની આધ્યાત્મિક ભૂમિકાઓનું માર્મિક જ્ઞાન થાય અને સાધનાદૃષ્ટિમાં રહેલી ગેરસમજ દૂર થાય એ જ અભિલાષા સાથે, યોગ્ય જીવો વહેલામાં વહેલા પરમપદના માર્ગને પામો એવી શુભકામના....

ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી
(પંડિત મહારાજ)

# યોગદૃષ્ટિ સમુચ્ચય

૧૪૪૪ ગ્રંથના પ્રણેતા સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિએ લગભગ દરેક દર્શનના યોગ-ગ્રંથોનું ઊંડું ચિંતન, મનન અને નિદિધ્યાસન કર્યા બાદ, તે બધાના નિચોડ અને સમન્વય રૂપે આ "યોગદૃષ્ટિ સમુચ્ચય" નામના ગ્રંથની રચના કરી છે. દરેક દર્શનના અનુયાયીઓને માન્ય બને એવી શૈલીથી આમાં યોગના વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. યોગમાર્ગને પ્રારંભથી તે અંત સુધી આવરી લે એટલો વ્યાપક આ ગ્રંથનો વિષય છે; તેથી યોગમાર્ગમાં પ્રવેશ કરવા ઇચ્છનારને આ ગ્રંથ જેટલો ઉપયોગી છે એટલો જ ઉપયોગી તેમાં પ્રવેશ કરેલાને સ્થિરતા અને વિકાસ સાધવા માટે પણ છે.

સંસારમાં રખડતા આત્માને મોક્ષની સાથે જોડાણ કરનાર વ્યાપારને (પ્રવૃત્તિને) યોગ કહેવામાં આવે છે. તત્ત્વનો સાચો બોધ એ સમ્યગ્જ્ઞાન છે અને તત્ત્વની સાચી પ્રવૃત્તિ એ સમ્યગ્ ચારિત્ર છે. તત્ત્વનો સાચો બોધ થયા પછી તેના પર "તે જ સાચું છે, તે જ સત્ય છે" એવી રુચિ પ્રગટી જાય તે સાચી રુચિ છે. અને તે તત્ત્વના સાચા બોધને જીવનમાં આત્મસાત્ કરી લેવામાં આવે તો આત્માનો મોક્ષ થઇ જાય છે.

માટે મોક્ષનું મૂળભૂત કારણ છે સમ્યગ્ બોધ. તે બોધને અહીં "દૃષ્ટિ" નામ આપવામાં આવ્યું છે. યોગમાર્ગનો આ બોધ પ્રારંભમાં અગ્નિના એક નાના તણખા જેવો હોય છે; વધતો વધતો છેવટે તે ચંદ્રના પ્રકાશ જેવો તેજસ્વી બને છે. આ બોધને તેના પ્રકાશ (આત્મપ્રકાશ)ની માત્રા અને કાર્યની દૃષ્ટિએ આઠ વિભાગમાં વહેંચીને તેને આઠ યોગદૃષ્ટિ તરીકે અહીં નિરૂપવામાં આવ્યો છે. આમ આઠ યોગદૃષ્ટિનો સમુચ્ચય હોવાથી આ ગ્રંથનું "યોગદૃષ્ટિ સમુચ્ચય" નામ સાર્થક છે. ગ્રંથના નામમાં "દૃષ્ટિ" શબ્દની આગળ "યોગ" શબ્દનો પ્રયોગ ગ્રંથકારે ખાસ હેતુપૂર્વક કર્યો છે.

અનાદિ કાળથી સંસારમાં રખડતા જીવે અનેકાનેક વખત ધર્મ કર્યો છે, જે ધર્મના ફળ સ્વરૂપે તે અનંતી વખત ગ્રૈવેયક જેવા ઉત્તમ દેવલોકને પામ્યો છે; પરંતુ ખેદ, ઉદ્વેગ આદિ દોષથી યુક્ત હોવાથી તેમ જ જીવે એ સમયે અદ્વેષ આદિ ગુણોની પ્રાપ્તિ નહિ કરેલ હોવાથી, તેનો એ ધર્મ તેને મોક્ષ મેળવવામાં સહાયક બન્યો નથી; અર્થાત્ તે યોગરૂપ બન્યો નથી. તેથી એવા ધર્મને ઓઘદૃષ્ટિનો ધર્મ કહેવામાં આવે છે.

આ ઓઘદૃષ્ટિનો ધર્મ કરનારા જીવો ધર્મશ્રદ્ધાળુ જ હોય છે; આત્મા, પુણ્ય, પાપ, કર્મ, બંધ, મોક્ષ, પરલોકને માનતા હોઇને આસ્તિક જ હોય છે. તેમાં કોઇ કોઇ જીવ તો એટલા બધા શ્રદ્ધાળુ હોય છે કે ધર્મને ખાતર હસતે મોઢે પ્રાણ આપવા પણ તૈયાર હોય છે. દેવ-ગુરુ અને ધર્મના કાર્યમાં તે અડીખમપણે હાજર રહે છે. તેમાં

કેટલાકનું તો શાસ્ત્રજ્ઞાન પણ વિસ્તૃત હોય છે. આ રીતે અનેક ગુણો હોવા છતાં તત્ત્વના બોધથી અર્થાત્ ધર્મના મર્મથી તેઓ અજ્ઞાત હોવાથી તાત્ત્વિક ધર્મને પામી શકતા નથી અને મોક્ષમાર્ગ પર ચઢી શકતા નથી. તેથી જ સંસારમાં ફર્યા કરે છે. ઓઘદૃષ્ટિમાં રહેલા અને અનેક ગુણોથી યુક્ત જીવોને તાત્ત્વિક ધર્મથી (મોક્ષમાર્ગથી) દૂર રાખનાર કોણ છે? તે છે, તેમનું "**ભવાભિનંદીપણું**".

ભવાભિનંદીપણું એટલે સંસારના સુખનો રસ. સંસારના સુખના તેઓ રસિયા હોય છે. સંસારના પૌદ્ગલિક સુખમાં જ તેમને મજા આવે છે. સંસારના પૌદ્ગલિક સુખથી ભિન્ન એવા આત્મિક સુખ જેવી કોઇ વસ્તુ છે તેની તેમને કલ્પના સરખી પણ હોતી નથી. આથી તે જે કંઇ ધર્મ કરે છે, તે અર્થ-કામના (સંસારના) રસથી જ કરે છે. તેઓ ભલે મોક્ષ કે આત્મકલ્યાણને પોતાના લક્ષ્ય તરીકે સમજતા કે ગણાવતા હોય પણ એ બધું માત્ર શબ્દપ્રયોગરૂપ જ છે. સંસારના પૌદ્ગલિક સુખમાં જ તેમનો મોક્ષ કે આત્મકલ્યાણ સમાઇ જાય છે. એથી આગળ વધીને પુદ્ગલના સંપૂર્ણ અભાવમાં રહેલું જે અધ્યાત્મસુખ કે જેને ધર્મનો મર્મ કહેવામાં આવે છે; તેને તેઓ સમજી શકતા જ નથી તો પછી પામી તો કેમ જ શકે?

ઓઘદૃષ્ટિવાળા આ ભવાભિનંદી જીવને સંસારનું સુખ હેય જ છે, એકમાત્ર અધ્યાત્મ સુખ જ ઉપાદેય છે, આવું પ્રણિધાન હોતું નથી. એવું પ્રણિધાન નહિ હોવાના કારણે યોગમાર્ગમાં તેને ખેદ, ઉદ્વેગ, વગેરે દોષો જીવંત રહે છે. જ્યાં સુધી ખેદ, ઉદ્વેગ વગેરે દોષો જીવંત છે ત્યાં સુધી ધર્મ યોગ સ્વરૂપ નથી બનતો. યોગધર્મને આ ઓઘદૃષ્ટિના ધર્મથી જુદો પાડવા માટે ગ્રંથકાર મહર્ષિએ, દૃષ્ટિ શબ્દની પૂર્વે યોગ શબ્દ મૂકીને "**યોગદૃષ્ટિ**" એ પ્રમાણે ગ્રંથનું નામ આપ્યું છે.

યોગદૃષ્ટિનું વર્ણન કરતાં પહેલાં એક શ્લોકમાં ઓઘદૃષ્ટિનું વર્ણન કર્યું છે. ઓઘ એટલે સામાન્ય અને દૃષ્ટિ એટલે બોધ. મોક્ષમાર્ગને મેળવવા માટે અતિ આવશ્યક અને મૂળભૂત પાયાનું તત્ત્વ જેણે જાણ્યું નથી એવા ભવાભિનંદી જીવનો જે કાંઇ બોધ હોય છે તેને ઓઘદૃષ્ટિ કહેવામાં આવે છે. તે બોધમાં માત્રાની અપેક્ષાએ ઘણી તરતમતા હોય છે. કોઇને ઓછો બોધ હોય છે, કોઇનો વધુ હોય છે, કોઇનો સ્થૂલ હોય છે તો કોઇનો સૂક્ષ્મ હોય છે. તે તરતમતા દૃષ્ટાંતથી સમજાવતાં કહે છે કે એકની એક વસ્તુનું દર્શન પણ બધા માણસો એકસરખું નથી કરી શકતા; પરંતુ (૧) દર્શનનો કાળ, (૨) (જોનાર વ્યક્તિ) દ્રષ્ટા અને (૩) જોવાનું સાધન દૃષ્ટિ, આ ત્રણની અપેક્ષાએ બધાનું દર્શન જુદું જુદું હોય છે.

(૧) **દર્શનનો કાળ** :- વાદળ ઘેરાયેલી ઘનઘોર રાત્રિમાં કોઇપણ વસ્તુ અત્યંત

**ઝાંખી** દેખાય છે. વાદળ વગર**ની જો** રાત્રિ હોય તો વસ્તુનું સામાન્યથી દર્શન થાય છે. તેના કરતાં પણ વાદળથી **ઘેરાયેલો** હોય પણ જો દિવસ હોય તો વસ્તુનું વધારે વિશેષ દર્શન થાય છે. સૌથી વધારે વિશિષ્ટ - સ્પષ્ટ દર્શન વાદળ વગરના દિવસમાં થાય છે. આમ કાળની અપેક્ષાએ દર્શનમાં ભેદ પડે છે.

(૨) **દ્રષ્ટા (જોનાર વ્યક્તિ)** :- જોનાર વ્યક્તિ જો ચિત્તભ્રમવાળી હોય તો તે વસ્તુનું તદ્દન વિપરીત જ દર્શન કરે છે. તેના બદલે જોનાર વ્યક્તિ જો ડહાપણ અને સમજણથી યુક્ત હોય, સ્વસ્થ મગજવાળી હોય, તો તે વસ્તુનું સાચું દર્શન કરી શકે છે. તેમાં પણ એ જો સામાન્ય બાળક હશે તો પોતાની અજ્ઞાનતાના કારણે વસ્તુનું દર્શન બરાબર નહિ કરી શકે અને ઉંમરલાયક સમજદાર માણસ હશે તો જ તે વસ્તુનું સાચું દર્શન કરી શકશે.

(૩) **દૃષ્ટિ (આંખ)** :- સમજદાર વ્યક્તિ હોય પણ જો તેની આંખ કમળા વગેરે રોગથી ગ્રસ્ત હોય તો તે વસ્તુનું સાચું દર્શન કરી શકતી નથી. નીરોગી દૃષ્ટિ જ સાચું દર્શન કરી શકે છે. કમળાવાળાને ધોળી વસ્તુ પણ પીળી દેખાય છે. કાળ, દ્રષ્ટા અને દૃષ્ટિના ભેદથી જેમ સામે રહેલી વસ્તુના દર્શનમાં ભેદ પડે છે, તે જ પ્રમાણે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમના ભેદથી માણસોના અતીંદ્રિય વસ્તુના બોધમાં ભેદ પડે છે. કોઇને થોડો બોધ થાય છે, કોઇને વધુ બોધ થાય છે. ક્ષયોપશમ અસત્ હોય તો વિપરીત બોધ થાય છે. જેને જેટલો ક્ષયોપશમ હોય તેને તેટલો બોધ થાય છે. ભિન્ન ભિન્ન પ્રકારે બોધ થતો હોવાના કારણે જ અનેક પ્રકારના મતમતાંતરો અને દર્શનો ઊભાં થયાં છે. પરંતુ યોગની પાંચમી સ્થિરાદષ્ટિ આવ્યા પછી દર્શનનો આવો કોઇ ભેદ રહેતો નથી. ત્યાં બધાને હેય-ઉપાદેય સંબંધી એકસરખો જ બોધ હોય છે.

વાદળ વગરનો ચોખ્ખો દિવસ હોય, સમજદાર વ્યક્તિ હોય, નીરોગી આંખ હોય, છતાં એવું બને કે તે વ્યક્તિ પદાર્થના સૂક્ષ્મ ધર્મોને ગ્રહણ ન કરી શકે; જેના કારણે તેનો બોધ અપૂર્ણ રહે છે. ઓઘદૃષ્ટિની પરાકાષ્ઠાની કક્ષાને પામેલા જીવને આવું જ બને છે. શાસ્ત્રોનું વિશાળ જ્ઞાન હોવા છતાં, તેનું મર્મ-રહસ્ય તે ઓળખી, પકડી કે અનુભવી શકતો નથી; માટે જ મોક્ષમાર્ગની અપેક્ષાએ તેને તદ્દન અજ્ઞાની જ કહેવામાં આવે છે. તેને મોક્ષથી દૂર રાખનાર અને રઝળપાટ કરાવનાર મૂળ કારણ આ અજ્ઞાન જ છે.

**અપુનર્બંધકાવસ્થા** :- ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળેલા જીવને પુદ્ગલના ભોગવટાના

કોઈપણ પૌદ્‌ગલિક સુખમાં, પછી તે ચક્રવર્તીનું સુખ હોય કે દેવલોકનું સુખ હોય, પણ તેમાં દુઃખરૂપતાનું જ ભાન થવા માંડે છે. તે સુખ નહિ પણ સુખાભાસ છે, માત્ર દુઃખનો પ્રતિકાર છે, આવું સમજવા માંડે છે. અંશે અંશે પણ તેને પૌદ્‌ગલિક સુખમાં દુઃખરૂપતાની અનુભૂતિ થવા માંડે છે. આને તાત્ત્વિક વૈરાગ્યની પ્રાપ્તિ કહેવામાં આવે છે. અહીંયાંથી જ ધર્મની, યોગની, મોક્ષમાર્ગની શરુઆત થાય છે. આ અવસ્થાને અપુનર્બંધક અવસ્થા કહેવામાં આવે છે. અહીંયાં તે એક મોટી સિદ્ધિ હાંસલ કરે છે. કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરવાની યોગ્યતાને તોડી નાંખે છે. અર્થાત્ હવે પછી ક્યારેય પણ તે ૭૦ કોડાકોડિ આદિ ઉત્કૃષ્ટ સ્થિતિ ભવિષ્યમાં બાંધશે જ નહિ. આ અપુનર્બંધક અવસ્થા જેઓ નથી પામ્યા તેવા જીવોનો બધો જ ધર્મ એ ઓઘદૃષ્ટિનો ધર્મ કહેવાય છે. એ આપણે આગળ જોઈ ગયા કે તેઓને સંસારના પૌદ્‌ગલિક સુખોમાં સ્વરૂપથી દુઃખરૂપતાનું (દુઃખના પ્રતિકારપણાનું), અંશે અંશે પણ આત્મસંવેદન નહિ થતું હોવાના કારણે જ તેમનો વૈરાગ્ય તાત્ત્વિક બન્યો નહિ, તેમજ તેમનો ધર્મ પણ તાત્ત્વિક બન્યો નહિ. તાત્ત્વિક ધર્મના પ્રારંભબિંદુ સમાન ગણાતી આ અપુનર્બંધક અવસ્થા જીવને ચરમાવર્તમાં પ્રાપ્ત થાય છે. સંસારની રખડપટ્ટીમાં જીવે અનંતાનંત પુદ્‌ગલપરાવર્તો વીતાવ્યાં છે, તેમાંથી સૌથી છેલ્લો આવર્ત એવો આવે, જેમાં જીવને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે અને પછી ક્રમિક વિકાસ સાધતાં છેવટે તેની મુક્તિ થાય છે. આ પુદ્‌ગલાવર્તને ચરમાવર્ત કહેવામાં આવે છે. એ પહેલાંના બધા જ પુદ્‌ગલપરાવર્તોને અચરમાવર્ત કહેવામાં આવે છે.

ચરમાવર્તમાં આવેલા જીવનું લક્ષણ નીચે પ્રમાણે છે.

**(૧) દુઃખી પર અત્યંત દયા :-** આ જીવોને દુઃખીની ઉપર અત્યંત દયા હોય છે. અત્યંતનો અર્થ સાનુબંધ, અર્થાત્ તેઓ માત્ર દ્રવ્યદયામાં રાચતા નથી પણ સાથે સાથે ભાવદયાના પરિણામને સ્પર્શેલા હોય છે. થોડા સમય પૂરતું દુઃખ ટાળવાની ઈચ્છા એ નિરનુબંધ દયા છે. તેના બદલે તેનું હંમેશનું અથવા તો લાંબા સમય સુધીનું દુઃખ ટાળવાની ઈચ્છા એ સાનુબંધ દયા છે. આ દયામાં સામા જીવના, માત્ર તાત્કાલિક દુઃખનો જ વિચાર નથી હોતો પણ પરિણામોનો પણ વિચાર હોય છે. આ જીવો જગતમાં બધા દયાને વખાણે છે, માટે દયા સારી હશે એમ ગતાનુગતિક રીતે દયા નથી કરતા, અથવા તો આ લોક કે પરલોકનાં સુખ મેળવવાના આશયથી પણ દયા નથી કરતા, પરંતુ ક્રૂરતા તેમને સહજ રીતે જ ગમતી નથી માટે દયા કરે છે. દા.ત. મેઘકુમારના જીવે હાથીના ભવમાં દયા કરી છે તે સહજ ભાવથી જ કરી છે. તેમના વિષય-કષાયો હવે ક્રમસર ઓસરવાની તૈયારીમાં છે. ટૂંક સમયમાં જ વીતરાગતાના પરિણામને સ્પર્શવાની

તૈયારીવાળા આ જીવો છે. તેથી સામાન્ય લોકો જેને સૂક્ષ્મ કહીને કાઢી નાંખે છે, જેનું કોઈ ખાસ મહત્ત્વ આંકતા નથી, તેવી સૂક્ષ્મ દયા પણ આ જીવોને ગમતી હોય છે.

**(૨) ગુણીજનનો અદ્વેષ :-** અનાદિકાળથી જીવને આત્માના તાત્ત્વિક ગુણો ઉપર દ્વેષ જ હોય છે. દોષોની સાથે જ તેણે પ્રીતિ કેળવી છે. પુદ્ગલના સુખમાં જ તેને આસ્વાદ લાગે છે. આત્મિક ગુણોમાં તો પુદ્ગલના ત્યાગની જ વાતો આવે છે. એટલે એ ગુણો પ્રત્યે તેણે એક જાતની નફરત-દ્વેષની જ લાગણી કેળવી છે. આથી જ અચરમાવર્તમાં જીવો ધર્મ કરતા હોય, છતાં આત્મિક ગુણો પ્રત્યે તેમને દ્વેષ જ હોય છે. તેમને ગુણો ગમે તો પણ બહુ બહુ તો લૌકિક ગુણો, જેવા કે સામાજિક ન્યાય, નીતિ, સદાચાર ગમે છે. લોકોત્તર ગુણો, જેવા કે વૈરાગ્ય, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર તેમને પ્રાયઃ કરી ગમતા નથી.

ચરમાવર્તમાં જીવ આવે એટલે તેનો ગુણો પ્રત્યેનો આ દ્વેષભાવ ઓગળી જાય છે અને અદ્વેષભાવ જાગે છે. આમ છતાં કદાચ ગુણોનું સેવન તે ન કરી શકે એવું બને.

**(૩) ઔચિત્યનું સેવન :-** ચરમાવર્તમાં આવેલ જીવ પ્રાયઃ કરીને ઔચિત્યનું પાલન કરનાર હોય. કોઈક જીવને રુચિ હોવા છતાં નિકાચિત કર્મના કારણે પાલન ન કરી શકે એવું પણ બને, માટે અહીં પ્રાયઃ શબ્દનો પ્રયોગ કર્યો છે. ભગવાનની પ્રાથમિક કક્ષાની આજ્ઞા માર્ગાનુસારીના ૩૫ ગુણ રૂપ છે. એ ગુણો તે ઔચિત્યના પાલનરૂપ જ છે. ચરમાવર્તી જીવો આ ૩૫ ગુણોનું પ્રાયઃ પાલન કરનારા જ હોય છે. દીન અનાથાદિ દરેક પ્રત્યે તેમનું ઉચિત જ વર્તન હોય છે. કોઈપણ ક્ષેત્રમાં આ જીવો જાય તો તે બધાથી જુદા પડે છે. ઔચિત્યસેવનના કારણે તેમનો કરેલો ધર્મ પણ દીપે છે અને વ્યવહારમાં પણ તેમના ઔચિત્યસેવનમાં જરાય ખામી હોતી નથી.

**ચરમયથાપ્રવૃત્તકરણ :-** ચરમાવર્તમાં આવ્યા પછી જીવ આપણે ઉપર વર્ણવી ગયા તે અપુનર્બંધક અવસ્થાને પ્રાપ્ત કરે છે. ત્યારપછી વિશુદ્ધિમાં આગળ વધતો વધતો જીવ ચરમયથાપ્રવૃત્તકરણ અવસ્થાને પ્રાપ્ત કરે છે. યથાપ્રવૃત્તકરણ વડે જીવ કર્મની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમની કરે છે. આવા યથાપ્રવૃત્તકરણો જીવે અનાદિ ભવસંસારમાં રખડતાં અનંત વખત કર્યાં હોય છે. પણ તે દરેક વખતે એવું બન્યું છે કે તે આટલેથી જ અટકી ગયો, વિશુદ્ધિમાં આગળ વધી શક્યો નહિ અને પાછો પડ્યો. જેથી અપૂર્વકરણ કરીને સમકિત પામી શક્યો નહિ અને ફરી પાછો કર્મની એક કોડાકોડી કરતાં વધુ સ્થિતિ

બાંધવા લાગ્યો; કારણકે તેણે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાની યોગ્યતાનો નાશ ન કર્યો. જ્યારે ચરમયથાપ્રવૃત્તકરણમાં એક કોડાકોડી કરતાં વધુ કર્મબંધની યોગ્યતા જ તોડી નાંખે છે; તેથી તે કદાચ સંસારમાં અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો કાળ રખડે તો પણ કદાપિ અંતઃકોડાકોડી સાગરોપમથી વધુ કર્મની સ્થિતિ બાંધશે જ નહિ. આ છેલ્લા યથાપ્રવૃત્તકરણને ચરમયથાપ્રવૃત્તકરણ કહેવામાં આવે છે. તાત્પર્ય એ છે કે આ જીવ હવે અપૂર્વકરણ અવશ્ય કરવાનો જ છે. એવું બને કે કોઇક જીવ ચરમયથાપ્રવૃત્તિકરણ કર્યા પછી તુરત જ અપૂર્વકરણ કરે, તો કોઇક જીવ અમુક કલાકો પછી, કોઇ જીવ અમુક વર્ષો પછી, તો કોઇક જીવ વળી બે-ચાર ભવો પછી પણ અપૂર્વકરણ કરે. પરંતુ તે હવે ટૂંકા ગાળામાં જ અપૂર્વકરણ કરવાનો અને સમકિત પામવાનો એ નિશ્ચિત છે. ચરમયથાપ્રવૃત્તકરણ અવસ્થામાં જીવને મોક્ષની સાચી જિજ્ઞાસા જાગે છે. અપુનર્બંધક અવસ્થામાં જીવ તાત્ત્વિક વૈરાગ્ય પામ્યો છે એ આપણે જોયું. તેનાથી જીવને સંસારનાં પૌદ્ગલિક સુખોમાં દુઃખરૂપતાનું ભાન થવા માંડ્યું. સંસારનાં દરેકેદરેક સુખો જો માત્ર સુખાભાસ જ છે, દુઃખરૂપ જ છે, તે માત્ર નકલી સુખ જ છે, તો પછી જગતમાં બીજું સાચું સુખ છે કે નહિ? જે વસ્તુ નકલી હોય છે તેની અસલી વસ્તુ અવશ્ય હોય જ છે. જેમ જગતમાં બનાવટી મોતી, હીરા હોય છે, તેમ અસલી, સાચા હીરા, મોતી પણ હોય જ છે. એવી જ રીતે જો આ પૌદ્ગલિક સુખ માત્ર સુખાભાસરૂપ નકલી જ સુખ છે, તો પછી અસલી-સાચું સુખ પણ હોવું જ જોઇએ. એ સાચું સુખ કેવું હોય અને ક્યાં હોય? આવી જિજ્ઞાસા આ જીવને થાય છે. આને જ મુક્તિની જિજ્ઞાસા થઇ એમ કહેવામાં આવે છે. અનાદિ ભવચક્રમાં જીવને આજ સુધી કદી પણ આવી જિજ્ઞાસા થઇ જ ન હતી. ઘણો કર્મમળ નષ્ટ થઇ જાય પછી જીવને એવી વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે કે હવે ટૂંક સમયમાં જ તે અપૂર્વકરણ દ્વારા ગ્રંથિભેદ કરવાનો છે. ત્યારે જ જીવને આવી મુક્તિની જિજ્ઞાસા થાય છે. આવી વિશુદ્ધિ જીવને ચરમયથાપ્રવૃત્તકરણમાં પ્રાપ્ત થાયછે.

**યોગાવંચકાવસ્થા :-** ચરમયથાપ્રવૃત્તકરણ બાદ વિશુદ્ધિમાં આગળ વધતાં વધતાં જીવ યોગાવંચક અવસ્થાને પ્રાપ્ત કરે છે. સાચું સુખ શું? એ જિજ્ઞાસા હવે, જીવને એ સુખની શોધ માટે પુરુષાર્થ કરવા પ્રેરણા કરે છે, તે માટે જીવ ઊહાપોહ અને ચિંતન ચાલુ કરે છે. એ દ્વારા જીવે મોહનીયને ઉપશાંત કરીને એટલી યોગ્યતા મેળવી છે કે હવે તે સાચું સુખ (અધ્યાત્મ સુખ-મુક્તિનુ સુખ) સમજી શકે તેમ છે. ઉપાદાન તૈયાર થઇ ગયું છે. માત્ર એ સમજાવનાર નિમિત્ત સામગ્રીની જ ખામી છે. જો તેને સુદેવ-સુગુરુ-સુધર્મ આદિનો યોગ થઇ જાય અને તે સુદેવ - સુગુરુ તેને તત્ત્વની સમજણ આપવા માંડે,

તત્ત્વને પીરસવા માંડે તો તુર્ત જ આ જીવ તત્ત્વને તત્ત્વ તરીકે સમજી શકે, ઝીલી શકે એવી તેની અત્યારની ભૂમિકા-અવસ્થા છે. તત્ત્વ એટલે આત્મિક ગુણો છે. આત્મિક ગુણોના આસ્વાદમાં અધ્યાત્મસુખ રહેલું છે. અધ્યાત્મસુખ એ જ સાચું સુખ છે. તેની એ પોતે શોધ કરી રહ્યો છે. અનાદિ ભવભ્રમણમાં જીવને અનંતી વખત સુદેવ-સુગુરુ આદિ સામગ્રીનો સંયોગ તો થયો હતો, પણ તે સમયે જીવમાં એટલી વિશુદ્ધિ કે લાયકાત નહોતી કે તેમણે ઉપદેશેલા તત્ત્વને સમજી શકે.

આ યોગાવંચક અવસ્થામાં જ તત્ત્વને, મોક્ષના આધ્યાત્મિક સુખને સમજી શકવા જેટલી આત્માની વિશુદ્ધિ પ્રાપ્ત થઇ છે. તેથી અત્યાર સુધીમાં થયેલ સુદેવ - સુગુરુ અને સુધર્મનો યોગ તેને તત્ત્વ સમજાવી શક્યા નહિ હોવાથી નિષ્ફળ ગયેલો. અત્યારે સૌ પ્રથમ વખત જ તે યોગ સફળ થયો છે. માટે આ અવસ્થાને યોગાવંચક (અવંચક=સફળ) અવસ્થા કહેવામાં આવે છે. અહીં તત્ત્વને ઝીલી શકે એટલા અંશે મોહનીયકર્મ ઉપશાંત થયું છે. માટે તેને અવ્યક્ત સમાધિ કહેવામાં આવે છે.

અવંચકપણાની અવસ્થા ત્રણ પ્રકારની છે. તેમાંથી પહેલું યોગાવંચકપણું જીવને અહીં પ્રાપ્ત થયું છે. તેથી દેવ-ગુરુ-ધર્મનો યોગ પ્રાપ્ત કરીને જે તત્ત્વનો બોધ કરવાનો છે, તે તત્ત્વબોધને પ્રાપ્ત કરવા દ્વારા દેવ-ગુરુના સંયોગને સફળ કરવાની તેનામાં લાયકાત આવી ગઇ. બાકીની બે અવંચક અવસ્થાઓ અહીં આ કક્ષામાં પ્રાપ્ત થતી નથી, છતાં પ્રસંગોપાત્ત તેની કાંઇક વિચારણા કરી છે.

**બીજું ક્રિયાવંચકપણું છે :-** ક્રિયા એટલે ધર્મક્રિયા. તેને સફળ કરવી તે ક્રિયાવંચકપણું છે. અર્થાત્ શાસ્ત્રમાં ક્રિયાનું જેટલું ફળ બતાવ્યું છે, બરાબર એટલું ફળ પ્રાપ્ત કરાવે એવી શાસ્ત્રાનુસારી પરિણામપૂર્વક ધર્મક્રિયા કરવી તે ક્રિયાવંચકપણું છે. અંશે અંશે પણ વિરતિનો ગુણ આવ્યા વગર તે તે ક્રિયા વખતે રાખવાનો તદનુસારી પરિણામ પ્રગટતો જ નથી, કારણકે જૈનશાસનની બધી ક્રિયાઓ વિરતિની જ છે. "વોસિરામિ" પદ બોલતી વખતે રાગ-દ્વેષ વોસિરાવવાના હોય છે. તે દેશવિરતિધરથી માંડીને પછીના જીવો જ કરી શકે છે. માટે ક્રિયાવંચકપણું પાંચમા ગુણસ્થાનકે આવે છે.

**ત્રીજું ફલાવંચકપણું છે :-** અર્થાત્ ધર્મનું અંતિમ ફળ જે મોક્ષ છે, તેને ટૂંક સમયમાં પ્રાપ્ત કરાવે તે ફલાવંચકપણું છે અને તે સાતમા અપ્રમત્તગુણસ્થાનકથી આવે છે. આપણે હજી પહેલા ગુણસ્થાનકની વાત કરીએ છીએ. તેમાં જીવ ક્રિયાવંચકપણું કે ફલાવંચકપણું પ્રાપ્ત કરતો નથી, માત્ર યોગાવંચકપણું જ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે

ચરમાવર્તમાં આવ્યા પછી જીવ ક્રમસર અપુનર્બંધકાવસ્થા, ચરમયથાપ્રવૃત્તકરણ, યોગાવંચકપણું પામે છે. ત્યાર પછી ક્રમસર યોગની આઠ દષ્ટિ પામે છે. તેમાંથી યોગની ચાર દષ્ટિ સુધી ૧લું ગુણસ્થાનક ગણાય છે.

હવે યોગની આઠ દષ્ટિનું નિરૂપણ કરતાં પહેલાં તેની પૂર્વભૂમિકાઓ જે આપણે વિચારી ગયા તેનું લક્ષણની અપેક્ષાએ કરી આપણે સંક્ષેપથી વિહંગાવલોકન કરીએ કે ભોગદષ્ટિવાળા જીવો તો નાસ્તિક જ છે. તે પછી ઓઘદષ્ટિવાળા જીવો આવે છે. તેઓ આસ્તિક હોય છે. તેમાં કેટલાક જીવોએ તો નવ પૂર્વ સુધીનું શાસ્ત્રજ્ઞાન મેળવ્યું હોય એવું બને અને સંપૂર્ણ નિરતિચાર ચારિત્ર પાળતા હોય એવું બને, છતાં તેમનું એ જ્ઞાન કે ચારિત્ર એકમાત્ર કોરો પુન્યબંધ (પાપાનુબંધી) અને અકામનિર્જરા સિવાય વિશેષ કાંઇપણ ફળ તેમને આપી શકતાં નથી કે મોક્ષની પ્રાપ્તિ માટે એક અંશ માત્ર પણ તેમને સહાયભૂત થતાં નથી. તેનું મૂળ કારણ ભવાભિનંદીપણું છે એ આપણે વિચારી ગયા. તેઓ મહાવૈરાગી હોય તો સંસાર આખો તેમને અસાર લાગતો હોય, સંસારનાં તુચ્છ સુખો તેમને અસાર લાગતાં હોય, તો પણ સંસારનાં ગ્રૈવેયકાદિનાં પૌદ્‌ગલિક સુખોમાં સ્વરૂપથી દુઃખરૂપતાનું-દુઃખપ્રતીકારપણાનું તેમને સંવેદન અંશમાત્ર પણ નથી થતું. હેતુ અને ફળથી સંસારનાં સુખો દુઃખમય છે, એવું તે માનતા હોય તો પણ સ્વરૂપથી દુઃખરૂપ છે એવું તેમને સંવેદન થતું નથી. આમ પૌદ્‌ગલિક સુખોમાં તેમને સુખરૂપતાનું ભાન છે. તેથી પુદ્‌ગલના અભાવમાં (મુક્તિમાં) સુખ હોઇ શકે એવું તેમને સંવેદન થતું જ નથી; એટલે અહીં સુધી મુક્તિનો તત્ત્વથી દ્વેષ જ છે એમ કહેવાય છે.

ત્યારપછી અપુનર્બંધકપણામાં સંસારનાં સુખો-ઊંચા ગ્રૈવેયકાદિનાં સુખોમાં પણ સ્વરૂપથી દુઃખરૂપતાનું એટલે કે દુઃખ પ્રતીકારપણાનું સંવેદન જીવને થવા માંડ્યું એટલે એ અવસ્થામાં જીવને મુક્તિનો તાત્ત્વિક અદ્વેષ પ્રગટ્યો. ત્યારપછી ચરમયથાપ્રવૃત્તકરણમાં જીવને મુક્તિની જિજ્ઞાસા જાગી, યોગાવંચકપણામાં અવ્યક્ત સમાધિ આવી, એટલે કે મોહનીયકર્મ એટલા અંશે ઉપશાંત થયું છે કે હવે તત્ત્વ સમજાવનાર મળે તો ઝીલી શકે, સમજી શકે. હવે યોગની પહેલી દષ્ટિમાં જીવને મુક્તિનો રાગ પ્રગટે છે. અહીં જીવ બોધિબીજ પામે છે. એટલે મોક્ષમાર્ગની સાચી શરુઆત આ પહેલી દષ્ટિથી જ થાય છે; પરંતુ અપુનર્બંધકાવસ્થામાં મુક્તિનો અદ્વેષ આવી ગયો છે, એટલે ઉપચારથી ત્યાંથી મોક્ષમાર્ગની શરુઆત ગણવામાં આવે છે.

હવે યોગની આઠ દષ્ટિનો આપણે વિચાર કરીએ. આ આઠ દષ્ટિમાં જીવનો બોધ ક્રમસર વધતો જાય છે, એક પછી એક દોષ નષ્ટ થતો જાય છે, ક્રમસર એક પછી એક ગુણની પ્રાપ્તિ થતી જાય છે અને અષ્ટાંગ યોગના એક પછી એક અંગને જીવ ક્રમસર

સેવતો જાય છે. સૌ પ્રથમ આપણે તે દૃષ્ટિ, બોધ, દોષો અને ગુણો તથા યોગનાં અંગોનાં નામો જાણી લઈએ. પછી તેનો વિસ્તારથી વિચાર કરીશું.

| | દૃષ્ટિ | બોધ | દોષ નષ્ટ | ગુણપ્રાપ્તિ થયો | યોગનું અંગ |
|---|---|---|---|---|---|
| ૧ | મિત્રા | તૃણાગ્નિના તણખા જેવો | ખેદ | તત્ત્વઅદ્વેષ | યમ |
| ૨ | તારા | છાણાગ્નિના તણખા જેવો | ઉદ્વેગ | તત્ત્વજિજ્ઞાસા | નિયમ |
| ૩ | બલા | કાષ્ઠાગ્નિના તણખા જેવો | ક્ષેપ | તત્ત્વશુશ્રૂષા | સુખાસન |
| ૪ | દીપ્રા | દીપક જેવો | ઉત્થાન | તત્ત્વશ્રવણ | પ્રાણાયામ |
| ૫ | સ્થિરા | રત્ન જેવો | ભ્રાન્તિ | તત્ત્વસૂક્ષ્મબોધ | પ્રત્યાહાર |
| ૬ | કાંતા | તારા જેવો | અન્યમુદ્ | તત્ત્વમીમાંસા | ધારણા |
| ૭ | પ્રભા | સૂર્ય જેવો | રોગ | તત્ત્વપ્રતિપત્તિ | ધ્યાન |
| ૮ | પરા | ચંદ્ર જેવો | આસંગ | તત્ત્વપ્રવૃત્તિ | સમાધિ |

આ આઠ યોગદૃષ્ટિમાં દૃષ્ટિ શબ્દથી તૃણાગ્નિ આદિ ઉપમાવાળો જે બોધ કહ્યો છે, તેનો અર્થ માત્ર એકલું શ્રદ્ધા કે પરિણતિ વગરનું જ્ઞાન એવો નથી કરવાનો; પણ સમ્યગ્ શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન એવો અર્થ છે. શ્રદ્ધા અને પરિણતિપૂર્વકનું જ્ઞાન હોય તે જ સમ્યગ્જ્ઞાન કહેવાય છે. માટે અહીં દૃષ્ટિ શબ્દમાં રત્નત્રયીનો સમાવેશ કરી લીધો છે. આ આઠેય દૃષ્ટિ એ રત્નત્રયીના જ ઉત્તરોત્તર વિકાસની ભૂમિકા છે. જેમ જેમ જીવનો બોધ વધતો જાય છે, તેમ તેમ તે અહિતકર પ્રવૃત્તિમાંથી વધુને વધુ નિવર્તન કરતો જાય છે અને હિતકર પ્રવૃત્તિમાં વધુને વધુ પ્રવર્તન કરતો જાય છે. પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્ય એટલે મિથ્યાત્વનો ક્રમસર ત્યાગ કરતો જીવ પાંચમી દૃષ્ટિમાં વેદ્યસંવેદ્યપદ એટલે સમ્યક્ત્વને પામે છે. ત્યાં તેને પરપરિણતિ અને સ્વપરિણતિની સંપૂર્ણ ઓળખ આવી ગઈ હોય છે. પરપરિણતિ એટલે પુદ્ગલનું આકર્ષણ, તેની ભયાનક દુઃખરૂપતા ને ત્રાસરૂપતાનું સાચું ભાન થઇ ગયા પછી જીવ હવે ક્રમસર પરપરિણતિનો વિચ્છેદ કરતો જાય છે. એ સ્વપરિણતિનો આસ્વાદ વધારતો જાય છે. છઠ્ઠી આદિ દૃષ્ટિમાં આ પ્રમાણે વિકાસ કરતો જીવ પરપરિણતિનો, પરપ્રવૃત્તિનો અને અંતે સંવેદનનો પણ ત્યાગ કરે છે, ત્યારે મુક્તિમાં તે સંપૂર્ણ આત્મિક સુખનો સ્વામી બને છે.

આ આઠેય દૃષ્ટિને સત્ દૃષ્ટિ કહેવામાં આવે છે. અહીં પ્રશ્ન થાય કે પાંચમી દૃષ્ટિમાં સમ્યગ્જ્ઞાન હોવાથી તે સત્ દૃષ્ટિ છે, પણ પહેલી ચાર દૃષ્ટિમાં તો મિથ્યાત્વ છે,

એટલે અસત્ બોધ છે; તો પછી તેને સત્ દૃષ્ટિ શાથી કહી છે? તેનો ઉત્તર એ છે કે પાંચમી દૃષ્ટિનું અવન્ધ્ય કારણ પ્રથમની ચાર દૃષ્ટિ છે. પહેલી ચાર દૃષ્ટિનો બોધ જ અવશ્ય સમ્યગ્જ્ઞાનમાં પરિણામ પામે છે. માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેને પણ સત્ દૃષ્ટિ કહી છે. પહેલી ચાર દૃષ્ટિ પામ્યા પછી જ પાંચમી દૃષ્ટિ પામી શકાય છે, માટે તે તેની પૂર્વ ભૂમિકાઓ છે. તેથી પાંચમી દૃષ્ટિમાં જે સંવેગમાધુર્ય છે, અધ્યાત્મસુખનો રસાસ્વાદ છે, તેનું અંશે અંશે સંવેદન તેની પૂર્વભૂમિકારૂપ પ્રથમની ચાર દૃષ્ટિમાં રહેલું છે. તે દૃષ્ટિઓમાં પણ "જીવ" સંવેગની મધુરતાનો આંશિક આસ્વાદ માણે છે. જેમ વર્ષોલકમાં (એક ઉત્તમ પ્રકારની સાકર) અત્યંત સ્વાદિષ્ટપણું છે, તેમ તેની પૂર્વભૂમિકાઓમાં પણ અંશે અંશે સ્વાદિષ્ટપણું રહેલું જ છે. વર્ષોલક એ શેરડીનો રસ ઉકાળીને બનાવાય છે, જે અત્યંત સ્વાદિષ્ટ હોય છે. ખાંડના ચોરસા (ખડી સાકર) જેવી હોય છે પણ અત્યંત નિર્મળ હોય છે કે તેની આરપાર જોઇ શકાય છે. મીઠાઈ કરતાં પણ સ્વાદમાં તે ચડી જાય છે.

શેરડી, શેરડીનો રસ, ઢીલો ગોળ, બુરુ (ખાંડસરી), ખાંડ, સાકર, મત્સ્યન્ડી અને વર્ષોલક, શેરડીમાંથી રસ કાઢીને તેને જેમ જેમ ઉકાળવામાં આવે છે તેમ તેમ તેમાંથી ગોળ, ખાંડ, સાકર અને વર્ષોલક વગેરે વસ્તુઓ બને છે. યોગની આઠ દૃષ્ટિમાં રહેલ અધ્યાત્મસુખના માધુર્યને શેરડી અને તેમાંથી જ થનાર તેના બીજા સાત પર્યાયોના માધુર્ય સાથે સરખાવવામાં આવ્યું છે. અર્થાત્ તે તે દૃષ્ટિમાં તેટલા તેટલા અંશે સંવેગની મધુરતા રહેલી છે. જેમ શેરડી ખાવા કરતાં શેરડીનો રસ પીવામાં વધુ મધુરતા લાગે છે, તેના કરતાં વધુ મધુરતા ગોળમાં, તેનાથી વધુ ખાંડમાં, યાવત્- વર્ષોલકમાં સૌથી વધુ મધુરતા છે; તેમ પહેલી દૃષ્ટિમાં શેરડી જેવી, બીજી દૃષ્ટિમાં શેરડીના રસ જેવી, ત્રીજી દૃષ્ટિમાં ઢીલા ગોળ જેવી, ચોથી દૃષ્ટિમાં બુરુ (ખાંડસરી) જેવી, પાંચમી દૃષ્ટિમાં ખાંડ જેવી, છઠ્ઠી દૃષ્ટિમાં સાકર જેવી, સાતમી દૃષ્ટિમાં મત્સ્યન્ડી જેવી અને આઠમી દૃષ્ટિમાં વર્ષોલક જેવી મધુરતા છે. સંવેગમધુરતા એટલે આધ્યાત્મિક સુખ સમજવાનું છે. શેરડીમાંથી જ વર્ષોલક બને છે. તેમ પહેલી દૃષ્ટિમાંથી જ ક્રમિક વિકાસ સાધતાં રુચિ, પરિણતિ આદિને પ્રાપ્ત કરીને આઠમીને પ્રાપ્ત કરી શકાય છે. માટે પ્રથમની ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વ હોવા છતાં પણ તેને સત્ દૃષ્ટિ કહેવામાં આવી છે.

અભવ્ય, દુર્ભવ્ય વગેરે જીવોનો બોધ નલાદિ એટલે શેરડીની ગાંઠો સરખો હોય છે. તેમાં નહિવત્ જ મીઠાશ છે, તેને લોકો ફેંકી દે છે, તેમાં કાંઇ જ કસ નથી હોતો. તેમ અભવ્યાદિ જીવો ધર્મક્રિયા કરતા હોય તો પણ તેમાં સંવેગની મધુરતાનો, અધ્યાત્મસુખનો, આત્મિક ગુણોનો આસ્વાદ અંશમાત્ર પણ માણી શકતા નથી, માટે તે

અસત્ છે. તેનું કાંઇ જ મૂલ્ય નથી.

અહીં પહેલીથી આઠમી દષ્ટિ સુધીનો જીવનો ક્રમિક વિકાસ કહ્યો. તે સૂચવે છે કે આત્મા પરિણામી નિત્ય છે. આત્મા જો એકાંતે નિત્ય હોય તો તેમાં પરિવર્તન સંભવે નહિ. તેમ તે જો એકાંતે ક્ષણિક (અનિત્ય) હોય તો ક્ષણ પછી તેનું અસ્તિત્વ જ નથી તો પછી પરિવર્તન સંભવે નહિ. તેથી આત્મા અમુક અપેક્ષાથી નિત્ય છે અને અમુક અપેક્ષાથી અનિત્ય છે.

## મિત્રાદષ્ટિ

મોક્ષમાર્ગની વિશેષ શરુઆત મુક્તિનો રાગ આવ્યા પછી જ થાય છે. તે મુક્તિનો રાગ અહીં આ પહેલી દષ્ટિમાં પ્રાપ્ત થાય છે. માટે જીવના આધ્યાત્મિક વિકાસનું આ પહેલું પગથિયું છે. અનાદિ કાળથી અધ્યાત્મની અપેક્ષાએ જીવ ભિખારીના જેવો બેહાલ દશામાં હતો. તે અનાથ હતો, સહાય વિનાનો હતો, તેને અહીં પહેલ વહેલો મિત્રાદષ્ટિરૂપ સાચો સાથીદાર મળે છે. આ દષ્ટિમાં જીવને જે બોધ થાય છે તે બોધ જીવને તાત્ત્વિક આત્મહિતની ચિંતા કરવાને પ્રેરે છે. હિતચિંતા કરનારને મિત્ર કહેવામાં આવે છે. તે અપેક્ષાએ આ દષ્ટિનો બોધ એ જીવનો સાચો નિઃસ્વાર્થી મિત્ર છે. માટે આ દષ્ટિનું 'મિત્રા' એવું સાર્થક નામ આપ્યું છે.

આ દષ્ટિમાં તૃણના અગ્નિના તણખા જેવો બોધ હોય છે. ખેદદોષનો ત્યાગ છે. 'હીનગુણઅદ્વેષ' ગુણની પ્રાપ્તિ છે અને યમ નામનું યોગના અંગનું સેવન હોય છે. આ દષ્ટિનું આ સંક્ષિપ્ત લક્ષણ છે. હવે તેના એક એક અંગને કાંઇક વિસ્તારથી સમજીએ.

**બોધ** :- યોગની આઠેય દષ્ટિઓ એ મોક્ષમાર્ગરૂપ છે. મોક્ષમાર્ગ એ રત્નત્રયીરૂપ છે; માટે બોધ શબ્દથી અહીં રત્નત્રયીનો બોધ સમજવાનો છે. રત્નત્રયીનો બોધ એટલે હેય-ઉપાદેયનો બોધ. શું છોડવા જેવું છે અને શું મેળવવા જેવું છે એ જાણવું તેને હેય-ઉપાદેયનો બોધ કહેવામાં આવે છે. પરપરિણતિ એટલે પુદ્ગલનું આકર્ષણ. તેમાં સંસારનાં બધાં જ પૌદ્ગલિક સુખોનું આકર્ષણ આવી જાય છે. તે દોષરૂપ છે માટે છોડવા જેવા છે. આત્મિક ગુણો એ સ્વપરિણતિ છે, તે મેળવવા જેવા છે.

અનાદિકાળથી જીવને આ બાબતમાં તદન જ વિપરીત બોધ હતો. પૌદ્ગલિક સંસારનાં સુખોને તે ઉપાદેય માનતો હતો, પરંતુ હવે જીવને મોહનીયકર્મના ક્ષયોપશમને અનુરૂપ મંદતા થઇ છે. તેનાથી કાંઇક વિશુદ્ધિ પ્રાપ્ત થઇ છે; જેના કારણે અંશે અંશે પણ

તેને હેય-ઉપાદેયનો સમ્યગ્બોધ થાય છે. જો કે તે બોધ અત્યંત અલ્પ માત્રાવાળો છે. જેમ ઘાસનું એક તણખલું કે અગરબત્તીને સળગાવીને તેનો ભડકો ઓલવી નાંખીએ, પછી તે સળગતું રહે પણ તેનો પ્રકાશ એકદમ ઝાંખો હોય છે. એટલા પ્રકાશ વડે અંધારામાં કાંઇ કોઇ વસ્તુ શોધી શકાતી નથી, માટે તે ખાસ ઉપયોગમાં આવતો નથી. વળી આ પ્રકાશ લાંબો સમય ટકતો પણ નથી. ટકે તો પણ તેના ઉપર રાખ વળી જાય છે. માત્ર થોડી ક્ષણોની જ ચમક દેખાય છે. જેમ આ પ્રકાશ, બળ સ્થિતિ અને માત્રાની અપેક્ષાએ તદ્દન જ અલ્પ છે, એવો જ અલ્પ આ મિત્રાદૃષ્ટિવાળાનો બોધ હોય છે. તેનો બોધ અલ્પ હોવાના કારણે તેને અમુક અંશમાં જ સમ્યગ્બોધ થાય છે. બાકી ઘણા અંશમાં તો તેને વિપરીત જ બોધ હોય છે. સમ્યગ્બોધના કારણે શુભનો અનુબંધ અને સકામનિર્જરા થાય છે. પણ તે બોધ અત્યંત અલ્પ હોવાથી શુભનો અનુબંધ અત્યંત નબળો પડે છે. સાથે સાથે વિપરીત બોધ ઘણો હોવાથી અશુભનો અનુબંધ ઘણો પડે છે. અનુબંધ એ આત્માની ઉપર પડતા સંસ્કાર છે. શુભાનુબંધ એ ધર્મના અર્થાત્ ગુણના સંસ્કાર છે. અશુભાનુબંધ એ અધર્મના અર્થાત્ દોષના સંસ્કાર છે. જીવને જેની રુચિ હોય છે જે તેને ગમતું હોય છે, જેનું તેને આકર્ષણ અને પક્ષપાત હોય છે, તેના સંસ્કાર તેના આત્મા ઉપર પડતા હોય છે. ગુણસ્થાનકની બહારના જીવોની રુચિ અને પક્ષપાત સંસારના દોષો પ્રત્યે જ હોય છે. તેથી તેઓ ધર્મ કરે તો પણ સંસ્કાર અધર્મના જ પાડે છે. જ્યારે આ મિત્રાદૃષ્ટિવાળા જીવને આંશિક પણ મુક્તિની રુચિ જાગી છે, તેથી તેનો ધર્મ સાનુબંધ બને છે. ધર્મના સંસ્કાર તેને પડે છે; પણ બોધ અતિ અલ્પમાત્રાનો હોવાથી તે સંસ્કાર અત્યંત નબળા હોય છે. જેના કારણે એ પટુસ્મૃતિનું બીજ બની શકતા નથી; એટલે કે અવસરે તે સંસ્કાર તેનામાં શુભપરિણામ જગાડવા માટે સમર્થ બનતા નથી. માટે દર્શન-વંદનાદિ ધર્મક્રિયાઓ તેને જોઇએ એવો લાભ આપનાર બનતી નથી.

મિત્રાદૃષ્ટિવાળા જીવોમાં અધ્યાત્મનું સ્ફુરણ થયું છે પણ તે જોરદાર નથી. તેથી તેના વૈરાગ્ય આદિ ગુણો ઘણા જ નબળા છે. નિમિત્ત મળતાં જ તે જોખમમાં મુકાઇ જાય છે. સંસાર દુઃખમય છે, મનુષ્યભવ દુર્લભ છે, વિષયો છોડવા જેવા છે, સંયમજીવન જ જીવવા જેવું છે; તત્ત્વચિંતન દ્વારા આવી માન્યતાઓ રૂપે શુભપરિણતિનું તેણે આધાન કર્યું હોય, અહિંસાદિ વ્રતો તેને ગમે, સંયમ લેવાની ઇચ્છા પણ થાય, પણ તેનો બોધ અત્યંત ઝાંખો હોવાથી તેમાં દૃઢતા હોતી નથી. આથી વિપરીત સંયોગો મળતાં જ પાછા વિષયો ગમતા થઇ જાય છે. સંસાર ઉપાદેય લાગવા માંડે છે. શ્રી ઋષભદેવ ભગવાનનો જીવ પહેલા ધનાસાર્થવાહના ભવમાં આ મિત્રાદૃષ્ટિમાં છે. સદ્ગુરુની ચર્યા જોઇને તેમના ઉપદેશશ્રવણથી બોધિબીજ પામ્યો છે, વૈરાગ્ય જાગ્યો છે, પરંતુ સદ્ગુરુનો સંયોગ છૂટી

થયા બાદ આગળના ભવોમાં ધન-સંપત્તિ વૈભવાદિમાં એટલો તો લીન આ જીવ છે કે મિત્રાદૃષ્ટિનો ક્ષણિક બોધ અને વૈરાગ્ય નષ્ટ થઇ જાય છે અને સંસારની ઉપાદેયતાની માન્યતા જોરદાર બની જાય છે.

મિત્રાદૃષ્ટિનો બોધ જો કે અલ્પબળવાળો અને અલ્પકાલીન છે, અવસરે તે ટકતો નથી અને શુભાનુબંધ પણ ઘણો જ નબળો પાડે છે; છતાં પણ એમ કહેવું જોઇએ કે આટલા અલ્પ અંશવાળો વિવેક પણ કીમતી છે. અનાદિ કાળથી અવિવેકરૂપી ઘોર ભયંકર અંધારૂં છવાયેલું હતું. પ્રકાશનું સ્વપ્નમાં પણ દર્શન આજ સુધીમાં થયું નહોતું, નામ પણ સાંભળ્યું નહોતું; એમાં વિવેકરૂપી પ્રકાશનો એક નાનો સરખો આ ચમકારો મળવો તે પણ અહોભાગ્યની વાત છે. તેનો આ બોધ નાનકડો છે પણ તાત્ત્વિક છે. મોક્ષમાર્ગનું બીજ છે. આ બીજમાં પરાકાષ્ઠાનો ધર્મ પમાડવાની તાકાત છે; જેના વડે જીવ મોક્ષરૂપી ફળ હવે અવશ્ય પ્રાપ્ત કરવાનો છે.

(૧) **ખેદ** :- મિત્રાદૃષ્ટિનો આ પ્રકાશના ક્ષણિક ચમકારા જેવો બોધ જીવમાં રહેલ ખેદ નામના દોષને દૂર કરે છે. ભવાભિનંદિપણાના કારણે જીવને આજ સુધી સંસારમાં જ રસ હતો, યોગમાર્ગમાં તેને ખેદ જ હતો. ધર્મ કરવા છતાં તેને ઉપાદેય બુદ્ધિ તો સંસારમાં અને પૌદ્ગલિક સુખોમાં જ હતી. આધ્યાત્મિક સુખનો અંશમાત્ર પણ સ્વાદ ચાખ્યો ન હોવાના કારણે તેમાં તેને રુચિ ન હોય એ સ્વાભાવિક છે. આધ્યાત્મિક સુખની રુચિ વગર યોગમાર્ગમાં રુચિ ક્યાંથી આવે? ભૂખ જ લાગી નથી તેને ભોજનમાં રુચિ ક્યાંથી થાય? આધ્યાત્મિક સુખના પરમ આહ્લાદક આસ્વાદને, તેનાથી થતી પરમતૃપ્તિને, જીવ અંશે અંશે પણ સમજતો થાય, એટલે તેને એ સુખની ભૂખ જાગે છે. એ ભૂખ જાગ્યા પછી ભૂખને ભાંગનાર ભોજન સદૃશ યોગમાર્ગમાં તેને રુચિ જાગે છે. રુચિ જાગે એટલે ખેદ દૂર થાય છે. આ પૌદ્ગલિક સુખો અસાર છે, ભ્રામક છે, માટે હેય જ છે; એક માત્ર આધ્યાત્મિક સુખ જ સારભૂત છે અને તેને અપાવનાર યોગમાર્ગ જ ઉપાદેય છે; એવું પ્રણિધાન અંશે અંશે જીવને આ મિત્રાદૃષ્ટિમાં થાય છે. આંશિક હોવા છતાં વ્યવહારનય આને પ્રણિધાન તરીકે માન્ય કરે છે. જો કે શુદ્ધવ્યવહારનયથી પ્રણિધાન ત્રીજી દૃષ્ટિથી આવે છે અને નિશ્ચયનયથી તો પાંચમી દૃષ્ટિમાં દૃઢ પ્રણિધાન આવે છે.

ખેદ એટલે અરુચિ. મિત્રાદૃષ્ટિવાળાને દેવ-ગુરુ આદિના કાર્યમાં એટલે યોગમાર્ગની આરાધનામાં જરા પણ ખેદ - અરુચિ હોતાં નથી. બલ્કે તેમાં અત્યંત રુચિ હોય છે, તેને કર્તવ્યરૂપ લાગે છે. તે કરવામાં તેને રસ હોય છે, તે કરવામાં તેને આનંદ આવે છે, તે કરવામાં નાની-નાની તકલીફો કે વિઘ્નો આવે અને પોતે ન કરી શકે તો

તેનો સંતાપ સતત તેના હૈયામાં હોય છે; જેમ કે સંસારી જીવોને પૈસો એ ઉપાદેય લાગે છે, મેળવવા જેવો લાગે છે. તે મેળવવામાં તેઓને રસ હોય છે. તે મેળવવા માટે પ્રયત્ન કર્યા વગર રહેતા જ નથી. કોઇ વખત કમાણીની મોસમ હોય અને પોતાને માથું દુ:ખતું હોય કે સામાન્ય તાવ આવતો હોય તો પણ તે તકલીફોને ગણકાર્યા વગર તે બજારમાં જાય જ છે. કદાચ વધારે માંદગી હોવાના કારણે પોતે ન જઇ શકે તો 'બધા કમાઈ ગયા અને હું રહી ગયો' એવો સતત બળાપો તો કર્યા જ કરે છે.

મિત્રાદષ્ટિવાળાને આવો અખેદ (રુચિ) યોગમાર્ગની બધી જ આરાધનામાં હોય છે. કોઈ માણસને અમુક ધર્માનુષ્ઠાનમાં રસ આવતો હોય અને અમુકમાં રસ ન આવતો હોય, પણ કંટાળો આવતો હોય, તે કરવાની અભિલાષા ન થતી હોય, તો તેનામાં હજી ખેદદોષ પડ્યો છે એમ સમજવું. ખેદદોષ ગયા પછી તો બધાં જ અનુષ્ઠાન કરવાની અભિલાષા જાગે, પછી ભલે બધાં અનુષ્ઠાનો તે કરી ન શકે. જે શક્ય હોય અને પોતાને માટે વધુ ઉચિત અને હિતકારી તથા પોતાની અભિલાષાને અનુરૂપ હોય તે જ કરે. બીજાં અનુષ્ઠાનો ન કરે પણ તેની અભિલાષા - રુચિ તો બધી જ ક્રિયાઓ માટે હોય.

જૈનશાસનની પ્રત્યેક ધર્મક્રિયા એ ગુણના પ્રગટીકરણનું કારણ છે. જે વ્યક્તિ એ ક્રિયાઓના મર્મને સમજે છે તે વ્યક્તિ તો એ ક્રિયાઓથી થતી ગુણપ્રાપ્તિ, ગુણવૃદ્ધિ આદિ લાભો સમજી શકે છે. કદાચ પ્રમાદાદિને કારણે તે ક્રિયાઓ ન કરતો હોય એવું બને, અથવા પોતાની આધ્યાત્મિક ભૂમિકાને અનુરૂપ જે હોય એવી જ ક્રિયાઓ તે કરતો હોય, પણ રુચિ તો તેને બધી જ ક્રિયા પ્રત્યે હોય જ.

યોગમાર્ગમાં ખેદ આવે તેમાં મૂળ કારણ મિથ્યાત્વ જ છે. મિથ્યાત્વના કારણે જીવમાં અનેક દોષો આવે છે. પણ તે દોષોમાં સૌથી વધુ ભયંકર અને ખતરનાક દોષ આ ખેદદોષ છે. તે જીવને મૂળથી ધર્મમાં જ રુચિ થવા દેતો નથી. તેનું હિતકારીપણું સમજવા જ દેતો નથી. ગાઢ મિથ્યાત્વનું આ પરિણામ છે. તેથી જીવને તે મહાપાપબંધ કરાવે છે અને તેના વડે જીવને તે સંખ્યાત, અસંખ્યાત અને અનંત કાળ સુધી સંસારમાં રખડાવે છે.

યોગમાર્ગમાં જીવોને ડગલે ને પગલે આ ખેદદોષ આવી જાય છે અને તેની ઘણી આરાધનાને **ધૂળધાણી** કરી નાખે છે. તેની આરાધનાને નિષ્ફળ કરી નાખે છે. આ ખેદ પરિણામ એ યોગમાર્ગને માટે મહા અનર્થકારી છે. માટે દરેક આરાધક જીવે પોતાની આરાધનામાં આ ખેદનો પરિણામ આવી ન જાય તેની ખૂબ તકેદારી રાખવી. કારણકે એક કણિયા જેટલો પણ આ ખેદદોષ હોય તો યોગની પહેલી દૃષ્ટિ પણ જીવ પ્રાપ્ત કરી શકતો નથી. કોઇ પણ ગુણની વાત સાંભળીને તે ગુણની આપણને અભિલાષા ન થાય

અને આપણો દોષ દેખાડે તો તે કાઢવાનું મન ન થાય, તો સમજવાનું કે નિયમા ખેદદોષ આપણામાં બેઠેલો જ છે. અમુક ગુણો ગમે છે અને અમુક નથી ગમતા, એમાં ખેદદોષ જ કારણ છે. ગુણનું ગુણરૂપે મૂલ્યાંકન હજી તે કરી શક્યો નથી. ગુણની અરુચિ બેઠેલી છે. આથી ખેદદોષવાળો જીવ ગમે એટલો ધર્મ કરતો હોય છતાં મહાકર્મબંધ કરતો હોય છે. અનાભોગરૂપે ગુણની અરુચિ હોય તેમાં વાંધો નથી. પણ આભોગપણે ગુણની અરુચિ હોય તો ખેદદોષ છે એમ સમજવું. આવા જીવોનો સંયમનો અભિલાષ પણ મોહગર્ભિત છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ કાઉસ્સગ્ગધ્યાનમાં જ્યારે યુદ્ધની વિચારણામાં ચડ્યા છે, ત્યારે સંયમ પ્રત્યે ખેદનો પરિણામ જાગ્યો છે. તેના કારણે સાતમી નારકીનાં દલિયાં એકત્રિત કર્યાં છે. પણ તે કર્મ નિકાચિત નહોતું થયું. વળી ખેદનો પરિણામ જેટલો ઉત્કટ હતો તેના કરતાં વધુ ઉત્કટ અખેદનો પરિણામ આવ્યો. તેથી તે કર્મબંધ તૂટી ગયો.

**હીનગુણઅદ્વેષ** :- મિત્રાદષ્ટિમાં ખેદદોષ જાય છે અને હીનગુણ પ્રત્યે અદ્વેષ નામનો ગુણ પ્રગટે છે. જૈનધર્મમાં હોય કે અન્યધર્મમાં હોય, તે પોતાના કરતાં ગુણમાં ઊતરતા હોય કે ઓછા ગુણવાળા હોય, તો પણ તેમના પ્રત્યે મિત્રાદષ્ટિવાળાને અણગમો કે તિરસ્કાર હોતો નથી; કારણકે ઓછા તો ઓછા પણ તેમનામાં ગુણ તો છે જ ને? અને ગુણવાનનો તિરસ્કાર એ અપેક્ષાએ ગુણનો જ તિરસ્કાર છે.

ગુણ પ્રત્યે જ્યાં સુધી અરુચિ કે અણગમો છે, ત્યાં સુધી કદાપિ પણ યોગની કે મોક્ષમાર્ગની શરૂઆત થતી જ નથી. કારણકે નાનામાં નાના ગુણ પ્રત્યે પણ જ્યાં અરુચિ બેઠેલી છે, ત્યાં પ્રણિધાન આશય જ સંભવતો નથી. મોક્ષમાર્ગના પાયામાં ગુણાનુરાગ અવશ્ય જોઈએ છે.

દેવ ઉપર, ગુરુ ઉપર કે ધર્મ ઉપર જો ગુણનિરપેક્ષ રાગ હોય અર્થાત્ તેમના ગુણોના કારણે રાગ ન હોય પણ તે મારા છે એ મમત્વથી રાગ હોય તો તે દષ્ટિરાગ છે. તેમના ગુણોની પરીક્ષા કરીને જ તેમના પર રાગ કરવાનો છે. અહીં હીનગુણઅદ્વેષમાં દ્વેષ કરવાની ના પાડી છે, પણ ગુણોની પરખ કરવાની ના પાડી નથી. ઝવેરી જેમ ઝવેરાતની પરીક્ષા કરે, એવી નિપુણતા અને ચોકસાઈપૂર્વક દેવ-ગુરુ અને ધર્મના ગુણોની પરખ તપાસ કરવાની છે. પરખ કર્યા પછી નિર્ગુણીને છોડી દેવાના છે અને ગુણવાનને સ્વીકારવાની આજ્ઞા છે. ખૂબ તટસ્થભાવે આ પરીક્ષા કરવાની છે. આને જ ગુણાનુરાગ કહેવાય છે.

અહીં 'હીનગુણ' શબ્દથી માર્ગાનુસારી ગુણવાળાને લેવાના છે; પણ જેઓ દુર્ગુણી

છે કે ઉન્માર્ગગામી છે તેમને નથી સમજવાના. એવા પ્રત્યે તો ઘૃણા, તિરસ્કાર કે નિંદા પણ અવસરે કરવાનાં હોય છે. માર્ગાનુસારીનો અર્થ મોક્ષમાર્ગને અનુસરનારા જીવો. તેવા જીવો જૈનમતમાં હોય કે અન્યમતમાં હોય, તેમના નાનામાં નાના ગુણની કદર કરવાની છે. તેમનામાં બીજા ગમે તેટલા દોષો હોય પણ તે પ્રત્યે સહિષ્ણુભાવ અને ઉદારતા કેળવવાની છે. તેના એ દોષોને જોઇને અકળાઇ જાય તો તેના ગુણોની કદર થઇ શકે નહિ. મિથ્યાત્વી જીવો જે સયોગી છે અર્થાત્ યોગમાર્ગને પામેલા છે, તેમના પ્રત્યે ઉદારતા ને સહિષ્ણુતા રાખવાની. જેઓ અયોગી એટલે યોગમાર્ગની બહાર છે તેમના પ્રત્યે આ દૃષ્ટિમાં અસહિષ્ણુતા પણ હોય.

મોક્ષમાર્ગના પહેલા પગથિયા ઉપર પણ જેને ચડવું હોય તેણે સૌ પ્રથમ ગુણાનુરાગ તો કેળવવો જ જોઇએ. અનાદિ કાળથી જીવ ગુણનો દ્વેષ કરતો આવ્યો છે. આ જ તેનો મોટામાં મોટો દોષ છે. આ દોષ એ જ સૌથી પ્રબળમાં પ્રબળ કષાય છે. તેના કારણે જીવની સંસારમાં રખડપટ્ટી ચાલી રહી છે. રખડપટ્ટીને દૂર કરવા માટે ગુણનો દ્વેષ કાઢીને તેના બદલે ગુણનો રાગ કેળવવાનો છે. અને તે ગુણાનુરાગ આ મિત્રાદૃષ્ટિવાળાને હોય છે. આ દૃષ્ટિવાળાને કાંઇ રાગ-દ્વેષ નાબૂદ નથી થઇ ગયા, એટલે કોઇ વ્યક્તિ પ્રત્યે તેને *અંગત રાગ-દ્વેષ દુશ્મનાવટ હોય, છતાંય તે દુશ્મનનાય ગુણને ઓળખી શકે, સમજી* શકે અને કદર કરી શકે છે. આવા ગુણાનુરાગના કારણે જ હીનગુણવાળા પ્રત્યે તેને દ્વેષભાવ નહિ પણ કરુણાભાવ છે.

**યમ** :- મિત્રાદૃષ્ટિવાળાને હેયોપાદેય સંબંધી આંશિક વિવેક હવે જાગી ગયો છે. તેથી તેને યમ ઉપર તાત્ત્વિક રુચિ જાગે છે. સંયમ લેવા જેવું લાગે છે. યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મ અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતો. અહીંયાં અહિંસા વગેરે નિરવચ્છિન્ન એટલે સંપૂર્ણ કક્ષાના લેવાના છે, અધકચરા લેવાના નથી. જેમને અમુક અહિંસા ગમે અને અમુક અહિંસા ન ગમે તેમને યમની રુચિ જાગી છે એમ ન કહેવાય. ઘણા માણસોને એવું હોય છે કે તેમને સ્થૂલ મોટી-મોટી હિંસા ગમતી નથી હોતી. અર્થાત્ પંચેંદ્રિય વગેરે મોટા જીવોની હિંસા તેમને પસંદ પડતી નથી; પણ સૂક્ષ્મ હિંસામાં જેમ કે પૃથ્વી, પાણી, વાયુકાયની હિંસામાં તેમને કશો ય વાંધો હોતો નથી. એને એમ લાગે છે કે એવી સૂક્ષ્મ નાની-નાની હિંસાનો વિચાર કરવા બેસીએ તો જીવી જ ન શકાય, માટે એવી બધી હિંસાની ગણત્રી નહિ કરવાની. આવી અધકચરી અહિંસા જેને ગમતી હોય તેમને યમની રુચિ આવી છે એમ ન કહેવાય. જેમને હિંસા માત્ર ખટકતી હોય તેમને જ યમની રુચિ આવી છે એમ કહી શકાય.

મિત્રાદૃષ્ટિવાળાને તૃણાગ્નિના કણિયા જેટલો બોધ અલ્પ છે. તેનો વિવેક આંશિક જ છે, છતાં પણ તે ઉત્કૃષ્ટ કોટિનો છે, સંપૂર્ણ ગુણના રાગમાંથી ફલિત થયેલો છે. તેથી હજુ સુખનો રાગ તેનામાં પડ્યો છે, છતાં તેનો ગુણનો રાગ ઓછો થતો નથી. પૌદ્‌ગલિક સુખની તેને અપેક્ષા છે, પણ તે માટે જે હિંસા કરવી પડે છે એ હિંસાને તે કરવા જેવી નથી માનતો. સુખ માટે પણ કરવી પડતી હિંસામાં તેમની અરુચિ જ હોય છે. બોધ અલ્પ હોવાથી સૂક્ષ્મ અહિંસાને તે જાણી ન શકે એવું બને, પણ કદાગ્રહશૂન્ય હોવાથી જો કોઇ તેને બરાબર સમજાવે તો તુરત જ તેનો સ્વીકાર કરે. અહિંસા, સત્ય વગેરે યમોને જેટલા પ્રમાણમાં તે જાણતો જાય એટલા પ્રમાણમાં તેમાં રુચિ કેળવતો જાય.

મિત્રાદૃષ્ટિવાળા જીવો યમ-મહાવ્રતોનું પાલન જ કરતા હોય એવું નિશ્ચિત નથી. આ જીવો ગૃહસ્થો પણ હોઇ શકે છે અને સંસારત્યાગી એવા સાધુ-સંતો પણ હોઇ શકે છે. મહાવ્રતના પાલનમાં કેટલાકને માત્ર રુચિ જ હોય છે, કેટલાકને પ્રવૃત્તિ હોય, કેટલાકને તેમાં સ્થિરતા પ્રાપ્ત થઇ હોય, તો કેટલાક તેમાં સિદ્ધિને પણ વરેલા હોય. આમ કેટલાક જીવોને દ્રવ્યથી મહાવ્રતોનું બાહ્યપાલન, સ્થૈર્યયોગ અને સિદ્ધિયોગની કક્ષાનું હોઇ શકે છે. પરંતુ આ જીવો હજુ પહેલા ગુણસ્થાનકે જ રહેલા છે. હજી સંપૂર્ણ વિવેક કે સર્વવિરતિના પરિણામને તે પામ્યા નથી. તેથી ભાવથી તો તેઓ રુચિથી આગળ વધતા નથી. સમકિતદૃષ્ટિની રુચિ અને મિત્રાદૃષ્ટિવાળાની રુચિમાં બોધના કારણે જ ભેદ પડે છે. સમકિતદૃષ્ટિના જેવો સૂક્ષ્મબોધ નહિ હોવાના કારણે તેની રુચિમાં તેના જેવી નિર્મળતા નથી હોતી. બોધ સૂક્ષ્મ થતો જાય તેમ નિર્મળતા વધતી જાય છે.

મિત્રાદૃષ્ટિમાં રહેલા જીવો યોગબીજોનું ગ્રહણ કરે છે. આ યોગબીજોથી કાળક્રમે જીવ યોગને પામે છે અને યોગનું ફળ તો મોક્ષ જ છે. યોગબીજોને મોક્ષના અવંધ્યહેતુ તરીકે યોગાચાર્યો ગણે છે. જેમ પાક ઉગાડવા માટે ખેડૂતો સૌ પ્રથમ બીજ વાવે છે. તેમાંથી કેટલાંક બીજો તો ઉંદર વગેરે ખાઇ જાય છે અથવા તો બીજી રીતે નાશ પામે છે. જે નષ્ટ ન થયા હોય તેમાંથી ધાન્ય ઊગે છે. એવી રીતે મોક્ષનું ફળ મેળવવા માટે ધર્મપુરુષાર્થમાં સૌ પ્રથમ આ યોગબીજોનું ચિત્તમાં આધાન કરવું પડે છે. યોગદૃષ્ટિની બહાર રહેલા જીવોના તે તે શુભપરિણામરૂપી ધર્મબીજો મોક્ષરૂપી ફળને આપી શકતા નથી. માટે તેની યોગબીજ તરીકે ગણત્રી કરાતી નથી. મિત્રાદૃષ્ટિમાં આવ્યા પછી જ જીવનો ધર્મપરિણામ એ મોક્ષરૂપી ફળને કાળક્રમે આપવા સમર્થ બને છે. માટે તેની યોગબીજ તરીકે ગણત્રી કરી છે અને તે યોગબીજોનું આધાન સૌ પ્રથમ આ દૃષ્ટિમાં જ થાય છે એમ કહ્યું છે.

આ યોગબીજો પાંચ છે.

(૧) **જિનેશ્વરદેવોને વિશે સંશુદ્ધ કુશળ ચિત્ત**
(૨) **ભાવઆચાર્યોની સંશુદ્ધ વૈયાવચ્ચ**
(૩) **સહજ એવો ભવવૈરાગ્ય**
(૪) **દ્રવ્યથી અભિગ્રહનું પાલન**
(૫) **શાસ્ત્રોનું વિધિપૂર્વક લેખનાદિ**

(૧) **જિનેશ્વરદેવને વિશે સંશુદ્ધ કુશલ ચિત્ત** :- વીતરાગ પરમાત્મા પ્રત્યે પ્રીતિ, ભક્તિ, શ્રદ્ધા, સદ્ભાવવાળું મન રાખવું, નમો જિણાણં વગેરે શબ્દોથી તેમની સ્તુતિ કરવી અને તેમને પ્રણામ કરવા કે પ્રદક્ષિણા આપવી. આ મન-વચન-કાયાની કુશળ પ્રવૃત્તિને જો તે સંશુદ્ધ હોય તો તે યોગબીજ કહેવાય છે.

અહીં સંશુદ્ધ વિશેષણ લખવાનું કારણ એ છે કે કુશળ ચિત્ત તો જીવે ઘણી વખત કર્યું છે. જ્યારે તે નાસ્તિકમાંથી આસ્તિક બન્યો ત્યારે પણ ભગવાન પ્રત્યે તેણે કુશળ ચિત્ત કર્યું છે. સામાન્ય યથાપ્રવૃત્તિકરણ કરનારને પણ આત્મા, પરલોક, પુણ્ય, પાપ વગેરે ઉપર અવિહડ શ્રદ્ધા હોય છે. દેવ-ગુરુ-ધર્મના માટે અવસરે ફના થઈ જાય એવો તેમનો અવિહડ રાગ હોય છે. ઉત્કટ કોટિના શુભપરિણામોને તે કરે છે. તેના કારણે તે ઊંચા દેવલોકાદિને યોગ્ય પુણ્ય બાંધે છે. પણ તે સંશુદ્ધ ન હોવાથી મોક્ષના કારણભૂત બનતું નથી. એટલે અસંશુદ્ધ કુશલ ચિત્ત એ યોગબીજ ન કહેવાય. જ્યારે ચરમાવર્તમાં આવેલો જીવ, તથાભવ્યત્વના પરિપાકથી ચરમયથાપ્રવૃત્તકરણ કરે છે અને ભાવમલની ઘણી યોગ્યતાને તોડી નાંખે છે, ત્યારે તેનું ચિત્ત સંશુદ્ધ થાય છે. મિથ્યાત્વરૂપી કટુતા કાંઈક અંશે નિવૃત્ત થવાથી કાંઈક અંશે આત્માના તાત્ત્વિક ગુણના સ્વાદરૂપી મધુરતાનો તે આસ્વાદ માણે છે.

સંશુદ્ધ ચિત્ત કેવું હોય, તે વર્ણવતાં કહે છે કે ભગવાન પ્રત્યે 'અત્યંત' ઉપાદેય બુદ્ધિથી કોઈપણ જાતની સંજ્ઞાના આવેગ વગર અને પરલોકના ભૌતિક સુખની અપેક્ષા વગર, એક માત્ર તેમના વીતરાગતા આદિ ગુણોથી આકર્ષાઈને તેમની પ્રત્યે જે ભક્તિભાવ જાગે તે સંશુદ્ધ ચિત્ત છે. ભગવાન પ્રત્યેનો આ નિરુપાધિક રાગ છે.

જગતમાં દેવ-ગુરુ અને ધર્મ જ એકાંતે હિતકર છે. તે સિવાયની વિષય અને કષાયની બધી જ પ્રવૃત્તિઓ આત્માને માટે અહિતકર જ છે. એવું સમ્યગ્જ્ઞાન થયા પછી જીવને દેવ-ગુરુઆદિ પ્રત્યે ગુણાનુરાગ પ્રગટે છે. તેમજ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અને ગુણો પ્રત્યે તેની ઉપાદેય બુદ્ધિ જાગે છે. અને વિષય-કષાયની દોષરૂપતા સમજાવાથી સહજ રીતે જ તેના પ્રત્યે હેયબુદ્ધિ જાગે છે. આમ ગુણ અને દોષના સમ્યગ્જ્ઞાનથી ફલિત

બંધેલી જે દેવતત્ત્વ પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ તે સંશુદ્ધ ચિત્તનું લક્ષણ છે. અહીં 'ઉપાદેય બુદ્ધિ' શબ્દની આગળ 'અત્યંત' શબ્દ મૂકીને એ સૂચિત કર્યું છે કે દુર્ગતિ અથવા પાપના ભયથી ધર્મમાં જે ઉપાદેય બુદ્ધિ જાગે છે તે સંશુદ્ધ ચિત્ત નથી. પરંતુ વિષય-કષાય એ દોષરૂપ છે, મહાન અનર્થને સર્જનારા છે, માટે તેના પ્રત્યે એક જાતનો ઘૃણાભાવ જાગે, નિસર્ગથી જ ગુણ ગમતા હોય અને દોષ ન ગમતા હોય; આવો સમ્યગ્જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય એ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. એવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાસિત જીવને દેવાદિ પ્રત્યે નિરુપાધિક રાગ પ્રગટે છે. તે સંશુદ્ધ ચિત્ત છે. મિત્રાદષ્ટિમાં જીવને અંશે અંશે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે. કારણકે અંશે અંશે તેનામાં સમ્યગ્જ્ઞાન આવેલું છે. સંપૂર્ણ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો ગીતાર્થને જ હોય છે.

'સંશુદ્ધ' ની ઓળખાણ આપવા માટે 'અત્યંત ઉપાદેય બુદ્ધિ' પછીનું બીજું વિશેષણ છે, 'સંજ્ઞાવિષ્કમ્ભણાન્વિતમ્' અર્થાત્ સંજ્ઞાના ઉદયથી રહિત એવું ચિત્ત તે સંશુદ્ધ ચિત્ત છે. આહાર, ભય, મૈથુન, પરિગ્રહ વગેરે ચાર સંજ્ઞા છે, અથવા ક્રોધ આદિ ચાર કષાયો અને લોક તથા ઓઘ સંજ્ઞા ઉમેરતાં દશ સંજ્ઞાઓ પણ ગણાય છે. તે જ રીતે અન્ય પ્રકારથી સોળ સંજ્ઞા પણ ગણવામાં આવી છે. સંજ્ઞા એટલે નામ. માણસને પોતાનું નામ જેમ આત્મસાત્ થઇ જાય છે તેમ આહાર, ભય, ક્રોધ વગેરે જે સ્વભાવ આત્માને આત્મસાત્ થઇ ગયો હોય છે, તેની પ્રકૃતિમાં વણાઈ ગયો હોય છે, જન્માંતરમાં પણ તેના સંસ્કારને સાથે લઇને જાય છે, તેને સંજ્ઞા કહેવામાં આવે છે. ખાલી આહાર કે ક્રોધના પરિણામને સંજ્ઞા કહેવામાં નથી આવતી, પણ તે પરિણામ જ્યારે આત્માની પ્રકૃતિમાં ગાઢ રીતે વણાઇ જાય છે, ત્યારે તેને સંજ્ઞા કહેવામાં આવે છે. અને એવો સંજ્ઞારૂપ બનેલો પરિણામ જ જીવને વધુ નુકસાનકારક છે.

આલોકના ભૌતિક સુખના ઉદ્દેશથી કરેલો ધર્મ એ સંજ્ઞાયુક્ત ધર્મ કહેવાય છે. તેમ 'બધા કરે છે માટે આપણે પણ કરીએ' એમ લોકસંજ્ઞા કે ઓઘસંજ્ઞાથી કરેલો ધર્મ પણ સંજ્ઞાયુક્ત કહેવાય છે. સંજ્ઞાયુક્ત કરાયેલો ધર્મ એ મેલો ધર્મ છે. તે વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન કે અનનુષ્ઠાનની કોટિમાં આવે છે. આવો ધર્મ કરનારનું ચિત્ત તો બહુધા મેલું જ રહે છે. પ્રાયઃ તરવાના સાધનને તે ડૂબવાનું સાધન બનાવી દે છે. તેવો ધર્મ એ સંસારવૃદ્ધિનું જ કારણ બને છે માટે તે સંશુદ્ધ કહેવાતો નથી. મિત્રાદષ્ટિવાળા જીવમાં સંજ્ઞા નથી હોતી એમ નહિ, પણ તે ધર્મ કદી પણ સંજ્ઞાના એટલે કે ભૌતિકસુખના આશયથી કે સંમૂર્ચ્છિમપણે કરતો નથી. આપત્તિમાં તે ધર્મનું શરણ લે પણ તેમાં ય તેને મન ધર્મની જ મુખ્યતા હોય છે; ભૌતિકસુખની નહિ. કારણકે તેનામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

'સંશુદ્ધ'નું ત્રીજું વિશેષણ છે 'ફલાભિસન્ધિ રહિત' અર્થાત્ પરલોકના સામાનિક દેવ આદિના સુખની આશંસા રહિત. અહીં ઇંદ્રાદિકનું સુખ એમ ન લખતાં 'સામાનિક આદિનું સુખ' એમ લખ્યું; તેનું કારણ એ છે કે સામાનિક દેવ પ્રાયોગ્ય સુધીનું પુણ્ય ફલાભિસન્ધિથી અર્થાત્ કે નિયાણાથી બંધ થઇ શકે અને તેનાથી ઊંચું ઇંદ્રાદિપણું અપાવનાર પુણ્યકર્મ નિયાણાની હાજરીમાં બંધાતું નથી. પરલોકના સુખના આશયથી કરાયેલો ધર્મ પણ ગરાનુષ્ઠાન હોઇને મલિન છે, સંસારવૃદ્ધિનું કારણ છે; મોક્ષનું કારણ બનતો નથી. તે 'સ્વપ્રતિબંધ સાર' એટલે કે ધર્મથી જે સુખની આશંસા રાખી હોય તે સુખ મળે એટલે તેમાં તેને એટલી બધી આસક્તિ થઇ જાય કે તેને તે છોડી શકતો નથી અને તેમાં જ લીન બની જાય છે. દા.ત. સંભૂતિમુનિના જીવે ચક્રવર્તીપણાનું નિયાણું કરી, માંગીને મેળવ્યા પછી બ્રહ્મદત્ત ચક્રવર્તીના ભવમાં તેમાં એ રીતે આસક્ત બન્યા કે સાતમી નારકીનું દુઃખ મેળવ્યું.

મિત્રાદૃષ્ટિવાળા જીવને સંજ્ઞા વગરનો, ભૌતિક સુખની આશંસા વગરનો, અત્યંત ઉપાદેય બુદ્ધિવાળો આવો નિરુપાધિક રાગ જિનેશ્વરદેવ પ્રત્યે હોય છે. આ સૌથી શ્રેષ્ઠ ઉત્તમમાં ઉત્તમ યોગબીજ છે, કારણકે તેનો વિષય(જિનેશ્વરદેવ) સર્વોત્તમ છે. આ યોગબીજને પામેલા ચિત્તનો પૂર્વના મહર્ષિઓએ ભૂરિ-ભૂરિ મહિમા બતાવતાં કહ્યું છે કે, અનાદિ કાળથી ભવસમુદ્રમાં ડૂબી રહેલા જીવને હવે તેમાંથી કાંઇક બહાર આવવા પ્રાપ્ત થયું છે. આત્મા ઉપરની કર્મની ગાઢ શક્તિ (સંયોગ) હવે કાંઇક શિથિલ થઇ છે. યોગબીજના પ્રભાવે જીવને સંસાર પ્રત્યે કટુ દૃષ્ટિ પેદા થઇ છે અને સંસારના પરિત્યાગ માટે કાંઇક પરિણામ પણ પ્રગટ થયો છે. વળી આગમ એટલે શાસ્ત્ર, તેના 'ઉપાયનવાળું ચિત્ત' એટલે અવક્રગામી પરિણામ, હવે જીવને પ્રાપ્ત થયો છે. અર્થાત્ તેને એવો ક્ષયોપશમ થયો છે કે તત્ત્વને અનુસરતું જ ચિંતન સ્વાભાવિક રીતે તેનું બની જાય છે. તત્ત્વની સન્મુખ જ તેનું વલણ હોય છે. જેમ આંધળો માણસ પણ જો પુણ્યશાળી હોય તો તેને કોઇ દોરનાર ન હોય તો પણ પુણ્યના કારણે જ ખાડાટેકરામાં અથડાયા વગર સીધેસીધો ઇષ્ટ સ્થાને પહોંચી જાય છે, તેમ યોગબીજ પામનાર જીવને કદાચ સન્માર્ગદર્શક ગુરુ દોરનાર ન હોય તો પણ તેનો ક્ષયોપશમ શાસ્ત્રાનુસારી અને તત્ત્વાભિમુખ જ હોય. વળી તે માત્ર અંધશ્રદ્ધાથી ધર્માનુષ્ઠાનો નથી કરતો, પણ તેના તત્ત્વને જાણવાને તેને જિજ્ઞાસા અને તદનુરૂપ ચિંતનનો પ્રયત્ન છે. વળી આ જીવ હવે નિયમા રાગ-દ્વેષની ગ્રંથિરૂપી પર્વતને શુભ અધ્યવસાયરૂપી વજ્ર વડે ભેદી નાંખવાનો છે. તેને હવે સંસારરૂપી કેદખાનામાંથી છૂટવાની સાયરન (કાળઘંટા) વાગી રહી છે.

યોગબીજનો આટલો બધો મહિમા વર્ણવવામાં આવ્યો છે તે સંપૂર્ણ સત્ય અને

વાસ્તવિક છે. ભવાટવીમાં ગાઢ અજ્ઞાનના અંધકારમાં અથડાતા જીવને એક ઝાંખા પણ પ્રકાશનું કિરણ મળે તો તેની કિંમત કેટલી બધી છે? તેને હવે કાંઇક દિશાસૂઝ થઇ છે, એ જ તેના માટે અપૂર્વ આનંદનો વિષય છે.

સંશુદ્ધ ચિત્ત એ મોક્ષરૂપી ફળના પાકવાનો આરંભ તુલ્ય સંદેશ છે. હવે અસંખ્ય ગુણી નિર્જરા ચાલુ થાય છે. મોક્ષને અનુરૂપ-લગતા ગુણો આવવાની આ શરુઆત છે. જેમ રસોઇમાં દાણાને ચડતાં પહેલાં વાર લાગે છે પણ ચડવાની શરુઆત થયા પછી એકદમ જલ્દી ચડી જાય છે. ચડવાનો પ્રારંભ થયા પછી વાર નથી લાગતી. તેમ અહીં પણ એક વખત માર્ગની શરુઆત થતાં, જીવ વિના વિલંબે વિકાસના પંથે ચાલનારો બની જાય છે.

અહીં સંશુદ્ધ કુશલ ચિત્ત એ, જિનેશ્વરદેવના વિષયમાં કહ્યું છે; એ જૈનદર્શનમાં રહેલા જીવ માટે સમજવાનું છે. બાકી અન્યમતમાં રહેલાને પણ મિત્રાદષ્ટિ સંભવી શકે છે. તેમને સંશુદ્ધ કુશલ ચિત્ત હોય છે, પણ તે જિનેશ્વરદેવના સંબંધી હોતું નથી. જિનેશ્વરદેવનું તો કદાચ તેમણે નામ પણ ન સાંભળ્યું હોય એવું બને. તેથી પોતે જે મતમાં હોય એ દેવને તે પૂજતા હોય છે. પણ એટલુ ખરું કે કુદેવને પણ એ વીતરાગ માનીને જ પૂજતા હોય છે. એટલે તેમની એ અન્ય દેવની ભક્તિ વાસ્તવિક રીતે વીતરાગની જ ભક્તિ છે.

(૨) **ભાવાચાર્ય આદિની સંશુદ્ધ વૈયાવચ્ચ** :- મિત્રાદષ્ટિવાળા જીવો જેમ શુદ્ધભાવથી દેવતત્ત્વની ભક્તિ- ઉપાસના કરે છે, તેમ એવા જ શુદ્ધભાવપૂર્વક એટલે કે આલોક કે પરલોકના સુખની આશંસા વગર અત્યંત ઉપાદેય બુદ્ધિથી ગુરુતત્ત્વની પણ ભક્તિ - વૈયાવચ્ચાદિ કરે છે. અહીં આચાર્યાદિ શબ્દથી આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી વગેરે બધા જ સમજી લેવાના છે. તેમાં આગળ 'ભાવ' એવું વિશેષણ મૂકીને દ્રવ્યાચાર્યોની ભક્તિનો નિષેધ કર્યો છે. કારણકે ખોટાને સાચું માનવું, ખરાબને સારું માનવું એ ગુણ નથી પણ દોષ છે. આપણે આગળ કહી ગયા છીએ કે ગુરુ આદિની, ઝવેરી જેમ ઝવેરાતની પરીક્ષા કરે તેમ પરીક્ષા કરીને જે ગુણિયલ હોય તેને જ સ્વીકારે છે. દ્રવ્યાચાર્યો જેઓ અધર્મને આચરનારા છે તેમાં તે કુશળચિત્ત કરતો નથી, પણ ગુણવાન ગુરુની જ તે ભક્તિ કરે છે.

મિત્રાદષ્ટિમાં રહેલા અન્યધર્મી જીવો પોત-પોતાના યોગાચાર્યને નમે છે; પણ તેમાં ય તેઓ વિવેક રાખે છે કે તેમાં ય જે ગુણિયલ હોય તેવા જ પોતાના મતના ધર્માચાર્યોને તે નમે છે. એવી રીતે આદિધાર્મિક જીવ જો કે આમ તો બધા જ મતના

સાધુસંતોને નમતો હોય છે, પણ આ યોગબીજોવાળો આદિધાર્મિક જીવ બધા મતમાં રહેલા પણ જે ગુણિયલ હોય એવા જ સાધુ-સંતોને નમે છે.

ગુણિયલ ગુરુની તે વૈયાવચ્ચ કરે છે તેમાં પણ એનો સંપૂર્ણ વિવેક હોય છે. જે પુરુષની ભક્તિ કરવી છે તેને શું હિતકાર છે? શું અહિતકાર છે? કાળ કયો છે? અવસ્થા કઇ છે? તેને પોતાને સ્વ વડે કઇ રીતે ઉપકાર કે અપકાર થાય તેમ છે? એ બધો વિચાર કરીને ભગવાનની આજ્ઞાનુસાર વિધિપૂર્વકની તે વૈયાવચ્ચ કરે છે. આમ ગુણવાન ગુરુની ભક્તિ-વૈયાવચ્ચ એ બીજું યોગબીજ છે.

(૩) **સહજ ભવવૈરાગ્ય** :- મિત્રાદૃષ્ટિવાળા જીવો જે યોગબીજોનો સંચય કરે છે તેમાં ત્રીજા નંબરનું યોગબીજ છે, સહજ ભવવૈરાગ્ય. 'સહજ' શબ્દનો પ્રયોગ કરીને દુઃખગર્ભિત વૈરાગ્યનો નિષેધ કર્યો છે. ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ એવા બધા દુઃખના નિમિત્તોથી ત્રાસીને સંસાર ઉપર ઉદ્વેગ થાય એ દુઃખગર્ભિત વૈરાગ્ય છે. દુઃખથી ગભરાવું તેને શાસ્ત્રમાં આર્ત્તધ્યાન કહ્યું છે. જો કે દુઃખના નિમિત્તે પણ વૈરાગ્ય પામનારા જીવો સંસારમાં કોઈક ભાગ્યે જ મળે છે. ઘણા જીવો તો એવા પ્રસંગોમાં ક્યાંક બીજાને ગાળો આપે છે, અથવા ક્યાંક માથું પછાડીને મરે છે, પણ વૈરાગ્ય પામીને ધર્મ કરવા પ્રેરાતા નથી. આમ દુઃખગર્ભિત વૈરાગ્ય પણ દુર્લભ છે. પણ મોક્ષમાર્ગમાં એવો વૈરાગ્ય એ સીધો હિતકર નથી. તેમાં પ્રવેશ માટે તો એક માત્ર જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ જોઇએ.

અપુનર્બંધક અવસ્થાથી માંડીને જીવ તાત્ત્વિક જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પામ્યો છે. જેમ-જેમ તે વધુ ને વધુ તત્ત્વચિંતન કરતો જાય છે.તેમ-તેમ તેનો વૈરાગ્ય વધુને વધુ દૃઢ બનતો જાય છે. તેને સંસારનાં પૌદ્ગલિક સુખો દુઃખરૂપ જ ભાસતાં હોય છે. એક માત્ર આત્માના ગુણોમાં જ તેને સુખકારીપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. પ્રસંગે પ્રસંગે તે સંસારની કટુતાનો જ વિચાર કરતો હોય છે. આમ આ મિત્રાદૃષ્ટિવાળા જીવને શરીર, ઇંદ્રિય, કર્મ આદિ કોઈપણ જાતનો જડનો સંયોગ એ દુઃખદાયી જ લાગે છે. પુણ્યકર્મનો સંયોગ પણ તેને ઈષ્ટ લાગતો નથી. કારણકે તેના વિપાકથી મળતાં સુખો પણ પરિણામે દુઃખફલક જ છે એમ તેને મનમાં દૃઢ રીતે સમજાઈ ગયું છે. આત્મિક ગુણોનો સંપૂર્ણ ઉઘાડ મોક્ષમાં જ છે અને તેથી મોક્ષમાં જ સાચું સંપૂર્ણ સુખ છે; એ સમજાવાથી આ જીવોને મુક્તિનો રાગ પહેલવહેલી વખત અહીં પ્રગટે છે. આની પૂર્વભૂમિકાઓમાં મુક્તિનો અદ્વેષ, મુક્તિની જિજ્ઞાસા એ ક્રમિક વિકાસની અવસ્થાને પામેલા જીવને હવે તત્ત્વચિંતન દ્વારા તેમાંથી મુક્તિનો રાગ ફલિત થાય છે. માટે આ જીવ હવે જે કાંઇ ધર્માનુષ્ઠાન કરે છે તે પરભાવથી છૂટવા માટે અને આત્મિક ગુણોની પ્રાપ્તિ માટે જ કરે છે.

(૪) **દ્રવ્યથી અભિગ્રહનું પાલન** :- આ ચોથું યોગબીજ છે. મિત્રાદષ્ટિવાળા જીવો શક્તિ અનુસાર તપ-ત્યાગ આદિના અભિગ્રહો લે છે અને તેનું પાલન કરે છે. તેમાંથી કોઇક જીવો તો દેશવિરતિ સ્વીકારે છે અને તેનું મન-વચન-કાયાથી શાસ્ત્રાનુસાર એક પણ અતિચાર લગાડ્યા વિના નિરતિચારપણે અખંડ પાલન કરે છે. બધા જ જીવો આવું નિરતિચાર અખંડ પાલન કરે એમ નહિ. અન્યધર્મી હોય તો પોતપોતાના ધર્મના વ્રત-નિયમોના અભિગ્રહ લે છે. પણ આ દષ્ટિવાળા જીવો દેશવિરતિ કે સર્વવિરતિને અખંડ પાળતા હોય તો પણ તેમની તે વિરતિ દ્રવ્યથી છે, ભાવથી વિરતિ નથી; કારણકે ભાવથી વિરતિ આવવામાં તે કષાયોનો (રાગ-દ્વેષનો) ક્ષયોપશમ થવો આવશ્યક છે અને તે ક્ષયોપશમ ગ્રંથિભેદ થયા પછી જ થાય છે. સમ્યક્ત્વ આવ્યા પછી જ ભાવથી વિરતિ પ્રાપ્ત થાય છે. મિત્રાદષ્ટિવાળા જીવો હજી સમ્યક્ત્વ પામ્યા નથી, પહેલા ગુણસ્થાનકે છે; તેથી તેમના આ અભિગ્રહાદિ વિરતિ એ દ્રવ્યથી છે, ભાવથી નથી.

(૫) **શાસ્ત્રોનું વિધિપૂર્વક લેખનાદિ** :- મિત્રાદષ્ટિવાળા જીવોને સંસારની કટુતા સમજાઈ છે અને મુક્તિનો રાગ પ્રગટ્યો છે, મુક્તિને મેળવવાની આકાંક્ષા જાગી છે. મુક્તિ કેવી રીતે મળે એનું દિગ્દર્શન તો શાસ્ત્રમાંથી જ મળી શકે છે. માટે શાસ્ત્રો ઉપર તેમને અંતરથી બહુમાન જાગે છે. તેમનું તે બહુમાન શાસ્ત્રોના લેખનાદિમાં અભિવ્યક્ત થાય છે. તે વિધિપૂર્વક શાસ્ત્રોને લખે છે, લખાવે છે, પુષ્પ-વસ્ત્રાદિથી તેની પૂજા કરે છે, શાસ્ત્રનાં પુસ્તકોનું બીજાને દાન કરે છે, ગુરુમુખે શાસ્ત્રોને સાંભળે છે, સ્વયં તે વાંચે છે, વિધિપૂર્વક તેનું ગ્રહણ કરે છે, તેનો સ્વાધ્યાયાદિ કરે છે, પોતાને સ્થિર થયેલાં શાસ્ત્રો બીજાને ભણાવે કે સમજાવે છે, શાસ્ત્રોના અર્થનું ચિંતન-મનન કરે છે. આમ વિવિધ પ્રકારે તે શાસ્ત્રોની ભક્તિ કરે છે.

ધર્મપુસ્તકનું પૂજન વગેરે શા માટે કરવાનું? એમ પ્રશ્ન થાય. તેમાં એમ સમજવું કે જિનવાણી એ ભાવશ્રુત છે અને મિત્રાદષ્ટિવાળા જીવોને ભાવશ્રુત સંસારથી પાર ઉતરવાનું પરમ સાધન છે એવો બોધ હોવાથી તે ધર્મપુસ્તકો પૂજ્ય બને છે. હવે જેનો ભાવનિક્ષેપો પૂજ્ય હોય તેનો નામ-સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપો પણ પૂજ્ય છે જ. દા.ત. તીર્થંકરનો ભાવનિક્ષેપો પૂજ્ય છે તેમ તેમનું નામ પણ પૂજ્ય છે, તેમની સ્થાપના (પ્રતિમા) પણ પૂજ્ય છે અને તેમનો દ્રવ્યનિક્ષેપો પણ પૂજ્ય છે. જિનવાણી એ ભાવશ્રુત જો પૂજ્ય છે, તો પુસ્તકાદિ એ દ્રવ્યશ્રુત છે માટે તે પણ એટલા જ પૂજ્ય છે. સ્થાનકવાસીએ ભાવનિક્ષેપાને જ પૂજ્ય માન્યો અને સ્થાપના દ્રવ્યને પૂજ્ય ન માન્યા. તેઓ પુસ્તકને

જડ માનીને તેની આશાતનામાં પાપ નથી માનતા. આ તેમની મોટી ભૂલ છે. જ્યારે આપણા ચતુર્વિધ સંઘમાં ચારે નિક્ષેપા પૂજ્ય માનવામાં આવ્યા છે. તેની સાધનસામગ્રીને પણ પૂજ્ય માની છે. માટે પુસ્તકાદિની અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવે છે.

અન્યધર્મી એવા મિત્રાદષ્ટિવાળા જીવો પોત-પોતાનાં અધ્યાત્મશાસ્ત્રો, જેવાં કે ગીતા-ઉપનિષદ વગેરે કે જેમાં અધ્યાત્મની ઘણી વાતો ગૂંથેલી છે, તેનું બહુમાનપૂર્વક લેખન-શ્રવણાદિ કરે છે.

આ પાંચ યોગબીજ એ બોધિબીજના જ પેટાભેદરૂપ છે અને મિત્રાદષ્ટિવાળા જીવો તેનો સંચય કરે છે. આથી જ બોધિબીજની પ્રાપ્તિ મિત્રાદષ્ટિમાં થાય છે એમ કહેવાય છે.

હવે આ દૃષ્ટિમાં રહેલા બધા જ જીવો આ યોગબીજનું સેવન કરતા જ હોય એવો નિયમ નથી. કેટલાક જીવો એવા પણ હોય છે કે સંયોગના અભાવમાં આ યોગબીજોનું સેવન ન કર્યું હોય છતાં પણ યોગ્યતાના કારણે સેવન કરનારા જીવની જેવા જ આંતરિક પરિણામો પ્રગટી જાય છે. તેના કારણે એ જીવોને આ યોગબીજના શ્રવણમાં અપૂર્વ શ્રદ્ધા પ્રગટે છે. જેથી તેમને એવી સ્થિરાશયવાળી પ્રતિપત્તિ થાય છે કે 'આ આમ જ છે'. એક જાતનો ચિત્તનો પ્રતિબંધ તેની ઉપર જાગે છે.

બોધિબીજ પામનારા આ મિત્રાદષ્ટિવાળા જીવોમાં બધાના આચાર-વિચાર કે જ્ઞાન એકસરખાં નથી હોતાં. તેમાં ઘણા ભેદ હોય છે, પરંતુ સ્થિરાશયરૂપ પ્રતિપત્તિ તો બધાને એકસરખી જ હોય છે. અર્થાત્ યોગબીજોની રુચિ બધાની એકસરખી જ હોય છે. તેનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરે છે. સાંભળવાથી પોતાના આત્માને લાભ થયો એમ માને છે. ધર્માનુષ્ઠાનમાં તેમને ફળની ઉત્સુકતા નથી હોતી. અર્થાત્ દેવ-ગુરુ કે ધર્મની ભક્તિ કરી તેમાં પોતાની દૃષ્ટિએ કોઇ ફળ ન દેખાય તો તેમાં કંટાળો લાવતા નથી કે અધીરતા ધારણ કરતા નથી, પરંતુ ઉત્સુકતારહિતપણે ભક્તિ કરે છે. આ રીતે ભક્તિ આરાધના કરતા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો સુખપૂર્વક મોક્ષમાં પહોંચી શકે છે. ઋષભદેવ ભગવાનનો જીવ પહેલા ધનાસાર્થવાહના ભવમાં બોધિબીજ પામ્યા છે ત્યારે મિત્રાદષ્ટિવાળા છે.

આ પાંચ યોગબીજોનું સેવન કરીને કે શ્રવણ કરીને તત્ત્વ ઉપરનો રાગ પ્રગટાવવાનો છે. આવી એકસરખી તત્ત્વ ઉપરની રુચિ આ દૃષ્ટિમાં રહેલા બધા જ જીવોને હોય છે.

શાસ્ત્રમાં જે પ્રથમ ગુણસ્થાનક મિથ્યાત્વ નામનું કહ્યું છે, તે તાત્ત્વિક રીતે આ મિત્રાદષ્ટિવાળા જીવોથી માંડીને પ્રથમની ચાર દૃષ્ટિ સુધી ઘટી શકે છે.

**'નમુથ્થુણં'** સૂત્રમાં-જે 'અભયદયાણં' પદ છે તે સાચા અ .માં અહીં ઘટે છે. સાચી નિર્ભયતા આ દષ્ટિમાં ઘટે છે. જીવનો ભાવમલ જેમ જેમ ક્ષય થતો જાય છે તેમ તેમ તેનામાં નિર્ભયતા પ્રગટતી જાય છે. નાસ્તિકને ભય હોય છે; પણ જીવ જેમ આસ્તિક બનતો જાય છે તેમ તેનામાં ચિત્તની સ્વસ્થતારૂપી ધૈર્ય પેદા થાય છે અને ક્રમસર તેના આત્મામાં નિર્ભયતા પેદા થાય છે. તેનાથી જ આધ્યાત્મિક ધર્મમાં બળ આવે છે. જીવોમાં ભવનિર્વેદ પ્રગટાવવા દ્વારા તીર્થંકરોએ જીવોને આવી નિર્ભયતાનું દાન કર્યું છે. તેમનામાં એવું આત્મબળ પ્રગટાવ્યું છે કે ગમે તેવા સંયોગોમાં તે ધૈર્યને ટકાવી શકે, સુખ-દુઃખ બન્નેને પચાવી શકે, તેમનું ચિત્ત હંમેશાં સ્વસ્થ જ રહે. માટે ભગવાનને 'અભયદયાણં' અભયના આપનારા એમ વિશેષણ મૂક્યું છે.

આ મિત્રાદષ્ટિમાં ખેદદોષ ગયો, તત્ત્વનો અદ્વેષ નામનો ગુણ પ્રગટ્યો અને યમ નામનું યોગનું અંગ આવ્યું. આ ત્રણેયને એકબીજા સાથે પરસ્પર ગાઢ સંબંધ છે. જ્યાં સુધી યોગમાર્ગમાં ખેદ છે, તેમાં ઉપાદેય બુદ્ધિ જાગી નથી, ત્યાં સુધી તત્ત્વ ઉપર દ્વેષભાવ જ રહેવાનો. જ્યાં સુધી તત્ત્વ ઉપર દ્વેષભાવ દૂર નહિ થાય ત્યાં સુધી યોગમાર્ગમાં ખેદ રહેવાનો જ. તેમાં ઉપાદેય બુદ્ધિ નહિ જ જાગે. આમ તત્ત્વનો દ્વેષ હોય છે ત્યાં ખેદદોષ હોય છે. અને જ્યાં ખેદ હોય છે ત્યાં તત્ત્વનો દ્વેષ હોય છે. એવી જ રીતે તે સમયે યમમાં રુચિ પણ જાગતી નથી. ખેદદોષ જાય એટલે તત્ત્વ ઉપરનો અદ્વેષ આવે જ અને સાથે સાથે યમમાં રુચિ જાગે જ. આઠે ય દષ્ટિમાં દોષ, ગુણ અને યોગાંગમાં આ રીતે પરસ્પર સંકલના સમજી લેવી.

મિત્રાદષ્ટિમાં ખેદદોષનો અભાવ હોય છે, પણ ઉદ્વેગાદિ દોષો તેમાં હોય છે. તેમાંથી ઉદ્વેગદોષ દૂર થાય એટલે બીજી તારા નામની દષ્ટિ પ્રાપ્ત થાય છે.

## તારાદષ્ટિ

તાર શબ્દ ઉપરથી તારા શબ્દ બન્યો છે. મિત્રાદષ્ટિ કરતાં આ બીજીદષ્ટિમાં બોધ કાંઈક વધુ સ્પષ્ટ હોય છે, તેથી તેનું 'તારા' નામ સાર્થક છે.

**બોધ** :- તારાદષ્ટિમાં બોધ છાણના અગ્નિના કણિયા સરખો હોય છે. છાણને સળગાવીને પછી તેનો ભડકો ઓલવી નાંખીએ એટલે અંગારા રૂપે તેનો ઝાંખો ઝાંખો પ્રકાશ રહે છે. તેમ તારાદષ્ટિવાળા જીવોને હેય-ઉપાદેયના વિવેકરૂપી બોધ આવો ઝાંખો ઝાંખો હોય છે. મિત્રાદષ્ટિ કરતાં અહીં વિકાસ થયો છે, પણ બહુ વિશિષ્ટ વિકાસ નથી

થયો. અતિ અલ્પ પ્રમાણમાં વિકાસ થયો છે. તેનું બળ-વીર્ય પણ મિત્રાના બોધની જેમ અલ્પ જ છે અને સ્થિતિ પણ અલ્પ જ છે. એટલે લાંબા કાળ સુધી તેની ચમક રહેતી નથી. વ્યવહારમાં આપણે જોઇએ છીએ કે ઓછી બુદ્ધિ, સમજશક્તિ કે યાદશક્તિવાળી વ્યક્તિને બહુ યાદ રહેતું નથી. કદાચ યાદ રહે તો પણ તેની અસર બહુ રહેતી નથી માટે બુદ્ધિસાધ્ય કાર્યો તે સારી રીતે કરી શકતા નથી. તેવી જ રીતે તારાદષ્ટિવાળા જીવો બોધ અલ્પ હોવાના કારણે, પટુસ્મૃતિના અભાવથી દર્શન-વંદનાદિ ક્રિયાઓ સારી રીતે કરી શકતા નથી. તેમની તે ક્રિયાઓ વિકલ જ હોય છે. તેથી તે માત્ર દ્રવ્યક્રિયારૂપ જ રહે છે. ભાવક્રિયા બનતી નથી.

ગ્રંથકાર મહર્ષિએ પટુસ્મૃતિના અભાવે પ્રયોગકાળે આ બોધ ટકતો નથી એમ લખ્યું છે. તેમાં પ્રયોગકાળનો ભાવાર્થ આ પ્રમાણે છે કે, આ દષ્ટિમાં ઘણા કાળના અભ્યાસ પછી જ ઝાંખો પણ સાચો (તાત્ત્વિક) એવો અધ્યાત્મનો બોધ થાય છે. તેનો ચમકારો શરુઆતમાં દેખાય છે, પણ જો કોઇ વિપરીત નિમિત્ત મળે તો પાછો આ જીવ તે નિમિત્તમાં લપટાઇ જાય છે. તે વખતે તેનો બોધ જાણે જતો રહ્યો હોય એવું લાગે છે. જો કે અંદર તે બોધ પડેલો જ હોય છે. છતાં વિશેષ કાંઇ કામમાં નથી આવતો. આ જીવ દર્શન-વંદનાદિ ક્રિયા વિકલ કરે છે એટલે કે તે ખોટી વિધિથી કરે છે એવો તેનો અર્થ નથી. બાહ્યવિધિથી તે બરાબર ક્રિયા કરતો હોય છતાં પણ ધર્મક્રિયા કરતી વખતે પણ વિષયકષાયમાં તેની અવ્યક્ત રુચિ પડી હોય છે. વિષય-કષાયોને હજીય તે ઉપાદેય માનતો હોય છે. માટે એમ કહેવાય કે પ્રયોગ કાળે પણ તેનો બોધ ઝાંખો જ છે. તેનો ચમકારો ટકતો નથી.

વિષય-કષાયમાં સંપૂર્ણપણે હેયબુદ્ધિ જાગે નહિ, ઉપાદેય બુદ્ધિ નષ્ટ થાય નહિ, ત્યાં સુધી સારામાં સારી રીતે, બાહ્ય બધી વિધિ જાળવીને કરાતી પણ ધર્મક્રિયાઓ વિકલ જ છે; માત્ર દ્રવ્યક્રિયા જ છે. જો કે આગળ જતાં ભાવક્રિયાનું કારણ બનનાર હોવાથી તેને પ્રધાનદ્રવ્યક્રિયા કહી શકાય.

**લક્ષણ** :- તારાદષ્ટિમાં આ પ્રમાણે બોધ અલ્પ છે; પણ મિત્રાદષ્ટિ કરતાં કાંઇક વધુ સ્પષ્ટ છે. આ દષ્ટિવાળા જીવોને યોગમાર્ગમાં અખેદ સહિત અનુદ્વેગ હોય છે. અર્થાત્ યોગમાર્ગમાં ખેદ અને ઉદ્વેગ બંને દોષ હોતા નથી; તત્ત્વપ્રાપ્તિને અનુકૂળ એવી જિજ્ઞાસા હોય છે તેમજ શૌચાદિ પાલન હોય છે. તેનાં આ ત્રણે અંગોનો વિસ્તારથી વિચાર કરીએ.

૧) **અનુદ્વેગ** :- ઉદ્વેગ એટલે કંટાળો. ખેદ અને ઉદ્વેગમાં ઘણો ભેદ છે. યોગમાર્ગમાં મૂળથી જ જ્યારે રુચિ ન જાગે કે કરવા જેવું છે એમ ઉપાદેય બુદ્ધિ ન જાગે, તો ખેદદોષ છે એમ સમજવું. આવો ખેદ ન હોય અર્થાત્ યોગમાર્ગમાં તપ-ત્યાગ-સંયમાદિ ધર્મક્રિયામાં રુચિ હોય, તે કરવા જેવા છે એમ ઉપાદેય બુદ્ધિ હોય, પણ તે કરતાં કરતાં જ્યારે તેમાં વધારે પડતું વેઠવાનું કે ઘસાવાનું આવે ત્યારે તેમાં કંટાળો આવે કે હવે કેટલું? આનું નામ ઉદ્વેગ છે. ખેદમાં પ્રારંભથી જ ધર્મક્રિયા કરવાનો ઉલ્લાસ કે ઉમંગ નથી હોતો, જ્યારે ઉદ્વેગમાં ઉલ્લાસથી પ્રારંભ કરે પણ જ્યારે તેમાં વધારે પડતી કઠિનાઇ આવે અથવા તો સામે કોઇ આકર્ષક ભોગસામગ્રી આવી જાય તો ધર્મક્રિયા ઉપરથી મન ઊઠી જાય. દા.ત. ભાવતાં સ્વાદિષ્ટ મિષ્ટાન્ન જોઇને મનમાં ઉદ્વેગ થઇ જાય કે મેં આજે ક્યાં ઉપવાસ કર્યો?

ધર્મક્રિયાનો પ્રારંભ ભાવથી અને ઉલ્લાસથી કર્યો હોય પણ પાછળથી જેમ ઉદ્વેગ આવે છે તેમ ખેદદોષ પણ પાછળથી આવી શકે. તો ત્યાં બંનેની વચ્ચે ભેદ શી રીતે સમજવો? ખેદદોષમાં સંયમમાં જ અરુચિ જાગી જાય છે; જ્યારે ઉદ્વેગમાં સંયમમાં ઉપાદેય બુદ્ધિ ટકી રહે છે. તે કરવા જેવું લાગે છે, પણ ભોગ ગમતા હોવાથી સંયમ પાળવાનો કંટાળો આવે છે. અર્થાત્ ખેદદોષમાં સંયમમાંથી ઉપાદેય બુદ્ધિ નષ્ટ થઇ જાય, જ્યારે ઉદ્વેગદોષમાં ઉપાદેય બુદ્ધિ ટકી રહે પણ તે નબળી હોય છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિને ખેદદોષ આવ્યો છે, તે સમયે તેમને સંયમમાંથી ઉપાદેય બુદ્ધિ જ નષ્ટ થઇ ગઇ છે. પોતાના બાળક રાજાને શત્રુ રાજાએ હેરાન કર્યો છે તે જાણીને તેમને એવો વિચાર આવ્યો છે કે આ સંયમમાં કાંઇ સાર નથી. આમ ખેદદોષ સહિત રૌદ્રધ્યાનમાં તે ચડ્યા છે માટે તેમણે સાતમી નારકીનાં દલિયાં ભેગાં કર્યાં છે. સમકિતી જીવને પણ રૌદ્રધ્યાનનો સંભવ છે, પણ તેને ખેદદોષ ન હોવાના કારણે નરક પ્રાયોગ્ય બંધ નથી થતો. વૈમાનિકદેવ પ્રાયોગ્ય જ બંધ થાય છે. શાસ્ત્રમાં રૌદ્રધ્યાનથી નરકનું આયુ બંધાય છે, એમ જે લખ્યું છે ત્યાં સમજી લેવાનું કે મિથ્યાત્વના ખેદ, ઉદ્વેગ આદિ પરિણામો સહિત જ્યારે રૌદ્રધ્યાન પ્રવર્તે છે ત્યારે જ નરકનું આયુષ્ય બંધાય છે.

(૧) મરીચિએ સંયમ છોડ્યું છે પણ તે પાંચમે ગુણસ્થાને ટકી રહ્યા છે, એટલે સમકિત છે. તેમને સંયમમાં સંપૂર્ણ રુચિ અને ઉપાદેય બુદ્ધિ છે, તેમાં જરાપણ ખેદ કે ઉદ્વેગ નથી આવ્યા; પરંતુ કષ્ટો સહન ન કરી શક્યા તેથી પ્રમાદના કારણે સંયમ છોડ્યું છે. ખેદદોષની વિચારણામાં સંયમ છોડે કે ન છોડે એ બહુ મહત્ત્વની વાત નથી. સંયમમાં રુચિ ટકી છે કે નહિ એ જ ખરી મહત્ત્વની વાત છે. અર્હદત્તને ખેદદોષ આવી ગયો તેથી દુર્લભબોધિપણું તેમને પ્રાપ્ત થયું છે.

(૨) માષતુષમુનિને પૂર્વભવમાં જ્ઞાન ઉપર ઉદ્વેગ આવ્યો છે. પોતે મહાજ્ઞાની આચાર્ય હતા. એક વખત ખૂબ થાકેલા હતા, એ સમયે બહારગામથી કોઈ શ્રાવકો આવ્યા. ત્યારે તેમની શ્રમિત અવસ્થા જાણવા છતાં અવિવેકી શિષ્યોએ તેમની પાસે વ્યાખ્યાન કરાવ્યું. તે સમયે આચાર્યને જ્ઞાન ઉપર ઉદ્વેગ આવ્યો અને અજ્ઞાન ગમ્યું. આના કારણે ભયંકર જ્ઞાનાવરણીયકર્મ બંધાયું; જે માષતુષમુનિના ભવમાં ઉદયમાં આવ્યું, ત્યારે જ્ઞાનનો આગળ એક અક્ષર પણ ચડ્યો નહિ.

(૩) આર્દ્રકુમારને પૂર્વના સામાયિક નામના ખેડૂતના ભવમાં ચારિત્ર ઉપર ઉદ્વેગ આવી ગયો છે. આર્દ્રકુમારે પૂર્વના ભવમાં તેમના જીવે અને તે ભવની તેમની પત્ની બન્નેએ સારા ભાવથી સંયમ-ચારિત્ર ગ્રહણ કર્યું છે. પછી એક વખત વિહારમાં સાધ્વી થયેલ પત્ની ભેગાં થયાં ત્યારે તેમનું સોળે કળાએ ખીલેલું રૂપ જોઈને મનમાં વિકાર જાગ્યો અને મેં 'ક્યાં સંયમ લીધું' એમ ચારિત્ર ઉપર ઉદ્વેગ આવ્યો. પત્ની સાધ્વીને આ વિકારની વાતની ખબર પડતાં તેણે અનશન કર્યું. પછી આ સાધુએ પણ અનશન કર્યું. પણ 'ચારિત્રના ઉદ્વેગના' કારણે એવું ભયંકર અશુભકર્મ બંધાયું કે આર્દ્રકુમારના ભવમાં અનાર્ય દેશમાં જન્મ મળ્યો. માંડ-માંડ ધર્મની અને સંયમની પ્રાપ્તિ થઈ, છતાં પાછું સંયમ છોડીને ચોવીશ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહેવું પડ્યું.

ધર્મ કરનારા જીવોએ ખેદ અને ઉદ્વેગદોષથી ઘણા સાવધ રહેવાનું છે. સામાન્ય અશુભબંધમાં એવો ક્લિષ્ટ કર્મબંધ થવાની તાકાત નથી કે જેવો ક્લિષ્ટ કર્મબંધ કરવાની તાકાત મિથ્યાત્વરૂપ ખેદ અને ઉદ્વેગદોષોમાં છે. લક્ષ્મણાસાધ્વીને ભારે અનુબંધવાળું આવું ભયંકર ક્લિષ્ટ કર્મ બંધાયું તેમાં આ ખેદ-ઉદ્વેગદોષ જ કારણ છે. માટે જ ખેદ અને ઉદ્વેગને મહાદોષો કહેવામાં આવે છે. તેને જો દૂર રાખી શકીએ તો ધર્મક્રિયાવડે ઘણો લાભ મેળવી શકીએ.

તારાદષ્ટિવાળા મહાત્માઓએ ખેદ અને ઉદ્વેગ બંને દોષને નાબૂદ કર્યા હોય છે. પારલૌકિક હિતના કારણભૂત બધા જ યોગના અનુષ્ઠાનમાં તેમને અખેદ અને અનુદ્વેગ હોય છે. તેમને એક પણ ધર્માનુષ્ઠાનની બાબતમાં શક્યતારૂપે, ઉપયોગરૂપે કે પરિણતિરૂપે ઉદ્વેગ હોતો નથી. એકાદ અનુષ્ઠાનમાં પણ ઉદ્વેગ હોય તો તારાદષ્ટિ કહેવાય નહિ. એવી જ રીતે એકાદ અનુષ્ઠાનમાં (ગુણમાં) પણ જો ખેદ હોય તો મિત્રાદષ્ટિ કહેવાય નહિ. જમાલીને મિથ્યાભિનિવેશ આવ્યો છે, તેમાં રુચિ જાગી છે, પોતાનો અહં ખરાબ નથી લાગ્યો; આમ તેમને ખેદદોષ આવી ગયો છે અને ગુણસ્થાનકની બહાર નીકળી ગયા છે.

૨) **તત્ત્વજિજ્ઞાસા** :- મિત્રાદૃષ્ટિમાં તત્ત્વ પ્રત્યે અદ્વેષભાવ પ્રગટ્યા બાદ આગળ વધતાં જીવને હવે તત્ત્વ પ્રત્યે જિજ્ઞાસા જાગે છે. સંસારમાં જેમ ભોગના રસિયાને ભોગની એટલી બધી પ્રીતિ હોય છે કે ભોગપ્રાપ્તિ કરવા ગમે તેટલું દુઃખ સહન કરવા તૈયાર થાય છે. તેમ આ દૃષ્ટિમાં તત્ત્વ સમજવા મળે ત્યારે જ તેને સંતોષ થાય છે. એટલે અહીં કોરી જિજ્ઞાસા માત્ર નથી પણ પ્રયત્નપૂર્વક પ્રવૃત્તિ કરાવે એવી જિજ્ઞાસા છે.

**નિયમ** :- મિત્રાદૃષ્ટિમાં યમ હતો. અહીંયાં યમ સહિત નિયમ હોય છે. યમ એટલે પંચ મહાવ્રતો કે જેને મૂળગુણ કહેવામાં આવે છે. નિયમ એ મહાવ્રતોને પોષક એવા ઉત્તરગુણો છે. મૂળગુણને ઉત્તરગુણોની સાથે અવિનાભાવી સંબંધ છે. જેટલી ઉત્તરગુણોમાં ખામી હોય તેટલી મૂળગુણમાં પણ ખામી આવે છે. વાસ્તવિક જોઈએ તો ઉત્તરગુણોનું જ મહત્ત્વ છે. તે ઉત્તરગુણોનું સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી સમજવામાં કઠિન છે. પ્રથમ મૂળગુણોનો બોધ થાય છે. પછી જેમ જેમ વિકાસ થતો જાય તેમ તેમ ધીમે ધીમે ઉત્તરગુણો સમજાતા જાય છે. નાના નાના ઉત્તરગુણોમાં પણ રુચિ જાગતી જાય તેમ મૂળગુણોની રુચિ પણ વધુ નિર્મળ બનતી જાય છે.

મિત્રાદૃષ્ટિમાં માત્ર મૂળગુણોનો જ બોધ હતો. તે પણ સામાન્ય સ્થૂલ કક્ષાનો જ હતો. તારાદૃષ્ટિમાં મૂળગુણોનો બોધ મિત્રાદૃષ્ટિ કરતાં વિશેષ પ્રકારનો અને સૂક્ષ્મ હોય છે અને સાથે સાથે ઉત્તરગુણોનો પણ બોધ હોય છે. (આટલું ધ્યાનમાં રાખવું કે આપણે ત્યાં પાંચ મહાવ્રતો જેમ નિરવચ્છિન્ન છે, એટલે કે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પાળવાનાં છે, તેમ અન્યધર્મોમાં પણ તે નિરવચ્છિન્ન જ છે. તારાદૃષ્ટિમાં ઉત્તરગુણોરૂપ નિયમોનું પાલન છે. તે પાતંજલયોગદર્શન પ્રમાણે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન વગેરે ઉત્તરગુણરૂપ નિયમ સ્વરૂપ છે.

**શૌચ** :- 'પરૈ અસંસંર્ગઃ સ્વાઙ્ગાત્ જુગુપ્સા' એ શૌચની વ્યાખ્યા છે. 'પર' એટલે વિષય, તેનો સંસર્ગ ન કરવો અને પોતાના અંગની જુગુપ્સા કરવી એ શૌચની વ્યાખ્યા છે. જગતના બધા જ પદાર્થો અશુચિમય છે. કારણકે જે પરમાણુ વિષ્ટારૂપ બન્યા તે જ પાછા ધાન્યરૂપે, મીઠાઈરૂપે, વસ્ત્રરૂપે બને છે. એકબીજા પરમાણુનું એક-બીજામાં રૂપાંતર થયા જ કરે છે. માટે બધા જ પદાર્થો જગતનો એંઠવાડ છે, ગંદકી છે. તેને શુદ્ધ માનવા એ માત્ર કલ્પના છે. નિશ્ચયથી તે શુદ્ધ નથી. આમ વિચારવું તે શૌચભાવના છે. તેને ભાવશૌચ કહેવામાં આવે છે. આ શૌચભાવનાથી વાસિત થયા હોય તેને કપડાની કે શરીરની મલિનતાને દૂર કરવામાં બહુ રસ ન હોય. તેનો મેલા થવાનો સ્વભાવ જ છે.

એટલે શુદ્ધ કરવા છતાં ફરી પાછા તે મેલા થવાના જ છે. તેથી તેના માટે પાણી આદિ જીવોની હિંસા કરવાનું તેને મન નહિ થાય. આમ શૌચ એ અહિંસાનો ઉત્તરગુણ છે.

**સંતોષ** :- વધુ મેળવવાનો લોભ ન કરવો. જેટલું મળ્યું છે તેમાં સંતોષ રાખવો. આ અપરિગ્રહનો ઉત્તરગુણ છે.

**તપ** :- છતી શક્તિએ બાર પ્રકારના તપનું સેવન ન કરે તેને મહાવ્રતોમાં ખામી આવે છે. તપ એ ત્રીજા અદત્તાદાનવિરમણવ્રતનો ઉત્તરગુણ છે. ભગવાને છ કારણે સાધુને ખાવાની છૂટ આપી છે. તેમાંથી એક પણ કારણ ન હોય અને સાધુ ખાય તો તેને તીર્થંકરઅદત્ત દોષ લાગે છે. અદત્ત ચાર પ્રકારના છે.

(૧) **સ્વામિઅદત્ત** :- માલિકની રજા વગર લેવું તે.

(૨) **જીવઅદત્ત** :- દોષિત આહાર લે. દા.ત. સચિત્ત આહાર લે તો જીવઅદત્ત છે.

(૩) **તીર્થંકરઅદત્ત** :- નિષ્કારણ આહાર લે તો તીર્થંકરઅદત્ત છે.

(૪) **ગુરુઅદત્ત** :- ગુરુની આજ્ઞા વિના વાપરે તો ગુરુઅદત્ત લાગે છે.

આ ચારમાં પૂર્વ-પૂર્વના કરતાં ઉત્તર-ઉત્તરના ક્રમસર વધુ મહત્ત્વના છે.

**સ્વાધ્યાય** :- એ પાંચે મહાવ્રતોનો ઉત્તરગુણ છે. કારણકે સ્વાધ્યાય વગર તો એક પણ મહાવ્રતની સમજ જ આવતી નથી.

**ઇશ્વરપ્રણિધાન** :- પાંચે મહાવ્રતો પાળવામાં ઇશ્વરપ્રણિધાન તો જોઇએ જ. કારણકે પાંચ મહાવ્રતો એ જિનવચનરૂપ જ છે. જિનવચનનું પ્રણિધાન તે જિનનું જ પ્રણિધાન છે.

ચરણસિત્તરી અને કરણસિત્તરીમાં જે ગુણો કહ્યા છે તે બધો જ ઉત્તરગુણોનો વ્યાપ છે. તે ચારિત્રમાં મહાવ્રતના પાલનમાં અત્યંત ઉપયોગી છે. મિત્રાદષ્ટિવાળાને અહિંસા આદિ પાંચ મહાવ્રતની રુચિ હોય છે. સિદ્ધિયોગ સુધીનું તેનું પાલન પણ હોઇ શકે છે. પણ ઉત્તરગુણો રૂપ નિયમોના મર્મને ગ્રહણ કરનારો એવો ઐદંપર્યયુક્ત બોધ તેમને **હોતો નથી**. તેવો બોધ તારાદષ્ટિવાળાને હોય છે. એટલે કે વ્રત વિષયક ઊંડી **સમજણ અને સૂક્ષ્મ બોધ હોય છે.**

યોગમાર્ગમાં અનુદ્વેગ, તત્ત્વની જિજ્ઞાસા અને નિયમનું પાલન, આ ત્રણ ગુણો તારાદૃષ્ટિના લક્ષણભૂત છે. મિત્રાદૃષ્ટિથી માંડીને જ જીવનો તાત્ત્વિક વિકાસ શરુ થઇ ગયો, કારણકે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમને અનુરૂપ મંદતા થઇ છે. એ મંદતાને અનુસારે રુચિ જાગે છે અને જીવનમાં ગુણોનો પણ વિકાસ થતો જાય છે. મિત્રાદૃષ્ટિ કરતાં તારાદૃષ્ટિમાં દર્શનાચારરૂપ અને ચારિત્રાચારની ભૂમિકારૂપ ગુણોનો વિશેષ વિકાસ છે. તત્ત્વજિજ્ઞાસાના કારણે આ દૃષ્ટિવાળા જીવોને યોગની કથામાં કે યોગીઓની કથામાં અર્થાત્ યોગમાર્ગને દેખાડે એવા ગ્રંથોમાં વિશેષ રસ હોય છે. તેના વાંચન કે શ્રવણમાં જરા પણ કંટાળો ન આવે એટલો તીવ્ર કોટિનો તેમને તેમાં રસ હોય છે. યોગમાર્ગની વિશેષ-પ્રકારની રુચિના કારણે એ યોગને જેમણે જીવનમાં ઓતપ્રોત કરી દીધો છે, એવા યોગીપુરુષો ઉપર તેમને અંતરંગ બહુમાન હોય છે. એ બહુમાન યોગીપુરુષોની ભક્તિમાં ફલિત થાય છે. જ્યાં બહુમાન હોય ત્યાં યથાશક્તિ ઔચિત્યનું પાલન આવે જ છે. એટલે આ દૃષ્ટિવાળા જીવો યોગીપુરુષોની કોઇપણ જાતિના ભૌતિક સ્વાર્થ કે અપેક્ષા વગર, એકમાત્ર ગુણવાનની ભક્તિ કરવા દ્વારા પોતાના ઉપર અનુગ્રહ થઇ રહ્યો છે એવા ભાવપૂર્વક, આહાર-પાણી આદિથી ભક્તિ વૈયાવચ્ચ કરે છે. આવા શુભભાવપૂર્વક કરાતી ભક્તિ એ તેમના પોતાના જીવનમાં જ યોગની વૃદ્ધિનું કારણ બને છે. અર્થાત્ મોક્ષમાર્ગમાં તેમને ઉત્તરોત્તર આગળ વધારનાર બને છે. દા.ત. શાલિભદ્રના જીવે પૂર્વભવમાં મહાત્માને આવા શુભભાવપૂર્વક ખીરનું દાન કર્યું અને મૃત્યુ પર્યન્ત તેની એવા જ શુભભાવપૂર્વક અનુમોદના કરી, તેના ફળરૂપે તેમના જીવનમાં યોગની વૃદ્ધિ કેટલી બધી થઇ? તેમને ધર્મિષ્ઠ કુટુંબમાં જન્મ મળ્યો. પ્રભુ મહાવીરનો સમાગમ થયો. ધર્મની રુચિ જાગી, દીક્ષા લીધી, ઉત્કટ ભાવથી તપ-ત્યાગ-સંયમનું પાલન કરીને પોતાનો સંસાર અતિ અલ્પ બનાવી દીધો. શાલિભદ્રજી પૂર્વભવમાં આ બીજી દૃષ્ટિમાં રહેલા જીવ છે.

બહુમાનપૂર્વક યોગી મહાત્માઓની કરાતી ભક્તિ જીવને મોક્ષમાર્ગમાં સડસડાટ આગળ વધારે છે; એ તેનું આધ્યાત્મિક ફળ બતાવ્યું. એ જ રીતે તેનાં ભૌતિક ફળ પણ સામાન્ય નથી. તેનાથી ક્ષુદ્ર ઉપદ્રવો કરનારાં અનિકાચિતકર્મ તૂટી જાય છે. વૈયાવચ્ચ કરનારનું પુણ્ય એટલું વધી જાય છે કે સામાન્ય રીતે રોગ, આપત્તિ, સંકટ વગેરે તેને પ્રાપ્ત થતાં જ નથી. નિકાચિતકર્મને તોડવાની તેનામાં તાકાત નથી હોતી, એટલે ક્ષુદ્ર ઉપદ્રવો નાશ થાય છે એમ કહ્યું છે. વળી શિષ્ટ સજ્જન પુરુષોમાં તે માન્ય થાય છે. સત્પુરુષોનો સમાગમ થતો જાય છે, તેના પરિણામે ઉત્તરોત્તર તેનો વિકાસ વધતો જાય છે. આવા તેના અનેકાનેક લાભો છે.

આ તારાદૃષ્ટિવાળા જીવોને હવે સંસારનો ભય હોતો નથી. "સંસારથી ક્યારે પાર ઊતરશું? ક્યારે મારા આત્માની સિદ્ધિ થશે?" એવા સામાન્ય વિકલ્પો તેને આવતા હોય પણ ચતુર્ગતિરૂપ સંસારનો તેમને તીવ્ર ભય હોતો નથી. કારણકે તત્ત્વનો નિર્ણય કરીને તેઓ એવો સુનિશ્ચિત ધર્મ કરતા હોય છે. પોતે જે ધર્મ કરે છે તેમાં તેમનો એટલો અડગ વિશ્વાસ હોય છે કે હવે ધર્મ જ પોતાને દુર્ગતિથી અને સંસારથી બચાવશે અને મોક્ષમાં પહોંચાડશે. પાપનો ભય હોવાથી તેઓ ભારે અશુભપ્રવૃત્તિ કરતા નથી હોતા, એટલે વર્તમાનની અશુભપ્રવૃત્તિના કારણે તેમને સંસારમાં રખડવાનો કોઇ ભય નથી. સાથે સાથે ભૂતકાળના કરેલ અશુભને પણ જો તે અનિકાચિત હોય તો પ્રાયશ્ચિત્ત આદિથી ઘણું નબળું પાડી દીધું છે. એટલે તેના તરફથી પણ ભયનો પ્રશ્ન નથી હોતો. અંજનાસુંદરી, સીતા સતી જેવાં પ્રબળ અશાતાના ઉદયમાં અનેક આપત્તિઓ વચ્ચે પણ ધૈર્ય રાખી શક્યાં અને વૈરાગ્ય ટકાવી શક્યાં, તેમાં તેમનો ધર્મ ઉપરનો અટલ વિશ્વાસ જ કારણ છે. ધર્મ જ પોતાનું રક્ષણ કરશે એવી તેમની દૃઢ શ્રદ્ધા છે. નિકાચિતકર્મના ઉદયમાં પ્રશ્ન ખરો. તેમાં ય ચારિત્રમોહનીય કરતાં દર્શનમોહનીય જો નિકાચિત ઉદયમાં આવી જાય તો જીવને અવશ્ય પટકે છે અને સંસારમાં રખડાવે છે.

તારાદૃષ્ટિવાળા જીવોમાં ઔચિત્યપાલન એટલી કક્ષાનું આવ્યું છે કે કેઓ અશુભપ્રવૃત્તિ શક્ય હોય ત્યાં સુધી કરતા નથી અને શુભકાર્ય કર્યા વગર રહેતા નથી. બધાં ધર્મકાર્યોમાં તેમને આદર હોવાના કારણે ઉચિત કાર્યને કદી ય તે ચૂકતા નથી. અજ્ઞાનતાના કારણે નાનાં નાનાં અનુચિત કાર્ય કદાચ તેમનાથી થઇ જતાં હોય, પણ અત્યંત અનુચિત કાર્ય જેને કહેવામાં આવે તેવાં કાર્યો તો અજ્ઞાનતાથી પણ તેમના હાથે થતાં જ નથી. કર્મની મંદતાના કારણે તેમનો આવો જ સ્વભાવ હોય છે. જેમ નીરોગીતા તરફ જેમનું વલણ હોય તેમને કદાચ પથ્યાપથ્યનું કાંઇ જ જ્ઞાન ન હોય તો પણ સ્વભાવથી પથ્ય ખાવું જ ગમે છે અને અપથ્ય ખાવું ગમતું નથી, તેમ આ જીવોને તેનાથી થતા લાભાલાભનું ખાસ જ્ઞાન ન હોય તો પણ સ્વભાવથી જ તેમને ક્ષુદ્રતા, તુચ્છતા વગેરે દોષ ગમતા નથી હોતા અને ઉદારતા, ગંભીરતા વગેરે ગુણો જ તેમને પ્રિય હોય છે. તેથી સમજતા ન હોય પણ સર્વ ઠેકાણે ઉચિત જ પ્રવૃત્તિ હોય છે.

તારાદૃષ્ટિવાળા જીવો જ્યારે ગુણોની બાબતમાં પોતાના કરતાં ઊંચી ભૂમિકામાં રહેલા જીવોને જુએ છે ત્યારે તે ભૂમિકાના ગુણોને મેળવવાની તેમને લાલસાયુક્ત જિજ્ઞાસા હોય છે; અર્થાત્ ગુણોને સમજવા માત્ર નહિ પણ તેને મેળવવા માટે જાણવાની તેમને ઇચ્છા હોય છે. પોતાનાથી ઊંચી ભૂમિકાના ગુણોને જાણીને તે મેળવવા ઇચ્છતો હોય છે. વળી વંદનાદિ ધર્મક્રિયા કરતી વખતે પોતાનાથી તે ક્રિયા બરાબર ન થતી હોય અને

બીજા ગુણવાન પુરુષો તે ક્રિયા સુંદર રીતે કરતા હોય તે જોઇને તેમને તેમની ઉપર ઇર્ષ્યા કે દ્વેષ ન થાય, પરંતુ પોતાની મન-વચન-કાયાની વિકલતા જોઇને ત્રાસ થાય કે "હું કેવો વિરાધક છું ! ક્યારે હું આમના જેવી સુંદર વિધિપૂર્વકની ધર્મક્રિયા કરીશ?"

તારાદૃષ્ટિવાળા જીવોની વિચારધારા ઘણી સુંદર હોય છે. સુખમય સંસાર કે દુઃખમય સંસાર બધો જ સંસાર તેમને દુઃખરૂપ જ લાગતો હોય છે. આ સંસારનો ઉચ્છેદ કેવી રીતે થાય? શું કરવાથી સંસારનો ઉચ્છેદ થાય? વળી સત્પુરુષોની પ્રવૃત્તિ ગહન હોય છે, તે કેવી રીતે સમજી શકાય? અવિધિને ટાળવાપૂર્વક સંપૂર્ણ વિધિ સાચવીને ધર્મક્રિયાઓ કેવી રીતે કરી શકાય? આવા-આવા શુભ વિકલ્પો તેમને વારંવાર થતા હોય છે. વળી તટસ્થતા, લઘુતા, તત્ત્વજિજ્ઞાસા, સરળતા આદિ ગુણોના કારણે તેમની પ્રજ્ઞા શાસ્ત્રને અનુસરનારી જ હોય છે. શાસ્ત્રમાં કહેલી વાતો પોતાને ન સમજાય તો શાસ્ત્ર પ્રત્યે તેમને અશ્રદ્ધા નથી થતી, પણ એમ વિચારે કે શાસ્ત્રો ગહન છે, અમારી બુદ્ધિ અલ્પ છે.

નાનકડા ઘડા વડે સાગરને કાંઇ માપી શકાય નહિ. શાસ્ત્રમાં અતીંદ્રિય પદાર્થો ભલે શ્રદ્ધાગમ્ય હોય પણ મોક્ષમાર્ગ તો આખો તર્ક અને બુદ્ધિગમ્ય જ છે. મોક્ષમાર્ગ જો આપણને સંપૂર્ણ અને સત્ય પ્રાપ્ત થયો છે, પછી નંદીશ્વરદ્વીપ આદિ શું છે અને શું નથી, એ બાબતમાં આપણને કંઇ ન સમજાય તો તેથી કરીને આપણા આત્મહિતમાં શું વાંધો આવવાનો છે? સર્વજ્ઞના વચનમાં શા માટે શંકા કરવી? વળી આ જીવો હંમેશાં શિષ્ટજનોને જ પ્રમાણભૂત માનીને "મહાજનો યેન ગતઃ સ પન્થાઃ" એમ વિચારીને, તેમણે આચરેલું જ પોતે યથાશક્તિ જીવનમાં અપનાવવા ઇચ્છતા હોય છે.

આમ તારાદૃષ્ટિવાળા જીવોની વિચારધારા ઘણી ઊંચી હોય છે. "નમુત્થુણં" સૂત્રમાં 'ચક્ખુદયાણં'થી આ દૃષ્ટિ સમજવાની છે. ચક્ષુ એટલે શ્રદ્ધારૂપ ભાવચક્ષુ. મિત્રાદૃષ્ટિમાં ધૃતિ (ધૈર્ય-નિર્ભયતા) આવે છે; જ્યારે આ તારાદૃષ્ટિમાં વિશેષ પ્રકારની ઊંચી શ્રદ્ધા પ્રાપ્ત થાય છે. જીવ ધર્મમાં - યોગમાર્ગમાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ આધ્યાત્મિક સુખની અંશે અંશે ઝાંખી થવાના કારણે ધર્મમાં તેની શ્રદ્ધા દૃઢ બનતી જાય છે. સંસારમાં હેયબુદ્ધિ અને ધર્મમાં ઉપાદેયબુદ્ધિ વધતી જાય છે. તત્ત્વજિજ્ઞાસામાંથી આ શ્રદ્ધા પ્રગટી છે. તત્ત્વને પીરસનારા ભગવાન છે માટે ભગવાનને ચક્ષુને આપનારા કહ્યા છે.

તારાદૃષ્ટિવાળા જીવોનો ખેદ અને ઉદ્વેગદોષ ગયો છે; પરંતુ હજી ક્ષેપાદિ દોષો રહ્યા છે. તેમને યોગમાર્ગમાં રુચિ હોય છે, કંટાળો પણ હોતો નથી, પણ 'સંસારના ઉત્તમ ભોગોનું આકર્ષણ હજી પડ્યું છે' તેથી ત્રીજી બલાદૃષ્ટિને તે પ્રાપ્ત કરી શકતા નથી.

સુકુમાલિકા (દ્રૌપદીનો પૂર્વભવ), નિર્નામિકા (ઋષભદેવ ભગવાનના લલિતાંગદેવના ભવમાં તેમની દેવી સ્વયંપ્રભાનો જીવ), વૈયાવચ્ચી નંદિષેણમુનિ (વસુદેવનો પૂર્વભવ) વગેરે આ બીજી દૃષ્ટિનાં દૃષ્ટાંત છે.

ક્ષેપદોષ જાય એટલે જીવ ત્રીજી દૃષ્ટિમાં આવે છે.

## બલાદૃષ્ટિ

પહેલી બે દૃષ્ટિમાં વિવેક ઘણો અલ્પ હતો, તેના કરતાં આ દૃષ્ટિમાં વિવેકની દઢતા અને બળ વધુ છે. 'ધર્મ જ એક માત્ર ઉપાદેય છે.' એવું દઢ પ્રણિધાન આ દૃષ્ટિમાં હોય છે. તે દઢ પ્રણિધાન તેના ધર્મમાં બળ પૂરે છે. માટે આ દૃષ્ટિનું 'બલા' નામ સાર્થક છે.

**બોધ** :- બલાદૃષ્ટિનો બોધ કાષ્ઠના અંગારા જેવો છે. તે પહેલી બે દૃષ્ટિ કરતાં વધુ લાંબો સમય ટકે છે અને તેનું બળ - વીર્ય પણ વધારે છે. એટલે અવસરે તેનો બોધ કામમાં આવે છે. ભૌતિક ભોગોમાં તેને એવી દઢ હેયબુદ્ધિ જાગે છે કે અવસરે દેવતાઇ ભોગો પણ તેની સમક્ષ ઉપસ્થિત કરવામાં આવે તો તેના પ્રત્યે તેને અંશમાત્ર પણ ઉપાદેયબુદ્ધિ થતી નથી. તેમાં તેની હેયબુદ્ધિ ટકી રહે છે. આથી જ ક્ષેપદોષનું નિવારણ થાય છે.

'મોક્ષમાર્ગ જ ઉપાદેય છે, સંસાર આખો હેય છે.' આવું સબળ પ્રણિધાન અહીં હોવાના કારણે શુભનો અનુબંધ સબળ પડે છે અને અશુભનો અનુબંધ નબળો પડે છે. ભૂતકાળના બંધાયેલા અશુભના અનુબંધને તે નબળા પાડી નાંખે છે. નવો અશુભનો તીવ્ર અનુબંધ તે કરતો નથી. સાનુબંધ ધર્મ અને સકામનિર્જરા; યોગની પહેલી દૃષ્ટિથી શરુ થઇ ગયા છે, પણ પહેલી બે દૃષ્ટિમાં તેને ધર્મમાં પણ રુચિ છે અને ભોગમાં પણ રુચિ છે. આમ પ્રણિધાન નબળું હોવાથી સાનુબંધધર્મ અને નિર્જરા અતિ અલ્પ હોય છે. બલાદૃષ્ટિમાં તે સબળ હોય છે. સાનુબંધધર્મ એટલે શૃંખલાની સાંકળોની જેમ પરસ્પર સંકળાયેલો ધર્મ. એક ધર્મ પાછો બીજા ધર્મને ખેંચી લાવે તે.

**લક્ષણ** :- બલાદૃષ્ટિમાં ક્ષેપદોષ નષ્ટ થાય છે. તત્ત્વશુશ્રૂષા નામનો ગુણ પ્રગટે છે અને સુખાસન નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે.

૧) **ક્ષેપ** :- દરેક દૃષ્ટિમાં પૂર્વ-પૂર્વના દોષોનું નિવારણ તો ચાલુ જ છે. તે ઉપરાંત એક બીજો દોષ દૂર થાય છે. તદનુસાર ખેદ અને ઉદ્વેગદોષનું નિવારણ અહીં છે જ, વધારામાં ક્ષેપદોષનું નિવારણ થાય છે.

ક્ષેપ એટલે સાંસારિક ભોગોમાં ઉપાદેયબુદ્ધિપૂર્વકનું આકર્ષણ. એ આકર્ષણ યોગમાર્ગની અંદર વિક્ષેપ ઊભો કરે છે. તેના આધ્યાત્મિક વિકાસમાં અંતરાય નાંખે છે. સાંસારિક ભોગોનું આકર્ષણ થાય છે, તેનું કારણ તેનામાં રહેલો અવિવેક જ છે. અવિવેકના કારણે જ તેનો વૈરાગ્ય કાચો છે. બાકી વિવેકી જીવને સંસાર આખો પાપમય લાગે અને તેનાં સુખ પણ દુઃખરૂપ જ લાગે, તેના વૈરાગ્યમાં કચાશ ન હોય.

સુકુમારિકા, વૈયાવચ્ચી નંદિષેણમુનિ વગેરે અવિવેકના કારણે જ ક્ષેપદોષમાં ફસાઈને નિયાણું કરવાથી થાપ ખાઇ ગયા. સુકુમારિકાને દાહદોષના કારણે કોઇ પુરુષ ઇચ્છતો નહોતો અને નંદિષેણને કદરૂપતાના કારણે કોઇ સ્ત્રી ઇચ્છતી નહોતી. બંને જણાએ વૈરાગ્ય પામીને સંયમ લીધું, છેવટે અનશન કર્યું. ત્યાં પાંચ પુરુષોથી સેવાતી વેશ્યાને જોઇને સુકુમારિકાને આકર્ષણ જાગ્યું અને પોતાને પણ આવું સુખ પ્રાપ્ત થાય એવું નિયાણું કર્યું. નંદિષેણમુનિએ 'હું સ્ત્રીવલ્લભ થાઉં' એવું નિયાણું કર્યું. આ બંને જણને ભોગનું આકર્ષણ થયું એ ક્ષેપદોષ છે. પણ તેમાં ખેદ અને ઉદ્વેગદોષ નથી માટે તે બીજી દૃષ્ટિમાં ટક્યા છે, પણ નીચે નથી પડ્યા. તેમને જો સંયમમાં અરુચિ જાગી હોત, સંયમ અસાર લાગ્યું હોત, તેમાં ઉપાદેયબુદ્ધિ નષ્ટ થઇ ગઇ હોત, તો ખેદદોષ ગણાત અને પહેલી યોગદૃષ્ટિની બહાર નીકળી જાત. તેના બદલે સંયમમાં ઉપાદેયબુદ્ધિ ટકવા છતાં તેમાં કંટાળો આવ્યો હોત તો ઉદ્વેગદોષ ગણાત તો બીજી યોગદૃષ્ટિની બહાર નીકળી જાત. આ બંને જણને ભોગમાં આકર્ષણ થયું છે એટલું જ માત્ર છે પણ સંયમમાં કંટાળો નથી આવ્યો. પછી પણ તેમણે સંયમ ભાવપૂર્વક પાળ્યું છે. એટલે માત્ર ક્ષેપદોષ જ છે. સંયમ હજુ પણ ગમે છે, ભોગને તે ખરાબ માને છે પણ વિરાગ મંદ હોવાના કારણે ભોગમાં આકર્ષાઇ સાધનાને જતી કરે છે. તેને કારણે ત્રીજી દૃષ્ટિમાં ન આવી શક્યા.

સંભૂતિમુનિ (બ્રહ્મદત્ત ચક્રવર્તીનો જીવ) અને વિશ્વભૂતિમુનિ (ભગવાન મહાવીરનો જીવ) બંનેએ નિયાણું કર્યું ત્યારે તેમને ખેદદોષ આવી ગયો છે. તેથી પહેલી દૃષ્ટિથી પણ નીચે ઊતરી ગયા છે.

અવંતિસુકુમાલે પણ નલિનીગુલ્મની ઇચ્છાથી અનશન કર્યું છે. તેના નિયાણાને ત્રીજો પ્રકાર ગણી શકાય. કારણકે તે સમકિતી જીવ છે. ભોગની ઇચ્છા કરતી વખતે પણ તેને તે સંપૂર્ણ હેય જ માને છે. તે વખતે પણ તેમને જો મોક્ષ મળતો હોય તો મોક્ષની જ સંપૂર્ણ ઇચ્છા છે, પણ તાત્કાલિક મોક્ષ મળી શકે તેમ નથી અને સંસારમાં પોતે ભોગ

વગરનું કષ્ટમય જીવન જીવી શકે તેમ નથી એટલી પોતાની નબળાઇ છે; માટે નલિનીગુલ્મની ઇચ્છા કરી છે. એટલે તેમનામાં ખેદ, ઉદ્વેગ, ક્ષેપ એકેય નથી. તે પાંચમી દૃષ્ટિમાં ટકી શક્યા છે.

બલાદૃષ્ટિમાં જીવને યોગનાં તમામ અનુષ્ઠાનોમાં ક્ષેપનો અભાવ હોય છે. તેમને પોતાની પ્રાથમિક જરુરિયાતોને છોડીને વધારે નિરર્થક ભોગોની અભિલાષા હોતી નથી. પ્રાથમિક જરુરિયાત જેટલું મળી જાય એટલે સંતોષ આવી જાય છે. અપવાદ માર્ગે કોઇને નિકાચિત ચારિત્રમોહનીયનો ઉદય હોય તો પ્રાથમિક જરુરિયાતમાં જ સંતોષ ન થતાં વિશેષ ભોગોની અપેક્ષા રહે એવું પણ બને.

ક્ષેપદોષ એ ખેદ અને ઉદ્વેગદોષના જેટલો ભયંકર અને જોખમી નથી. તેમના જેટલો એ સંસારમાં રખડાવનાર નથી. તામલીતાપસ ચોથી દૃષ્ટિમાં રહેલા છે. પાછળની દૃષ્ટિઓમાં પૂર્વની બધી જ દૃષ્ટિઓના દોષોના ત્યાગ હોય જ છે. આ રીતે તેમણે આ ક્ષેપદોષનો વિજય કર્યો છે. તેમણે જ્યારે અંતે અનશન કર્યું છે ત્યારે તે સમયના ચમરેન્દ્ર ચ્યવી ગયા છે અને બીજો કોઇ જીવ તે સ્થાને ઉત્પન્ન થયો નથી, ત્યારે તેમના સેવકો, પોતાનો સ્વામી કોણ થશે તેની તપાસમાં નીકળ્યા છે, ત્યારે તામલીતાપસ તેમને યોગ્ય લાગ્યો. તેમણે તેની આખી ચમરચંચા રાજધાનીની અલૌકિક દિવ્ય ઋદ્ધિ અને અપ્સરાઓ બતાવી અને ચમરેન્દ્ર થવાનો અભિલાષ કરવા માટે ઘણો આગ્રહ કર્યો; પણ તામલીતાપસને એ દૈવી ભોગો જોઇને જરાપણ આકર્ષણ થયું નહિ. મહાવૈરાગી અને વિવેકી હોઇને તે ભોગો પણ તેને હેય જ લાગ્યા. તેથી નિયાણું ન કર્યું. પરિણામે તેનાથી પણ ઊંચા બીજા દેવલોકના તે ઇંદ્ર થયા.

૨) **તત્ત્વશુશ્રૂષા** :- તારાદૃષ્ટિમાં જે તત્ત્વજિજ્ઞાસા ગુણ હતો તેમાંથી ફલિત થયેલો આ ગુણ છે. કોઇ ચતુર પુરુષ પોતાની પ્રિય પત્નીની સાથે કિન્નરોનું દિવ્ય સંગીત સાંભળતો હોય, તેને તેમાં જે સુખ અને આનંદનો અનુભવ થાય છે, તેટલો જ આનંદ બલાદૃષ્ટિવાળા જીવોને તત્ત્વ સાંભળવામાં આવે છે. જો કે સમ્યગ્દૃષ્ટિને રુચિ વિશેષ હોવાથી આના કરતાંય અધિક સુખાનંદનો અનુભવ થાય છે.

બલાદૃષ્ટિવાળા જીવોનું તત્ત્વશ્રવણ નકામું જતું નથી. સાંભળીને તે અવશ્ય તત્ત્વને ગ્રહણ કરે છે, કારણકે તેની શુશ્રૂષા જિજ્ઞાસામાંથી જન્મેલી છે. આ જીવોને કદાચ સાંભળવાની સામગ્રી ન મળે તો પણ પ્રબળ શુશ્રૂષાના શુભભાવથી અંતરાયકર્મ તૂટે છે અને વગર સાંભળ્યે પણ તેમને તત્ત્વનો બોધ થાય છે.

૩) **સુખાસનં** :- આ યોગનું ત્રીજું અંગ છે. માણસ ત્રણ કલાક એક આસને સ્થિરતાપૂર્વક બેસી શકે તો તે દ્રવ્યથી સુખાસન કહેવાય છે. કોઇ ધર્માનુષ્ઠાન એકદમ શાંત ચિત્તે, આકુલતા વગર સ્થિરતાપૂર્વક કરવામાં આવે તો તે ભાવથી સુખાસન કહેવાય છે. અહીં ભાવસુખાસનની વાત છે.

બલાદૃષ્ટિમાં જ પ્રવચનના સારરૂપ રહસ્યમય પરિણામનો સ્પર્શ થાય છે અને અનુષ્ઠાનોમાં તેમને મનનો એક સ્થિર પરિણામ જાગે છે. તેથી ધર્માનુષ્ઠાનોમાં તેમની મન-વચન-કાયાની બધી જ પ્રવૃત્તિ પ્રાયઃ દોષ રહિત હોય છે, જેમકે ચૈત્યવંદનાદિ ક્રિયા કરતાં તેમની દૃષ્ટિ ક્યાંય ડાફોળિયાં મારતી નથી. બધી જ ક્રિયા તે એકાગ્ર ચિત્તથી કરે છે. કારણકે ધર્મમાં તેની ઉપાદેયબુદ્ધિ દૃઢ છે.

ભોગમાં તેમને અસત્ તૃષ્ણા નથી. અર્થાત્ પ્રાથમિક જરુરિયાતોની પૂર્તિમાં તેમને સંતોષ થઇ જાય છે. વધારે મેળવવા માટે તે મહેનત નથી કરતા પણ અનાયાસે મળતા હોય તો પણ તે લેવાની તેમને ઇચ્છા નથી હોતી. આના કારણે તેમને ધર્મમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે. તેમનું ગમન આદિ સર્વ કૃત્ય અત્વરાપૂર્વકનું હોય છે. યોગમાર્ગમાં કર્તવ્યબુદ્ધિ હોવાથી તેમને આવો ક્ષયોપશમ જાગે છે કે ધર્માનુષ્ઠાનની સઘળી વિધિ-અવિધિને તે જાણતા હોય છે. તેના બધા જ ઉપાયોમાં તેમની નિપુણતા હોય છે.

બલાદૃષ્ટિવાળા જીવને ક્ષેપદોષના નિરાકરણથી ધર્મના ઉપકરણોની બાબતમાં પણ અપ્રશસ્ત રાગ-દ્વેષ થતા નથી. આરાધનાથી નિરપેક્ષ એવા કોઇ રાગ-દ્વેષ તેમને ધર્મસામગ્રીથી થતા નથી. આરાધનાની અપેક્ષાએ તે ઉપકરણોનો આશ્રય લે છે. તે સિવાય જો ઉપકરણો પર રાગ થઇ જાય તો તે ઉપકરણોની ઉત્પત્તિ થઇ તેના પ્રારંભથી માંડીને બધી જ હિંસાનું તેને પાપ લાગે છે, કારણકે અપ્રશસ્ત રાગ-દ્વેષ એ જ હિંસા છે. માટે ઉપકરણો ઉપર તેમને પ્રતિબંધ થતો હોતો નથી. દેરાસરની કોતરણી જોઇને કે ભગવાનની આંગીની માત્ર બાહ્ય રચના જોઇને આનંદ થાય એ અપ્રશસ્ત છે. આંગી જોઇને તે રચનારના ભાવની અનુમોદના થાય કે, દેરાસર જોઇને ધર્મારાધનાનું તે પ્રબળ સાધન છે એ રીતે અનુમોદના થાય તો તે પ્રશસ્ત છે.

અહીં ગ્રંથકાર મહર્ષિએ ઉપકરણોનો વિઘાત ન હોય એમ લખ્યું છે. તેમાં બાહ્ય ઉપકરણો નથી લેવાના પણ અભ્યંતર ઉપકરણો લેવાના છે. અભ્યંતર ઉપકરણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ છે. ગમે એવા અનુકૂળ કે પ્રતિકૂળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવમાં બલાદૃષ્ટિવાળા જીવોને પ્રતિબંધ હોતો નથી, અર્થાત્ તેની સારી કે ખોટી અસર નથી હોતી. ધર્મારાધનાલક્ષી જ તેમનું વલણ હોય છે.

નમુત્થુણં સૂત્રમાં 'મગ્ગદયાણં' પદથી આ દૃષ્ટિ સમજવાની છે. ભગવાન

ભાવમાર્ગને આપનારા છે. ભાવમાર્ગ એ મનના પરિણામરૂપ છે. આ દૃષ્ટિમાં જીવનો મનનો પરિણામ વક્રગામી મટીને ઋજુગામી બન્યો છે. માટે હવે તેનું મોક્ષમાર્ગમાં જ ગમન થશે. ગમે તેવા ભોગોમાં પણ તેની હવે ઉપાદેયબુદ્ધિ નથી. લક્ષ્ય સ્થિર થઇ ગયું છે. તેથી જેટલું ચાલશે એટલો તે આગળ જ વધવાનો છે. વિષય-કષાયરૂપી ચિત્તની વક્રતા હવે તેની ખૂબ જ મંદ પડી ગઇ છે. તેથી તેનું વક્રગમન હવે નહિ થાય.

પહેલી દૃષ્ટિમાં જીવ માર્ગાભિમુખ કહેવાય છે, કારણકે અનાદિ ભવચક્રમાં ભટકતો જીવ સૌ પ્રથમ આ પહેલી વખત જ તત્ત્વવિચારણાવાળો થયો છે. સંસાર તરફથી દૃષ્ટિ ફેરવીને હવે મોક્ષ તરફ દૃષ્ટિ કેળવી છે. માટે તે માર્ગને અભિમુખ એટલે કે સન્મુખ થયો છે.

બીજી દૃષ્ટિમાં જીવ માર્ગાનુસારી કહેવાય છે. આ દૃષ્ટિમાં જીવ હજુ મોક્ષ માટેના રાજમાર્ગ ઉપર આવ્યો નથી, પણ કેડી જેવા વાંકા-ચૂકા માર્ગે રહ્યો છે. કેડીનાં વાંકા-ચૂકા માર્ગે થઇને જેમ સીધા રાજમાર્ગ ઉપર જવાય છે, તેમ જીવ અહીં હજી તત્ત્વમાર્ગમાં સુસ્થિત નથી. તેથી કેડી જેવા વાંકા-ચૂકા માર્ગ છે, પણ એ કેડી આગળ જતાં માર્ગને ભેગી થાય છે. માટે માર્ગાનુસારી કહેવાય.

ત્રીજી દૃષ્ટિમાં જીવ માર્ગપતિત કહેવાય છે. હવે તે તત્ત્વમાં સુસ્થિત બન્યો છે. વાંકા-ચૂકા માર્ગે ગમન ન કરતાં સીધા માર્ગે ચડી ગયો છે. હવે તેને સંસારમાં રખડાવે એવા પાપના અનુબંધ થતા નથી. માટે માર્ગપતિત એટલે કે માર્ગ ઉપર ચડેલો એમ કહેવાય છે.

બલાદૃષ્ટિમાં ખેદ, ઉદ્વેગ અને ક્ષેપદોષ હોતા નથી, પણ હજુ ઉત્થાનાદિ દોષો હોય છે. તેમાંથી ઉત્થાનદોષનો વિજય કરે એટલે જીવ ચોથી દીપ્રાદૃષ્ટિને પ્રાપ્ત કરે છે.

## દીપ્રાદૃષ્ટિ

દીપ્ર એટલે તેજસ્વી. આ દૃષ્ટિનો બોધ દીપક જેવો તેજસ્વી છે, માટે તેને દીપ્રા એવું સાર્થક નામ આપ્યું છે.

**બોધ** :- આ દૃષ્ટિનો બોધ પ્રથમની ત્રણ દૃષ્ટિના બોધ કરતાં ઘણો અધિક છે. તે દીવાના પ્રકાશ જેવો તેજસ્વી હોય છે. દીવાના પ્રકાશમાં મોટી વસ્તુઓ તો બધી દેખાય છે, માત્ર ઝીણી-ઝીણી વસ્તુ નથી દેખાતી. તેમ આ દૃષ્ટિમાં વિવેકની માત્રા ઘણી વધેલી હોવાથી હેય-ઉપાદેયનો સ્થૂલથી તો તેને લગભગ બધો બોધ હોય છે. તેથી જ સમ્યક્ત્વની

પ્રાપ્તિની ખૂબ નજીક આવી ગયેલ છે. સૂક્ષ્મ બોધની માત્ર ખામી છે. તે સૂક્ષ્મ બોધ આવી જાય એટલે તુર્ત જ તે સમકિત પામશે. એ જીવો બીજા ભવમાં જાય તો ય સંસ્કાર સાથે લઈને જાય છે. તેથી સામગ્રી મળતાં જ, ત્યાં સમકિત પામી જાય છે.

દીપ્રાદૃષ્ટિવાળાનો બોધ લાંબો સમય ટકે છે. મૃત્યુ પછી બીજા ભવમાં પણ તેના સંસ્કાર સાથે જાય છે. તેનું બળ - વીર્ય પણ પ્રથમની ત્રણ દૃષ્ટિના બોધ કરતાં ઘણું વધારે હોય છે. પ્રયોગ સમયે તે પટુસ્મૃતિવાળો હોય છે, એટલે વંદનાદિ ધર્માનુષ્ઠાન કરતી વખતે આ બોધ ટકી રહે છે. તેથી તે તે ધર્માનુષ્ઠાન વખતે જેવા પરિણામ કરવાના હોય તેવા પરિણામ તે કરી શકે છે. છતાં પણ સૂક્ષ્મ ગુણ-દોષને તે જાણી શકતો નથી, એટલી તેના વિવેકમાં ખામી છે. તેથી તેનું અનુષ્ઠાન ભાવપૂર્વકનું હોવા છતાં દ્રવ્યઅનુષ્ઠાન જ કહેવાય છે. સંપૂર્ણ વિવેક આવ્યા પછી જ કોઈ પણ અનુષ્ઠાન, ભાવઅનુષ્ઠાન બને છે. વળી વિવેક હોય પણ જો તે તે અનુષ્ઠાનમાં જે પરિણામ રાખવાનો હોય તે પરિણામ ન રાખી શકો તો પણ ભાવઅનુષ્ઠાન બનતું નથી. આમ ભાવઅનુષ્ઠાનમાં સંપૂર્ણ વિવેક અને પરિણામ બંનેની આવશ્યકતા રહે છે. અવિરત સમ્યગ્દૃષ્ટિને વિરતિનાં અનુષ્ઠાનો દ્રવ્યથી હોય છે, કારણકે વિવેક છે પણ તે તે પરિણામ (વોસિરાવવાના) તેને પ્રગટતા નથી.

અપુનર્બંધકાદિ પ્રથમ ગુણસ્થાનકવાળાનું અનુષ્ઠાન દ્રવ્યાનુષ્ઠાન છે, પણ તે ભાવઅનુષ્ઠાનનું કારણ બને છે, માટે પ્રધાનદ્રવ્યઅનુષ્ઠાન કહેવાય છે. અને ગુણસ્થાનકની બહારના જીવોનું અનુષ્ઠાન તે ભાવઅનુષ્ઠાનનું કારણ નથી બનતું, માટે અપ્રધાનદ્રવ્યઅનુષ્ઠાન કહેવાય છે. એ જ રીતે આજ્ઞાયોગની બાબતમાં ગુણસ્થાનકની બહારના જીવોમાં જે કાંઈ આજ્ઞાયોગ હોય તે અપ્રધાનદ્રવ્યઆજ્ઞા કહેવાય છે. પ્રથમ ગુણસ્થાનકવાળાને પ્રધાનદ્રવ્યઆજ્ઞાયોગ અને ચોથા ગુણસ્થાનકથી માંડીને ભાવઆજ્ઞાયોગ કહેવાય છે.

દીપ્રાદૃષ્ટિ સુધી પ્રથમ ગુણસ્થાનકનો વિકાસ છે. પ્રથમ ગુણસ્થાનકમાં જેટલો બોધ સંભવી શકે છે તેમાં સર્વોત્કૃષ્ટ માત્રાનો બોધ આ દૃષ્ટિમાં હોય છે. ત્રીજી દૃષ્ટિથી જ ભોગમાં ઉપાદેયબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે, વિષય-કષાયને હેય માને છે, પણ અજ્ઞાનતાને કારણે સૂક્ષ્મ વિષય-કષાયોને તે ઓળખી શકતો નથી, તેથી તેમાં ઉપાદેયબુદ્ધિ આવી જાય છે.

**લક્ષણ** :- દીપ્રાદૃષ્ટિમાં તેવા પ્રકારની પ્રશાંતવાહિતા હોવાના કારણે યોગમાંથી ઉત્થાન દોષનું નિવારણ થાય છે. તત્ત્વશુશ્રૂષામાંથી જન્મેલ તત્ત્વશ્રવણ નામનો ગુણ

પ્રાપ્ત થાય છે. ભાવરેચકથી યુક્ત પ્રાણાયામ નામનું ચોથું યોગાંગ હોય છે. તત્ત્વનું શ્રવણ કરવા છતાં તેમને સૂક્ષ્મબોધનો અભાવ હોય છે.

૧) **ઉત્થાનદોષ** :- ત્રીજી દૃષ્ટિમાં માર્ગની પ્રાપ્તિ થઇ ગઇ છે; પણ તેમાં સ્ખલના થવા રૂપ હજી ઉત્થાનદોષ રહેલો છે. જેમ આંખ બરાબર કામ ન કરતી હોય તો સીધા માર્ગમાં પણ કાંકરા, કાંટા વગેરે બરાબર ન દેખાવાથી સ્ખલના ઊભી થાય છે, તેમ ઉત્થાનદોષથી યોગમાર્ગમાં ત્રીજી દૃષ્ટિવાળાને સ્ખલના ઊભી થાય છે.

અનાભોગથી અપ્રશસ્ત કષાયોમાં રુચિપૂર્વકની પ્રવૃત્તિ કરવી, તેમાં ઉપાદેય બુદ્ધિ રાખવી, તેને ઉત્થાનદોષ કહેવામાં આવે છે. ત્રીજી દૃષ્ટિમાં ભોગમાંથી ઉપાદેયબુદ્ધિ નાશ થઇ ગઇ છે એટલે ક્ષેપદોષ ચાલ્યો ગયો છે; પરંતુ સૂક્ષ્મ કષાયોની ઓળખ ન હોવાથી તેમાં ઉપાદેયબુદ્ધિ રહેતી હોય છે. અપ્રશસ્ત કષાયમાં અનાભોગથી જ જો ઉપાદેયબુદ્ધિ આવી જાય તો ઉત્થાનદોષ આવ્યો એમ સમજવું. આભોગપૂર્વક ઉપાદેયબુદ્ધિ થાય તો ઉત્થાન કરતાં નીચલી કક્ષાના દોષ છે એમ સમજવું.

મલ્લિનાથ ભગવાનના જીવે પૂર્વભવમાં, તેમજ બ્રાહ્મી-સુંદરીએ પૂર્વના પીઠ અને મહાપીઠના ભવમાં આ ઉત્થાનદોષનાં કારણે જ સ્ત્રીવેદ બાંધ્યું છે. ચિલાતીપુત્રે આ ઉત્થાનદોષથી જ નીચગોત્ર બાંધ્યું છે. તેઓ પોતાના સૂક્ષ્મ પણ માયા, અહંકાર વગેરે અપ્રશસ્ત ભાવોને ઓળખી શક્યા નહિ. તેમાં રુચિ થઇ ગઇ જેના વિપાકરૂપે નીચગોત્રકર્મ અને દાસીના કુલમાં જન્મ આદિ હીનપણાને પામ્યા છે.

અનાદિ કાળથી જીવને દરેક પદાર્થોમાં, દરેક પ્રસંગોમાં રતિ-અરતિ કરવાનો સ્વભાવ છે. રતિ-અરતિ એટલી ખતરનાક નથી જેટલી ખતરનાક તેમાં ઉપાદેયબુદ્ધિ કરવી તે છે. દીપ્રાદૃષ્ટિમાં આ ઉત્થાનદોષનું નિવારણ થયેલું છે. તેથી આ દૃષ્ટિવાળા જીવોને નાનામાં નાના કષાયો પ્રત્યે પણ અરુચિ જ હોય છે. જેમ જીવને રોગ કે કપડા આદિ ઉપરનો મેલ ગમતો નથી, તેને દૂર કરવાની સતત મથામણ કરે છે, તેમ આ દૃષ્ટિવાળા જીવોને દોષ પ્રત્યે અત્યંત અરુચિ હોય છે. તેથી તેને કાઢવાની સતત મથામણ કરતા હોય છે. તેથી જ તેમના અપ્રશસ્ત કષાયો પ્રાયઃ નષ્ટ થયેલા જ હોય છે. જેમાં પૂર નથી આવ્યું એવી નદીનું પાણી શાંત ધીમી ગતિએ વહેતું હોય છે, તેમ આ દૃષ્ટિવાળા જીવનું માનસ અત્યંત શાંત-પ્રશાંત હોય છે. પ્રાયઃ તેમને ગમે તેવા સંયોગોની અપ્રશસ્ત રાગદ્વેષજનક કોઇ જ અસર થતી નથી. તેવા સંયોગોમાં પણ તેમનું ચિત્ત ઉપશાંત જ રહે છે. આ કારણે જ માનસિક સુખ ઘણું અનુભવતા હોય છે.

૨) **પ્રાણાયામ** :- પ્રાણાયામ એ અષ્ટાંગ યોગમાંનું ચોથું યોગાંગ છે. દ્રવ્યપ્રાણાયામમાં અશુદ્ધ હવાને બહાર કાઢવાની હોય છે તેને રેચક કહેવાય છે અને શુદ્ધ હવા અંદર લેવાની હોય છે તેને પૂરક કહેવાય છે. દીપ્રાદૃષ્ટિમાં ભાવપ્રાણાયામ હોય છે. તેમાં ચિત્તમાં રહેલા અશુભભાવોનું રેચન કરીને જીવ શુભભાવોનું પૂરણ કરે છે. અશુભભાવો ચિત્તને સ્પર્શી ન જાય તેના માટે જીવ સતત જાગ્રત હોય છે. આટલી જાગૃતિ હોવા છતાં નિકાચિતકર્મના ઉદયથી કદાચ અશુભભાવો સ્પર્શી જાય તો પણ તેમાં રુચિ કે ઉપાદેયબુદ્ધિ અનાભોગથી પણ ન થઇ જાય તેની ખાસ કાળજી રાખવાની હોય છે. નહિતર ઉત્થાનદોષ પ્રવેશી જાય છે. આ ભાવપ્રાણાયામથી અનોખું બળ પ્રગટે છે, તેનું ઓજસ વધે છે.

**તત્ત્વશ્રવણ** :- બલાદૃષ્ટિમાં જે તત્ત્વશુશ્રૂષાનો ગુણ હતો તેમાંથી ફલિત થયેલો તત્ત્વશ્રવણ નામનો ગુણ અહીં પ્રગટે છે. આ દૃષ્ટિવાળા જીવો જ તત્ત્વનું શ્રવણ કરે છે. આની આગળની દૃષ્ટિવાળા તત્ત્વનું શ્રવણ કરતા નહોતા એમ સમજવાનું નથી. તેઓ પણ શ્રવણ કરતા હોય છે છતાં શ્રવણ દ્વારા જે બોધ મેળવવાનો હોય છે તે તેઓ મેળવી શકતા નથી; માટે શ્રવણને શ્રવણ તરીકે ગણવામાં આવ્યું નથી. આ દૃષ્ટિમાં ભાવપ્રાણાયામ અને ઉત્થાનદોષનો અભાવ હોવાથી ચિત્તમાં એવી તો પ્રશાંતવાહિતા આવી છે કે હવે તેને તત્ત્વનું શ્રવણ એ હૃદયસ્પર્શી બને છે, મર્મગ્રાહી બને છે. છતાં સમિતિ-ગુપ્તિ આદિમાં હેય-ઉપાદેયનો સૂક્ષ્મબોધ જેવો પાંચમી દૃષ્ટિમાં હોય છે તેવો નિપુણ સૂક્ષ્મબોધ આ દૃષ્ટિમાં હોતો નથી.

તત્ત્વશ્રવણ દ્વારા તેને એવો દઢ નિશ્ચય થઇ ગયો હોય છે કે પુદ્ગલમાં સુખ આપવાની તાકાત નથી જ. ધર્મથી જ સુખ મળે છે. આ સંકલ્પબળથી તેને ધર્મમાં જ એકાંતે ઉપાદેયબુદ્ધિ હોય છે.તેથી પોતાના જીવનમાં ધર્મને પ્રાણ કરતાં પણ અધિક કીમતી માનતો હોય છે. અવસરે ધર્મને ખાતર પ્રાણોનો ભોગ આપે છે પણ પ્રાણને બચાવવા માટે કદી ધર્મનો ભોગ નથી આપતો. મૃત્યુને તે સારી રીતે મૂલવે છે. તે વિચારે છે કે ધર્મ જ એક સાચો મિત્ર છે, જે મૃત્યુ બાદ પણ જીવની સાથે પરલોકમાં જાય છે. તે સિવાયનું સ્વજન, ધન-સંપત્તિ બધુ જ શરીરની સાથે જ નાશ પામે છે, પણ પરલોકમાં સાથે જતું નથી. આમ વિચારીને ધર્મની રક્ષા ખાતર ઝઝૂમે છે.

અહીં ૫૮મી ગાથાની ટીકામાં 'ઉત્સર્ગ પ્રવૃત્યા' શબ્દનો એ અર્થ છે કે દઢ શ્રદ્ધાના કારણે ધર્મની રક્ષા માટે પ્રાણ આપતો હોવા છતાં તેનું આખું જીવન ધર્મમય જ હોય એવું નથી. ધર્મની રક્ષા સિવાયના કાળમાં પ્રમાદથી કે નિકાચિતકર્મના ઉદયથી તે વિષયમાં

પ્રવૃત્તિ કરતો હોય છે. કષાયો ન ગમતા હોવા છતાં તેનાથી કષાય થઇ પણ જાય છે. છતાં એવા પ્રસંગોમાં ય તેનો હેય-ઉપાદેયનો વિવેક જાગ્રત હોય છે.

તત્ત્વશ્રવણનો ગુણ બતાવતાં ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે તત્ત્વ એ મીઠા પાણી જેવું છે. તેનું શ્રવણ પણ તેનું જ એક અંગ હોવાથી મીઠા પાણી જેવું છે. આખોય વિષયકષાયરૂપ સંસાર એ અતત્ત્વરૂપ છે; અને તે ખારા પાણી જેવો છે. ખારા પાણીથી ધાન્યાદિના બીજનો વિકાસ નથી થતો. મીઠા પાણીનો યોગ થાય ત્યારે જ બીજ, ધાન્ય આદિરૂપે ઊગે છે. તેમ આધ્યાત્મિક ધર્મના બીજનો વિકાસ તત્ત્વશ્રવણરૂપી મીઠા પાણીના યોગથી જ થાય છે. પેલા બીજને પાણીની મીઠાશનું જ્ઞાન ભલે ન હોય પણ તેનું સ્પષ્ટ સંવેદન જરૂર છે. એ સવેદન ન હોત તો તે ઊગત નહિ. તેમ દીપ્રાદૃષ્ટિવાળા જીવને ભલે સારા-ખોટાનો સૂક્ષ્મ સ્પષ્ટ બોધ, પાંચમી દૃષ્ટિવાળા જીવના જેવો નથી થતો, છતાં અસ્પષ્ટ સંવેદન તેને જરૂર થાય છે. તેના મર્મને તે પામી જાય છે. તેને સાચી ક્રિયાઓ ગમવાની શરૂ થાય છે. તત્ત્વમાં તે ખોટા-સાચાની પરખ કરશે. પરંતુ સૂક્ષ્મ રીતે નહિ કરી શકે, કારણકે હજી તેનામાં મિથ્યાત્વનો વિકાર ભ્રાંતિ દોષરૂપે પડેલો છે. તેનાથી સંસારનું કાંઇક અંશે માધુર્ય લાગે છે.

તત્ત્વશ્રવણ વડે બંને લોકમાં હિતકારી એવું કલ્યાણ થાય છે. ગુરુભક્તિથી મળતા સુખનો પણ આ કલ્યાણમાં સમાવેશ થઇ જાય છે. કારણકે ગુરુની આજ્ઞાથી કરાતું તત્ત્વશ્રવણ જ હિતકારી બને છે, એટલે તત્ત્વશ્રવણમાં ગુરુભક્તિ કરવાની આવે જ છે. ગુરુભક્તિ એ ધર્મને સાનુબંધ બનાવે છે. શી રીતે? તો સમજવાનું કે દર્શનાચારનો પ્રધાન ગુણ વૈયાવચ્ચ છે, માટે અહીં ગુરુભક્તિ લખી છે. સમ્યક્ત્વનું તે પ્રધાન અંગ છે. ગુણાનુરાગ તેનામાં એટલો તીવ્ર હોય છે કે એ તેને ગુરુની વૈયાવચ્ચ કર્યા વગર જંપીને બેસવા જ ન દે. ગુણના અનુરાગથી તેની મનોવૃત્તિ જ એવી ઘડાઇ ગઇ છે કે સ્વભાવિક રીતે જ તેને વૈયાવચ્ચના પરિણામ થાય છે. માટે ગુરુભક્તિ એ વિવેકગુણની જ અભિવ્યક્તિ છે અને જ્યાં વિવેક હોય છે ત્યાં ધર્મ સાનુબંધ જ બને છે. માટે ગુરુભક્તિથી ધર્મ સાનુબંધ બને છે એમ જણાવ્યું.

વળી ગુરુભક્તિના પ્રભાવથી જીવને મોક્ષના અવંધ્યકારણભૂત એવો તીર્થંકરનો યોગ, સમાપત્તિ આદિ ભેદથી થાય છે. સમાપત્તિમાં તીર્થંકરના ગુણોને ધ્યાનથી નિર્મળ સ્ફટિક જેવા આત્મામાં પ્રતિબિંબિત કરે છે. ગુરુભક્તિથી વરબોધિના કારણભૂત એવો વિવેક પ્રગટે છે. પછી વિવેકપૂર્વકની ભક્તિથી એવું પુણ્ય ઉપાર્જિત થાય છે કે તીર્થંકરપદ તેને પ્રાપ્ત થાય છે. આમ ગુરુભક્તિ એ પરમગુરુ એટલે તીર્થંકરનો યોગ કરાવે છે.

દીપ્રાદૃષ્ટિમાં નમુથ્થુણં સૂત્રનું 'સરણદયાણં' પદ ઘટે છે.. તત્ત્વચિંતન એ શરણ

છે. મોહરાજાના ભયાનક ત્રાસદાયક હુમલાઓ ચારે બાજુથી થઇ રહ્યા છે; તેમાંથી બચાવનાર એક માત્ર તત્ત્વચિંતન જ છે. માટે તત્ત્વચિંતનને શરણ કહ્યું છે. તે શરણને આપનારા તીર્થંકર પરમાત્મા છે. દીપ્રાદષ્ટિવાળા જીવોનું તત્ત્વશ્રવણ મર્મસ્પર્શી હોવાથી મોહની ગાઢ અસરમાંથી તેઓ મુક્ત થઇ ગયા છે. માટે તેમને શરણ મળી ગયું છે.

મહર્ષિ દત્તે ધર્મની પાંચ યોનિઓ કહી છે. તેનો આપણા શાસ્ત્ર સાથે એકદમ જ સુમેળ છે. **(૧) ધૃતિ = અભય (૨) શ્રદ્ધા = ભાવચક્ષુ (૩) સુખા=આધ્યાત્મિક સુખનો કાંઇક અનુભવ (૪)સુવિવિદિષા=તત્ત્વચિંતન (શરણ) અને (૫) વિજ્ઞપ્તિ=બોધિ**- આ પાંચેય અનુક્રમે પાંચ દષ્ટિમાં હોય છે.

તામલીતાપસ જે અત્યારે ઇશાનેન્દ્ર બન્યા છે તે અને ગૌતમસ્વામીએ જેમને પ્રતિબોધ કર્યો તે ૧૫૦૦ તાપસો, આ ચોથી દીપ્રાદષ્ટિમાં રહેલા છે. તેમનામાં એક માત્ર ભ્રાન્તિદોષ છોડીને સમ્યક્ત્વમાં બાધક બીજો કોઇ દોષ નથી. તેમનું મિથ્યાત્વ ઘણું મંદ પડી ગયું છે. સમ્યક્ત્વની ઘણી નિકટની ભૂમિકામાં તે પહોંચેલા છે; પરંતુ ભ્રાન્તિના કારણે તત્ત્વાભાસમાં તેમને તત્ત્વની પ્રતીતિ થાય છે અને અનાભોગથી પાપમાં પ્રવૃત્તિ કરે કે સૂક્ષ્મ દોષોનું સેવન કરે છે.

આ પહેલી ચાર દષ્ટિ એ પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકનો વિકાસ છે. મિથ્યાત્વી જીવનો સર્વોત્કૃષ્ટ વિકાસ ચોથી દીપ્રા દષ્ટિમાં જોવા મળે છે. આ ચાર દષ્ટિમાં રહેલા મિથ્યાદષ્ટિ જીવો તે સયોગી મિથ્યાદષ્ટિ જીવો કહેવાય છે. તે સિવાયના મિથ્યાદષ્ટિ જીવો એ અયોગી મિથ્યાદષ્ટિ જીવો કહેવાય છે. અર્થાત્ તે જીવો યોગમાર્ગને કે મોક્ષમાર્ગને પામેલા નથી. સયોગી મિથ્યાદષ્ટિ જીવોમાં તાત્ત્વિક વૈરાગ્ય તો છે, સાથે સાથે આંશિક વિવેક ગુણ પણ પ્રગટ્યો છે. આ બંને શુદ્ધભાવના ગુણો એ લોકોત્તર ગુણો છે. જ્યાં લોકોત્તર ગુણો હોય ત્યાં જ મોક્ષમાર્ગ રહેલો છે. માટે આ ચાર દષ્ટિવાળા જીવો અંશે અંશે પણ મોક્ષના ગુણનો આસ્વાદ લઇ રહ્યા છે. તેઓ અનુક્રમે શેરડી, તેનો રસ, ઢીલો ગોળ અને ખાંડસરીના રસાસ્વાદ જેવા અધ્યાત્મસુખનો રસાસ્વાદ માણી રહ્યા છે. જ્યારે અયોગી મિથ્યાદષ્ટિ જીવને અધ્યાત્મગુણનો આંશિક પણ રસાસ્વાદ હોતો નથી. તેમનામાં શુદ્ધભાવના ગુણ નથી હોતા, પણ જે કાંઇ ગુણ હોય છે તે લૌકિક ગુણ કહેવાય છે, પણ લોકોત્તર ગુણ કહેવામાં આવતા નથી. આ પહેલી ચાર દષ્ટિનો વિકાસ, પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકનો જ વિકાસ છે.

આ ચાર દષ્ટિ એ પ્રતિપાત યુક્ત છે. અર્થાત્ આ દષ્ટિમાં રહેલો જીવ પોતાનું અધ્યાત્મ માર્ગમાંથી પતન થાય, અધ્યાત્મ માર્ગમાં વિઘ્ન ઊભાં થાય એવું કર્મ બાંધી શકે છે. બાંધે જ એવો નિયમ નહિ. તેનું કારણ એ છે કે આ ચાર દષ્ટિમાં વિવેકની સાથે

સાથે અવિવેક ભળેલો છે. વિવેકની હાજરી હોવા છતાં તેની સાથે રહેલો પેલો અવિવેક કોઇ વખત એવું બને કે તેની પાસે ઘણાં અકાર્ય કરાવે;એવું પાપ બંધાવે કે જે પાપ ઉદયમાં આવે ત્યારે તેને અધ્યાત્મમાં વિઘ્ન કરનાર બને. એટલે તેને વિષમિશ્રિત અમૃત ભોજનની ઉપમા આપવામાં આવે છે. તેમાં જે વિવેક છે, તે અમૃત સદશ છે અને જે અવિવેક છે, તે વિષ સદશ છે. તે અવિવેક પહેલી બે દષ્ટિમાં નરકપ્રાયોગ્ય અને ત્રીજી ચોથી દષ્ટિમાં તિર્યંચગતિ પ્રાયોગ્ય બંધ કરાવવાની પ્રાયઃ તાકાત ધરાવે એવો હોય છે. એટલે આ ચાર દષ્ટિને સાપાય કહી છે. સાપાય એટલે દુર્ગતિમાં હેતુભૂત... આનો અર્થ એમ નહિ સમજવાનો કે આ દષ્ટિવાળા જીવોનો પ્રતિપાત થાય જ છે, અથવા તો તે દુર્ગતિમાં જ જાય. જો ભાન ભૂલે કે અશુભ પરિણામ કરે તો તેમને દુર્ગતિનો સંભવ છે એટલું જ માત્ર સમજવાનું. બાકી આ દષ્ટિવાળા જીવો કેટલાક તો સડસડાટ મોક્ષમાર્ગમાં આગળ વધી જાય છે. અપુનર્બંધક અવસ્થા પામ્યા પછી જીવનો સંસાર એક પુદ્ગલ પરાવર્ત્તથી વધારે નથી હોતો. તેમાં પણ જિનશાસનને પામેલાને તો માત્ર અર્ધપુદ્ગલ પરાવર્ત્ત જ સંસાર હોય છે. તે પણ દેવ-ગુરુની ઘોર આશાતના કરનારને.જ એટલો સંસાર હોય છે; બાકી તો પાંચ-પચીસ ભવમાં જીવનો મોક્ષ થઇ જાય છે.

પાછળની ચાર દષ્ટિમાં આવો પ્રતિપાત કે અપાય હોતો નથી. પાંચમી દષ્ટિથી ઉપરની દષ્ટિમાં સંપૂર્ણ વિવેક હોય છે. અવિવેક અંશમાત્ર હોતો નથી. તેથી આ દષ્ટિવાળા જીવો ગમે તેવા અશુભ પરિણામો કરે તો પણ નરક કે તિર્યંચગતિમાં લઇ જવાની એ અશુભ પરિણામમાં તાકાત હોતી નથી, તેમજ અધ્યાત્મમાર્ગમાંથી પતન કરાવવાની પણ તેનામાં તાકાત નથી હોતી.

આર્દ્રકુમારનો જીવ, જેણે પૂર્વના ખેડૂતના ભવમાં પોતાની પત્ની સાધ્વીને જોઇને રાગદશા ઉદ્દીપ્ત થવાથી અશુભ પરિણામ કર્યા, તેના પરિણામે સંયમ ન છોડ્યું હોવા છતાં તેને એવું પાપ બંધાયું કે અનાર્યદેશમાં જન્મ મળ્યો. તેમજ સંયમ લીધા પછી છોડવું પડ્યું અને ૨૪ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહેવું પડ્યું. આ કર્મ તેણે બીજી દષ્ટિમાં રહીને બાંધ્યું છે. જ્યારે શ્રેણિકનો પુત્ર નંદિષેણ પાંચમી દષ્ટિમાં છે. તે સંયમ છોડીને વેશ્યાને ત્યાં બાર વર્ષ ભોગસુખ ભોગવે છે. તે સમયે તેમનામાં સમકિત હોવાથી પાંચમી દષ્ટિમાં છે. વેશ્યાને ઘરે રહેવા છતાં સંયમ છોડવા છતાં ત્યાં દેવગતિ(વૈમાનિક)પ્રાયોગ્ય જ બંધ કરે છે. ભવિષ્યમાં અધ્યાત્મમાર્ગમાંથી પોતાનું પતન થાય એવું એક પણ કર્મ તે બાંધતા નથી. આમ પાંચમીથી ઉપરની દષ્ટિવાળા જીવો ગમે એટલા અશુભ પરિણામો કરે તો પણ તેમનું પતન કે દુર્ગતિ થતા નથી. શ્રેણિકને ક્ષાયિક સમકિત હોવા છતાં જે નરકમાં જવું પડ્યું છે, ત્યાં એમ સમજવાનું કે સમકિત પામ્યા પહેલાં મિથ્યાત્વની અવસ્થામાં

તેણે નરકનું આયુષ્ય બાંધ્યુ છે. માટે મિથ્યાત્વ જ તેને દુર્ગતિમાં લઈ જનાર બન્યું છે.

અનાદિ કાળથી જીવને સંસારમાં રખડાવનાર આ મિથ્યાત્વ જ છે. આ મિથ્યાત્વ મહાભયાનક, અતિદુઃખદાયક છે. જીવમાં એવી વિપરીત બુદ્ધિ પેદા કરે છે કે જેના કારણે અતિ તુચ્છ અને અસાર એવા પૌદ્‌ગલિક સુખોમાં તેને ગાઢ આસક્તિ પ્રગટે છે. પરિણામે દુઃખદાયક સંસારમાં તેને સુખકારીપણાની બુદ્ધિ જાગે છે. આવા જીવને ભવાભિનંદી કહેવામાં આવે છે. મિથ્યાત્વના કારણે તેનામાં જે જે દોષ ઉદ્‌ભૂત થયા છે, તેને લક્ષણરૂપે બતાવતાં કહે છે કે :-

(૧) **ક્ષુદ્ર** :- અસાર, તુચ્છ એવા સાંસારિક ભોગસુખોમાં તેને આસક્તિ છે. વિષ્ટાના કીડાને જેમ વિષ્ટા પ્રિય હોય છે તેમ આ સંસારી જીવ કીડા જેવો ક્ષુદ્ર છે.

(૨) **લાભરતિ** :- ઊંચા પ્રકારના અધ્યાત્મસુખની તેને ખબર ન હોવાથી સુખને આપનાર ગુણોમાં તેને રતિ નથી હોતી પણ તુચ્છ એવી પૌદ્‌ગલિક વસ્તુઓ અને તે દ્વારા મળતા અસાર સુખને મેળવવામાં જ તેને આનંદ આવે છે. તેને જ ઇચ્છે છે. તે મળે એટલે ફુલાઈ જાય છે. ધર્મની પ્રવૃત્તિ પણ તેને મેળવવા માટે કરે છે.

(૩) **દીન** :- ભૌતિક ભોગસામગ્રી ઉપર જ તેણે પોતાના જીવનના સુખનો મહેલ ચણ્યો હોય છે. એટલે તેમાં કાંઇ ખામી આવે એટલે તે એકદમ રાંકડો(ગરીબ) બની જાય છે.

(૪) **મત્સર** :- આત્મિક ગુણો પ્રત્યે હંમેશાં તેને માત્સર્ય - અરુચિ હોય છે.

(૫) **ભયભીત** :- અકાર્યને આચરતો હોવાથી તે આલોક અને પરલોકથી ભયભીત રહે છે.

(૬) **માયાવી** :- પોતાના આત્માને સાચા સુખથી વંચિત રાખવા વડે સ્વ આત્માને ઠગનારો છે.

(૭) **મૂર્ખ** :- હેયને ઉપાદેય અને ઉપાદેયને હેય માને છે, આમ ઊંધું સમજે છે.

(૮) **સંસારરસિક** :- પાણી વલોવવાથી કાંઇ માખણ ન મળે, તેમ સુખ માટેની

જીવનભરની તેની મહેનત પાણી વલોવવા જેવી જ છે. ભોગસુખમાં કદી પણ સુખ આપવાની તાકાત જ નથી. તેની મહેનત તેને માથે જ પડે છે. હંમેશ માટે તે સુખનો ભિખારી જ રહે છે.

મિથ્યાત્વ જીવને એવો અંધ બનાવે છે કે પોતાનું હિત કે અહિત શું છે તે તેઓ સમજી કે દેખી શકતા નથી. તેમની નજર માત્ર વર્તમાનકાળ ઉપર જ હોય છે. જન્મ, જરા, મૃત્યુ, રોગ-શોક આદિ દુઃખોથી ખદબદતા સંસારને જોવા છતાં, અતિશય મોહના કારણે તેમને તેમાં જરા પણ ઉદ્વેગ થતો નથી. કર્તવ્યને તે અકર્તવ્ય માને છે, અકર્તવ્યને કર્તવ્ય માને છે. સૌથી મોટો વિપર્યાસ એ છે કે વાસ્તવિક જે દુઃખરૂપ છે તેમાં પણ સુખની કલ્પના કરીને તેની પાછળ કચ્છૂકણ્ડૂયકની જેમ તે લલચાયાં જ કરે છે અને જીવનને ફના કરે છે.

કચ્છૂકણ્ડૂયક એટલે ખરજવાનો રોગી. તેની કથા આ પ્રમાણે છે.. રણભૂમિમાં વસતા એક નાના છોકરાને ખરજવાનું ભયંકર દર્દ થયેલું..ખણી-ખણીને તેના દસે આંગળીના નખ ઘસાઇ ગયેલા. ખણવા માટે રણભૂમિમાં સળી જેવું કાંઇ જ ન મળે. એવામાં એક દિવસ ત્યાં આગળથી કોઇ એક વૈદ્ય નીકળ્યો. તેની પાસે ઘાસનું પોટલું હતું. તેમાંથી એક ઘાસની સળી નીચે પડી, તે ભાગ્યયોગે પેલા છોકરાના હાથમાં આવી. તેનાથી ખણવામાં તેને ઘણી મજા પડવા લાગી. તેણે વૈદ્યને પૂછ્યું કે આવી સળીઓ ક્યાં મળે છે? વૈદ્યે પૂછ્યું કે તારે સળીનું શું કામ છે? છોકરાએ જવાબ આપ્યો કે ખણવા માટે જોઇએ છે. ત્યારે વૈદ્યે કહ્યું કે તું સાત દિવસ ત્રિફળાનો પ્રયોગ કર એનાથી તારું ખરજવું જ મૂળમાંથી મટી જશે. પછી તને ખણજ નહિ આવે એટલે સળીની જરૂર જ નહિ પડે. ત્યારે છોકરાએ જવાબ આપ્યો કે મારે ખરજવું નથી મટાડવું કારણકે ખણવામાં જે આનંદ આવે છે, તે પછી મળે નહિને!

પાંચેય ઇન્દ્રિયનાં વિષય-સુખો ખરજવા જેવાં છે. ઇન્દ્રિયોને તો રોજ નવા-નવા વિષયોની ભૂખ જાગ્યે જ જાય છે. એટલે તેની ખરજ કદીયે દૂર થતી જ નથી. જ્યારે વિષયોની પ્રાપ્તિ થાય ત્યારે તાત્કાલિક અલ્પકાળ પૂરતો સુખનો આભાસ પેલા ખણવાના સુખ જેવો થાય. પણ ત્યાં જેમ ખણ્યા પછી પહેલા કરતાંય અનેકગણી બળતરા વધી જાય છે; એવું જ અહીં થાય છે.

ઉપરની કથાનો ઉપનય આ પ્રમાણે છે. અનાદિ કાળથી જીવને જગતનાં સુખોનું આકર્ષણ બેઠેલું છે, તેથી ભોગ-સુખની પાછળ ગાંડો થઇને ભટકે છે. ભોગની લાલસાના અતિરેકથી તેના પુણ્યાઇ ઘટતી જાય છે. અલ્પ પુણ્યવાળા એવા તેમનો દરિદ્રકુળમાં જન્મ થાય છે, જ્યાં તેમને કાંઇ જ ભોગસામગ્રી મળતી નથી. હવે કોઇ પુણ્યાનુબંધી

પુણ્યવાળા પૂર્વભવની આરાધના લઈને આવેલા જીવો ઊંચા કુલમાં જન્મે છે. ઊંચા ભોગ-સુખોને ભોગવીને વૈરાગ્ય પામીને દીક્ષા લે છે. ત્યાં પણ ઊંચી આરાધનાથી મંત્ર-તંત્રાદિ અનેક શક્તિઓ પેદા થાય છે અને પુણ્યાઈના કારણે માન-પાન, ઐશ્વર્ય આદિ ઘણા આદર-સત્કારને પામે છે. પેલા દરિદ્રી ભવાભિનંદી જીવોને ધર્મગુરુનો ભેટો થાય છે. ભવિષ્યમાં તાત્ત્વિક ધર્મ પમાડવાની બુદ્ધિથી, ગુરુમહારાજ ધર્મનાં ફલ-મહિમા દેખાડીને પણ તેની પાસે ધર્મ કરાવે છે; ત્યારે તે ભવાભિનંદી જીવ ગુરુમહારાજના પુણ્યથી (કથામાં પેલા છોકરાને જે એક સળી મળી હતી તેના જેવું આ છે.) અંજાઈને આવું પુણ્ય શી રીતે મળે? ક્યાં મળે? એમ પૂછે છે. ગુરુમહારાજ તેને સામે પૂછે છે કે તારે પુણ્યનું શું કામ છે? ત્યારે તે કહે છે કે મારે મારા ભોગસુખની ઈચ્છાની તૃપ્તિ કરવી છે, તે ભોગ-સુખ દ્વારા થાય અને તે મેળવવા માટે પુણ્યાઈ જોઈએ છે. ત્યારે ગુરુમહારાજ કહે છે કે ભોગસુખથી, ભોગની ઈચ્છાની તૃપ્તિ કદી નહિ થાય. તેના કરતાં હું તને એક ઉપાય બતાવું કે તને મૂળમાંથી એ ઈચ્છા જ ન થાય. એ માટે તું રત્નત્રયીરૂપ ત્રિફળાનો પ્રયોગ કર. સાતેક ભવમાં જ તને પુદ્ગલના ભોગસુખની ઈચ્છા જ મૂળમાંથી નાબૂદ થશે અને અવ્યાબાધ સુખ મળશે. ત્યારે તે ભવાભિનંદી જીવ ઘસીને ના પાડે છે કે મારે મોક્ષનું અવ્યાબાધ સુખ જોઈતું નથી; કારણકે ત્યાં ભોગસુખ જ નથી તેમજ તેની ઈચ્છાનું સુખ પણ નથી. તો પછી ત્યાં આનંદ શો? મારે તો પુદ્ગલનાં ભોગસુખ જ જોઈએ છે. એ તમારી મંત્રશક્તિથી આપી શકાતાં હોય તો આપો. અમારે રત્નત્રયીનું કાંઈ જ કામ નથી.

મિથ્યાત્વરૂપી જાદુગર જીવને કચરા જેવા ભોગસુખમાં આ પ્રમાણે આસક્તિ કરાવીને તેની પાસે હિંસા આદિ અશુભપ્રવૃત્તિ કરાવે છે અને પાપકર્મરૂપી ધૂળથી આત્માને મલિન કરે છે. અલ્પબુદ્ધિવાળા આ જીવો કર્મભૂમિમાં ધર્મની સામગ્રીવાળો મનુષ્ય જન્મ પામીને પણ સત્કાર્યરૂપ ખેતી કરીને ધર્મના બીજનું વાવેતર કરતા નથી. માછીમારે જાળની અંદર કાંટામાં ભરાવેલા માંસને લાલચથી ખાવા જતાં ગળે તે કાંટો વીંધાવાથી જેમ માછલું મરે છે, તેમ આ જીવો રૌદ્રવિપાકવાળા ભોગસુખમાં આસક્ત થઈને ધર્મપ્રવૃત્તિ કરતા નથી અને મહાદુઃખી થાય છે. ખરેખર અજ્ઞાન એ જ ભયંકર દુઃખદાયક મહાકષ્ટ છે. તેને ધિક્કાર હો!

આ મિથ્યાત્વરૂપી અંધાપાને શાસ્ત્રમાં અવેદ્યસંવેદ્યપદ નામ આપવામાં આવ્યું છે. વેદ્ય એટલે અનુભવવા લાયક વસ્તુ. તેનું સંવેદ્ય એટલે સંવેદન. જે વસ્તુ જેવી છે તેવો તેનો અનુભવ કરવો એ વેદ્યસંવેદ્ય કહેવાય છે. તેનાથી ઊલટું જે વસ્તુ જેવી છે તેના કરતાં તેનો ઊંધો અનુભવ કરવો તે અવેદ્યસંવેદ્ય કહેવાય છે. જેમ જે માણસની

આંખ, કાન, નાક વગેરે ઇન્દ્રિયો એકદમ સ્વચ્છ અને સતેજ હોય તો તે ઇન્દ્રિયો પોતપોતાના વિષયો રૂપ, શ્રવણ, ગંધ, શબ્દ વગેરેનું એકદમ સ્પષ્ટ અને સાચું જ્ઞાન કરે છે; અને જેની ઇન્દ્રિયો બરાબર કામ કરતી નથી હોતી તે શબ્દ, શ્રવણ, રૂપ વગેરેનું સાચું જ્ઞાન કરી શકતી નથી પણ વિપરીત જ્ઞાન કરે છે. આંખના રોગવાળાને એકના બદલે બે વસ્તુ દેખાય છે. તાવમાં જેની જીભ બગડી ગઇ હોય તેને મધુર વસ્તુ કડવી લાગે છે અને કડવી વસ્તુ મીઠી લાગે છે. એમ ઘણા ભ્રમ થાય છે. આ પ્રમાણે મિથ્યાત્વ મોહનીયે જીવમાં એવો મહાભ્રમ ઉત્પન્ન કર્યો છે, કે તેને જે દુઃખદાયક છે તે સંસારનાં ભોગસુખો સુખદાયક લાગે છે અને અધ્યાત્મસુખ જે પરમ સુખકારી છે, તે દુઃખકારી લાગે છે. આમ ઊંધું જ્ઞાન, ઊંધો અનુભવ થવો એ અવેદ્યસંવેદ્યપદ છે. તેની આંતરિક જીભ જ બગડી ગઇ છે, જેના કારણે તેને બધો વિકૃત અનુભવ જ થાય છે. સ્ત્રી આદિનો રાગ દુર્ગતિમાં લઇ જનાર છે, અનેક અનર્થને કરનાર છે, તે તેને હેયરૂપ નથી લાગતો પણ ઉપાદેય લાગે છે. સ્ત્રી આદિ ઉપરનો રાગ એ ભ્રમ છે અને તે રાગ પાછો સારો લાગે છે, અનર્થકારી નથી લાગતો, એ મહાભ્રમ છે. તે જ મિથ્યાત્વ છે, અવેદ્યસંવેદ્યપદ છે. પદ એટલે ગુણનું સ્થાન. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક તે પરમાર્થથી અપદ જ છે; કારણકે ત્યાં યથાવસ્થિત તત્ત્વનું જ્ઞાન નથી. સમ્યક્ત્વ દેશવિરતિ આદિ જ પરમાર્થથી ગુણના સ્થાન હોવાથી 'પદ' શબ્દને માટે યોગ્ય છે. મિથ્યાદૃષ્ટિ જીવોને જો અજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ ઘણો થયો હોય તો તેઓને વિશાળ જ્ઞાન હોય એવું બને, વિવિધ વિષયોની તે સુંદર છણાવટ કરી શકે પણ તેમનું જ્ઞાન આત્માને હિતકર બનતું નથી. આત્મિક દૃષ્ટિએ તેનાથી કાંઇ જ લાભ થતો નથી. માટે નિશ્ચયદૃષ્ટિએ તો તે ઝાંઝવાના જળ જેવું મિથ્યા અને અનર્થકારી છે.

અવેદ્યસંવેદ્યપદમાં યથાવસ્થિત જ્ઞાન નથી પણ પોતપોતાની રુચિ પ્રમાણેનું જ્ઞાન છે. દરેક વસ્તુમાં પોતાની મતિ પ્રમાણે તે આરોપ કરે છે. અહીં કદાચ વિવેક હોય તો પણ તે અવિવેકથી મિશ્રિત અધકચરો હોય છે. દરેકમાં તેની વિવેકની ભિન્ન-ભિન્ન માત્રા હોવાથી તેમાં બધાનું હેય-ઉપાદેય સંબંધીનું જ્ઞાન એક સરખું હોતું નથી. પણ 'મુંડે-મુંડે મતિર્ભિન્ના'ની જેમ દરેક દર્શનવાળાનું જ્ઞાન જુદું-જુદું હોય છે. જ્યારે સમ્યક્ત્વ આવ્યા પછી ગ્રંથિભેદ થવાથી જીવ દરેક પદાર્થનું યથાવસ્થિત જ્ઞાન કરે છે. તેને આંતરિક દૃષ્ટિ અને આંતરિક જીભ નીરોગી હોવાથી તેના જ્ઞાનમાં વિકૃતિ બિલકુલ હોતી નથી. માટે તેને વેદ્યસંવેદ્યપદ કહેવામાં આવે છે. તેમાં અજ્ઞાનાવરણીયનો નહિ પણ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય છે. તે જ્ઞાન આત્માને હિતકારી હોય છે. હેયને તે હેય જ માને છે, માટે તે જ્ઞાન તેને દુર્ગતિના હેતુભૂત બનતું નથી. આમ ગુણનું સ્થાન હોવાથી

ત્યાં 'પદ' શબ્દનો પ્રયોગ સાર્થક બને છે. વળી અહીંયાં સંપૂર્ણ વિવેક હોવાથી દરેકે-દરેક સમ્યગ્દૃષ્ટિનું હેય-ઉપાદેય સંબંધી જ્ઞાન એકસરખું જ હોય છે. તેમાં જરાપણ ભેદ હોતો નથી. માટે તે સમાન પરિણામવાળું જ હોય છે. જ્ઞેય સંબંધીમાં દરેકનું જ્ઞાન એકસરખું નથી હોતું. ઓછાવત્તા ક્ષયોપશમ પ્રમાણે જ્ઞેય સંબંધીનું જ્ઞાન બધાનું જુદું-જુદું ઓછું-વત્તું હોય છે.

સમકિતીના ગીતાર્થ-સમકિતી અને અગીતાર્થ-સમકિતી એમ બે ભેદ પડે છે. ગીતાર્થ સમકિતીને ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય વ્યવહાર આદિ શાસ્ત્રોનો ઊંડો બોધ હોવાથી તે સ્વ અને પર ઉભયના હિત-અહિતને જાણે અને સમજે છે. જ્યારે અગીતાર્થ સમકિતીને શાસ્ત્રોનો ઊંડો બોધ ન હોવાથી તે પર એટલે કે બીજા માણસના હિત-અહિતને જાણી શકતો નથી, પણ આત્મસંવેદન હોવાથી સ્વના હિત-અહિતને તો સંપૂર્ણપણે જાણે-સમજે છે; જેમ નાનું બાળક, ભલે વિશેષ કાંઇ ન જાણતું હોય છતાં પોતાના સુખદુઃખને તે બરાબર અનુભવે છે. અગ્નિમાં ભૂલે-ચૂકે હાથ પડી જાય તો દુઃખનું સંવેદન થવાથી તે રડવા માંડે છે, જો કે તે દુઃખ શેનાથી થયું તે ન સમજવાથી કદાચ હાથ ત્યાંથી ખસેડી નહિ લે પણ દુઃખનું સંવેદન તો તેને થયું જ છે. એવી જ રીતે મધ ચટાડીશું તો તે ચપ-ચપ ચાટી જશે કારણકે તેમાં તેને સુખનું સંવેદન થાય છે. આમ ઊંડી સમજણ ન હોવા છતાં પોતાના સુખદુઃખને અનુભવી અને સમજી શકે છે, તેમ અગીતાર્થ સમકિતી પણ ઊંડો શાસ્ત્રીયબોધ ન હોવા છતાં પોતાના હિત-અહિતને બરાબર સમજી શકે છે. કારણકે તેનામાં સંપૂર્ણ વિવેક તો આવી ગયો છે. માટે બધા જ સમકિતીની રુચિ એકસરખી જ હોય છે. તે હેયને હેય તરીકે જ અને ઉપાદેયને ઉપાદેય તરીકે જ, પરભાવને પરભાવરૂપે જ અને આત્માને હિતકર વસ્તુને હિતકર તરીકે જ ઓળખે છે.

પાંચમી દૃષ્ટિથી માંડીને વેદ્યસંવેદ્યપદ છે. પહેલી ચાર દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ છે. પ્રથમ ગુણસ્થાનકની બહારના જીવોનું મિથ્યાત્વ અતિગાઢ અને ક્લિષ્ટ પરિણામવાળું હોય છે. તેને સંસારમાં ગાઢ આસક્તિ હોય છે. શુદ્ધભાવ તો તેને હોતો જ નથી. શુભ પરિણામ પણ કરે, તો તે પણ તેના આત્માને તાત્ત્વિક લાભ આપી શકતા નથી. તેનાં ધર્માનુષ્ઠાન પણ તેને સંસારમાં ડુબાડનાર જ થાય છે. પછી જેમ-જેમ મિથ્યાત્વ મંદ પડતું જાય છે, અવિવેક ઘટતો જાય છે અને વિવેકની માત્રા વધતી જાય છે; તેમ-તેમ તેનો સંસારનો રસ ઘટતો જાય છે, દોષ પ્રત્યે અરુચિ અને ગુણો પ્રત્યે રુચિ વધતી જાય છે. એ રીતે જીવ શુદ્ધભાવ તરફ આગળ વધતો જાય છે. આમ ક્રમસર, યોગની દૃષ્ટિમાં તે આગળ વધતો વધતો ચોથી દૃષ્ટિમાં તો મિથ્યાત્વ એટલું મંદ પડી ગયું હોય છે કે માત્ર અનાભોગથી જ હવે તેને પાપમાં રુચિ રહી છે. અજ્ઞાનતાના કારણે સંન્યાસી અવસ્થામાં

પણ સ્નાન કરવું, ગૃહસ્થ ભક્તોને જમાડવા વગેરે તેમની સારસંભાળ લેવી, ભગવાનની ભક્તિ કરતી વખતે વીણા, શંખ વગેરે વાજિંત્રો વગાડવાં, આવી અધર્મની પ્રવૃત્તિમાં તેમને ધર્મબુદ્ધિ થાય છે અને તેની રુચિ કરે છે.

ગાઢ મિથ્યાદૃષ્ટિ જીવ અતત્ત્વમાં તત્ત્વ માને છે, અર્થાત્ સાપ નથી ત્યાં સાપ માને છે. જ્યારે મંદ મિથ્યાદૃષ્ટિ જીવ તત્ત્વાભાસમાં તત્ત્વ માને છે, અર્થાત્ દોરડાને સાપ માને છે. આ બેમાં ઘણો તફાવત છે. જેમ કે દેવ-દેવીને પશુનું બલિ ચડાવવું, યજ્ઞાદિમાં પશુઓનો હોમ વગેરે મહાઅધર્મરૂપ હિંસામાં ધર્મ માનવો, એ અતત્ત્વમાં તત્ત્વ માનવા જેવું ગાઢ મિથ્યાત્વ છે. તે જીવને ઘણા કાળ સુધી સંસારમાં રખડાવે છે અને મહાદુઃખી કરે છે. હવે જે જીવોનું મિથ્યાત્વ મંદ પડી ગયું છે તેવા જીવોને આવા મહા અધર્મમાં કદાપિ ધર્મબુદ્ધિ થતી નથી. તેમનામાં અધ્યાત્મરસિકતા અંશે-અંશે પ્રગટેલી હોય છે, પણ નાનાં-નાનાં પાપોને તે ઓળખી શકતા નથી. જેમકે, જેમણે સંન્યાસ લીધો હોય તેમણે સર્વ પાપનો ત્યાગ કર્યો કહેવાય. તેમણે નાની નાની પાપની પ્રવૃત્તિ પણ છોડવી જોઈએ. હવે તે લોકો 'પવિત્રતામાં ઈશ્વરનો વાસ થાય છે,' એમ માનીને વારંવાર જળસ્નાન કરે છે. ત્યાં જ ભૂલ ખાઈ જાય છે કે ગંદકીથી ભરેલું આ શરીર, કદીપણ વાસ્તવિક રીતે પવિત્ર બની શકતું જ નથી. ઊલટું સ્નાન કરવામાં પાણીના અનેક જીવોની હિંસા થાય છે, તે પાપથી આત્મા મલિન થાય છે. જેમણે હજી બધાં પાપકર્મોનો ત્યાગ કર્યો નથી એવા ગૃહસ્થોને માટે ભગવદ્ભક્તિ કરતી વખતે શૌચ એ ધર્મ બની શકે, પણ સર્વ પાપારંભનો ત્યાગ કરનાર સાધુસંન્યાસીને માટે બાહ્ય શૌચ એ ધર્મ નથી. તેમાં ધર્મબુદ્ધિ કરવી એ તત્ત્વાભાસમાં તત્ત્વની બુદ્ધિ કરવા જેવું છે. ગીતામાં જે 'કર્મયજ્ઞને ધર્મ માનવામાં આવ્યો છે' તે તત્ત્વાભાસ જ છે. કારણકે સાંસારિક કર્તવ્ય બજાવવાં એ કાંઈ ધર્મ નથી. જેમ આકાશમાં પક્ષી ઊડતું હોય તેનું પ્રતિબિંબ સરોવરના સ્વચ્છ જળમાં પડે ત્યારે હિંસક જળચર પ્રાણીઓ તેને પક્ષી માનીને પકડવા માટે તરાપ મારે તેના જેવો આ ભ્રમ છે. આ ભ્રમ જ તેમને સમ્યક્ત્વ પામવામાં વિઘ્નભૂત છે.

અવેદ્યસંવેદ્યપદ એટલે મિથ્યાત્વ મંદ પડ્યા પછી જ જીવ યોગમાર્ગની સન્મુખ થયો છે. દરેક દૃષ્ટિમાં ક્રમસર મંદ થતું આવતું મિથ્યાત્વ ચોથી દૃષ્ટિમાં તો અત્યંત મંદ પડી ગયું છે. પરંતુ એક અપેક્ષાએ એમ કહી શકાય કે ભલે આ મિથ્યાત્વ મંદ છે, છતાં તેને દૂર કરવું ઘણું જ કઠિન છે; કારણકે આટલો બધો વૈરાગ્ય, તત્ત્વશ્રવણ અને શુભપરિણામોની ધારા હોવા છતાં તે નીકળતું નથી. જેમ કોઈ કપડું ખૂબ મલિન થયું હોય, તેમાં કેટલોક મેલ એવો હોય છે કે જે થોડી જ મહેનતે નીકળી જાય છે; પણ કેટલોક મેલ, જેમકે કોઈ ખરાબ વસ્તુના ડાઘ પડી ગયા હોય તે એવા તો સજ્જડ બેસી

ગયા હોય કે તેને કાઢતાં ઘણી મહેનત પડે છે. તેમ પહેલી દૃષ્ટિમાં જે દોષ છે તેને કાઢવામાં જેટલી મહેનત પડી, તેના કરતાં બીજી દૃષ્ટિના દોષને કાઢવામાં વધુ મહેનત પડે છે, અર્થાત્ શુભ અધ્યવસાયોની વધુ આવશ્યકતા રહે છે. તેના કરતાં ત્રીજી દૃષ્ટિના દોષને કાઢવામાં અને સૌથી વધુ મહેનત આ ચોથી દૃષ્ટિનો દોષ (મિથ્યાત્વ) જે ઉલ્બણ એટલે ઘણો ઉત્કટ છે તેને કાઢવા કરવી પડે છે, પણ અનર્થની અપેક્ષાએ વિચારીએ તો તેનાથી અનર્થ (પાપનો અનુબંધ) ઘણો હળવો થાય છે. કારણકે ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ એ ક્રમસર ઓછા, ઓછા અનર્થને કરનારા છે.

આ મિથ્યાત્વ સત્સંગ અને આગમના યોગથી દૂર થાય છે. અહીં બે વસ્તુ હોવા છતાં દ્વિવચન ન મૂકતાં એકવચન મૂકીને ગ્રંથકાર મહર્ષિ એમ કહેવા માંગે છે કે આગમ એ સત્પુરુષોએ જ લખેલા હોવાથી સત્સંગમાં જ તેનો સમાવેશ થઇ જાય છે. સત્સંગથી એ જુદી વસ્તુ નથી. જેમણે જીવનમાં શાસ્ત્રને પ્રધાનતા આપી છે એવા સત્પુરુષોનો સમાગમ અથવા તો સત્પુરુષો પાસેથી મળેલો શાસ્ત્રનો બોધ એ જ આ મિથ્યાત્વને દૂર કરવા માટે સમર્થ છે. મિથ્યાત્વ દૂર થાય એટલે જીવનો કુતર્કનો આગ્રહ પણ છૂટી જાય છે.

મિથ્યાત્વના કારણે જીવને અતત્ત્વમાં તત્ત્વનો ભ્રમ થાય છે. સાથે વળી પોતે જે માન્યું છે તે સાચું જ છે, એવો કદાગ્રહ હોવાના કારણે પોતાની માન્યતાને સત્યસિદ્ધ કરવા માટે તે અનેક પ્રકારના કુતર્કો કરે છે. આ જગતમાં કોઇ પણ વાત, પછી તે સાચી હોય કે ખોટી હોય, તેના અંગેની યુક્તિઓ અને દૃષ્ટાંતો મળી જ રહે છે. એમાં જો કુયુક્તિ (કુતર્ક) તેના હાથમાં આવી જાય તો જીવ તેમાં ફસાઇને મિથ્યાજ્ઞાનને પણ સત્યજ્ઞાન માનવાની ભૂલ કરી બેસે છે અને ઊંધે માર્ગે ચડી જાય છે. માટે જ કુતર્ક એ જીવનો ભયંકર ભાવશત્રુ છે. રોગ જેમ શરીરને ઉપઘાત કરે છે, તેમ કુતર્ક આત્માના શુદ્ધ જ્ઞાનનો અને આત્માની શક્તિનો ઉપઘાત કરે છે, શ્રદ્ધાનો ભંગ કરે છે, અભિમાનને વધારે છે અને ખોટો કદાગ્રહ વધારીને તેના ઉપશમભાવને હાનિ પહોંચાડે છે.

શબ્દના અનેક વિકલ્પો હોય છે, અર્થના પણ અનેક વિકલ્પો હોય છે. તે વિકલ્પોને પકડીને ખોટા દૂષણનો આભાસ (જાતિ) ઊભો કરીને શુષ્ક તર્કવાદીઓ સત્યને મારી નાખે છે. માટે જેમણે તત્ત્વની પ્રાપ્તિ કરવી હોય તેમણે જીવનમાં તર્ક કરતાં અનુભવને પ્રાધાન્ય આપવું જોઇએ. લોકોના અનુભવને બાધક બને એવી વાત ગમે એટલી યુક્તિથી સિદ્ધ થતી હોય તો પણ તે ખોટી જ છે; નકામી જ છે. આ બાબતમાં એક શુષ્ક તર્કવાદી વિદ્યાર્થીનું બોધક દૃષ્ટાંત આપ્યું છે.

એક વિદ્યાર્થી કોઇ માર્ગ ઉપર ચાલ્યો જતો હતો. સામેથી એક ગાંડો હાથી દોડતો

આવતો હતો. તેની ઉપર બેઠેલા મહાવતે લોકોને હાથીથી બચાવવા માટે બૂમો પાડી કે "આઘા ખસી જાઓ, નહિતર હાથી મારી નાંખશે." લોકો બધા દૂર ખસી ગયા, પણ પેલો વિદ્યાર્થી વિચાર કરતો ઊભો રહ્યો કે આ હાથી પ્રાપ્ત(પોતાને અડેલા) માણસને મારે છે કે અપ્રાપ્ત (નહિ અડેલા)ને મારે છે? જો પ્રાપ્તને મારતો હોય તો આ મહાવત તેને અડીને જ ઉપર બેઠેલો છે તો તેને કેમ નથી મારતો? અને જો અપ્રાપ્તને મારે છે તો દૂર રહેલા બધા લોકોને મારે. માટે 'હાથી મારે છે' એમ કહેવું ખોટું છે. આમ તે વિચાર કરતો હતો ત્યાં તો હાથી એકદમ નજીક આવી ગયો અને તેને પકડ્યો. માંડ-માંડ મહાવતે તેને છોડાવ્યો અને બચાવ્યો.

આમ અનુભવસિદ્ધ વાતમાં ખોટા કુતર્ક કરવાથી ઘણું અહિત થાય છે. કુતર્કથી સત્ય ખોવાઇ જાય છે. માટે કુતર્કો કરવા નહિ.

અહીંયાં કુતર્ક કરવાનો નિષેધ કર્યો છે, સુતર્ક કરવાનો નિષેધ નથી. "બધી વાતોને શ્રદ્ધાથી જ માની લેવી, એમાં તર્ક કે યુક્તિ લગાડવાં જ નહિ" આમ માનવું એ મહા ભૂલભરેલું છે. યુક્તિગમ્ય વાતોને યુક્તિથી જ સમજવી જોઇએ.અને ગુરુએ પણ યુક્તિપૂર્વક તે સમજાવવી જોઇએ. તેના બદલે ઉપદેશક જો એમ કહે કે "ભગવાને શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે તે શ્રદ્ધાંથી સ્વીકારી લેવું જોઇએ, તેમાં દલીલો કરાય જ નહિ; સર્વજ્ઞના વચનમાં શું તમને શ્રદ્ધા નથી?" આમ કહીને જે ઉપદેશક બુદ્ધિનાં અને તર્કનાં બારણાં બંધ કરી દે છે, તે ઉપદેશક મહાપાપ બાંધે છે. તે શ્રોતાઓનો શત્રુ છે. શાસ્ત્રોને સમજવા માટે બધી દલીલો કરાય. શ્રદ્ધાથી માની લીધેલી વાતો કરતાં બુદ્ધિથી સમજેલી વાતો વધારે દૃઢ બને છે. માટે સુતર્ક તો કરવા જ જોઇએ. પૂર્વના મહાપુરુષોએ શાસ્ત્રોની વાતોને સિદ્ધ કરવા માટે સુતર્કોના ગ્રંથોના ગ્રંથો લખ્યા છે. કારણકે સુતર્કથી સત્ય તત્ત્વ સમજાય છે, જ્ઞાનની વૃદ્ધિ થાય છે, શ્રદ્ધા દૃઢ થાય છે.

કોઇ પણ તર્ક એ સુતર્ક છે કે કુતર્ક છે, તે ઓળખવો શી રીતે? તે માટે સમાધાન આપતાં કહે છે કે, જેમાં ઊંડાણમાં ઊતરીને જ્યારે આગળ પ્રશ્નો પૂછતા જઇએ ત્યારે તેમાં દલીલ કે યુક્તિ ન મળવાથી છેવટે થાકીને એમ કહેવું પડે કે "ભાઇ વસ્તુનો આવો સ્વભાવ જ છે" તો તે કુતર્ક છે એમ સમજવું. વાદી એમ કહે, કે આત્મા નિત્ય છે કારણકે તેનો એવો સ્વભાવ છે, તો પ્રતિવાદી એમ કહેશે કે આત્મા અનિત્ય છે, કારણકે તેનો એવો સ્વભાવ છે. આ વાદીપ્રતિવાદીએ કલ્પેલા બંને સ્વભાવમાંથી કયો સ્વભાવ સાચો છે એ છદ્મસ્થ શી રીતે જાણી શકે? માટે તેમાં સોગંદ ખાધા સિવાય જ્ઞાનનો બીજો કોઇ ઉપાય રહેતો જ નથી. કોઇ એમ કહે છે કે "હું સોગંદ ખાઇને કહું છું કે આ વાત આમ જ છે" તેના જેવી આ સ્વભાવવાદીની વાત છે. કારણકે જગતમાં પરસ્પર વિરુદ્ધ

સ્વભાવને સિદ્ધ કરનારાં દૃષ્ટાંતો મળી રહે છે. એક કહે કે "અગ્નિ બાળે છે અને પાણી ભીંજવે છે. બીજો કહેશે કે નહિ, અગ્નિ ભીંજવે છે અને પાણી બાળે છે" આમ કહીને પોતાની વાતને સિદ્ધ કરવા માટે તે અગ્નિની પાસે ચંદ્રકાંતમણિ મૂકી દેશે તો અગ્નિમાંથી પાણી વહેવા માંડશે, એટલે અગ્નિ ભીંજવનાર થયો; અને પાણીને અગ્નિ ઉપર મૂકશે એટલે તે ગરમ થયેલું પાણી બાળનાર થશે. માટે આવા શુષ્ક તર્કો કરવા એ વિતંડાવાદ છે. તેનાથી કદાપિ પણ તત્ત્વજ્ઞાન થતું નથી.

બૌદ્ધદર્શનમાં એક જ્ઞાનાદ્વૈતવાદ મત છે. તે માને છે કે જગતમાં એક જ્ઞાન જ વાસ્તવિક છે. એ સિવાયના દેખીતા બધા જ પદાર્થો એ મિથ્યા આભાસ છે. ત્યારે પ્રતિવાદી દલીલ કરે છે કે પદાર્થ વગર પદાર્થનું જ્ઞાન થઇ શકે નહિ, કારણકે જ્ઞાન એ પદાર્થના આલંબનથી જ થાય છે. ત્યારે વાદી કહે છે કે ના, પદાર્થ ન હોવા છતાં જ્ઞાન થઇ શકે છે. (આને નિરાલંબન જ્ઞાન કહેવામાં આવે છે.) જુઓ સ્વપ્નમાં માણસ, વસ્તુ ન હોવા છતાં વસ્તુને જુએ છે, એક ચંદ્રના ઠેકાણે આંખના રોગીને બે ચંદ્ર દેખાય છે, ઝાંઝવાનાં જળ, પાણી ન હોવા છતાં દેખાય છે. તેમ આ જગતમાં કોઇ પદાર્થ વાસ્તવિક રીતે છે જ નહિ, માત્ર આપણને તેનો આભાસ થાય છે.

આમ પોતાની વાતને સિદ્ધ કરવા માટે તે ભલેને એનેકાનેક દૃષ્ટાંત આપે પણ તેની વાત કોઇ રીતે સાચી માની શકાય નહિ. કારણકે લોકોને પ્રત્યક્ષ અનુભવ એના કરતાં તદન વિરુદ્ધ જ થાય છે; અને છેલ્લે તો અનુભવ એ જ પ્રમાણભૂત છે. માટે પંડિત પુરુષો અતીંદ્રિય પદાર્થોની સિદ્ધિ માટે કદી પણ શુષ્ક તર્કનો આશ્રય લેતા નથી પણ આગમનો જ આશ્રય લે છે. જેમ ચંદ્ર-સૂર્યનું ગ્રહણ ક્યારે થશે એ વર્ષો પહેલાં પણ શાસ્ત્ર વડે એકદમ ચોક્કસ જાણી શકાય છે, તેમ બીજા પણ અતીન્દ્રિય પદાર્થો આગમ વડે જાણી શકાય છે. અંતે ગ્રંથકાર મહર્ષિ સારાંશ રૂપે ઉપદેશ આપતાં કહે છે કે મહાત્માઓએ કુતર્કના પનારે કદી પડવું નહિ પણ હંમેશાં શ્રુત(આગમ), શીલ (પરદ્રોહનું વર્જન) અને સમાધિ માટે જ પ્રયત્નશીલ બનવું.

મહર્ષિ પતંજલિ પણ કહે છે કે આગમ, અનુમાન અને યોગાભ્યાસ વડે ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ આગમની વાતોને સુયુક્તિ વડે અનુમાનાદિથી વિચારીને બુદ્ધિગમ્ય કરવી, પછી તેને યોગાભ્યાસ વડે (અનુષ્ઠાનાદિ વડે) અનુભવગમ્ય કરવી. આમ કરવાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

ભૂમિકારૂપે આટલું વિચાર્યા બાદ, હવે તે ઉત્તમ તત્ત્વ શું છે તેનું ગ્રંથકાર મહર્ષિ નિરૂપણ કરે છે. તેઓશ્રીએ તત્ત્વનું આખુંય નિરૂપણ નિશ્ચયની શૈલીથી કર્યું છે. તેને સમજવા માટે બુદ્ધિને ખૂબ જ સમતુલ બનાવવી આવશ્યક છે. નહીં તો તેના રહસ્યને

સમજ્યા વગર કોઇ એક બાજુ જો વધુ ઝોક આપી દઇશું તો તત્ત્વના બદલે અતત્ત્વ જ આપણા હાથમાં આવશે. સૌ પ્રથમ હવે દેવતત્ત્વની વાત શરૂ કરે છે.

"આ જગતમાં સર્વજ્ઞ ઘણા છે અને તે ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા છે" સર્વજ્ઞોના ભક્તોએ એમ માનવું તે મોહ ભરેલું છે. વ્યક્તિની અપેક્ષાએ ઋષભદેવ આદિ અનેક સર્વજ્ઞો હોવા છતાં તે બધામાં સર્વજ્ઞત્વ એક સરખું હોવાથી પરમાર્થથી તો સર્વજ્ઞ એક જ છે. "જે સર્વ દોષથી મુક્ત છે અને સર્વગુણસંપન્ન છે તે અમારા સર્વજ્ઞ (ભગવાન) છે" આવું માનીને જે ભગવાનની ભક્તિ કરે છે, તે માણસ ભલે ગમે તે ધર્મવાળો હોય કે અરિહંત, બુદ્ધ, કૃષ્ણ વગેરે ગમે તે નામથી ભગવાનની ભક્તિ કરતો હોય, પણ વાસ્તવિક રીતે તો તે સર્વજ્ઞનો જ પૂજક છે. કારણકે તે દરેકે સર્વજ્ઞનું જે લક્ષણ બાંધ્યું છે, તે એકદમ સરખું જ છે. એટલે 'આ સર્વજ્ઞનો પૂજક છે અને આ સર્વજ્ઞનો પૂજક નથી' એવો તમે ભેદ શી રીતે પાડી શકો? હવે કોઇ એમ કહે કે કોઇ પણ ધર્મના અધ્યાત્મવાદીઓ દેવતત્ત્વનું સામાન્ય લક્ષણ ભલે આમ એકસરખું બાંધતા હોય પણ વિશેષ લક્ષણ તો બધાનું ભિન્ન ભિન્ન જ છે. તો શું કરવું? તેનું સમાધાન કરતાં કહે છે કે કોઇ પણ છદ્મસ્થ માણસ સર્વજ્ઞની સંપૂર્ણ વિશિષ્ટતાઓને જાણી કે ઓળખી શકતો જ નથી. તેથી એ બાબતમાં બધા અપૂર્ણ જ છે. અપૂર્ણના જ્ઞાનમાં ભેદ રહેવાનો જ. કારણકે કોઇ અમુક અંશને પકડે તો કોઇક વળી બીજા અંશને પકડે. માટે એ વાતને બાજુ ઉપર છોડી દેવી. સર્વજ્ઞને ઊંડાણથી, વિશેષ રીતે સર્વજ્ઞ જ જાણી શકે છે, છદ્મસ્થ જાણી શકતા નથી. તેમને તો માત્ર સામાન્ય આભાસ જ થાય છે. વીતરાગની સંપૂર્ણ આજ્ઞાનું પાલન વીતરાગ જ કરી શકે છે અને તે બારમા ગુણસ્થાનકે જ સંભવિત છે. કારણકે જ્યાં સુધી એક પણ કષાય છે, પછી ભલે તે પ્રશસ્ત હોય, તો પણ સર્વજ્ઞની પૂરી ઉપાસના કરી શકાતી નથી. પરંતુ સામાન્યથી પણ સર્વજ્ઞને જાણવા તે અતિ દુર્લભ છે અને તે માટે ઘણા ગુણો કેળવવા પડે છે. સામાન્ય લક્ષણ જેમણે સાચું પકડ્યું છે અને ગુણની દૃષ્ટિએ જેઓ સર્વજ્ઞની ઉપાસના કરે છે તે તો સર્વજ્ઞના જ ઉપાસક છે. આમાં લૌકિક દૃષ્ટાંત આપતાં કહે છે કે રાજાના સેવકો, કોઇ તેમની નજીક રહીને સેવા કરતા હોય અને કોઇ દૂર દેશમાં રહીને સેવા કરતા હોય, વળી કોઇક મંત્રીપદે હોય તો કોઇ દ્વારપાળ હોય, પણ તે બધા ય રાજાના સેવક જ કહેવાય છે. કારણકે બધાના હૈયામાં રાજાની ભક્તિ રહેલી છે. એવી રીતે જેના હૈયામાં સર્વજ્ઞની ભક્તિ છે, તેના ગુણને ઓળખીને જે ભક્તિ કરે છે, તે બધા ય તેના ઉપાસકો જ છે. જેઓ યોગમાર્ગમાં હજી શરુઆતની અપુનર્બંધક આદિ અવસ્થામાં રહેલા આદિધાર્મિક જીવો છે તેઓ તેમનાથી દૂર રહેલા છે, એમ કહેવાય. દૂર હોય કે નજીક હોય, ભલે જુદા-જુદા આચાર પાળતા હોય છતાં પણ તે બધાય સર્વજ્ઞના જ

ઉપાસક છે. નામની સાથે અહીં કોઇ લેવા-દેવા નથી. નામ જુદાં હોવા છતાં પણ જો ગુણ સરખા છે, તો તે વ્યક્તિ એક જ કહેવાય, જુદી ન કહેવાય. પંડિત પુરુષો નામના ભેદથી ભેદ નથી માનતા પણ ગુણના ભેદથી ભેદ માને છે. કોઇ પણ ધર્મમાં રહેલા અપુનર્બંધક જીવોથી માંડીને બધા જીવો સર્વજ્ઞના ઉપાસક છે, તે ભાવથી જૈન છે. દ્રવ્યથી જૈન કરતાં આવા ભાવથી જૈનની કિંમત વધારે છે.

જે લોકો સર્વજ્ઞના ગુણના ઉપાસક છે, તેઓ ભલે ગમે તે નામથી તેની ઉપાસના કરતા હોય છતાં પણ પરમાર્થથી સર્વજ્ઞના જ ઉપાસક છે. આ વાત શાસ્ત્રસંમત છે, એમ સિદ્ધ કરી બતાવતાં કહે છે કે જુઓ, જેમાં સુંદર અધ્યાત્મની વિચારણા કરેલી છે, એવા સારા-સારા યોગશાસ્ત્રોમાં દેવની ભક્તિ બે પ્રકારની બતાવેલી છે. (૧) **ચિત્રાભક્તિ** અને (૨) **અચિત્રાભક્તિ**.

આમાં જે અચિત્રાભક્તિ છે તે સંસારાતીત તત્ત્વની અર્થાત્ સર્વજ્ઞની ભક્તિ છે. સંસારાતીત માર્ગ અર્થાત્ મુક્તિમાર્ગના યાત્રિક એવા યોગીઓ કે જેમને સર્વજ્ઞત્વની પ્રાપ્તિ કરવી છે તેઓ આ અચિત્રાભક્તિ કરે છે. ચિત્ર એટલે વિવિધ પ્રકાર(ભેદ) અને અચિત્ર એટલે વિવિધ પ્રકાર(ભેદ) નહિ તે. આ ભક્તિમાં એક જ પ્રકાર હોય છે. કારણકે આમાં સર્વજ્ઞના બાહ્ય સ્વરૂપની ઉપાસના નથી પણ ગુણની ઉપાસના છે. બાહ્ય સ્વરૂપમાં ભેદ હોઇ શકે છે, પણ સંસારાતીત તત્ત્વના ગુણમાં કોઇ જ ભેદ હોઇ શકતો નથી. વળી આ ભક્તિ શમપ્રધાન અર્થાત્ વૈરાગ્યપ્રધાન હોય છે અને તે અસંમોહ બોધને પામેલા યોગીઓ જ કરી શકે છે. જેમને સંસારના કોઇ પણ ભૌતિક સુખ કે પૌદ્ગલિક પદાર્થની કાંક્ષા નથી, એક માત્ર આત્મા-પરમાત્મામાં જેમનું મન રમી રહ્યું છે, અધ્યાત્મસુખની જ જેમને કાંક્ષા છે; એવા યોગીઓ જ આ અચિત્રાભક્તિ કરતા હોય છે. હવે તે યોગીઓ એ સંસારાતીત તત્ત્વને મહાવીર, બુદ્ધ, કૃષ્ણ ગમે તે નામથી પૂજતા હોય છતાં, તે બધા સર્વજ્ઞના જ ઉપાસકો છે અને તેમની ભક્તિ એક જ પ્રકારની છે, એમ તેમની ભક્તિને અચિત્રા નામ આપીને શાસ્ત્રકારો કહેવા માંગે છે. માટે નામ જુદાં હોવા છતાં સર્વજ્ઞ જગતમાં એક જ છે એમ નક્કી થયું.

હવે બીજી જે ચિત્રાભક્તિ છે તે લોકપાલ, મહાકાળીદેવી, મહાલક્ષ્મી વગેરે સંસારી દેવોની ભક્તિ છે. તે સંસારરસિક જીવો કરતા હોય છે. આ ભક્તિ વૈરાગ્યપ્રધાન નથી હોતી પણ રાગપ્રધાન હોય છે. આ જીવોને સંસારના કોઇ ને કોઇ ભૌતિક પદાર્થોની પૌદ્ગલિક સુખની આકાંક્ષા હોય છે. પોતાની તે તે આકાંક્ષાઓ જે દેવ પૂર્ણ કરી શકે તેમ હોય તેમના ઉપર રાગ હોય છે અને તે સિવાયના ઉપર તેમને દ્વેષ હોય છે. આમ તેમની ભક્તિ મોહગર્ભિત હોય છે.

વળી આ બધા સંસારી દેવતાઓનાં નામ જુદાં-જુદાં છે, એમ તેમનું ઐશ્વર્ય, આકાર, શીલ, રંગ-રાગ, સ્થિતિ, પ્રભાવ, સ્થાન, વિમાનાદિ બાહ્યસ્વરૂપ પણ જુદું-જુદું હોય છે. તેમની રુચિ પણ જુદી-જુદી હોય છે. કોઈને અમુક ઈષ્ટ હોય છે તો કોઈને કાંઈક બીજું ઈષ્ટ હોય છે. તેમને પ્રસન્ન કરવા માટે તેમના ઉપાસકોએ તેમની રુચિ મુજબ કરવાનું હોવાથી જુદા-જુદા દેવોની ઉપાસના જુદી-જુદી રીતે થાય છે. આમ આ સંસારી દેવોની ભક્તિમાં અનેક પ્રકાર પડતા હોવાથી તે ભક્તિને ચિત્રાભક્તિ કહેવામાં આવે છે.

ધર્માનુષ્ઠાનના ઈષ્ટ અને પૂર્ત એમ બે ભેદ પડે છે. યજ્ઞના અધિકારીઓ યજ્ઞની વેદિકામાં બ્રાહ્મણોની સમક્ષ મંત્રોચ્ચાર કરવાપૂર્વક જે સોનું, વસ્ત્ર, ભોજન વગેરે દાનમાં આપે છે, તેને ઈષ્ટ કહેવામાં આવે છે. વાવ-કૂવા-તળાવ ખોદાવવાં, દેવમંદિરો બંધાવવાં, અન્નક્ષેત્રો ખોલવાં વગેરેને પૂર્ત કહેવામાં આવે છે. આ ઈષ્ટ અને પૂર્ત અનુષ્ઠાનો લોકો જુદા-જુદા આશયથી કરતા હોય છે. તેમાં જેવો તેમનો આશય હોય છે તેવું તેમને ફળ મળે છે. એકસરખું અનુષ્ઠાન હોવા છતાં આશયના ભેદથી ફળમાં ભેદ પડે છે. કારણકે ખેતીમાં જેમ પાણીની મુખ્યતા છે તેમ ધર્માનુષ્ઠાનોમાં આશય (અભિસન્ધિ)ની મુખ્યતા છે. (આશય એટલે ભાવ, પરિણામ, ઉદ્દેશ વગેરે).

અન્ય ધર્મોમાં આ ઈષ્ટપૂર્ત કાર્યો લૌકિક ઉદ્દેશથી વિવેકરહિતપણે કરાય છે. ત્યાં સામાજિક કાર્યોને ધર્મમાં ગણી લેવામાં આવ્યાં છે. તે સારા ભાવપૂર્વક કરવામાં આવે તો પણ માત્ર કોરો પુણ્યબંધ જ કરાવે છે. જ્યારે જૈનશાસનમાં આવાં સામાજિક કાર્યોને ધાર્મિક કાર્યોમાં ગણવામાં આવ્યાં નથી. તેને અનુકંપાનાં કાર્યો તરીકે ગણવામાં આવે છે. તે અનુકંપાદિ કાર્ય જો વિવેકપૂર્વક કરવામાં આવે તો પુણ્યાનુબંધીપુણ્યનું કારણ બને છે અને અનુક્રમે મોક્ષનું સાધન બને છે. અનુકંપાનાં કાર્ય કરતી વખતે નીચેના ત્રણ આશયો રાખવાના હોય છે.

(૧) **જૈનશાસનની વિશિષ્ટ પ્રભાવના કરવા માટે** :- વસ્તુપાલ-તેજપાલ વગેરે પૂર્વના ઘણા જૈન શ્રીમંતોએ જૈનશાસનની પ્રભાવના કરવા માટે વાવ-કૂવા-તળાવ ખોદાવ્યાં છે, દાનશાળાઓ ઠેર-ઠેર ખોલી છે અને મુસલમાનોની મસ્જીદ પણ બંધાવી આપી છે. આ બધું વ્યક્તિવિશેષ માટે આવે, પણ આ બધું કરવા પાછળ તેમનો એક જ ઉદ્દેશ હતો કે તેનાથી લોકોનું ચિત્ત આકર્ષાય. જૈનધર્મ પ્રત્યે તેમના હૈયામાં કૂણી લાગણી રહે. જૈન ધર્મસ્થાનોને તેઓ નુકસાન કે નાશ કરતા અટકે અને જૈનો નિર્વિઘ્ને ધર્મકાર્ય કરી શકે. અન્યધર્મીઓ પણ જૈન ધર્મસ્થાનો ઉપર જ્યારે આફત આવે ત્યારે પોતે તેનું જે

લૂણ ખાધું છે તે ઋણ અદા કરવા માટે, તેની રક્ષા કરવા માટે કટિબદ્ધ બને. વળી લોકોના હૈયામાં અહોભાવ જાગે કે આ લોકોનો જૈનધર્મ કેટલો બધો દયામય છે. આમ જૈનશાસનની રક્ષા અને પ્રભાવના થાય.

(૨) **જૈનશાસનની અપભ્રાજના અટકાવવા માટે** :- દુકાળ વગેરે સમયમાં લોકો ભૂખે-તરસે મરતા હોય અને જૈન શ્રીમંતો જો અન્નશાળા વગેરે ખોલીને તેમને મદદ ન કરે તો લોકોના હૈયામાં જૈનધર્મ પ્રત્યે એક જાતનો તિરસ્કાર, ઘૃણાભાવ જાગે કે આમનો ધર્મ કેટલો નિર્દયતા અને ક્રૂરતાથી ભરેલો છે કે અમે મરીએ તેની તેમને બિલકુલ પરવા નથી. આવી શાસનની અપભ્રાજના ન થાય માટે અનુકંપાદિનાં કાર્યો કરવાં ઉચિત છે. કારણકે જૈનશાસનનો તિરસ્કાર કરનારને ગાઢ મિથ્યાત્વ બંધાય છે, અને ભવાંતરમાં તે બોધિદુર્લભ બને છે. તેમાં નિમિત્તભૂત બનનાર સાધુ કે શ્રાવકને પણ એવું જ ગાઢ મિથ્યાત્વ બંધાઇ બોધિદુર્લભ બને છે. માટે જૈન શ્રીમંતો જે ગામના આગેવાન હોય તે ગામમાં કૂવા, તળાવ, આયુર્વેદિક ચિકિત્સાલયો વગેરે સામાજિક કાર્યોના ફંડફાળા થાય તેમાં પૈસા આપે ખરા, પણ સાથે એટલો વિવેક રાખે કે પોતાના હોદ્દાને અનુરૂપ જેટલા જરુરી હોય એટલા જ પૈસા આપે, તેનાથી એક નવો પૈસો પણ વધારે ન આપે. વળી શાસનની અપભ્રાજના ન થાય એ આશયથી આપે પણ સુપાત્ર કે સાતક્ષેત્રની જેમ ભક્તિ કે ભાવોલ્લાસથી ન આપે.

(૩) **પોતાનું હૈયું ધીઠું ન થાય માટે** :- પોતાની નજર સામે માણસો ભૂખે ટળવળતા હોય કે દુ:ખથી રિબાતા હોય, એ સમયે પોતાની પાસે સાધનસામગ્રી હોવા છતાં, દંભ રાખીને છતી શક્તિએ જો તેમનું દુ:ખ દૂર કરવા માટે પોતે પ્રયત્ન ન કરે, તો પોતાનું હૈયું એટલું કઠોર અને નિર્દય બની જાય છે. હૈયું કરુણાથી આર્દ્ર રહેવું જોઇએ તેના બદલે કઠોરત્તા આવે એ મહાદોષરૂપ છે. માટે જૈન શ્રીમંતો અનુકંપાદિનાં કાર્યો કરે છે.

શ્રાવકોને આમ તો ભાવઅનુકંપામાં જ રસ હોય છે. પણ ઉપરના ત્રણ આશયથી તેઓ દ્રવ્યઅનુકંપાનાં કાર્યો પણ વિવેકપૂર્વક કરે છે. તેનાથી તેમને પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે. તેમાં પણ પરિણામને અનુસાર પુણ્યબંધમાં તરતમતા પડે છે.

આ તો પ્રાસંગિક વાત થઇ. આપણી મૂળ વાત એ ચાલે છે કે બે માણસો એક સરખું ધર્માનુષ્ઠાન કરતા હોય છતાં બંનેના આશય જો જુદા હોય તો બંનેને ફળ પણ જુદું-જુદું જ મળે છે. તેમાં એકને પ્રશસ્ત રાગ હોય તો બીજાને અપ્રશસ્ત રાગ હોય,

એકને તીવ્ર કોટિનો હોય તો બીજાને મંદ કોટિનો હોય. આમ અનેક પ્રકારની તરતમતાથી આશયમાં ભેદ પડતો હોવા છતાં તેમાં મૂળભૂત કારણ બોધનો ભેદ છે. તે બોધ ત્રણ પ્રકારનો છે -**(૧) બુદ્ધિ (૨) જ્ઞાન અને (૩) અસંમોહ.**

(૧) **બુદ્ધિ** :- જેમાં માત્ર ઇન્દ્રિયો વડે જ અર્થનું જ્ઞાન થાય છે, તેને બુદ્ધિપૂર્વકનું અનુષ્ઠાન કહેવામાં આવે છે. જેમકે બીજાને તીર્થયાત્રા કરવા જતા જોઇને કોઇ માણસને તીર્થયાત્રા કરવા જવાનું મન થઇ જાય. તેને આપણે પૂછીએ કે ભાઇ! શા માટે તીર્થયાત્રા કરવા જાઓ છો? તો તે જવાબ આપશે કે શાસ્ત્રમાં તીર્થયાત્રા કરવાનું કહ્યું છે, તેનાથી ઘણા લાભ થાય છે, વગેરે. ઉપરછલ્લી દૃષ્ટિનું જ્ઞાન હોવાથી તે એવા જ જવાબ આપશે. પણ તીર્થ કોને કહેવાય? તેને તરવાનું સાધન કેમ કહ્યું છે? તીર્થયાત્રા કરતી વખતે મનના ભાવ(પરિણામ) કેવા રાખવા જોઇએ, તેની તેને ઊંડી સમજ ન હોય. માટે આવો વિષયપ્રતિભાસરૂપ માત્ર જે બોધ, તે બુદ્ધિપૂર્વકનો બોધ કહેવાય છે. આમાં પ્રણિધાન આદિ હોતાં નથી. આ જ કરવા જેવું છે, એમ તેને લાગતું નથી. એટલે આવો બુદ્ધિપૂર્વકનો બોધ તો નાસ્તિકને પણ હોઇ શકે છે. આવા બોધથી થતા ધર્માનુષ્ઠાનથી સંસાર કપાતો નથી કે મોક્ષ નિકટ આવતો નથી. માટે બાહ્યદૃષ્ટિએ તેનો ગમે તેટલો વિકાસ હોય તો પણ અંતરંગ દૃષ્ટિએ તેની ખાસ કાંઇ ગણત્રી નથી.

(૨) **જ્ઞાન** :- જેને આગમપૂર્વકનો એટલે કે શાસ્ત્રીય પરિભાષાનો વિવેક છે, તેવા જીવોનું ધર્માનુષ્ઠાન તે જ્ઞાનપૂર્વકનું કહેવાય છે. આમાં પ્રણિધાનાદિ હોય છે. તે ઓછાવત્તા અંશે હોય તો પણ જેટલા અંશે છે એટલા અંશે મોક્ષ નિકટ આવે છે.

(૩) **અસંમોહ** :- આને બોધરાજની ઉપમા આપી છે. કારણકે તે સર્વશ્રેષ્ઠ છે. આ બોધવાળાને મોહ મુંઝવી શકતો નથી. તેમનું ધર્માનુષ્ઠાન એ સદ્અનુષ્ઠાન અર્થાત્ અમૃત અનુષ્ઠાન જ હોય છે. આ બોધવાળા જીવો મોક્ષની અતિ નિકટવર્તી એવા અમૃતઅનુષ્ઠાનવાળા જ હોય છે. અચિત્રાભક્તિ કરનારા જીવોમાં આવો અસંમોહ હોય છે.

લોકપ્રસિદ્ધ રત્નનું દૃષ્ટાંત આપીને ત્રણ પ્રકારના બોધને સમજાવે છે. એક ચમકદાર કિંમતી રત્ન છે. તેને ત્રણ પ્રકારના બોધવાળા માણસો જુદી-જુદી દૃષ્ટિએ ગ્રહણ કરે છે. જેમકે કોઇ અબૂઝ રબારી, એ રત્નને જોઇને તેને લેવાનું મન કરે છે; પણ તે માત્ર તેની ચમકથી આકર્ષાઇને જ તે લેવા લલચાય છે. તેના લક્ષણની કે ગુણવત્તાની

પરખ નહિ હોવાથી તે તેની વિશેષ કિંમત આંકી શકતો નથી. ધર્મક્ષેત્રમાં બુદ્ધિપૂર્વકનું અનુષ્ઠાન કરનારા બાળજીવોનાં અનુષ્ઠાનો આવાં જ હોય છે. તેઓ માત્ર બાહ્ય આડંબરમાં જ રાચતા હોઈને અંતરંગ રહસ્યને પામી શકતા નથી. તેઓને શુભપરિણામોનો ઘણો ઉલ્લાસ હોય તો પણ તેમાં અવિવેક ઘણો હોય છે. તેથી માત્ર કોરા પુણ્યબંધ સિવાય બીજો કોઇ વિશેષ લાભ તે મેળવી શકતા નથી. તેમનું તે જ્ઞાન વિષયપ્રતિભાસરૂપ કહેવાય છે.

હવે બીજો માણસ એવો છે કે તે આ રત્નનાં લક્ષણોને જાણે છે અને તેની પરખ બરાબર કરી શકે છે. એ રત્ન રોગનો નાશ કરનાર છે, ઝેરને ઉતારનાર છે, ઈચ્છિતને આપનાર છે, વગેરે લક્ષણોને તે જાણતો હોય છે. તેથી તે તેની માત્ર બાહ્ય ચમકથી નથી આકર્ષાતો, પણ તેની ગુણવત્તાથી તેની કિંમત આંકે છે અને ગ્રહણ કરે છે. તેવી જ રીતે જ્ઞાનપૂર્વકના બોધવાળા જીવોનું ધર્માનુષ્ઠાન તેના રહસ્યની સમજણપૂર્વકનું હોય છે. તે શા માટે કરવાનું છે? તેનાથી લાભ શો? તે કરવાની સાચી વિધિ કઇ? એ તે બરાબર જાણતો હોય છે. ભલે તે શક્ય હોય એટલું જ પાલન કરતો હોય પણ જાણકારી હોવાથી તે છેતરાતો નથી. આ જીવોનું અનુષ્ઠાન તે ઇચ્છાયોગનું અનુષ્ઠાન કહેવાય છે અને તેનું જ્ઞાન આત્મપરિણતિવાળું જ્ઞાન કહેવાય છે.

હવે ત્રીજો માણસ એ રત્નનાં લક્ષણોને બરાબર જાણતો હોય છે અને સાથે-સાથે તેના પ્રયોગની વિધિ અથવા તો ચિંતામણિ વગેરે રત્ન હોય તો તેની ઉપાસનાની વિધિ પણ બરાબર જાણતો હોય છે અને પ્રયત્નપૂર્વક તે વિધિ બરાબર કરતો પણ હોય છે. એટલે એ રત્ન, તેને સિદ્ધ થાય છે. એ રત્ન પાસેથી તે પૂરેપૂરા ફળને પ્રાપ્ત કરી શકે છે. માટે તે રત્ન તેને પ્રાપ્ત થયું એમ કહેવાય છે. જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાનમાં જાણકારી હતી પણ તે પ્રમાણેનું પૂરેપૂરું આચરણ નહોતું; સદ્અનુષ્ઠાન નહોતું. જ્યારે આમાં સદ્અનુષ્ઠાનરૂપ પૂરેપૂરું આચરણ હોય છે. એજ રીતે અસંમોહ બોધવાળા જીવો પોતે વિધિને બરાબર જાણીને તે વિધિપૂર્વક જ ધર્માનુષ્ઠાન કરે છે. તેમનું ધર્માનુષ્ઠાન એ અમૃતઅનુષ્ઠાન કહેવાય છે. આમનું જ્ઞાન તે તત્ત્વસંવેદનરૂપ જ્ઞાન છે. તેઓ જે કોઇ ધર્માનુષ્ઠાન કરે છે, તેના પૂરેપૂરા ફળને પ્રાપ્ત કરી શકે છે અને શીઘ્રતાથી મોક્ષને પ્રાપ્ત કરે છે.

અસંમોહ બોધવાળાનું અનુષ્ઠાન તે અમૃતઅનુષ્ઠાન હોય છે. તેનાં લક્ષણ કહે છે:-

(૧) તે અનુષ્ઠાનોમાં તેને અત્યંત આદર હોય છે. અર્થાત્ તે અનુષ્ઠાનમાં પોતાના મન-વચન-કાયાના યોગોને તે પૂરેપૂરા પ્રવર્તાવતો હોય છે. તેમાં તે ઉત્કૃષ્ટ કોટિનો

પુરુષાર્થ કરતો હોય છે.

(૨) તે અનુષ્ઠાન કરવામાં તેને અત્યંત રાગ હોય છે કારણકે તેનાથી પોતાને જે ઉત્તમ લાભો થવાના છે તેની તેને પૂરેપૂરી સમજ છે.

(૩) અમૃતઅનુષ્ઠાન વિઘ્ન વગરનું હોય છે. શુભભાવના પ્રચંડ બળથી એવું તો પુણ્ય (અદષ્ટ) ઊભું થાય છે કે વિઘ્નભૂત પાપકર્મો ગાઢ હોય તો તેને પણ દબાવી દેવા તે સમર્થ બને છે. ઘણાં પાપકર્મની નિર્જરા પણ થઇ જાય છે.

(૪) અમૃતઅનુષ્ઠાનથી તત્કાળ જ સંપત્તિની પ્રાપ્તિ થાય છે. શુભભાવથી ઉત્કૃષ્ટ પુણ્યની સિદ્ધિ થાય છે. હંમેશાં ઉત્કૃષ્ટ પુણ્ય કે ઉત્કૃષ્ટ પાપ તે તુર્ત જ ફળતાં હોય છે. જેમકે મયણાસુંદરી, શ્રીપાલકુંવર તથા સુદર્શન શેઠ વગેરેને તત્કાળ જ વિઘ્નોનો નાશ થઇને સંપત્તિની પ્રાપ્તિ થઇ છે.

(૫) જે ધર્માનુષ્ઠાન પોતે કરે છે, તેની સંપૂર્ણ વિધિને જાણવાની અને પાળવાની તેને ઇચ્છા- જિજ્ઞાસા હોય છે.

(૬) એ ધર્માનુષ્ઠાનના જાણકારની, આદરનારની તે સેવા કરે છે. આમાં ગુરુજનની સેવા આવે છે અને તે પૂર્વસેવારૂપ છે. ગુરુજનનો તેની ઉપર અનુગ્રહ થાય છે. જેમ કે શ્રીપાળ તથા મયણાસુંદરીને ભગવાનનાં દર્શન કરતાં હતાં ત્યારે અનુગ્રહરૂપે હાથમાં બીજોરુ અને ફૂલની માળા આવ્યાં. અર્થાત્ ગુરુજનનો વિનય-વૈયાવચ્ચ કરીને, વિધિને બરાબર જાણીને, અતિશય પ્રયત્નપૂર્વકનું તેનું પાલન કરીને, અત્યંત રાગથી જે ધર્માનુષ્ઠાન કરાય છે તે અમૃતઅનુષ્ઠાન કહેવાય છે. તેનાથી તત્કાળ જ વિઘ્નોનો નાશ થાય છે, સંપત્તિની પ્રાપ્તિ થાય છે અને ગુરુજનની કૃપાદષ્ટિ (અનુગ્રહ) થાય છે, તેમ જ સાનુબંધ હોવાથી શીઘ્રતયા મોક્ષને અપાવનાર થાય છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારના બોધનું વર્ણન કરીને તે બોધથી કરાતાં અનુષ્ઠાનોનું ફળ બતાવે છે. બુદ્ધિથી કરાતાં અનુષ્ઠાનો અશાસ્ત્રીય હોવાથી પરિણામે સંસારને વધારીને નિરસ ફળ આપે છે. તાત્કાલિક થોડું-ઘણું સુખ કદાચ મળે પણ પરિણામે તે સંસારમાં આસક્તિ કરાવીને દુર્ગતિમાં જ ધકેલનાર બને છે.

બીજા નંબરનું જે જ્ઞાનપૂર્વકનું અનુષ્ઠાન છે, તે કુલયોગીઓને મુક્તિ પ્રાપ્ત કરવા માટેનું અંગ છે. કારણકે તે શ્રુતશક્તિથી યુક્ત છે અને તાત્ત્વિક અનુબંધવાળું છે. કુલયોગી એટલે અપુનર્બંધક જીવથી માંડીને સાતિચાર ચારિત્રવાળા મુનિઓ. આ બધાનું અનુષ્ઠાન જ્ઞાનપૂર્વકનું હોય છે. શ્રુતની ભાવરૂપ શક્તિ જે વિવેક તે અમૃત સદશ છે. તે તાત્ત્વિક અનુબંધ દ્વારા ક્રમસર મુક્તિને પમાડે છે. તે વિવેક અપુનર્બંધક અવસ્થા પહેલાં નથી હોતો. અપુનર્બંધક જીવમાં તાત્ત્વિક વૈરાગ્ય છે અને આંશિકપણ તાત્ત્વિક વિવેક પ્રગટ્યો

છે. "તપ, ત્યાગ, સંયમ્ એ આત્માનો સ્વભાવ છે. પૌદ્ગલિક ભોગ એ આત્માનો વિભાવ છે." આવો વિવેક પ્રણિધાન રૂપે આ જીવોને હોય છે. ધર્માનુષ્ઠાનમાં મુખ્ય વિધિ પ્રણિધાનની જ છે. જેમનામાં આ પ્રણિધાન હોય છે તેઓ મોક્ષમાર્ગમાં રહેલા છે અને તેમનું અનુષ્ઠાન એ મુક્તિનું સાધક હોય છે. બીજી બધી વિધિ તો એ ધીમે-ધીમે પછી જાણતા થાય છે. જેમના વૈરાગ્ય અને વિવેક જોરદાર નથી હોતા, તેમને અતાત્ત્વિક અનુબંધ પડે. તેનાથી બે-ચાર ભવોમાં પુણ્ય કરાવે એવી સામગ્રી મળે છે. પછી તે અટકી જાય છે. જ્યારે તાત્ત્વિક અનુબંધ ઠેઠ મુક્તિ સુધી પહોંચાડે છે. પહેલા ગુણસ્થાનકથી તેની શરુઆત થઇ જાય છે.

ત્રીજા નંબરનું જે અસંમોહપૂર્વકનું અનુષ્ઠાન છે, તે શાસ્ત્રયોગવાળાનું સંપૂર્ણ વિધિપૂર્વકનું અમૃતઅનુષ્ઠાન છે. ચારિત્રમોહનીયનો જો નિકાચિત ઉદય ન હોય તો એ જ ભવમાં તે મુક્તિને આપે છે. મયણાસુંદરીને ભગવાનની પૂજારૂપ અમૃતઅનુષ્ઠાન થયું છે; પણ તેને ચારિત્રમોહનીય નિકાચિત ઉદયમાં હોવાથી તે ભવમાં ચારિત્ર કે મુક્તિ મળી શક્યાં નથી. છતાં અલ્પ ભવમાં જ તેનો નિસ્તાર છે. સંસારથી અતીત તત્ત્વને પામેલાઓ કે જેમણે સમતારૂપ આત્મરમણતાના સુખનો અનુભવ કર્યો છે, ઔત્સુક્ય માત્રનો જેમણે ત્યાગ કર્યો છે, તેમનાં અનુષ્ઠાનો અસંમોહથી કરાયેલાં હોય છે અને તે એકાંતે શુદ્ધ હોવાથી શીઘ્ર મુક્તિને આપનાર બને છે. આ જીવો આસન્ન મુક્તિગામી હોય છે.

અસંમોહ અનુષ્ઠાન કરનાર જીવોનું લક્ષણ બાંધતાં ગ્રંથકાર મહર્ષિએ એમ લખ્યું છે કે તેઓ પ્રાકૃત ભાવમાં ઉત્સુકતારહિત હોય છે. અહીં પ્રાકૃત શબ્દ સાંખ્યદર્શનના પ્રકૃતિ શબ્દ ઉપરથી બનેલો છે. સાંખ્યદર્શનવાળા મૂળ બે જ તત્ત્વ પ્રકૃતિ અને પુરુષને માને છે. પ્રકૃતિ જડ છે; પુરુષ ચેતન છે. પ્રકૃતિમાંથી બુદ્ધિ, મહત્, શબ્દાદિ વિષયો, ઇંદ્રિયો વગેરે ૨૫ તત્ત્વો ઉત્પન્ન થયેલા છે. તે બધાને પ્રાકૃત કહેવામાં આવે છે. પ્રાકૃત શબ્દથી શબ્દાદિ વિષયોરૂપ જડસૃષ્ટિ સમજવાની છે. તેમાં ભાવવિરક્ત એવા આ જીવોને ઉત્સુકતા-રાગ હોતો નથી. માટે આ જીવો મુક્ત તુલ્ય છે.

આ પ્રમાણે જીવોમાં બોધનો ભેદ છે. તેના કારણે તેમના આશય-પરિણામમાં ભેદ પડે છે અને આશયભેદના કારણે ફળમાં ભેદ પડે છે.

સર્વજ્ઞ એક જ છે એમ બતાવ્યા પછી હવે બતાવે છે કે નિશ્ચયથી સર્વજ્ઞે ઉપદર્શિત મોક્ષમાર્ગ એક જ છે. તે માર્ગ છે ચિત્તની વિશુદ્ધિનો. દરેક ધર્મવાળા ચિત્તની વિશુદ્ધિને જ મોક્ષમાર્ગ કહે છે. ચિત્તની વિશુદ્ધિ એટલે સમભાવ. જેમ જેમ જીવની રાગ-દ્વેષની પરિણતિ મંદ પડતી જાય છે તેમ તેમ તેની ચિત્તની વિશુદ્ધિ વધતી જાય છે અને તે

અનુક્રમે મોક્ષમાર્ગમાં આગળ વધતો જાય છે. જેનામાં સમભાવ વધારે હોય તે મોક્ષની નજીક છે અને ઓછો હોય તે મોક્ષથી એટલો દૂર છે, એમ માનવું. આમ સમભાવની માત્રાની તરતમતા અનુસારે અવસ્થા ભેદ છે; પણ માર્ગ તો એક જ છે. વ્યવહારનયથી મોક્ષે પહોંચવા માટેના અસંખ્યાતા યોગો છે. તે બધા જુદી-જુદી કેડીરૂપ છે. એ કેડીઓ દ્વારા છેવટે નિશ્ચયનો જે રાજમાર્ગ ચિત્તવિશુદ્ધિરૂપ છે, ત્યાં પહોંચવાનું છે. એ સીધો રાજમાર્ગ પકડ્યા પછી જ જીવ મોક્ષનગરમાં પહોંચી શકે છે. જે યોગોથી ચિત્તની વિશુદ્ધિ ન થતી હોય તેમને મોક્ષમાર્ગ ગણી શકાય નહિ. સર્વ દર્શનવાળાઓને આ માન્ય છે.

પરંતુ આ ચિત્તવિશુદ્ધિ એ લક્ષ્યશુદ્ધિપૂર્વકની જોઇએ. જે ચિત્તવિશુદ્ધિ લક્ષ્યશુદ્ધિ વગરની છે તે લૌકિક કહેવાય છે. તેની મોક્ષમાર્ગમાં કિંમત નથી. લક્ષ્યશુદ્ધિપૂર્વકની જે લોકોત્તર ચિત્તવિશુદ્ધિ છે, તે જ મોક્ષમાર્ગરૂપ બને છે. નિશ્ચયનય હંમેશાં બધા ય ધર્મના તાત્ત્વિક અંશને જ ગ્રહણ કરનારો છે. માટે દરેક ધર્મમાં રહેલા લોકોત્તર ગુણોને જ તે પકડે છે. સાધકદશામાં જીવ કર્મયોગમાં હોય કે જ્ઞાનયોગમાં હોય પણ જો પરતત્ત્વ-મુક્તિના લક્ષ્યપૂર્વક તે ચિત્તવિશુદ્ધિને સાધી રહ્યો છે, તો નિશ્ચયના મતે તે મોક્ષમાર્ગ ઉપર જ ચાલી રહ્યો છે.

હવે મોક્ષમાર્ગના સાધકોનું લક્ષ્યબિંદુ બનેલી મુક્તિ પણ સર્વદર્શનવાળાઓ એકસરખા સ્વરૂપવાળી જ માને છે એમ બતાવતાં કહે છે કે દરેક દર્શનવાળાઓએ મુક્તિનું જે વર્ણન કર્યું છે, તેમાં માત્ર શબ્દનો ભેદ છે પણ તાત્ત્વિક રીતે જોતાં તેના મૂળભૂત સ્વરૂપમાં કોઇ પણ જાતનો ભેદ નથી.

દરેક આર્યધર્મવાળા માને છે કે સંસારી જીવ એક જાતના બંધનથી બંધાયેલો છે. એ બંધનને કોઇ કર્મ એવું નામ આપે છે તો કોઇ તેને પ્રકૃતિ, તો કોઇ તેને વાસના, તો કોઇ તેને અવિદ્યા નામ આપે છે. ગમે તે નામ હોય પણ એ બંધનના કારણે જીવ સતત પરવશતાનો અનુભવ કરી રહ્યો છે, અને સાચું સંપૂર્ણ સુખ ભોગવી શકતો નથી. એ બંધ અવસ્થામાંથી છૂટવા માટે સહુ કોઇ મુક્તિને ઝંખે છે. તે મુક્તિના સ્વરૂપને સહુ કોઇ એક રીતે જ વર્ણવે છે કે પુદ્ગલની ઉપાધિથી સંસાર છે અને પુદ્ગલની ઉપાધિથી છૂટવું એ મુક્તિ છે અને મુક્તિને પામેલા તે મુક્તાત્મા છે. આમ સામાન્ય રીતે એક સ્વરૂપવાળું પરમ તત્ત્વ સૌ માને છે. છતાં દરેકના વર્ણનમાં શબ્દના ભેદથી ભેદ છે. શબ્દભેદ હવે સમજાવે છે.

૧) **સદાશિવ** :- શિવને પૂજનારા, પરમતત્ત્વને સદાશિવ એવું નામ આપે છે. અર્થાત્ હંમેશાં જ્યાં કલ્યાણ જ છે. ત્રણે કાળમાં જે શુદ્ધ છે તે.

૨) **પરંબ્રહ્મ** :- કેટલાક પરમતત્ત્વને બ્રહ્મતત્ત્વ સ્વરૂપ માને છે. આત્માનું મૂળ સ્વરૂપ શુદ્ધ હતું ત્યારે તે બ્રહ્મસ્વરૂપી હતો. સંસાર અવસ્થા એ તેનું વિકૃત સ્વરૂપ છે. તેમાંથી પાછા મૂળ સ્વરૂપમાં આવવું તેનું નામ જ પરંબ્રહ્મ કે પરમ સત્ અવસ્થા છે. બ્રહ્મ એ સત્ સ્વરૂપ છે અને સત્ નું ઉત્પાદક છે. તે સત્ ભાવનું આલંબન એ જ મુક્તિ છે.

૩) **સિદ્ધાત્મા** :- જૈનો તેને સિદ્ધાત્મા કહે છે. તેણે કરવાનું બધું જ કરી લીધું છે, છોડવાનું બધું જ છોડી દીધું છે. આમ જે કૃતકૃત્ય થઇ ગયા તે સિદ્ધાત્મા કહેવાય છે.

૪) **તથાતા** :- કેટલાક પરમતત્ત્વને તથાતા એવું નામ આપે છે અર્થાત્ એક સરખી રીતે જ હંમેશાં જે રહે છે તે. ઉપાદાનથી કે નિમિત્તથી એમ બંને કારણોથી પણ જેનામાં કોઇ જાતનો ફેરફાર નથી થતો પણ હંમેશાં ધ્રુવપણું એકસરખું રહે છે, તે તથાતા કહેવાય છે. પુદ્ગલમાં વિકૃતિ થઇને ફેરફાર થાય છે. તે કોઇ વખત ઉપાદાનથી થાય છે, કોઇ વખત નિમિત્તથી થાય છે. પુદ્ગલમાં જૂનાનું નવું અને નવાનું જૂનું થવાનો સ્વભાવ છે. આ ફેરફાર ઉપાદાનથી થયેલો ગણાય છે. કોઇ વખત બીજાં બાહ્ય નિમિત્તોના કારણે ફેરફાર થાય છે, તે ફેરફાર નિમિત્તથી થયેલો ગણાય છે. મોક્ષમાં ગયેલા મુક્તાત્માનું ઉપાદાન એ પરિપૂર્ણ શુદ્ધ છે; સમભાવરૂપ છે; સર્વથા કષાયનો તેને અભાવ છે. એટલે કોઇ જાતની તેમાં વિકૃતિ આવતી નથી. તેમ જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ વગેરે નિમિત્તો પણ ત્યાં કોઇ જાતની વિજાતીય અસર કરી શકતા નથી. આમ ઉપાદાન અને નિમિત્ત બંનેથી ત્યાં ધ્રુવપણું છે.

વળી જડ સંસારની વિયોગાત્મક એ તથાતા અવસ્થા છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક એ ત્રણે પ્રકારનાં દુઃખોનો ત્યાં અભાવ છે. વળી તે "પરાભૂતકોટિંનું" એટલે કે સર્વ સદ્ભૂત પદાર્થોની કોટિમાં આત્મતત્ત્વ એ 'પરા' એટલે અત્યંત શ્રેષ્ઠ છે. જ્ઞાન વગેરે તેના ગુણોથી તેમજ અતુલ વીર્યાત્મક શક્તિથી આત્મતત્ત્વ સર્વશ્રેષ્ઠ છે.

'ભૂતાર્થ ફળદ' એટલે કે સદ્ભૂત એવું જે અંતિમ પ્રયોજન સદાનંદ, સદાતૃપ્તિ તે રૂપી ફળને આપનારી આ અવસ્થા છે. અર્થાત્ જડ પુદ્ગલનો સર્વથા સંબંધ છોડીને આત્મા જ્યારે મુક્ત બને છે, ત્યારે સંપૂર્ણ દુઃખથી મુક્ત બને છે, અનંત ગુણ અને અનંત શક્તિનો તે સ્વામી બને છે અને સદાતૃપ્ત એવો તે સદાનંદમાં મગ્ન રહે છે.

આ પ્રમાણે કોઇ તેને સદાશિવ, તો કોઇ તેને પરમ બ્રહ્મ એમ ભલે બધા જુદાં

જુદાં નામો આપતા હોય, છતાં અન્વર્થથી વિચારીએ તો તેના સ્વરૂપ વિશે બધાનો મત એક જ છે. દરેક ધર્મવાળા એમ જ કહે છે કે તે નિરાબાધ છે, નિરામય છે, નિષ્ક્રિય છે, પરમ તત્ત્વ છે. શારીરિક, માનસિક કોઇ પ્રકારની વ્યાબાધા ન હોવાથી તે 'નિરાબાધ' છે. શારીરિક દ્રવ્ય રોગો અને ક્રોધાદિ કષાયરૂપ ભાવરોગો નહિ હોવાથી તે 'નિરામય' છે. કૃતકૃત્ય હોવાથી 'નિષ્ક્રિય' છે. જન્મ, જરા, મરણનો અભાવ હોવાથી આવા પ્રકારનું 'પરમતત્ત્વ' છે.

આ પ્રમાણે અસંમોહ જ્ઞાનથી નિર્વાણ સંજ્ઞાવાળું પરમતત્ત્વ જણાયા પછી બુદ્ધિમાન એવા પંડિત પુરુષોને તેની ભક્તિમાં કદાપિ વિવાદ ઉત્પન્ન થતો નથી. કારણકે બધાય ધર્મવાળા તત્ત્વથી તો મોક્ષતત્ત્વની વાત એકસરખી જ કરે છે.

આ નિર્વાણ તત્ત્વને સર્વજ્ઞ થયા બાદ જ પામી શકાય છે. અસર્વજ્ઞ કદી તેને પામી શકતા નથી. માટે સર્વજ્ઞપણું એ તેનો ઋજુ (સીધો) માર્ગ છે. સીધો માર્ગ હંમેશાં એક જ હોય છે. આડા અવળા, ફેરમાં જતા માર્ગ અનેક હોઇ શકે છે. પણ કોઇ પણ સ્થળે પહોંચવાનો સીધો માર્ગ તો એક જ હોય છે. માટે નિર્વાણ તત્ત્વ જો એક જ છે તો તેને પામવાના સીધા માર્ગરૂપ સર્વજ્ઞપણું પણ એક જ હોવું જોઇએ. આ પ્રમાણે સર્વજ્ઞ તે એક જ છે, તેમાં કોઇ ભેદ જ નથી, એ મૂળ વાતની સિદ્ધિ કરી.

હવે પ્રશ્ન એ થાય છે કે સર્વજ્ઞ તો એક જ છે, એક જ અભિપ્રાયવાળા છે, તો પછી તેની દેશના પણ એક જ, એકસરખી જ હોવી જોઇએ. તેના બદલે બધાની દેશના ભિન્ન-ભિન્ન હોય છે, તેનું શું કારણ? આ પ્રશ્નનું સમાધાન આપતાં કહે છે કે દેશના ભિન્ન-ભિન્ન હોવાના કારણમાં ત્રણ વિકલ્પ ઘટી શકે છે.

(૧) શ્રોતાજનો એ સંસારરૂપી રોગથી પીડાઇ રહ્યા છે. એ રોગને નષ્ટ કરીને તેમના આત્માને નીરોગી બનાવનાર સર્વજ્ઞ મહાત્મા એ વૈદ્યરૂપ છે. જેમ વૈદ્ય જેવો રોગ હોય એવી દવા આપે છે, તેમ આ સર્વજ્ઞ મહાત્માઓ પણ શ્રોતાજનનો ભાવરોગ જે જાતનો હોય અને તે જે રીતે દૂર થાય તેમ હોય એ રીતની તેમને દેશના આપે છે. આમ શ્રોતાજનોની રુચિની ભિન્નતાને કારણે કપિલ, સુગત, મહાવીર આદિની દેશનામાં ભિન્નતા છે. જેમ કે કપિલને એવા શ્રોતા મળ્યા કે જે કાલાંતર અપાયના ભીરુ હતા. કાલાંતર અપાય એટલે ક્ષણિકતા. તેમની જ આગળ જો ક્ષણિકતાનો ઉપદેશ આપવામાં આવે તો તેમને એમાં નિરાશા ઊભી થાય કે જો બધું ક્ષણિક જ છે, તો પછી સત્કાર્યો શા માટે કરવાનાં? પુણ્ય પાપ બધું જ ક્ષણિક છે, એવી નાશવંત વસ્તુ માટે પ્રયત્ન શા માટે કરવો? આમ ક્ષણિકતાથી ગભરાઇને તે સત્કાર્યો કરવાનાં છોડી દે, એવા શ્રોતાઓને આશ્રયીને કપિલે નિત્યવાદનો ઉપદેશ આપ્યો કે ભાઇ! દ્રવ્યથી તો બધું નિત્ય જ છે.

આત્મા નિત્ય છે, જગત પણ નિત્ય છે, માટે સત્કાર્યો કરવાં એ સફળ છે. આમ પર્યાયની ક્ષણિકતાને ગૌણ કરીને દ્રવ્યની નિત્યતાને મુખ્ય કરીને ઉપદેશ આપ્યો, જેથી શ્રોતાને આત્માની નિત્યતા સમજાવાથી ધર્મકાર્યમાં ઉત્સાહ વધે.

હવે બીજા કેટલાક શ્રોતાઓ ભોગ-સુખમાં ખૂબ જ આસક્ત હોય છે. તેમને ખાઈપીને મોજમજા કરવામાં જ રસ હોય છે. તે વખતે તે મૃત્યુને ભૂલી જાય છે. પરલોક તેને યાદ આવતો નથી. આવા શ્રોતાજનને ઉદ્દેશીને સુગતે ક્ષણિકતાવાદનો ઉપદેશ આપ્યો. તેને સમજાવ્યું કે "જે ભોગસામગ્રીમાં તું આસ્થા રાખીને બેઠો છે એ સામગ્રી કાંઇ હંમેશાં રહેવાની નથી. તે બધી વીજળીના ઝબકારા જેવી ચંચળ છે. તે નાશ પામશે પછી તું શું કરીશ? વળી તારા માથે ય મૃત્યુની તલવાર લટકી રહી છે. તો તું જાણે ક્યારેય મરવાનું નથી એમ નચિંત થઇને કેમ ફરે છે? નિત્યતાને ગૌણ કરીને પર્યાયની ક્ષણિકતાને મુખ્ય બનાવીને તેને ઉપદેશ આપ્યો. આ સાંભળવાથી શ્રોતાને ભોગસામગ્રી અનિત્ય અને અસાર લાગે, તેમાં આસક્તિ ઓછી થાય અને આત્મહિતમાં તેને રસ પેદા થાય. આમ પોતે નિત્યાનિત્યરૂપ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જાણતા હોવા છતાં પોતાને જે રીતે ગુણકારી બને એ રીતે, વસ્તુના તે તે અંશને આગળ કરીને સર્વજ્ઞ ઉપદેશ આપે છે. માટે તે દેશના અદુષ્ટ જ છે. શ્રોતાની રુચિને અનુસારે ઉપદેશ આપવા પાછળ તેમનો એક જ ઉદ્દેશ છે કે કોઇ પણ રીતે તેમનામાં સંસાર પ્રત્યેનો વૈરાગ્ય જગાડીને સાનુબંધ એવું બીજાધાન કરવું છે. ઉત્તરગુણની વૃદ્ધિ વડે તે સાનુબંધ બને છે.

(૨) સર્વજ્ઞની દેશના ભિન્ન-ભિન્ન હોવાના કારણનો હવે બીજો વિકલ્પ કહે છે. ગ્રંથકાર મહર્ષિ કહે છે કે સર્વજ્ઞની દેશના તો એક જ પ્રકારની હતી પણ શ્રોતાજનોએ પોતપોતાની રુચિને અનુસારે તેમાંથી ભિન્ન-ભિન્ન અર્થઘટન કરેલું છે. સર્વજ્ઞનું એવું અચિન્ત્ય પુણ્યસામર્થ્ય છે કે તેમની દેશનાથી યોગ્ય જીવોને અવશ્ય લાભ થાય જ છે. એટલે તેમની દેશના તો એ જ હોય છે. પણ યોગ્ય શ્રોતાઓ તેમાંથી પોતાનું જે રીતે હિત થતું હોય એ રીતે નિત્યતા અનિત્યતા આદિ રૂપે અર્થઘટન કરીને બોધ લેતા હોય છે. એકની એક દેશના હોવા છતાં સૌને તે પોતપોતાનું જે રીતે હિત થતું હોય તે રીતે ભાસે છે. તેમાં પણ સર્વજ્ઞનું અતિશય અચિન્ત્ય પુણ્યસામર્થ્ય જ કામ કરે છે. તેમની દેશના અવંધ્ય હોય છે. એટલે શ્રોતા જો યોગ્ય હોય તો અવશ્ય તેને ગુણ કરે જ છે. જેટલી અને જેવી જેની યોગ્યતા હોય તેટલો અને તેવો તેને ગુણ કરે છે. જેમનું તથાભવ્યત્વ પાક્યું નથી એવા અયોગ્ય જીવોને એ દેશના ગુણકારી બનતી નથી. જેમ સૂર્યનો પ્રકાશ ઘુવડને લાભ નથી કરતો, તેમ સર્વજ્ઞની દેશના જે અવંધ્ય એટલે કે સફળ જ કહેવાય છે તે યોગ્ય જીવોને આશ્રયીને સમજવાનું છે.

(૩) સર્વજ્ઞની દેશના ભિન્ન-ભિન્ન હોવાના કારણમાં ત્રીજો વિકલ્પ એ છે કે સર્વજ્ઞે દેશના એક જ આપી છે. પણ તેમના ઉત્તરાધિકારી એવા ઋષિમુનિઓએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને દેશનાભેદ કર્યો છે. અર્થાત્ આગળ જતાં જેમ-જેમ કાળ આદિમાં પરાવર્તન આવતું ગયું તેમ-તેમ લોકોની રુચિ આદિ પણ બદલાતાં ગયાં. એટલે પાછળના કપિલ આદિ ઋષિમુનિઓને લોકોની રુચિ અનુસાર દેશનાભેદ કરવો પડ્યો અને એક એક નયને આશ્રયીને દેશના આપવી પડી; પણ તેમની એ દેશનાનું મૂળ ઉદ્ગમસ્થાન તો સર્વજ્ઞની દેશના જ છે. સર્વજ્ઞની દેશનામાં બધા નયોનું નિરૂપણ હતું. તેમાંથી તેમણે તે તે કાળના લોકોને ઉપકારક બને તે તે નયને પ્રાધાન્ય આપીને દેશના આપી. સર્વજ્ઞનો એવો અતિશય હોય છે કે તે સર્વનયમય સ્યાદ્વાદપૂર્ણ શૈલીથી દેશના આપે અને તેમાંથી શ્રોતાઓ પોતાને હિતકર નયને પકડે. પણ બીજા ઋષિમુનિઓનો એવો અતિશય નથી હોતો એટલે તેઓ એકસાથે સર્વાંગી દેશના આપી શકતા નથી; પણ નયપ્રધાન દેશના આપે છે.

આ ત્રણ કારણે સર્વજ્ઞની દેશનામાં ભેદ પડે છે. ગમે તે નયની વાત હોય પણ તે બધી સર્વજ્ઞે જ કહેલી છે. માટે છદ્મસ્થ જીવોએ કોઇપણ નયનો એકાન્તે અપલાપ ન કરવો જોઇએ. કારણકે તેનો અપલાપ એ સર્વજ્ઞના વચનનો જ અપલાપ છે; અને તે મહાન અનર્થને કરે છે. દરેક નયની વાત અપેક્ષાએ સ્વીકાર્ય બને છે. જ્યારે તે ઉન્માર્ગરૂપ બને છે ત્યારે જ તે અસ્વીકાર્ય બને છે.

કોઇપણ નયની વાત ત્રણ રીતે ઉન્માર્ગરૂપ બને છે.

(૧) **જો તે વાત એકાન્તે રજૂ કરવામાં આવી હોય તો** :- જેમકે આત્મા એકાન્તે નિત્ય છે અથવા તો એકાન્તે અનિત્ય છે. આમ એકાન્તે પ્રરૂપણા કરવી તે ઉન્માર્ગ છે.

(૨) **જો તે વાત ઊંધી અપેક્ષાએ રજૂ કરવામાં આવી હોય તો** :- જેમ કે નિશ્ચયની અપેક્ષાએ આત્મા શુદ્ધ છે અને વ્યવહારની અપેક્ષાએ આત્મા અશુદ્ધ છે. તેના બદલે કોઇ ઊંધી રજૂઆત કરે કે વ્યવહારથી આત્મા શુદ્ધ છે અને નિશ્ચયથી આત્મા અશુદ્ધ છે. આમ ઊંધી અપેક્ષાએ કરાયેલી રજૂઆત ઉન્માર્ગ બને છે.

(૩) **અસ્થાને રજૂ કરવામાં આવી હોય તો** :- જેમકે નીચલી કક્ષામાં જે ધર્મ છે તે જ ઉપરની કક્ષામાં અધર્મ બની જાય છે અને જે ઉપરની કક્ષાનો ધર્મ છે તે નીચલી કક્ષામાં અધર્મ બની જાય છે. દિગંબરની અપરિગ્રહની વાતો કે સ્થાનકવાસીની

મૂર્તિપૂજાના નિષેધની વાતો એ શાસ્ત્રની જ વાતો છે અને અમુક કક્ષામાં મંજુર પણ છે; પરંતુ તેમણે એ ઉપલી કક્ષાના મુનિને યોગ્ય વાતો નીચેની કક્ષાવાળા જીવોમાં લાગુ પાડીને અસ્થાને રજૂ કરવાથી તે ઉન્માર્ગરૂપ બની જાય છે. 'લબ્ધિધારી મુનિઓ માટે વસ્ત્ર-પાત્ર રહિત અપરિગ્રહતાનો ધર્મ શાસ્ત્રમાં ઉપદેશેલો છે. તે દિગંબરોએ સર્વ સામાન્ય મુનિઓના માટે પણ લાગુ પાડ્યો' એ અસ્થાને રજૂઆત છે. તેવી જ રીતે જેમણે પોતાના સ્વાર્થ માટે પણ હિંસાનો ત્યાગ કર્યો છે, એવા મુનિઓને માટે મૂર્તિપૂજા માટે કરાતી હિંસા વર્જ્ય બને છે. તેના બદલે સ્થાનકવાસીઓએ તે વાત ગૃહસ્થોને લાગુ પાડી. એ લોકો તો પોતાના સ્વાર્થ માટે અનેક જાતની હિંસા કરતા જ હોય છે. માટે તેમના માટે એ ઉન્માર્ગ છે.

આ ત્રણ રીતે કરાતી શાસ્ત્રની વાતો પણ ઉન્માર્ગમાં ગણાય છે અને તેનું તો ખંડન કરી શકાય છે. ઉન્માર્ગ સિવાયની નયોની વાતોનું ખંડન એ અનર્થકારી છે. જેમ જાતિ અંધ માણસે ચંદ્ર કદી જોયો જ નથી તો પછી તેનું ખંડન કે મંડન કરવું, તેના ભેદની કલ્પના કરવી, જેમકે તે લાંબો છે કે ગોળ છે વગેરે બોલવું તે ન્યાયની દૃષ્ટિએ અનુચિત છે. તે જ રીતે છદ્મસ્થ જીવોએ જે વસ્તુનું પોતાને જ્ઞાન નથી એ વિષયમાં અર્થાત્ સર્વજ્ઞ કે તેની દેશનામાં ભેદની કલ્પના કરવી તે અનુચિત છે.

અહીં ચંદ્રની ઉપમા આપવા પાછળ એ હેતુ છે કે આંધળો માણસ બીજી વસ્તુઓને તો સ્પર્શ કરીને અમુક અંશે જાણી શકે છે પણ ચંદ્રને તે સ્પર્શ કરી શકતો નથી. તેથી તે એના જ્ઞાનનો વિષય બની શકતો નથી. તેવી જ રીતે અહીં સર્વજ્ઞનું સ્વરૂપ એ છદ્મસ્થના જ્ઞાનની બહારની વસ્તુ છે. સર્વજ્ઞનું મૂળ સ્વરૂપ એક જ છે. જો મૂળ તત્ત્વ એક જ છે તો પછી તેના ભેદ કલ્પવા એ આંધળો માણસ જેમ ચંદ્રના ભેદ કલ્પે તેના જેવું ખોટું જ છે. એમ કરવાથી સર્વજ્ઞની જ નિંદા થાય છે. સજ્જન પુરુષો સામાન્ય માણસની પણ નિંદા કરતા નથી તો પછી સર્વજ્ઞનો પરિભવ કરવો એ તો જીભનો છેદ કરવા કરતાં પણ અધિક દુષ્ટ છે.

સજ્જન પુરુષો મિથ્યાદૃષ્ટિની જેમ કદી પણ સામા માણસને ઉતારી પાડે તેવું નિંદિત વચન બોલતા જ નથી. અંગત સ્વાર્થ ખાતર કોઈ પણ માણસની કે કોઈ પણ ધર્મની તે નિંદા કરતા નથી. પણ વાસ્તવિકતાનું નિરૂપણ કરવા માટે જેનો જેટલો દોષ હોય એટલો દોષ બતાવવો પડે તે નિંદા ગણાતી નથી. સજ્જન માણસો હંમેશાં સુનિશ્ચિત જ બોલે. તત્ત્વનો ખ્યાલ રાખીને એવું બોલે કે જેથી સામો માણસ ધર્મમાં સ્થિર થાય. 'સારવત્' એટલે નકામું ન બોલે પણ જેનાથી શ્રોતાનું હિત થાય એવું ગંભીર અર્થભરેલું બોલે.

અહીં આટલી વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે કોઇ પણ વાતની પકડ રાખ્યા વિના મધ્યસ્થભાવ કેળવવો એ સમ્યક્ત્વને પામવા માટે પૂર્વભૂમિકામાં ખૂબ જરૂરી છે. એવા માણસો છે કે જે વિષયનું પોતાને ચોક્કસ જ્ઞાન ન હોય તેમાં કદી પણ પોતાનો અભિપ્રાય પ્રગટ કરતા નથી; પણ તેથી એમ નહિ સમજવાનું કે તેઓ સત્યને સમજવાની મહેનત નથી કરતા. સત્યને સમજવા માટે તે પૂરેપૂરો પુરુષાર્થ કરે છે અને તે સમજાઇ ગયા પછી સર્વ સામર્થ્યપૂર્વક તેને વળગી રહે છે.

હવે આગળ સમજાવતાં કહે છે કે સર્વજ્ઞ વગેરે અતીંદ્રિય પદાર્થોનો નિશ્ચય યોગીના જ્ઞાન સિવાય શક્ય નથી. યોગીનું જ્ઞાન એટલે અનુભવજ્ઞાન. છદ્મસ્થોને તે વિષયનું જ્ઞાન ન હોવાથી તેઓએ એ બાબતમાં કોઇપણ જાતનો વિવાદ કરવો ન જોઇએ. કારણકે વિવાદ કરવાથી ચિત્ત કલુષિત થાય છે. વિવાદના બદલે ધર્મવાદ કરવો. તેમને સમજવા માટે મધ્યસ્થભાવથી પરસ્પર જે ચર્ચા કરાય છે તેને ધર્મવાદ કહેવામાં આવે છે. ધર્મવાદ કરવાથી પરસ્પર બંનેને લાભ થાય છે. કોઇ ખાસ પ્રસંગમાં વિવાદ પણ કરવો પડે છે. જેમકે જ્યારે સામેનો માણસ વિવાદ કરીને તત્ત્વનું ખંડન કરવા માંગતો હોય તો તેની સામે વિવાદમાં ઊતરીને પણ તત્ત્વની સ્થાપના કરવી જોઇએ. કોઇ પણ ધર્મમાં રહેલા આત્મકલ્યાણભૂત લોકોત્તર ધર્માનુષ્ઠાનોની રુચિ સમ્યક્ત્વમાં જોઇએ છે. પહેલું ગુણસ્થાનક પામવા માટે અદ્વેષ ગુણ જોઇએ છે, તો ચોથું ગુણસ્થાનક પામવા માટે મધ્યસ્થભાવ જોઇએ છે.

જૈનશાસનને પણ કુલાચારથી જેઓ માને છે તેને આભિગ્રહિક મિથ્યાત્વ કહેલું છે. કારણકે કુલાચારથી તેને જૈનના બદલે બીજો ધર્મ મળ્યો હોત તો તે તેને માનત. જૈનધર્મના ગુણથી પ્રેરાઇને તે એ ધર્મ કરતો નથી. ગુણની પરીક્ષા કરીને જ્યારે ધર્મ સ્વીકારવામાં આવે છે, ત્યારે તે લોકોત્તર ધર્મ બને છે. ગુણની પરખ કર્યા વગર કરાતો ધર્મ એ લૌકિક છે. લોકોત્તર ધર્મ કરનારા જીવો ઘણા ઓછા મળશે. તેવા જીવોને તપ, ત્યાગ, સંયમ તાત્ત્વિક જ ગમતાં હોય છે. નિશ્ચયને સામે રાખીને તેઓ વ્યવહાર ધર્મ કરતા હોય છે. અન્યધર્મમાં લૌકિક વાતો ઘણી જ છે. જ્યારે જૈનધર્મ એ લોકોત્તર ધર્મ છે. લોકોત્તર એવા જૈન ધર્મનેય જેઓ લૌકિક રીતે કરી રહ્યા છે તેમની પ્રશંસા ન કરાય. વિષ્ણુ કે શંકરની પૂજા કરતો હોય પણ જો તે તાત્ત્વિક વૈરાગ્ય અને વિવેકપૂર્વક કરતો હોય તો તેનું એ અનુષ્ઠાન તેને મોક્ષમાર્ગમાં આગળ વધારી રહ્યું છે માટે માર્ગાનુસારી છે. એ કારણે તેની અનુમોદના કરાય.

નિશ્ચયનય તો માત્ર બે જ માર્ગ માને છે : ધર્મ કે અધર્મ, તત્ત્વ કે અતત્ત્વ, ગુણ કે અવગુણ. વચલો માર્ગ તે માનતો જ નથી. આમાં જે શુદ્ધ તત્ત્વનો ગુણનો માર્ગ છે, તે

ધર્મરૂપ છે, અને તે મોક્ષમાર્ગ છે. તેના બદલે જે અતત્ત્વનો માર્ગ છે, તે અધર્મ છે, સંસારનો માર્ગ છે. વ્યવહારનય મોક્ષના ઘણા માર્ગ માને છે. આ ધર્મ ઊંચો છે, આ નીચો છે, એમ ધર્મના ભેદો વ્યવહારનયના મતે છે. તત્ત્વને સમજવા માટે નહિ પણ જય-પરાજયની બુદ્ધિથી કરાતો વિવાદ એ ચિત્તની કલુષિતતા વધારનાર હોવાથી ત્યાજ્ય છે. એ બાબતમાં વિશેષ સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે અતીન્દ્રિય પદાર્થોનો સંપૂર્ણ નિશ્ચય અનુમાન કે યુક્તિથી થઇ શકતો નથી. તેનો સામાન્ય નિર્ણય શાસ્ત્રો અને યુક્તિઓથી કરી શકાય છે. જેમકે મોક્ષતત્ત્વ છે તેની સિદ્ધિ યુક્તિથી કરી શકાય છે. પણ તે સ્થાન કેવું છે? કેટલું લાંબુ-પહોળું છે? આકાર કેવો છે? આ બધી વિશેષ વાતો યુક્તિથી સિદ્ધ કરી શકાતી નથી. જો કરી શકાતી હોત તો આજ સુધીમાં પંડિત પુરુષોએ તેનો નિર્ણય કરી જ લીધો હોત. એ વિશેષ વાતોના કોઇ પુરાવા કે હેતુ તીર્થંકરોએ પણ શાસ્ત્રમાં આપ્યા નથી. માટે એવી બાબતોમાં શુષ્ક તર્કો કરવા નહિ કે કદાગ્રહ રાખવો નહિ. બુદ્ધિશાળી પુરુષોએ કરેલાં અનુમાનોમાં પણ બીજો માણસ દોષ બતાવી શકે છે. માટે તત્ત્વાતત્ત્વ કે ધર્મની બાબતમાં કદી કદાગ્રહ ન રાખવો. દૃષ્ટ, ઇષ્ટ અને અનુભવને સંગત થતી વાતો હોય તેનો આગ્રહ રાખવો. કારણકે એ સદાગ્રહ છે. કદાગ્રહ એ મિથ્યાત્વ છે, સદાગ્રહ એ સમ્યક્ત્વ. મુક્તિમાં જવું હોય તેણે છેવટે ક્ષાયોપશમિક ધર્મો પણ છોડવાના છે તો પછી કદાગ્રહ છોડ્યા વગર કેમ ચાલશે? માટે કદાગ્રહને છોડીને આત્માને હિતકારી હોય તે ઉત્સર્ગ માર્ગ કે અપવાદ માર્ગ હોય તેને આદરવો. એકાન્તે છ કાય જીવની દયામાં પણ ધર્મ નથી, તેમાં પણ અનેકાન્ત માનવો પડે છે. અર્થાત્ કોઇ વિશિષ્ટ દ્રવ્ય,ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને કોઇ વિશિષ્ટ સંયોગોમાં હિંસા પણ ધર્મરૂપ બને છે. દ્વાદશાંગી વગેરે શાસ્ત્રો એ તો સાધન માત્ર છે, બાકી અતીન્દ્રિય પદાર્થોનું વિશેષ જ્ઞાન તો અનુભવથી જ થાય છે.

મિથ્યાત્વે આખાય જગતમાં જીવોને ફસાવવા માટે ત્રણ જાળ પાથરેલી છે. (૧) **વિષયની જાળ** (૨) **કષાયની જાળ** (૩) **કુતર્કની જાળ**. ત્રીજી-ચોથી યોગદષ્ટિવાળા મહાત્માઓ પહેલી બે જાળની ભયંકર ચુંગાલમાંથી છૂટી ગયા છે; પરંતુ ત્રીજી કુતર્કની જાળમાં ફસાઈ ગયા છે. આ કુતર્કની જાળ તેમને સમકિત પામવામાં આડખીલી કરી રહી છે. કુતર્કની એવી તાકાત છે કે ગુણિયલ માણસની બુદ્ધિમાં પણ ભ્રમ ઉત્પન્ન કરીને તેને ઊંધા માર્ગે દોરે છે. કામરાગ અને સ્નેહરાગને જીતનારા મહાત્માઓને પણ આ દૃષ્ટિરાગ હેરાન કરી નાખે છે અને અધર્મમાં ધર્મની બુદ્ધિ કરાવે છે.

આ ચોથી દષ્ટિવાળા મહાત્માઓને શ્રી હરિભદ્રસૂરિ મહારાજા ઉપદેશ આપતાં કહે છે કે તમે આખોય સંસાર છોડ્યો છે, વૈરાગ્યપૂર્વકનું તપ-ત્યાગ-સંયમમય જીવન

જીવી રહ્યા છો, તો પછી હવે દૃષ્ટિરાગમાં શા માટે ફસાઈ રહ્યા છો? અમારું માનેલું જ સાચું છે એ ભ્રમ, કદાગ્રહને છોડી દો તો જ તમારો કરેલો આટલો ત્યાગ લેખે લાગશે અને મોક્ષમાર્ગમાં આગળ વિકાસ શક્ય બનશે.

મોક્ષમાર્ગમાં વિકાસ સાધવા માટે શું કરવું જોઇએ એ બતાવતાં કહે છે કે મહાપુરુષોએ જે ઉચિત આચારરૂપ નિરતિચાર માર્ગ આચર્યો છે તેનું પાલન કરવું. તે મહાપુરુષોએ આચરેલો માર્ગ બતાવતાં કહે છે કે સૂક્ષ્મ પણ પરપીડાનો ત્યાગ કરવો અને યથાશક્તિ પરોપકારનો પ્રયત્ન કરવો. પરિશુદ્ધ પરોપકાર એ શ્રુત, શીલ અને સમાધિનું અવન્ધ્ય બીજ છે. સૂક્ષ્મ પણ પરપીડાનો જેણે ત્યાગ કરવો હોય તેણે ભગવાને બતાવેલું સંયમજીવન જ પાળવું પડશે અને તેના પાયામાં ભવવિરાગ જોઈશે. આવા જીવો સામા જીવોનો દ્રવ્યઉપકાર પણ ,ભાવઉપકારને લક્ષ્યમાં રાખીને જ કરે છે. તેમને બીજાના દુઃખને જોઇને જેમ કરુણા આવે છે તેમ તેના દોષોને જોઇને પણ કરુણા આવે છે. દુર્ગુણીને જોઇને તેમને દ્વેષ નથી પ્રગટતો પણ કરુણાભાવ જાગે છે. ભાવઉપકારના લક્ષ્યપૂર્વકનો કરાયેલો દ્રવ્યઉપકાર જ પરિશુદ્ધ બને છે. દુર્ગુણી પ્રત્યે બહારથી કઠોર વર્તન રાખવું પડતું હોય તો ય અંતરમાં તેના પ્રત્યે હિતબુદ્ધિ જ રાખે તો ક્ષમા, મૈત્રી, કરુણા વગેરે ભાવો ટકી શકે છે. હિતબુદ્ધિ વગરની કઠોરતા એ કર્મબંધનું કારણ બને છે.

હવે વ્યવહારનું સમકિત લાવવું હોય તો તેના માટેના ઉપાયો બતાવે છે કે સૂક્ષ્મ એવી પણ પરપીડાનો ત્યાગ કરવો, જીવોનો દ્રવ્ય અને ભાવ ઉપકાર કરવો, માતા-પિતા વગેરે ગુરુજનો તેમ જ દેવતા, બ્રાહ્મણો, નિર્ગ્રન્થો, તપસ્વી વગેરે પૂજનીય મહાત્માઓની પ્રયત્નપૂર્વક આજ્ઞાપ્રધાન ચિત્ત વડે પૂજા કરવી. શિકારી આદિ પાપી જીવો ઉપર અત્યંત કરુણા કરવી, કેમકે એ બિચારા જીવો પોતાના કર્મથી જ હણાયેલા છે.

જે માણસ ધર્મપુરુષાર્થમાં ઠગાય છે, તેના બધા જ પુરુષાર્થો નકામા જાય છે. માટે ધર્મપુરુષાર્થમાં ઠગાઇ ન જઇએ તેની ખૂબ કાળજી રાખવી ઘટે. જેમ નાના બાળકને કોઇ માલની ખરીદ કરવા મોકલતાં પહેલાં તેના વડીલો તેને બધી નિશાનીઓ આપીને મોકલે છે કે "ભાઇ! માત્ર ઉપરનું લેબલ વાંચીને માલ લેશે તો તું માલ પસંદ કરવામાં ઠગાઇ જઇશ, તેથી અંદરના માલને બરાબર સમજી-વિચારીને લેવા માટે પ્રયત્ન કરજે" તેના માટે શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આટલા વિસ્તારથી સ્પષ્ટતાપૂર્વક બધી નિશાનીઓ આપીને સમજાવ્યું કે માત્ર ધર્મના નામનું લેબલ વાંચીને તે પસંદ ન કરશો, પણ તેના ગુણ-દોષનું પારખું કરજો. કોઇ પણ ધર્મમાં રહેલો જે તાત્ત્વિક ધર્મ તેને જ તમે પકડજો. અવાસ્તવિકતાને છોડી દેજો. નામથી અંજાયા વગર સર્વજ્ઞના ગુણની તપાસ કરશો તો

તમે ઠગાશો નહિ.

ચોથી દૃષ્ટિમાં ઉત્થાનદોષ ગયો છે, પણ તત્ત્વાભાસમાં તત્ત્વની પ્રતીતિરૂપ ભ્રાન્તિ-દોષ પડ્યો છે. તે તેમને સમકિત પામવામાં વિઘ્નભૂત બને છે. એ ભ્રાન્તિ કુતર્કના કારણે પેદા થયેલી છે. તે કુતર્કને છોડીને ભ્રાન્તિદોષનું કેવી રીતે નિરાકરણ કરવું એ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે અત્યંત રોચક શૈલીથી સમજાવ્યું છે. વ્યાસમુનિ, પાતંજલઋષિ, તેમ જ ગૌતમસ્વામીએ જેમને પ્રતિબોધ કર્યો તે પંદરસો તાપસ, તેમજ તામલી તાપસ, એ ચોથી દૃષ્ટિમાં રહેલા છે. તેમનું મિથ્યાત્વ અત્યંત મંદ કક્ષાનું હતું, મહાવૈરાગી હતા, જ્ઞાન, ધ્યાન, તપ-ત્યાગ, સંયમ, ઈશ્વર-ઉપાસના આદિ ધર્માનુષ્ઠાનોને શુભ પરિણામપૂર્વક એકચિત્તે કરતા હતા; પણ સૂક્ષ્મબોધ નહિ હોવાથી સૂક્ષ્મ (નાના-નાના) પાપને ઓળખી શક્યા નહિ. ઊલટું તેને ધર્મ માન્યો. આ ભ્રાન્તિને કારણે સમકિત પામી શક્યા નહોતા અને તેના કારણે તેમની મુક્તિ અટકી હતી. પંદરસો તાપસને શ્રી ગૌતમસ્વામીનો ભેટો થયો, ભ્રાન્તિ નીકળી ગઈ અને તુર્ત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું.

પ્રથમ ગુણસ્થાનકનો સ્થિર વિકાસ આટલી કક્ષાનો જ હોય છે.

## સ્થિરાદૃષ્ટિ

ભ્રાન્તિદોષ દૂર થતાંની સાથે જ જીવ સમકિત પામે છે અને ચોથા ગુણસ્થાનકમાં આવે છે. ચોથાથી ચૌદમા ગુણસ્થાનકનો વિકાસ અહીં ગ્રંથકાર મહર્ષિએ સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં ગૂંથી લીધો છે. પાંચમી અને છઠ્ઠી દૃષ્ટિમાં ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકવાળા જીવો હોય છે. સાતમી દૃષ્ટિમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવાળા અને આઠમીમાં સાતમાથી ઉપરના ગુણસ્થાનકવાળા જીવો હોય છે.

સ્થિરાદૃષ્ટિવાળા જીવોનો હેય-ઉપાદેયનો વિવેક હંમેશાં એકધારો એક સરખો રહે છે. તેના વિવેકની એ સ્થિરતાને અનુલક્ષીને તેનું સાર્થક એવું 'સ્થિરા' નામ આપ્યું છે.

**બોધ** :- અનાદિ કાળની રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાયા પછી આ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તેથી આ દૃષ્ટિમાં બોધ રત્નની પ્રભા સરખો કહ્યો છે. દીપકનો પ્રકાશ ઝીણી-ઝીણી વસ્તુને બતાવી શકતો નથી, પવનમાં કંપાયમાન થાય છે અને વંટોળમાં બુઝાઈ જાય છે. જ્યારે રત્નનો પ્રકાશ એક સરખો સ્થિર હોય છે અને બુઝાતો નથી. તેવી રીતે આ સ્થિરાદૃષ્ટિમાં હેય-ઉપાદેયનો વિવેક સૂક્ષ્મ હોય છે. તેમાં શ્રદ્ધા કંપાયમાન થતી નથી

અને બોધ અપ્રતિપાતી બુઝાય નહિ તેવો હોય છે. માટે તેને રત્નની પ્રભા સાથે સરખાવવામાં આવ્યો છે.

સ્થિરાદૃષ્ટિનો બોધ અપ્રતિપાતી છે, પ્રવર્ધમાન છે, નિરપાય છે. પરપરિતાપથી વર્જિત છે, સંતોષ આપનાર અને પ્રણિધાન યોનિવાળો છે. ગ્રંથકાર મહર્ષિએ વર્ણવેલાં તેનાં આ બધાં વિશેષણોનો આપણે ક્રમશઃ વિચાર કરીએ.

**અપ્રતિપાતી** :- પ્રતિપાત એટલે પતન. આ પતન આધ્યાત્મિક વિકાસમાં સમજવાનું છે. સ્થિરાદૃષ્ટિવાળાનો બોધ અપ્રતિપાતી છે. એટલે આધ્યાત્મિક વિકાસમાં પતન લાવનાર બનતો નથી. અર્થાત્ આ બોધવાળાને ગમે એવા સંક્લિષ્ટ પરિણામ થાય તો પણ તેમાં વિવેક જાગ્રત હોવાના કારણે એવું પાપકર્મ ન બંધાય કે જે તેને ભાવિમાં ધર્મમાં વિઘ્નભૂત બને. તેનો વિવેક (બોધ) તેને ધર્મમાં અંતરાય કરનાર કર્મબંધથી બચાવી લે છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યક્ત્વ પામેલા જીવો ચોથા ગુણસ્થાનકથી પડીને પહેલા ગુણસ્થાનકે આવે છે, તો એ આધ્યાત્મિક પતન એ પ્રતિપાત જ છે, તો તમે તેને અપ્રતિપાતી કેમ કહો છો? આનું સમાધાન એ છે કે તેનું જે આ પતન થાય છે તે પૂર્વે મિથ્યાત્વની હાજરીમાં બાંધેલા કર્મના ઉદયથી થાય છે. પહેલી ચાર દૃષ્ટિનો બોધ એ પ્રતિપાતવાળો કહે છે. અવિવેક હોવાના કારણે એ જીવોને જો સંક્લિષ્ટ પરિણામ થાય તો કદાચ એવું કર્મ બંધાય પણ ખરું કે જે ઉદયમાં આવે ત્યારે જીવને ધર્મમાં અંતરાય કરે અને નીચે પાડે. એટલે સ્થિરાદૃષ્ટિવાળો સમ્યક્ત્વી જીવ જે નીચે પડે છે, તે પૂર્વે ચાર દૃષ્ટિ સુધીની અવસ્થામાં બાંધેલા ધર્માંતરાય કરનાર કર્મથી પડે છે; પણ વર્તમાનમાં સમ્યક્ત્વની હાજરીમાં બાંધેલા કોઇ કર્મથી પડતો નથી. વર્તમાનમાં તો તે એવું એક પણ કર્મ નથી બાંધતો કે જે તેને ભવિષ્યમાં ઉદયમાં આવે ત્યારે ધર્મમાં વિઘ્ન કરનાર બને. અપ્રતિપાત કહેવા પાછળ આ આશય રહેલો છે.

ધર્મમાં વિઘ્નભૂત બનનાર કર્મ પ્રાયઃ મોહનીયકર્મ છે. તેનાથી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનાં વિઘ્ન આવે છે. યોગવિંશિકામાં વિઘ્નજય નામના આશયમાં તે ત્રણ પ્રકારનાં વિઘ્નોનું વર્ણન કરેલું છે. સ્થિરાદૃષ્ટિના બોધવાળો જીવ કંટક સમાન જઘન્ય પ્રકારનું વિઘ્ન આવે એવું કર્મ કદાચ બાંધે પણ ખરો; પણ તે કર્મ સામાન્ય કોટિનું હોય છે. સામાન્ય પુરુષાર્થથી તે દૂર કરી શકાય તેવું હોય છે. સાધનામાં તે સામાન્ય કોટિનું જ વિઘ્ન લાવે છે. તેનાથી સાધના સદંતર અટકતી નથી. જ્વર અને દિગ્મોહ સમાન મધ્યમ અને ઉત્કૃષ્ટ પ્રકારનાં વિઘ્નો આવે એવું કર્મ આ દૃષ્ટિવાળો કદાપિ બાંધતો

નથી. માટે જ તેને અપ્રતિપ્રાતી કહેવામાં આવે છે.

***પ્રવર્ધમાન*** :- આ બોધ પ્રવર્ધમાન છે એટલે કે ક્રમસર વધતો જ જાય છે. તત્ત્વમાં તેને જે રુચિ પેદા થઇ છે તે દિવસે-દિવસે વધતી જ જાય છે, દૃઢ થતી જાય છે. વૈરાગ્ય, વિવેક ગુણો વધતા જ જાય છે. આત્માની મલિનતા ઘટતી જાય છે અને નિર્મળતા વધતી જાય છે. જો પૂર્વે બાંધેલું કોઇ અવરોધક કર્મ આડું ન આવે તો આ જીવ અવશ્ય આધ્યાત્મિક સાધનામાં આગેકૂચ કરતો કરતો અંતે મુક્તિ પામીને જ અટકે છે. આ વિકાસમાં કોઇની ગતિ ધીમી હોય તો તે વિલંબે મુક્તિ પામે અને કોઇની ગતિ ઉતાવળી હોય તો તે શીઘ્ર મુક્તિ પામે એમ બને. પણ આ બોધ ક્રમસર વધતો વધતો તેને ઊંચે જ ચડાવે છે, એ નક્કી છે.

**નિરપાય** :- અપાય એટલે દુર્ભાગ્યતા, અપયશ, દુઃખ, દીનતા વગેરે. સ્થિરાદૃષ્ટિવાળાનો બોધ તેને એટલો જાગ્રત રાખે છે કે તેને એવા સંક્લિષ્ટ પરિણામ થવા જ દેતો નથી, કે જેનાથી એવાં પાપકર્મ બંધાય, જે ઉદયમાં આવે ત્યારે ભવિષ્યમાં મહાઅશાતા, ભયંકર દુર્ગતિ કે ભયાનક આપત્તિ આવે. સીતા સતી વગેરેને મોટા આળ-કલંક આદિ આપત્તિ આવી એવું કર્મ આ સ્થિરાદૃષ્ટિવાળો બાંધતો નથી. શ્રેણિક કે કૃષ્ણ વગેરેને નરકગતિમાં જવું પડ્યું પણ તે કર્મ તેમણે મિથ્યાત્વ અવસ્થામાં બાંધેલું છે. રુકિમણીએ પૂર્વભવમાં એવું કર્મ બાંધ્યું કે પોતાના પુત્રનો સોળ સોળ વર્ષ સુધી વિયોગ થયો. આવાં ભયંકર કર્મો સ્થિરાદૃષ્ટિવાળો જીવ બાંધતો નથી.

સ્થિરાદૃષ્ટિવાળાને વિવેક સંપૂર્ણ હોવાથી તે પાપને પાપ જ માને છે. તેમાં તેની આંશિક પણ રુચિ હોતી નથી. પાપકાર્યો કરતી વખતે તેમાં તેને મિથ્યાદૃષ્ટિ જીવ જેવો તીવ્ર રસ હોતો નથી. આ કારણે તેને પાપ બંધાય તો પણ ભયંકર કોટિનું બંધાતું નથી. પાપનો સાચો પશ્ચાત્તાપ અને આલોચના સમકિતી જીવ જ કરી શકે છે, મિથ્યાદૃષ્ટિ જીવ કરી શકતો નથી; કારણકે પાપનો પશ્ચાત્તાપ કરતી વખતે પણ હજી ઘણાં પાપોમાં તેની રુચિ હોય છે, ઘણાં પાપોને તે પાપરૂપે માનતો જ નથી.

**પરપરિતાપથી વર્જિત સંતોષ આપનાર** :- સ્થિરાદૃષ્ટિના બોધવાળા જીવો પ્રાયઃ કરીને એવી પ્રકૃતિવાળા હોય કે કોઇને પરિતાપ કે પીડા કરે નહિ. સહજ સ્વભાવથી જ તે બધાને અનુકૂળ વર્તનારા હોય. બધાને સંતોષ આપવાનો, સુખ આપવાનો અને હિત કરવાનો તેમને સ્વભાવ હોય છે. તેમની પ્રવૃત્તિ પરોપકારપ્રધાન હોય છે.

મિથ્યાદષ્ટિ જીવ કરતાં સમ્યગ્દષ્ટિ જીવ અનેકગણો અને ઊંચા પ્રકારનો પરોપકાર કરી શકે છે; કારણકે ગ્રંથિભેદના કારણે તેનો બોધ શુદ્ધ હોય છે. તે કદી કદાગ્રહ રાખતો નથી. તત્ત્વની બાબતમાં સત્યને જ સ્વીકારવાનો તેનો સ્વભાવ છે. અસત્યને કદી કદાગ્રહ કરીને પકડી રાખતો નથી. જગતના જીવ માત્ર પ્રત્યે વિવેકપૂર્વકની ભાવમૈત્રીથી તેનું હૈયું વાસિત હોય છે. વળી ગંભીર અને ઉદાર ચિત્તવાળો હોવાથી સામી વ્યક્તિના ભયંકર દુર્ગુણ કે દોષોને જોઇને પણ તેના પ્રત્યે તેને અણગમો, સૂગ કે તિરસ્કાર પેદા થતાં નથી; પણ કરુણા અને વાત્સલ્યભાવ પ્રગટે છે. વાત્સલ્યભાવથી તે જે અનુશાસન આપે છે તે સામો માણસ સહેલાઇથી ઝીલી શકે છે. આમ શુદ્ધ બોધ આદિ ગુણોના કારણે સમકિતી જીવની પરોપકારની પ્રવૃત્તિ ઉત્તમ કોટિની હોય છે.

સ્થિરાદષ્ટિવાળાનો બોધ કેવો હોય છે તેની વિચારણા કરતાં વચ્ચે તેની પરોપકારની પ્રવૃત્તિ કેવા પ્રકારની છે, એ વિચારવું તે અસ્થાને નહિ ગણાય. કારણકે શુદ્ધબોધ જ તેની પાસે એવી પરોપકારની પ્રવૃત્તિ કરાવે છે. એટલે શુદ્ધબોધનું જ તે એક પાસું છે.

આ જીવો બીજા જીવોને 'ચારિચરક સંજીવની અચરક ચારણ' નીતિથી ધર્મ પમાડે છે. એક બાઇનો પતિ કામણટુમણના પ્રયોગથી બળદ થઇ ગયો. એ બાઇ વડ નીચે તેને ચરાવી રહી છે. તે સમયે કોઇ વિદ્યાધરના મુખથી તેણે સાંભળ્યું કે જો વડ નીચે રહેલી સંજીવની નામની વનસ્પતિ ખવડાવવામાં આવે તો તેનો પતિ બળદમાંથી પાછો માણસ બની જાય. તે બાઇ સંજીવની ઓળખતી નહોતી. એટલે તેણે વડ નીચેની બધી જ વનસ્પતિઓ ચરાવવા માંડી. તેમાં વચ્ચે સંજીવની તેના ચરવામાં આવી ગઇ. તે ખાવાથી એ પાછો માણસ બની ગયો.

આ દષ્ટાંતનો ઉપનય એ છે કે જેમ પેલો બળદ ચારો ચરતો હતો પણ હજી સુધી તેણે સંજીવની ખાધી નહોતી, તેને બીજા ચારાની સાથે જ સંજીવની ચરાવી દીધી; તેમ જે જીવો અન્ય ધર્મનાં અનુષ્ઠાનો કરતા હોય અને જૈનધર્મના તત્ત્વને ન પામ્યા હોય, તેવા જીવોને તેમનો પોતાનો ધર્મ કરાવતાં કરાવતાં જ વચ્ચે તત્ત્વ પમાડી દેવું. આદિધાર્મિક જીવોને આ રીતે જ ધર્મ પમાડી શકાય છે. જો સીધે સીધું તેને પોતાના ધર્મનાં અનુષ્ઠાનોને છોડવાની અને જૈનધર્મનાં અનુષ્ઠાનોને સ્વીકારવાની વાત કરવામાં આવે, તો તેના ગળે એ નહિ ઊતરે. તે સ્વીકારશે પણ નહિ. તેના બદલે એના ધર્મના જ '**ગીતા**' જેવા અધ્યાત્મથી ભરેલા પુસ્તકોની તેમજ નિર્દોષ અનુષ્ઠાનોની વાતો કરીને તેના મનમાં અધ્યાત્મ પ્રત્યે ઊંડો રસ જગાવીએ અને પછી ધીમે રહીને ઊંચા અધ્યાત્મથી ભરેલા જૈનધર્મની તેને વાત કરીએ તો તરત જ એ તેના ગળે ઊતરી જાય છે અને તે સાચો ધર્મ પામી જાય છે. બીજા કેટલાક જીવો જેઓ ધર્મમાં આગળ વધેલા હોય તેમની આગળ

સીધેસીધી પણ જૈનધર્મની ઊંચી વાતો કરી શકાય. જીવોની યોગ્યતા ભિન્ન ભિન્ન હોવાના કારણે તેમને ધર્મ પમાડવાના માર્ગ પણ ભિન્ન છે. શુદ્ધ બોધના કારણે સમકિતી જીવ સામા જીવોની યોગ્યતા બરાબર સમજીને તદનુસાર તેમની ઉપર ઉપકાર કરી શકે છે.

સ્થિરાદૃષ્ટિના બોધનું છેલ્લું વિશેષણ છે કે તે પ્રણિધાન યોનિવાળો હોય છે. નિશ્ચયનયનું પ્રણિધાન અહીં સ્થિરાદૃષ્ટિમાં આવે છે. વ્યવહારનયનું ત્રીજી બલાદૃષ્ટિમાં આવે છે.

પ્રણિધાનનું મુખ્ય લક્ષણ છે 'કર્તવ્યતા ઉપયોગ'. અર્થાત્ મોક્ષ અને સંવર જ ઉપાદેય છે; વિષય અને કષાય, પુદ્ગલમાં રમણતારૂપ વિભાવદશા, એ હેય જ છે. આત્મિકગુણો જ પ્રાપ્તવ્ય છે. તેમાં જ રમણતા યોગ્ય છે. આવા દૃઢ નિશ્ચયને પ્રણિધાન કહેવામાં આવે છે. એવું પ્રણિધાન અહીં સ્થિરાદૃષ્ટિમાં જ પ્રાપ્ત થાય છે. તે પહેલાં પ્રાપ્ત થતું નથી. સ્થિરાદૃષ્ટિવાળા જીવો હેય-ઉપાદેયની બાબતમાં એકદમ જ સુનિશ્ચિત હોય છે. કદીપણ તેમાં તે ભ્રમિત થતા નથી કે ભૂલથાપ ખાતા નથી. તે કર્મના ઉદયથી વિષય-કષાયમાં પ્રવૃત્તિ કરે પણ તેને હેય માનીને જ કરે, જ્યારે પૂર્વની ચાર દૃષ્ટિવાળામાં અવિવેક હોવાથી હેય-ઉપાદેયની બાબતમાં તે ભ્રમિત થાય છે અને હેયને ઉપાદેય માનવાની ભૂલ કરી બેસે છે.

**લક્ષણ** :- આ દૃષ્ટિમાં અપ્રતિપાતી એવો નિત્ય બોધ હોય છે. ભ્રાન્તિદોષનું વર્જન છે. સૂક્ષ્મબોધ નામના ગુણની પ્રાપ્તિ છે. પ્રત્યાહાર નામનું યોગનું પાંચમું અંગ પ્રાપ્ત થાય છે.

સ્થિરાદૃષ્ટિના લક્ષણનો હવે ક્રમશઃ વિચાર કરીએ. આ દૃષ્ટિમાં બોધ એટલે તત્ત્વદર્શન નિત્ય કહ્યું છે. પ્રથમની ચાર દૃષ્ટિમાં તત્ત્વદર્શન અનિત્ય હતું. કારણકે તેમાં વિવેક અને અવિવેક મિશ્રિત હોવાથી તત્ત્વદર્શનમાં વધારો-ઘટાડો થયા કરતો હતો. પરંતુ સ્થિરાદૃષ્ટિમાં વિવેક સંપૂર્ણ છે, અવિવેકનો લેશ નથી, એટલે તત્ત્વદર્શન એકસરખું જ રહે છે. તેમાં વધારો-ઘટાડો થતો નથી. સમ્યક્ત્વ ક્ષાયિક હોય કે ઔપશમિક કે ક્ષાયોપશમિક હોય તે દરેકમાં વિવેક એકસરખો જ હોય છે. ક્ષાયિકમાં વિવેક વધુ હોય અને ક્ષાયોપશમિકમાં ઓછો હોય એવું નથી. ભેદ એટલો જ છે કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં દર્શનમોહનીયના ઉદયથી અતિચાર લાગવાનો સંભવ છે. જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વમાં દર્શનસપ્તકનો ક્ષય થઇ ગયો હોવાથી અને ઔપશમિક સમ્યક્ત્વમાં તો દર્શનસપ્તકનો ઉપશમનો કાળ જ માત્ર અંતર્મુહૂર્તનો હોવાથી અતિચાર લાગવાનો સંભવ નથી. ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વમાં તેમજ નિરતિચાર ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં

તત્ત્વદર્શન નિત્ય હોય છે. જ્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સાતિચાર બને છે ત્યારે તેમાં તત્ત્વદર્શન અનિત્ય વર્તે છે.

જેમ કોઇ માણસ આંખનો રોગ નાશ પામ્યા પછી બરાબર સારી રીતે જોઇ શકતો હોય, તેમાં વળી પાછો રોગનો પ્રકોપ ઊથલો મારે તો દેખવામાં ફેર પડી જાય છે, તેમ સમ્યક્ત્વ પામ્યા પછી જે તત્ત્વદર્શન થતું હતું, તેમાં દર્શન મોહનીય (મિથ્યાત્વ)નો પ્રકોપ થવાથી અતિચાર લાગીને તત્ત્વદર્શન ઝાંખું પડી જાય છે. આ દૃષ્ટિના બોધને રત્નની પ્રભાની ઉપમા આપી છે. રત્ન ઉપર જો ધૂળ ઊડે તો પ્રભા ઝાંખી પડી જાય છે, તેમ અહીં અતિચારરૂપી ધૂળ લાગતાં તત્ત્વદર્શન ઝાંખું પડી જાય છે.-

અતિચાર લાગે ત્યારે એટલો સમય અનવબોધ થાય છે. મિથ્યાત્વી અને સમકિતી જીવમાં એટલો ભેદ છે કે મિથ્યાત્વીની જીભ બગડેલી છે જ્યારે સમકિતીની જીભ ચોખ્ખી છે. તાવ આદિના કારણે જીભ બગડી હોય તેમને ગળી વસ્તુ કડવી લાગે, તેમ મિથ્યાત્વીનું જ્ઞાન વિપરીત હોય છે. એવું વિપરીત જ્ઞાન અતિચારના સમયમાં પણ સમકિતીને હોતું નથી કારણકે તેની જીભ ચોખ્ખી છે, એટલે મૂળથી તો બોધ શુદ્ધ અને સૂક્ષ્મ છે. માત્ર એકદમ તીખું તમતમતું મરચું ખાવાથી જીભ તતડી જાય, પછી થોડા સમય સુધી તે કોઇ વસ્તુનું જ્ઞાન કરી શકતી નથી; એમ અતિચારના સમયમાં એટલા સમય પૂરતો તેને અનવબોધ થાય છે. પરંતુ અવિવેક હજુ આવ્યો નથી. માત્ર વિવેકમાં ખામી આવી છે એટલું જ. અતિચારમાંથી આગળ વધીને જ્યારે અનાચાર આવી જાય છે, ત્યારે અવિવેક આવવાથી મિથ્યાત્વ જ આવી જાય છે. સમકિત ટકતું નથી.

સમકિતમાં અતિચાર પાંચ પ્રકારે લાગે છે. **(૧) શંકા, (૨) કાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) અન્યદૃષ્ટિ પ્રશંસા, (૫) અન્યદૃષ્ટિ સંસ્તવ (પરિચય).**

(૧) **શંકા** :- સમકિતી જીવે તત્ત્વની વિચારણાપૂર્વક ધર્મને સ્વીકારેલો હોય છે. એટલે તેમાં તેની સમજણપૂર્વકની પાકી દૃઢ શ્રદ્ધા હોય છે. સામાન્ય જીવોને ધર્મમાં જે શ્રદ્ધા હોય છે તે ઓઘથી હોય છે, તત્ત્વની વિચારણાપૂર્વકની હોતી નથી. એટલે તેના કરતાં સમકિતી જીવની શ્રદ્ધા અનેકગણી ચડિયાતી અને લાભદાયક છે. આવી દૃઢ શ્રદ્ધાથી સામાન્ય પ્રસંગોમાં ડગવાનો સંભવ નથી; પણ જીવનમાં કોઇ મહાન આપત્તિ કે સંકડામણનો પ્રસંગ આવે છે ત્યારે ડગી જવાનો સંભવ છે.

આત્મા છે. અનાદિકાળથી તેને કર્મ ચોંટેલાં છે. કર્મનો આશ્રવ અને બંધ કરીને તે સંસારમાં રખડી રહ્યો છે. કર્મથી સર્વથા છૂટીને તે મુક્ત બની શકે છે. મુક્તિ મેળવવાના બે ઉપાય છે. સંવર અને નિર્જરા. આ નવ તત્ત્વમાં તેમજ આત્માના મૂળભૂત શુદ્ધ

ચૈતન્ય સ્વરૂપમાં અને આ બધી પ્રરૂપણા કરનાર વીતરાગ પરમાત્માના સર્વજ્ઞપણામાં કદાપિ શંકા જાગવી ન જોઈએ. સર્વજ્ઞપણામાં શંકા જાગવાથી ધર્મનો પાયો જ હચમચી જાય છે, આરાધનાનું બળ તૂટી જાય છે અને યોગમાર્ગમાં પ્રબળ વિઘ્ન ઊભું થાય છે.

આ સિવાય બીજી સામાન્ય શંકા થવાથી સમકિતમાં અતિચાર લાગતો નથી. દેવલોકમાં આમ કેવી રીતે હશે? જ્યોતિષચક્રનું ભ્રમણ શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે કેવી રીતે સંગત થાય? ચૌદરાજલોકનું સ્વરૂપ કેવું હશે? એમ મૂળભૂત સિવાયના વિષયમાં શંકા થવાથી અથવા તો તત્ત્વને સમજવા માટે શંકા કરવાથી સમકિતમાં અતિચાર લાગતો નથી. તેનાથી યોગમાર્ગમાં વિઘ્ન આવતું નથી.

આ શંકા નામના અતિચારથી બચવા માટે મનમાં એવો નિશ્ચય રાખવો કે જે જિનેશ્વરદેવે પ્રરૂપ્યું છે તે જ સાચું છે, પરમાર્થ છે. છદ્મસ્થતાના કારણે આપણે તે સમજી શકતા નથી, પણ સાચું તો તે જ છે.

(૨) **કાંક્ષા** :- કાંક્ષા એટલે ઉન્માર્ગની ઇચ્છા. તેમાં કારણ જીવની બાહ્યદૃષ્ટિ છે. જે જીવો મોટા ભાગે બાહ્યદૃષ્ટિથી અર્થાત્ ભૌતિક સિદ્ધિ કે ચમત્કારોથી ધર્મનું મૂલ્યાંકન કરતા હોય છે, તે જીવોને કાંક્ષા અતિચાર લાગવાનો સહજ રીતે સંભવ છે. કારણકે તેવા જીવોને પુદ્‌ગલમાં રમણતા હોય છે. બીજા ધર્મોના બાહ્ય આડંબર જોઈને તે અંજાઈ જાય છે. પરંતુ જે જીવો તત્ત્વદૃષ્ટિથી ગુણની દૃષ્ટિથી ધર્મનું મૂલ્યાંકન કરતા હોય છે, તેઓ કદી ભૌતિક સિદ્ધિ કે ચમત્કારોથી અંજાતા નથી. તેમને કદી પણ આ કાંક્ષા અતિચાર લાગવાનો સંભવ નથી.

આજની વિજ્ઞાનની સિદ્ધિઓ જોઈને જેઓ અંજાઈ જાય છે, "તે જ સર્વશ્રેષ્ઠ છે, ધર્મમાં કાંઈ માલ નથી", આવું જેઓ માને છે તે પણ કાંક્ષા અતિચાર છે. આજનો વિજ્ઞાનવાદ એ ચાર્વાક (નાસ્તિક)વાદ જ છે. તે પૌદ્‌ગલિક સિદ્ધિમાં રાચી રહ્યું છે. આત્મા, ધર્મ કે મોક્ષને તે બિલકુલ માનતું જ નથી. સમકિતી જીવે આ બાબતમાં ખાસ કાળજી રાખવી કે વિજ્ઞાનની સિદ્ધિથી કદી આકર્ષાવું કે અંજાવું નહિ. તેની પ્રશંસા કરવી નહિ. નવી નવી શોધખોળોથી આશ્ચર્ય પામવું નહિ.

(૩) **વિચિકિત્સા** :- વિચિકિત્સાના બે ભેદ છે. (ક) ધર્મના ફળમાં સંદેહ કરવો. (ખ) ધર્મ અને ધર્મીની નિંદા કરવી.

(ક) **ધર્મના ફળમાં સંદેહ કરવો** :- ધર્મક્રિયાનું ફળ મળશે કે નહિ? એવી શંકા

થાય તે વિચિકિત્સા છે. સંયમ આદિનું પાલન કરવા છતાં જ્યારે તેનું સાક્ષાત્ ફળ કાંઇ પણ ઉપલબ્ધ ન થાય ત્યારે આવી શંકા થવાનો સંભવ છે.

પ્રથમ શંકા અતિચારમાં મૂળભૂત તત્ત્વ જીવ, અજીવ આદિ દ્રવ્યો તથા તેના ગુણોના વિષયમાં હોય છે, જ્યારે વિચિકિત્સામાં એ વિષયક શંકા નથી હોતી, માત્ર ધર્માનુષ્ઠાનનું ફળ મળશે કે નહિ એટલી જ શંકા હોય છે. આ બંનેમાં આટલો ભેદ છે.

ખેતી આદિમાં ક્રિયામાં કોઇ વખત પાક ઊગે છે અને કોઇ વખત પાક નથી ઊગતો, એમ વિકલ્પ જોવા મળે છે, એવું વિચારીને ફળમાં વ્યભિચાર દર્શનથી ધર્મની ક્રિયામાં પણ ફળને વિશે આવો વ્યભિચાર હોવાની શંકા જાગે છે.

(ખ) **ધર્મ અને ધર્મીની નિંદા કરવી** :- એ પણ વિચિકિત્સા કહેવાય છે. આમાં આધ્યાત્મિક ગુણોની નિંદાનો પણ સમાવેશ થઇ જાય છે. અન્ય ધર્મમાં રહેલા માણસમાં પણ મોક્ષમાર્ગને અનુરૂપ કોઇ નાનામાં નાનો ગુણ હોય તો તેની પણ અનુમોદના જ કરવી જોઇએ. નિંદા ન કરવી જોઇએ. પ્રણિધાનના લક્ષણમાં જે 'હીનગુણઅદ્વેષ' કહ્યો છે તેનું આ જ કારણ છે કે ગુણીનો દ્વેષ કરવાથી તેમાં રહેલા ગુણનો દ્વેષ થાય છે.

(૪) **અન્યદૃષ્ટિની પ્રશંસા** :- મિથ્યાદૃષ્ટિમાં રહેલાના ઉન્માર્ગની પ્રશંસા ન કરાય. તેનામાં થોડો-ઘણો સન્માર્ગ હોય તો તે સન્માર્ગની પણ, ઉન્માર્ગનું પોષણ ન થાય એ રીતે પ્રશંસા કરાય. મિથ્યાદૃષ્ટિ જીવ કે જૈનધર્મમાં પણ ઉન્માર્ગે રહેલા જીવમાં જેટલો પણ સન્માર્ગને અનુસાર ગુણ હોય તેની વિવેકપૂર્ણ સન્માર્ગનું પોષણ થાય એ રીતે અનુમોદના કરી શકાય. ઔચિત્યપૂર્વક અનુમોદના કરવાથી તે ગુણરૂપ બને છે, નહિતર તે દોષરૂપ બને છે.

(૫) **અન્યદૃષ્ટિ સંસ્તવ (પરિચય)** :- સુનિશ્ચિતપણે જેઓ મિથ્યાદૃષ્ટિ તરીકે પ્રખ્યાત છે; તેમના પરિચયથી બાળજીવોમાં મિથ્યાત્વના સંસ્કાર પડતાં વાર લાગતી નથી. માટે જ નાસ્તિકનો પરિચય કરવાની ના પાડી છે. કારણકે જેઓ પોતાનામાં પરિપક્વ નથી અને દૃઢ શ્રદ્ધાવાળા નથી તેઓ બીજાની વાતમાં લેવાઇ જાય છે. આજે મિથ્યાદૃષ્ટિઓની સોબત વધી છે. છાપા વગેરેથી પણ તેમનો પરિચય વધ્યો છે. તેથી આજના કાળમાં ધર્મી વર્ગને શ્રદ્ધા ટકાવવી ઘણી મુશ્કેલ છે. માટે અપરિપક્વ સમ્યક્ત્વવાળાએ મિથ્યાદૃષ્ટિના પરિચયમાં રહેવું જ નહિ. ન છૂટકે રહેવું જ પડે તો સાવધ રહેવું કે જેથી પોતાનું સમકિત મલિન ન થાય.

ગીતાર્થને મિથ્યાદૃષ્ટિના પરિચયમાં રહેવામાં અતિચારોનો સંભવ નથી. એ તો સ્વ-પરના શાસ્ત્રને જાણીને પોતાના સમકિતને વધુ પરિપક્વ બનાવે છે. માટે ગીતાર્થ માટે તેનો નિષેધ નથી; પણ બાળજીવોએ તેમનું દૃષ્ટાંત લેવું નહિ.

માર્ગાનુસારી જીવનવ્યવસ્થાથી યુક્ત એવો આધ્યાત્મિક વિકાસ એ જ સન્માર્ગ છે. તેનાથી ઊલટો એ ઉન્માર્ગ છે. સન્માર્ગ, સન્માર્ગની સામગ્રી અને સન્માર્ગમાં રહેલા જીવો પ્રત્યેની રુચિ એ જ સમ્યક્ત્વ છે. તત્ત્વની રુચિને સમ્યક્ત્વ કહેવામાં આવે છે અને તત્ત્વ એ સન્માર્ગનું જ સમર્થન કરનાર છે. માટે સન્માર્ગની રુચિમાં તત્ત્વની રુચિ સમાઇ જાય છે.

ક્ષમા, દયા, ઉદારતા વગેરે ઉચિત સ્થાને કરવામાં આવે તો જ તે ગુણરૂપ બને છે. શાસનના પ્રત્યનીકં પ્રત્યે ક્ષમા કે ઉદારતા નથી કેળવવાની, પણ પ્રશસ્ત દ્વેષભાવ કેળવવાનો છે. રાગની જેમ દ્વેષ પણ પ્રશસ્ત હોઇ શકે છે.

ઉપરના પાંચ અતિચાર સંમ્યક્ત્વરૂપી રત્નની પ્રભાને ઝાંખી પાડવામાં ધૂળ સમાન છે. ઝાંખું પડતું હોવા છતાં તેમાં તત્ત્વદર્શન મૂળથી નષ્ટ નથી થતું, માટે આ પાંચમી દૃષ્ટિમાં તત્ત્વદર્શન નિત્ય છે એમ કહ્યું છે.

(૧) **ભ્રાન્તિદોષ** :- સ્થિરાદૃષ્ટિવાળા જીવને વિવેક ગુણ સંપૂર્ણપણે પ્રગટ્યો હોવાથી હેય-ઉપાદેયના વિષયમાં તેને કદી ભ્રાન્તિ થતી નથી. શાસ્ત્રનું જ્ઞાન કદાચ તેણે ન મેળવ્યું હોય છતાં પણ તેનો ક્ષયોપશમ જ એવો માર્ગાનુસારી હોય છે કે કદાપિ પણ તે હેયને ઉપાદેય માનવાની કે ઉપાદેયને હેય માનવાની ભૂલ કરતો નથી. તત્ત્વની બાબતમાં તેનો બોધ એટલો ચોક્કસ હોય છે કે તે કદી પણ તેમાં ભૂલથાપ ખાતો નથી. અધર્મને તે અધર્મ જ માને છે અને પાપને તે પાપ જ સમજે છે. એટલે તેની પાપપ્રવૃત્તિ કદી પણ અનાભોગપૂર્વકની હોતી નથી; આભોગજન્ય જ હોય છે. એટલે કે તે પાપને પાપ માનીને જ પાપપ્રવૃત્તિ કરે છે. જ્યારે ચોથી દૃષ્ટિવાળામાં ભ્રાન્તિદોષ હોવાના કારણે તેનામાં અનાભોગપૂર્વકની પાપપ્રવૃત્તિ હોય છે.

ભ્રાન્તિદોષ ટળી ગયો હોવાના કારણે સ્થિરાદૃષ્ટિવાળાનું વંદનાદિ ધર્મકૃત્ય અભ્રાન્ત જ હોય છે. તે અનુકંપાના પાત્રમાં ભક્તિ કરતો નથી કે ભક્તિના પાત્રમાં અનુકંપા કરતો નથી. પાત્ર, સુપાત્ર કે અપાત્રની વિચારણામાં તે ભૂલ કરતો નથી.

(૨) **સૂક્ષ્મબોધ** :- આ દૃષ્ટિમાં બોધ સૂક્ષ્મ, ઊંડો, મર્મગ્રાહી હોય છે. તેથી જ ભ્રાન્તિદોષનું વર્જન શક્ય બને છે. તેની દૃષ્ટિ સ્થૂલ નથી હોતી, પણ વસ્તુના ઊંડાણ

સુધી પહોંચે તેવી સૂક્ષ્મ અને મર્મવેધી હોય છે. તેની દૃષ્ટિ રત્નપારખુ, સાચા ઝવેરી જેવી હોય છે. તેથી ધર્મની, ગુરુની કે ધર્મક્રિયાની સાચી પરખ તે કરી શકે છે. છેદશુદ્ધિની પરીક્ષામાં ઉત્તીર્ણ ધર્મ જ તેને ફાવે છે. તાપશુદ્ધિની પરીક્ષા કરવાનું જ્ઞાન કદાચ શાસ્ત્રાભ્યાસના અભાવના કારણે તેનામાં ન હોય તો પણ તાપશુદ્ધિનું ફળ તેનામાં હોય છે. અર્થાત્ નિત્યવાદ કે ક્ષણિકવાદ આદિની સમજ ન હોય તો પણ તેની અભિમુખતા અનેકાન્તવાદ તરફ જ ઢળતી હોય છે. છેદપરીક્ષાથી તે જૈનધર્મ કે અન્યધર્મની કોઈ પણ ધર્મક્રિયામાં રહેલું ઉચિતપણું કે અનુચિતપણું પરખી લે છે. તેની ગુણવર્ધકતા કે દોષવર્ધકતાને સમજી શકે છે. સોની જેમ સોનાની પરખ કરી શકે છે, પછી તે સોનું ભલે ગમે તે દેશનું હોય; એમ આ સ્થિરાદૃષ્ટિવાળો જીવ ધર્મક્રિયાની સાચી પરખ કરી શકે છે, પછી તે ધર્મક્રિયા ભલે ગમે તે ધર્મની હોય.

આ દૃષ્ટિવાળાને સંક્ષેપથી નવતત્ત્વના જ્ઞાનપૂર્વકની રુચિ અવશ્ય હોય છે. હેય-ઉપાદેયનો, સમિતિ-ગુપ્તિનો સંક્ષેપથી બોધ તેને અવશ્ય હોય છે અને તે બધામાં તેની વિવેકપૂર્વકની જ રુચિ હોય છે. કોઈ અન્યધર્મમાં રહેલા નૈસર્ગિક સમ્યક્ત્વ પામેલા જીવને આપણે જુદા-જુદા ધર્મની ક્રિયાઓ બતાવીએ તો તેમાંથી સમિતિ-ગુપ્તિવાળી ક્રિયાઓ તરફ જ તેની રુચિ ઢળશે. સંધ્યાક્રિયા અને પ્રતિક્રમણક્રિયા આ બે ક્રિયા તેને બતાવીએ તો પ્રતિક્રમણની ક્રિયા જ તેને વધુ ગુણવર્ધક લાગશે અને તે તરફ જ તેની રુચિ ઢળશે. આ જ કારણે સમ્યગ્દૃષ્ટિ જીવ જ શુદ્ધ આચારમાર્ગ દેખાડી શકે છે.

આ દૃષ્ટિવાળા જીવો દર્શન-વંદનાદિ દર્શનાચારની ક્રિયાઓ અભ્રાન્તપણે કરી શકે છે, તેનું કારણ આ સૂક્ષ્મબોધ જ છે. તે ક્રિયાઓ કરતી વખતે જેવા પરિણામો રાખવાના હોય તેવા પરિણામપૂર્વક જ તે ક્રિયાઓ તેઓ કરતા હોય છે.

ચોથી દૃષ્ટિમાં તત્ત્વદર્શન હતું, પણ આ સૂક્ષ્મ બોધ ન હોવાના કારણે તેમનું તત્ત્વદર્શન ભ્રાન્ત હતું. આ પાંચમી દૃષ્ટિમાં ગ્રંથિભેદ થયો હોવાના કારણે સૂક્ષ્મબોધની પ્રાપ્તિ થઈ છે; તેથી અભ્રાન્ત તત્ત્વદર્શન થાય છે.

(૩) **પ્રત્યાહાર** :- આ સ્થિરાદૃષ્ટિમાં પ્રત્યાહાર નામનું યોગનું પાંચમું અંગ હોય છે. "સ્વવિષયાસંપ્રયોગે સ્વચિત્તસ્વરૂપાનુકારી ચેન્દ્રિયાણાં પ્રત્યાહાર:" પ્રત્યાહાર એટલે ઈન્દ્રિયોનો નિરોધ. 'સ્વવિષય' એટલે ઈન્દ્રિયોના પોત-પોતાના વિષયો, શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શ આદિ. આ પૌદ્ગલિક વિષયોમાં આ દૃષ્ટિવાળાને 'અસમ્પ્રયોગ' હોય છે. પણ અહીં સંપ્રયોગ શબ્દના પ્રયોગથી એમ બતાવ્યું છે કે તેમાં તેમને રુચિ હોતી નથી. અર્થાત્ વિષયસુખને તે હેય જ માને છે.

'સ્વચિત્ત સ્વરૂપ'-એટલે આત્માના પરિણામ સ્વરૂપ આત્મસ્વભાવ, તેને અનુકારી એટલે તેને અનુકૂળ પરિણામ અર્થાત્ આત્મસ્વભાવમાં રમણતા.

આમ વિભાવ(પુદ્‌ગલ)માં અનાસક્તભાવ અને સ્વભાવ(આત્મસ્વરૂપ)માં રમણતા એ પ્રત્યાહારનું લક્ષણ છે. સ્થિરાદષ્ટિવાળો જીવ સહજ રીતે જ ઇન્દ્રિયોનો માલિક હોય છે, પણ ગુલામ હોતો નથી. તેનો ઇન્દ્રિય કે મનનો ઉપયોગ પાપરૂપ નથી હોતો, પણ પાપના નિરોધ રૂપ જ હોય છે. આ દષ્ટિવાળા જીવો પાપપ્રવૃત્તિ સર્વથા કરતા જ નથી એમ ન કહી શકાય. કર્મના ઉદયના કારણે લોભ, કામ આદિને વશ થઈને તે પાપપ્રવૃત્તિ કરતા હોય છે; પણ એટલું ચોક્કસ કે તેમાં તેમની અંશમાત્ર પણ રુચિ હોતી નથી. તેમને સખેદ પાપપ્રવૃત્તિ હોય છે. તેથીજ તેમની પાપપ્રવૃત્તિને સંવેગસાર કહી છે. તે કર્મજન્ય જ હોય છે.

પ્રથમની ચાર દષ્ટિમાં અજ્ઞાનથી થયેલ પાપપ્રવૃત્તિમાં, પાપની રુચિ પૂર્વકની પાપપ્રવૃત્તિ હોય છે અને પાંચમી સ્થિરાદષ્ટિમાં પાપની રુચિ વગર કેવલ અભિલાષાથી થયેલ કર્મજન્ય પાપપ્રવૃત્તિ હોય છે. અર્થાત્ વિવેકયુક્ત વગર રુચિથી ખેદપૂર્વકની અને કર્મના વિશિષ્ટ ઉદયથી તે થાય છે. તેમ જ છઠ્ઠી કાન્તાદષ્ટિમાં કર્મજન્ય પાપપ્રવૃત્તિમાં અભિલાષા કે રુચિ હોતી નથી.

જગતના જીવો જેમ અશાતાવેદનીય, ભોગાંતરાય, લાભાંતરાય આદિ કર્મોની સામે લડતા હોય છે, રોગ-દરિદ્રતા, દુઃખ આદિ અનિષ્ટો ન આવે તે માટે તેઓ સતત પ્રયત્ન કરતા હોય છે; છતાં કર્મ બળવાન હોય તો એ અનિષ્ટો તેમને ભોગવવાં પડે છે; એમ આ સ્થિરાદષ્ટિવાળા જીવો સતત મોહનીયકર્મની સામે લડતા જ હોય છે. તેની સાથે તેમને સંઘર્ષ સતત ચાલુ જ હોય છે. છતાં કર્મ પ્રબળ હોય તો મોહનો ઉદય તેમને પરવશ બનાવે છે. લોભ આદિ તેની પાસે પાપપ્રવૃત્તિ કરાવે છે; છતાં પેલા જીવોને જેમ રોગ આદિમાં રુચિ નથી, ખેદ જ છે, તેમ આ જીવોને આ બધી પાપપ્રવૃત્તિમાં રુચિ નથી, ખેદ જ હોય છે. 'તપ્તલોહગોલકપદન્યાસ તુલ્ય' અર્થાત્ તપાવેલા લોઢાના ગોળા ઉપર પગ મૂકવો પડે તો માણસ જે રીતે મૂકે (મૂકીને તરત જ ઉપાડી લે) એ રીતે આ જીવો પાપની પ્રવૃત્તિ અરુચિથી જ કરતા હોય છે. આ સાચું છે, સારું છે, કરવા જેવું છે, એમ માનવું તે રુચિ કહેવાય છે. સમકિતી જીવોને કર્મના ઉદયના કારણે પાપપ્રવૃત્તિનો અભિલાષ થાય, દા.ત. પૈસા કમાવાનું મન થાય પણ તેને કદી તે સારું-કરવા જેવું માને નહિ. તેમાં તેમની રુચિ ન હોય.

સૂક્ષ્મબોધ, ભ્રાન્તિદોષનું વર્જન અને પ્રત્યાહાર એ ત્રણેય અંગો એકબીજાનાં કારણ અને પૂરક છે. જેમકે સૂક્ષ્મબોધ હોય એટલે ભ્રાન્તિ ન હોય અને પ્રત્યાહાર હોય. એ

જ રીતે ભ્રાન્તિ ન હોય ત્યાં સૂક્ષ્મબોધ અને પ્રત્યાહાર હોય જ.

**(ગા. ૧૫૪)** :- આ દૃષ્ટિવાળા જીવોનો વૈરાગ્ય જ્વલંત હોય છે. સંસારની બધી જ ચેષ્ટા તેમને અસુંદર લાગે છે. ચક્રવર્તીની સંસારની ચેષ્ટા પણ તેમને નાનું બાળક ધૂળમાં ક્રીડા કરે (રેતીનાં ઘર બનાવે) તેના જેવી જ લાગે છે. એ રેતીનાં ઘર જેમ નાશવંત છે, પવનનો ઝપાટો લાગતાં જ ભાંગી જવાનાં છે, તેમ ચક્રવર્તીની છ ખંડની ઋદ્ધિ પણ એટલી જ અસ્થિર- નાશવંત છે. ધૂળમાં ક્રીડા કરવાથી બાળકનું શરીર, કપડાં વગેરે ધૂળથી મલિન થાય છે, તેમ સંસારની ચેષ્ટાથી આત્મા, કર્મરજથી મલિન થાય છે. રેતીનાં ઘર બનાવવામાં બાળકને આનંદ આવે છે કારણકે તે અજ્ઞાન છે. સમજુ અને મોટો બન્યા પછી તેને તેમાં આનંદ નથી આવતો. એમ સંસારની ચેષ્ટામાં જગતના લોકોને જે આનંદ આવે છે તેમાં તેમની અજ્ઞાનતા અને મૂર્ખાઇ જ કારણ છે. સ્થિરાદૃષ્ટિવાળા જીવોને ગ્રંથિભેદથી થયેલ સૂક્ષ્મબોધના કારણે તેમાં લેશ પણ આનંદ આવતો નથી.

આ પહેલાંની ચોથી દૃષ્ટિમાં પણ વૈરાગ્ય હતો જ. પણ અજ્ઞાનતાના કારણે સંસારની કોઈ ચેષ્ટા તેમને સારી પણ લાગતી હતી. જ્યારે આ દૃષ્ટિવાળાને તો ચક્રવર્તી અને દેવેન્દ્રોનાં સાંસારિક સુખોવાળી પ્રવૃત્તિ પણ બાળકની ધૂલિક્રીડાની પ્રવૃત્તિ સમાન લાગે છે.

**(ગા. ૧૫૬)** :- તેમને શ્રુતજ્ઞાન સમ્યગ્ પરિણત થયું હોવાથી વૈરાગ્યની સાથે-સાથે તેમનો વિવેક પણ જ્વલંત છે. તે અંતર્મુખી બન્યા છે તેથી પૌદ્ગલિક પદાર્થોને તે તત્ત્વદૃષ્ટિથી જ મૂલવે છે. જગતના પદાર્થોને જોઇને બાહ્યદૃષ્ટિવાળા જીવો અંજાઇ જાય છે ત્યારે આ સ્થિરાદૃષ્ટિવાળા જીવોને તત્ત્વદૃષ્ટિથી તે બધા પદાર્થો ઝાંઝવાના જળ જેવા, આકાશમાં થતા ગંધર્વનગર જેવા અથવા તો સ્વપ્નની સદૃશ અસાર લાગે છે. બાહ્ય જગત પ્રત્યેની તેમની સંપૂર્ણ આસ્થા તૂટી ગઇ હોય છે. તે માને છે કે જગતમાં સર્વશ્રેષ્ઠ તત્ત્વ હોય તો તે એક આત્મતત્ત્વ જ છે.

**(ગા. ૧૫૭)** :- જ્ઞાનમય (જ્યોતિર્મય) અમૂર્ત્ત હોવાથી એક માત્ર આત્મતત્ત્વ જ રોગ અને પીડારહિત છે. તે સિવાયનું બધું જ ઉપાધિમય અને નકામું છે.

પુદ્ગલમાં પ્રવૃત્તિ એ પરભાવ છે. પરભાવ તે આત્માની વીતરાગતા અને ઉપશમસુખ રોકનાર છે એમ તે જાણે છે. સમ્યગ્દૃષ્ટિને પુદ્ગલની અસર હોતી નથી એમ નહિ, કર્મના ઉદયે તેને ય પુદ્ગલની અસર હોય છે, પણ તેને તે બરાબર ઓળખે છે કે આ મારો પરભાવ છે, મારા આત્માને અહિતકર છે. નિશ્ચય અને વ્યવહાર શબ્દરૂપે તેણે કદાચ ન સાંભળ્યા હોય છતાં પરિણતિરૂપે તેને તેનું જ્ઞાન અવશ્ય હોય છે. તેને

આત્મા અને કર્મનું ભેદજ્ઞાન હોય છે. એટલે નિશ્ચયથી તે આત્માને શુદ્ધ, બુદ્ધ અને મુક્ત જ માને છે. આત્મા આત્માના સ્વભાવમાં રહે છે અને પુદ્ગલ પુદ્ગલના સ્વભાવમાં રહે છે એમ તે નિશ્ચિત રીતે સમજે છે.

જેમ કમળાનો રોગ થયો હોય તો માણસને બધી વસ્તુ પીળી જ દેખાય છે, પણ તેને અંદરની સમજણ છે કે કમળાના કારણે મને આ બધું પીળું દેખાય છે, બાકી બધું ધોળું જ છે. તેમ આત્મા અને કર્મ જુદાં હોવા છતાં જીવને મિથ્યાત્વનો રોગ લાગુ પડે છે, તેના સંસ્કારથી આત્મા કર્મથી બંધાઈ ગયો છે એમ લાગે છે; પણ આ ખોટો ભ્રમ છે એમ અંદરની સમજણ સમકિતીને હોય છે. કારણકે જ્યારે આ ભ્રમ ટળે છે ત્યારે જ નિશ્ચયનયનું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને મારું શું? પારકુ શું? તેની સાચી સમજ આવે છે. સમજ આવ્યા પછી જ આગળ જતાં તે આચરણમાં આવે છે.

**(ગા. ૧૫૮) :-** સ્થિરાદૃષ્ટિમાં નિશ્ચયની આવી સમજણ છે પણ તેનું આલંબન નથી. તેનું આલંબન અસંગઅનુષ્ઠાનમાં આવે છે. સમજણ હોવાના કારણે તેમની પ્રવૃત્તિ પ્રત્યાહાર- પ્રધાન હોય છે. આથી જ ધર્મમાં બાધા કરે, મોક્ષમાર્ગમાં વિઘ્ન ઊભાં કરે એવાં કર્મ તેઓ બાંધતા નથી.

**(ગા. ૧૫૯) :-** સ્થિરાદૃષ્ટિવાળા જીવોને સંસારનાં ભોગસુખો એ 'પાપસખા' લાગે છે. કારણ જીવહિંસા આદિ અઢારે પાપસ્થાનક સેવ્યા વગર સંસારનાં એક પણ ભોગસુખ મળતાં નથી. આમ જે ભોગસુખો પાપની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં છે તે ઉપાદેય કેવી રીતે બને? આ જીવોને તે હેય જ લાગે છે. જેમ અન્યાય, અનીતિથી મેળવેલી લક્ષ્મી તે અલક્ષ્મીને ખેંચી લાવનારી છે, અનેક આપત્તિ અને ભયના જોખમવાળી છે; તેથી પંડિત પુરુષો એવી લક્ષ્મીથી આનંદ પામતા નથી, પણ તેને હેય જ ગણે છે; એ જ રીતે 'પાપસખા' ભોગો આ જીવોને આનંદ આપી શકતા નથી. એવા ભોગ ભોગવવા પડે તો પણ અંતરથી તેઓ વિમુખ જ હોય છે.

સંસારનાં ભોગો પુણ્યથી જ મળે છે અને પુણ્ય ધર્મ કરવાથી જ બંધાય છે. તો પછી સહેજે પ્રશ્ન થાય કે ધર્મથી મળતા ભોગોને ખરાબ કેમ કહેવાય? આ પ્રશ્નનું સમાધાન મેળવવા માટે પુણ્ય-પાપના બંધ-અનુબંધ તેમજ ધર્મવિષયક ફિલોસોફી સમજવી જોઈએ.

ધર્મ બે પ્રકારનો છે : **(૧) અતાત્ત્વિક અને (૨) તાત્ત્વિક**

(૧) પ્રણિધાનાદિ ભાવધર્મથી શૂન્ય ધર્મ એ અતાત્ત્વિક છે. તેનાથી પાપાનુબંધી પુણ્ય બંધાય છે. એનાથી મળતા ભોગો પાપનો બંધ કરાવીને સંસારમાં રખડાવે છે. આ તો સર્વથા હેય જ છે.

(૨) પ્રણિધાનાદિ ભાવધર્મથી યુક્ત ધર્મ તાત્ત્વિક છે. તેવા તાત્ત્વિક ધર્મથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે. તે પુણ્ય બે પ્રકારનું હોય છે : **(અ) નિરવદ્યપુણ્ય (બ) સાવદ્યપુણ્ય**.

(અ) **નિરવદ્ય પુણ્યાનુબંધી પુણ્ય** :- આ પુણ્ય ઉત્તમ પ્રકારની ધર્મસામગ્રીને પ્રાપ્ત કરાવે છે. તીર્થંકરપણાની ઋદ્ધિ તેમજ જંબૂસ્વામી, વજ્રસ્વામી જેવા કોઈ મહાન આચાર્ય આદિની ધર્મપ્રભાવક શક્તિ કે જેમાં સૌભાગ્ય, અમોઘ દેશનાશક્તિ, તપશક્તિ આદિ પ્રભાવક ગુણોના કારણે પ્રભાવિત થઈને અનેક જીવો ધર્મમાર્ગમાં જોડાય છે; આ બધું નિરવદ્ય પુણ્ય છે. પોતે ધર્મ કરવો હોય કે બીજાને ધર્મ પમાડવો હોય તેના માટે ઘણી ઘણી પુણ્યપ્રકૃતિઓના ઉદયની જરૂર પડે છે. ધર્મના મર્મને સમજી શકાય એવી બુદ્ધિની પટુતા, માર્ગાનુસારી ક્ષયોપશમ, આગમનો અભિનિવેશ, ધર્મમય ચિત્ત, આવી આવી ધર્મસામગ્રીની ધર્મ કરવા માટે ઘણી આવશ્યકતા હોય છે. તે ધર્મસામગ્રીને મેળવી આપનાર પુણ્ય નિરવદ્ય પુણ્ય છે. આ નિરવદ્ય પુણ્ય શુદ્ધ ધર્મ કરવાથી બંધાય છે. વિવેક અને તાત્ત્વિક વૈરાગ્યથી કરાયેલો ધર્મ એ શુદ્ધ ધર્મ છે. સંસાર અને સંસારનાં સાધનોમાં હેયબુદ્ધિ અને મોક્ષ ને મોક્ષનાં સાધનોમાં ઉપાદેયબુદ્ધિ એ વિવેક છે.

(બ) **સાવદ્ય પુણ્યાનુબંધી પુણ્ય** :- પુણ્યાનુબંધી પુણ્યનો આ બીજો ભેદ છે. તે પણ તાત્ત્વિક ધર્મથી જ બંધાય છે. તે દેવલોકનાં અને મનુષ્યનાં ઊંચા પ્રકારનાં ભોગસુખો પ્રાપ્ત કરાવે છે. તેથી તેટલો કાળ તેને અવિરતિજન્ય પ્રમાદનું સેવન કરવું પડે છે. તીર્થંકરના જીવોને છેલ્લા ભવમાં વર્ષો સુધી ગૃહસ્થપણામાં રાખનાર આ સાવદ્ય પુણ્ય જ છે.

આ સાવદ્ય પુણ્ય પણ પુણ્યાનુબંધી છે. એટલે સમકિત ગુણને તે બાધ નથી કરતું. તેની હાજરીમાં સમકિત પ્રાપ્ત કરી શકાય છે, ટકાવી શકાય છે; પણ તે ચારિત્રનો બાધ કરે છે, જીવને અવિરતિમાં રાખે છે. માટે નિશ્ચયનય તેને હેય ગણે છે. જ્યારે વ્યવહારનય અમુક કક્ષા સુધી તેને ઉપાદેય ગણે છે. પછી પાછળથી ઊંચી કક્ષામાં ચઢેલા જીવો માટે તે હેય બને છે એમ માને છે.

તીર્થંકરના જીવોને નિરવદ્ય પુણ્ય ઉદયમાં હોય છે ત્યારે સ્વરૂપ હિંસા હોય છે. ગૃહસ્થપણામાં તેમને અવિરતિના કારણે હેતુ હિંસા હોય છે.

સાવદ્ય પુણ્યથી મળતાં ભોગસુખોને જોઈને સમ્યગ્દષ્ટિ જીવોને આનંદ નથી થતો. આથી તીર્થંકર વગેરે મહાપુરુષોનાં ચરિત્રો સાંભળે ત્યારે તેમની ગૃહસ્થપણાની ઋદ્ધિ આદિ સાંભળીને તેમને હર્ષ નથી થતો પણ તેમની અપૂર્વકોટિની સાધના, ધર્મપ્રભાવકતા

આદિ સાંભળીને તેમને હર્ષ થાય છે.

તીર્થંકર આદિના ગૃહસ્થવાસનાં ભોગસુખોને અનર્થદાયક કહ્યાં છે, તે માત્ર તેમને એટલો સમય અવિરતિજન્ય પ્રમાદમાં રોકી રાખે છે એ એક જ અપેક્ષાએ કહ્યું છે. બાકી એ ભોગસુખોથી તેમને આત્મસાધનામાં બીજો કોઇ અનર્થ થતો નથી; કારણ કે તે ભોગસુખો તેમણે પુણ્યનો અનુબંધ પાડનાર તાત્ત્વિક ધર્મથી મેળવ્યાં છે. અને તાત્ત્વિક ધર્મ તે શુદ્ધ ધર્મને ખેંચી લાવનારો છે. એટલે તેનાથી મોક્ષમાર્ગમાં વિઘ્ન આવતું નથી; માત્ર વિલંબ જ થાય છે.

પાપાનુબંધીપુણ્યથી મળતા ભોગો સર્વથા હેય જ છે. કારણકે તે સંસારમાં રખડાવનાર છે. ચંદનના લાકડાથી પ્રગટેલો અગ્નિ પણ માણસને પ્રાયઃ બાળે જ છે. પ્રાયઃ એટલા માટે લખ્યું કે જો ચંદ્રકાંતમણિ વગેરેનું સાંનિધ્ય હોય તો ન બાળે. પુણ્યાનુબંધીપુણ્યવાળાને ભોગો સંસારમાં રખડાવનાર નથી થતા તેનું કારણ આ ચંદ્રકાંતમણિ જેવો વિવેક જાગ્રત હોય છે; જ્યારે પાપાનુબંધીપુણ્યવાળા જીવ પાસે આવો ચંદ્રકાંતમણિરૂપ વિવેક હોતો નથી, તેથી તેને ભોગસુખો બાળે છે, અર્થાત્ સંસારમાં રખડાવે છે.

ગુણસ્થાનકની બહારના જીવો પુણ્ય બાંધે તો પાપાનુબંધી જ બાંધે છે. સમકિત પામ્યા પછી પુણ્યાનુબંધીપુણ્ય જ બંધાય છે. તેમાં લગભગ તો નિરવદ્ય પુણ્ય જ બંધાય છે. છતાં પૂર્વના નિકાચિતકર્મના ઉદયના કારણે તે સાવદ્યપુણ્યનો અલ્પમાત્રામાં બંધ કરે છે. તે બંધ પણ નિકાચિત નથી કરતો પરંતુ અનિકાચિત જ કરે છે. સમકિતી જીવ ભોગો ભોગવતી વખતે અવિરતિના કારણે પાપ બાંધતો હોય છતાં તેનો રુચિરૂપ પરિણામ ત્યાગનો હોવાથી તેને અનુબંધ વિરતિનો પડે છે. તે કદી નિકાચિત પાપ કે નિકાચિત સાવદ્ય પુણ્ય બાંધતો નથી. ઘણા તીર્થંકરો દા.ત. શ્રી ઋષભદેવ ભગવાન જેવાને અવિરતિપણામાં ૮૩ લાખ પૂર્વ વર્ષ સુધી રહેવું પડ્યું; એ ચારિત્રમોહનીયની નિકાચના, તેમણે સમકિત પામ્યા પહેલાંની અવસ્થામાં કરેલી હોય છે. જો નિકાચના ન થઇ હોય તો સાવદ્ય પુણ્યને નિરવદ્ય પુણ્યમાં પલટાવી શકાય છે.

ચારિત્રમોહનીય નિકાચિત કર્યું હોય તો અવિરતિનો ઉદય થવાને કારણે મોક્ષમાર્ગમાં વિલંબ થાય છે. પણ જો મિથ્યાત્વમોહનીય નિકાચિત કર્યું હોય તો તે જીવનું અવશ્ય પતન જ થાય છે. પુણ્યના ભેદોને સોનાના અને માટીના સાજા અને ફૂટેલા ઘડાની ઉપમા આપવામાં આવે છે.

સ્થિરાદૃષ્ટિવાળા જીવોને નિરવદ્યપુણ્યનો ઉદય એ સાજા સોનાના ઘડા જેવો છે. કારણકે તે પુણ્યાનુબંધીપુણ્ય વિરાગ અને વિવેક આદિ શુદ્ધભાવથી યુક્ત તાત્ત્વિક ધર્મથી

બંધાયું છે; જે ઉદયમાં આવીને પણ એ જીવ પાસે તાત્ત્વિક ધર્મ જ કરાવે છે. આત્માના વિકાસને તે બાધક બનતું નથી, તેમ વિકાસની ગતિને પણ રોકતું નથી.

આ જીવોને સાવદ્ય પુણ્યનો ઉદય એ ફૂટેલા સોનાના ઘડા જેવો છે. એ ઘડો ફૂટેલો હોય તેથી તે પાણી આદિ વસ્તુને ભરવાના ઉપયોગમાં લઈ શકતો નથી પણ સોનાની કિંમત તો એટલી ને એટલી જ થવાની છે. માત્ર તેમાંથી બીજો ઘડો કે દાગીનો બનાવવામાં ઘાટ ઘડામણ નવી ખર્ચવી પડે છે એટલું જ નુકસાન છે. જો કે એ નવો બનાવેલો દાગીનો કે ઘડો, જૂના ઘડા કરતાં વધુ ચક-ચક થતા હોય છે; એવું જ આ જીવોને બને છે. આ જીવો દેવલોકનાં કે મનુષ્યનાં ઊંચાં સુખો ભોગવતા હોય ત્યારે સાવદ્યપુણ્યના કારણે એટલો વખત તેમને અવિરતિમાં રહેવું પડે છે; પરંતુ સોનાના સદૃશ વૈરાગ્ય અને વિવેક જાગ્રત જ રહે છે. જે તેમને ભોગમાં તીવ્ર આસક્તિ થવા દેતા નથી, એટલે પાપનો અનુબંધ પડવા દેતા નથી. વળી અવિરતિનું આ સાવદ્ય નિકાચિત પુણ્ય ભોગવાઈ જાય છે કે તુર્ત જ પેલા ચકચકતા નવા ઘડા (કે દાગીના)ની જેમ તે પહેલાં કરતાં પણ વધુ ગુણોનો વિકાસ સાધવામાં આગળ વધે છે. મૂળ સોના સદૃશ પુણ્યનો અનુબંધ પડેલો હોવાથી આ સાવદ્ય પુણ્ય તેમને એટલો સમગ્ર આત્મવિકાસમાં માત્ર શીઘ્ર ગતિને રોકનાર બન્યું એટલું જ.

પાપનુબંધી પુણ્યને માટીના ઘડાની ઉપમા આપવામાં આવે છે. તે ઘડો સાજો હોય ત્યારે ચાર-છ રૂપિયાની મામૂલી કિંમત ઊપજે પણ ફૂટ્યા પછી તદ્દન નકામો; એમ ઔદયિક ભાવના શુભ પરિણામથી બંધાયેલ પાપનુબંધીપુણ્યથી મામૂલી તુચ્છ શારીરિક સુખો થોડા સમય માટે મળે છે. એ ભોગો ભોગવાઈ જાય, પુણ્યનો માટીનો ઘડો ફૂટી જાય પછી તેની કશી જ કિંમત હોતી નથી. પછી તો દુ:ખની પરંપરા જ ચાલુ થઈ જાય છે.

'૧૬૦'મા શ્લોકમાં ભોગનું ફળ વર્ણવ્યા બાદ '૧૬૧'મા શ્લોકમાં ભોગનું સ્વરૂપ વર્ણવે છે. ઘણા લોકોનું એવું માનવું છે કે ઇન્દ્રિયોની વાસના ભોગથી જ તૃપ્ત થાય છે. તે વાસનાને જો ભોગથી શાંત કરવામાં ન આવે તો તે વધારે અતૃપ્તિને જન્માવે છે, અનર્થને પેદા કરે છે. તો પછી પુણ્યથી મળેલા ભોગોને ભોગવવામાં શું વાંધો છે?

શ્રી ગ્રંથકાર મહર્ષિ આ શ્લોકમાં આ પ્રશ્નનું ઘણું સુંદર સમાધાન આપે છે કે સંસારનાં ભોગસુખો એ દુ:ખમૂલક, દુ:ખરૂપ અને દુ:ખફલક છે. એ સુખને ભોગવતાં પહેલાં અતૃપ્તિનું દુ:ખ વેઠવું પડે છે. જેમનાં શરીર, ઇન્દ્રિય કે મનને અતૃપ્તિ નથી એવા જીવને સંસારના વિષયો સુખકર લાગતા નથી. જેમણે અતૃપ્તિનું દુ:ખ વેઠ્યું હોય એવા જીવને ભોગસામગ્રી મળતાં એ અતૃપ્તિ દૂર થવાનો ભ્રમ થાય છે અને ક્ષણવાર સુખનો

આભાસ થાય છે. તે સુખ વાસ્તવિક નથી માત્ર આભાસરૂપ જ છે; કારણકે તેનાથી અતૃપ્તિ મૂળમાંથી નાશ નથી પામતી. જે તૃષ્ણા ગઇ છે, શાંત થઇ છે તે તેનાથી બળવત્તર બીજી તૃષ્ણાને મૂકતી ગઇ હોય છે.

જેમ એક ખભા ઉપર મૂકેલો વજનનો ભાર બીજા ખભા ઉપર ફેરવવામાં આવે ત્યારે ખભાને હળવાશનો અનુભવ થાય છે; પણ બીજો ખભો તો ભારે જ થાય છે. એટલે વાસ્તવિક રીતે જીવ ઉપરથી વજનનો બોજ ઓછો નથી થતો; માત્ર ખભાની જ ફેરબદલી થાય છે. એવી જ રીતે ભોગ ભોગવવાથી એક ઇચ્છાની શાંતિ થતી દેખાતી હોવા છતાં બીજી ઇચ્છા એનાથી પણ પ્રબળ ઊભી થતી હોવાથી જીવનું અતૃપ્તિનું દુઃખ મૂળમાંથી દૂર થતું નથી; માત્ર ફેરબદલો જ થાય છે.

જે ભોગ ભોગવાય છે, તેની અસર મન ઉપર પડે છે. કોઇ પણ ભોગની પ્રવૃત્તિ જો ઉપયોગપૂર્વક કરવામાં આવે તો આત્મા ઉપર ભોગના સંસ્કાર પડતા જાય છે. તે સંસ્કાર દઢ થતાં થતાં તે વાસના અને સંજ્ઞારૂપ બને છે. જે ખાવાના સંસ્કાર રૂઢ થાય છે તે આહારસંજ્ઞારૂપ બને છે. રૂપાદિ જોવાના કે સ્પર્શ આદિના સંસ્કાર રૂઢ થઇ જાય તો મૈથુનસંજ્ઞારૂપ બને છે. જીવના સર્વ દુઃખોનું મૂળ કારણ આ સંજ્ઞાઓ જ છે. આમ ઇન્દ્રિયોની વાસના ભોગથી તૃપ્ત નથી થતી, પરંતુ વધારે બ્હેકે છે અને જીવ અત્યંત દુઃખી થાય છે. આથી જ ભોગને સ્વરૂપથી દુઃખરૂપ જ ગણવામાં આવે છે.

સંસારમાં પુણ્ય-પાપ અને સુખ-દુઃખનું ચક્ર ચાલ્યા જ કરે છે. અમુક અમુક પુણ્યપ્રકૃતિઓ અને પાપપ્રકૃતિઓ સાથે બંધાતી હોય છે. દશમા ગુણસ્થાનક સુધી ધ્રુવબંધીની પાપપ્રકૃતિઓનો બંધ ચાલુ જ છે, એટલે ત્યાં પણ પુણ્યબંધની સાથે પાપબંધ ચાલુ જ છે. એટલું ખરું કે ઉપરના ગુણસ્થાનકોમાં પુણ્યપ્રકૃતિઓ જોરદાર બંધાય છે અને પાપપ્રકૃતિઓ તદ્દન નબળી અને ખૂબ જ અલ્પ પ્રમાણમાં બંધાય છે; જ્યારે નીચેના ગુણસ્થાનકોમાં પાપપ્રકૃતિઓ જોરદાર, ઘણા પ્રમાણમાં બંધાય છે અને પુણ્યપ્રકૃતિઓ તદ્દન નબળી અને અલ્પ પ્રમાણમાં બંધાય છે. નરકગતિ પ્રાયોગ્ય પાપબંધની સાથે પંચેંદ્રિય જાતિ, વૈક્રિયશરીરનામકર્મ વગેરે પુણ્યબંધ થતો હોય છે. એ બતાવે છે કે એકલી પાપપ્રકૃતિઓ કદાપિ બંધાતી નથી.

વળી એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે ઊંચા પ્રકારનું પાપ બાંધવામાં કે ઊંચા પ્રકારનું પાપ ભોગવવા માટે ઉદયમાં ઊંચા પ્રકારની પુણ્ય પ્રકૃતિઓની જરૂર પડે છે. બુદ્ધિશાળી સત્તાધીશ સમર્થ માણસ, જેવું ભયંકર પાપ બાંધી શકે છે એવું મૂર્ખ કે નિર્બળ માણસ બાંધી શકતો નથી. નરકગતિ પ્રાયોગ્ય પાપ એકેન્દ્રિય જીવો બાંધી શકતા નથી, પંચેંદ્રિય જીવો જ બાંધી શકે છે.

એ જ રીતે પાપના ઉદયરૂપ ઉત્કટ દુઃખને વેદવા માટે સાથે પુણ્યપ્રકૃતિઓના ઉદયની જરૂર પડે છે. પાપના ઉદયનું કાર્ય જીવને દુઃખ આપવાનું છે. તે દુઃખોને અનુભવવા માટે બુદ્ધિ, લાગણી, સંવેદન શક્તિ તીવ્ર જોઈએ છે. એ બધું પુણ્યના ઉદયથી મળે છે. નિગોદનું દુઃખ નરકના દુઃખ કરતાં ઘણું વધારે છે એમ કહેવાય છે; પરંતુ એ જીવોને સંવેદન શક્તિ (એકેંદ્રિય હોવાના કારણે) ઘણી જ અલ્પ હોય છે. આ કારણે તેમને માત્ર અવ્યક્ત દુઃખ જ હોય છે, વ્યક્ત દુઃખ હોતું નથી. નારકીને તો પાંચ ઈન્દ્રિયો, મન, અવધિ કે વિભંગજ્ઞાન, જાતિસ્મરણજ્ઞાન, આ બધી શક્તિઓ હોવાના કારણે તેને દુઃખનું ભાન વ્યક્ત હોય છે. તે ઘણી રિબામણ ભોગવે છે. આ અપેક્ષાએ નિગોદ કરતાં નારકીનું દુઃખ વધી જાય છે.

આમ પાપને બાંધવા કે ભોગવવા માટે જે શક્તિઓની જરૂર છે તે પુણ્યના ઉદયથી મળતી હોવાથી એવા પ્રકારનો પુણ્યનો ઉદય ત્યારે આવશ્યક હોય છે.

સંસારનું સુખ કર્મના ઉદયજન્ય છે. કર્મનો ઉદય પાપ-પુણ્યરૂપે હંમેશાં મિશ્રિત હોય છે. એટલે સંસારનું સુખ હંમેશાં દુઃખથી મિશ્રિત હોય છે. સુખ ઘણું હોય ત્યારે તેની સાથે અલ્પ પ્રમાણમાં રહેલું દુઃખ નજરમાં નથી આવતું અને દુઃખ ઘણું હોય ત્યારે તેની સાથે અલ્પ પ્રમાણમાં રહેલું સુખ નજરમાં નથી આવતું. જબ્બર પુણ્યશાળી વ્યક્તિને પણ અતિ અલ્પ અંશમાં પાપનો ઉદય સાથે ચાલુ જ હોય છે. ભાવતીર્થંકરને એકલો પુણ્યનો ઉદય નથી હોતો. તેમને ભૂખ-તૃષા આદિ લાગે છે, તે અશાતાનો ઉદય જ છે ને? વળી કેટલાક તીર્થંકરોને શ્યામવર્ણ હોય છે, તે પણ અશુભપ્રકૃતિનો જ ઉદય હોય છે; પરંતુ તેઓશ્રીને ઊંચા પ્રકારની બીજી અનેક પુણ્યપ્રકૃતિઓનો ઉદય હોય છે, તેથી આ અશુભપ્રકૃતિઓ અશુભરૂપે રહેતી નથી, છતાં કહેવાય તો અશુભ જ.

જેમ એક ઘડામાં લીમડાનો રસ અલ્પ સમય માટે ભર્યો હોય, તેને નિતારીને એવી રીતે એકદમ ખાલી કરી દીધો હોય કે તેમાં તેનો અંશમાત્ર પણ ન રહે; પછી તેમાં શેરડીનો રસ ભરવામાં આવે તો તેને ભલે કડવાશનો સ્પષ્ટ ખ્યાલ ન આવે પણ સારા ઘડામાં ભરેલા શેરડીના રસ કરતાં આ રસની મીઠાશ અવશ્ય ઊતરતી કક્ષાની રહેવાની. પટુ જિહ્વાવાળો, સ્વાદનિપુણ માણસ તેને પરખી કાઢશે. આમ પુણ્યના જોરદાર ઉદય વચ્ચે નબળી પાપપ્રકૃતિઓનો ભલે સ્પષ્ટ ખ્યાલ ન આવતો હોય છતાં તેની અલ્પતમ અંશમાં અસર રહે જ છે.

આવી જ રીતે જોરદાર પાપપ્રકૃતિઓના ઉદય વચ્ચે નબળી પુણ્યપ્રકૃતિઓના ઉદય વિશે સમજવાનું છે. નારકીના જીવને કોઈ વખત અલ્પ શાતાનો ઉદય આવી જાય તો પણ ભયંકર અશાતાના ઉદય વચ્ચે તેનો સ્પષ્ટ અનુભવ થઈ શકતો નથી.

પુણ્ય-પાપના બંધ-ઉદય અંગેની આ થોડી પ્રાસંગિક વાત કરી. હવે આપણે મૂળ વાતનું અનુસંધાન કરીએ.

પાંચમી દૃષ્ટિના વર્ણનમાં અંતે ત્રણ શ્લોક આપ્યા છે તે શ્રી પાતંજલઋષિના છે. તેમાં ત્રણ કક્ષાના યોગીઓના ગુણોનું વર્ણન કરવા દ્વારા યોગની ત્રણ ભૂમિકાનાં ચિહ્નોનું શ્રી પાતંજલઋષિએ આબેહૂબ વર્ણન કર્યું છે. તેમાં પહેલો શ્લોક પ્રાથમિક યોગી એવા પાંચમી સ્થિરાદૃષ્ટિવાળાને લગતો છે. તેનું વર્ણન હવે કરીશું. બીજો શ્લોક એ આધ્યાત્મિક યોગી છઠ્ઠી કાંતાદૃષ્ટિવાળાને લગતો છે અને ત્રીજો શ્લોક એ યોગસિદ્ધ જીવો સાતમી પ્રભાદૃષ્ટિ અને આઠમી પરાદૃષ્ટિવાળા યોગીઓને લગતો છે. તેનું વર્ણન અનુક્રમે છઠ્ઠી અને સાતમી દૃષ્ટિમાં કરીશું.

શ્રી પાતંજલઋષિ કહે છે કે અલૌલ્યતા, આરોગ્ય, અનિષ્ઠુરતા, શુભગંધ, મૂત્ર અને વિષ્ટાનું અલ્પત્વ, કાન્તિ, પ્રસાદ અને સ્વરની સૌમ્યતા આ યોગની પ્રથમ ભૂમિકાનું ચિહ્ન છે.

**અલોલતા** :- સંસારના વિષયોને વિશે અનાસક્તપણું, ઇન્દ્રિયોનો સહજ નિરોધ, તેને અલોલતા કહેવામાં આવે છે.

ગુણો કૃત્રિમ અને અકૃત્રિમ એમ બે પ્રકારના હોય છે. કર્મની મંદતાના કારણે જે ગુણ પ્રગટે છે તે ઔદયિક ભાવના કહેવાય છે. તે ગુણો કૃત્રિમ હોય છે. કારણકે દોષનું બીજ મિથ્યાત્વ હજી પડેલું છે. એટલે ભવિષ્યમાં આ ગુણોનો નાશ થઈને ફરી પાછો દોષોનો ઉદ્ભવ થવાનો જ છે. ઉપરથી રોગ દબાવી દીધો હોય, મૂળમાંથી રોગ નાશ ન પામ્યો હોય, રોગનું બીજ હજી અંદર પડેલું હોય, એવા માણસને સાચા અર્થમાં નીરોગી ન કહી શકાય; કારણકે ફરી રોગ ઊથલો મારવાનો જ છે. ગુણસ્થાનકની બહારના જીવોને આ કૃત્રિમ ઔદયિક ભાવના ગુણો હોય છે. આ જીવોમાં અલોલતા ગુણ હોય તો ય તેમને યોગ કહેવામાં આવતા નથી.

કર્મનો ક્ષયોપશમ થવાથી જે ગુણો પ્રગટે છે તે ગુણો ક્ષાયોપશમિક ભાવના કહેવાય છે. તે જ સાચા - અકૃત્રિમ ગુણો છે. તેમાં વ્યવહારનય એવું માને છે કે પહેલાં દર્શનમોહનીયનો ક્ષયોપશમ થાય છે, ત્યાર બાદ જ્ઞાનાવરણીયાદિ બીજા ઘાતીકર્મનો ક્ષયોપશમ થાય. નિશ્ચયનય માને છે કે ચારે ઘાતીકર્મનો ક્ષયોપશમ એક સાથે જ થાય છે. સમકિતી જીવને આવા ક્ષાયોપશમિક ભાવના અકૃત્રિમ ગુણો હોય છે. કારણકે તેને મિથ્યાત્વનો ક્ષયોપશમ થયેલો છે. માટે સમકિતી જીવને જ યોગીપુરુષ કહેવામાં આવે છે અને યોગમાર્ગની શરુઆત ચોથા ગુણસ્થાનકથી ગણવામાં આવે છે. પહેલા

ગુણસ્થાનકે ક્ષયોપશમ થયો નથી. માત્ર કર્મની મંદતા છે. પણ તેમની મંદતા ક્ષયોપશમભાવને અનુરૂપ મંદતા છે. એટલે ગુણસ્થાનકની બહારના જીવોની મંદતા કરતાં એ ભિન્ન છે. ઉપચારથી ત્યાં યોગમાર્ગની પ્રાપ્તિ કહી શકાય.

મિથ્યાત્વના બે ઠાણીયા ઉત્કૃષ્ટ રસવાળાં અધ્યવસાય સ્થાનોમાંનાં નીચલાં અધ્યવસાય સ્થાનો ઉદયમાં હોય ત્યારે અપુનર્બંધકાદિ અવસ્થાવાળું પ્રથમ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. (મિથ્યાત્વના જ બેઠાણીયાના જઘન્ય અને મધ્યમ રસવાળાં અધ્યવસાય સ્થાનો જ્યારે ઉદયમાં હોય ત્યારે સમકિત પ્રાપ્ત થાય છે. તેના ગુણોની શાસ્ત્રમાં કિંમત આંકવામાં આવી છે.)

સમકિતી જીવો બધા જ અનાસક્ત ભોગી હોય છે. કડવા લીમડાને જેમ માણસ મન વિના ખાય છે તેમ સમકિતી જીવ ભોગમાં મન વગરની પ્રવૃત્તિ કરે છે. મિથ્યાત્વ, જીવને અનાભોગથી, ધર્મની બુદ્ધિથી, રાચી-માચીને પાપ કરાવે છે; તે પાપને પાપ તરીકે ઓળખવા નથી દેતું. સમકિતી જીવને પાપની પાપ તરીકે ઓળખ થઇ ગઇ છે, એટલે કદી અનાભોગથી કે ધર્મની બુદ્ધિથી કે રાચી-માચીને પાપ કરતો નથી. કરવું પડે છે માટે તે પાપ કરે છે. આથી તે વિષયનો ભોગવટો કરતો હોય છતાં તેનામાં તાત્ત્વિક અલોલતા ગુણ રહેલો છે.

**આરોગ્ય** :- અલોલતા એ આંતરિક ગુણ છે, જ્યારે આરોગ્ય એ બાહ્યગુણ છે. યોગના પ્રભાવથી મળેલા આરોગ્યની અહીં વાત છે. બાકી પુણ્યપ્રકૃતિના ઉદયથી મિથ્યાદૃષ્ટિ જીવને પણ આરોગ્ય હોય છે.

સમકિતી જીવને યોગના પ્રભાવથી આરોગ્ય સુલભ હોય છે. વિષયોમાં અનાસક્તિ હોવાને કારણે તેમનું મન સ્વસ્થ હોય છે. મનની અસર ઘણું કરીને શરીર ઉપર પડે છે. વળી તેમની જીવનપદ્ધતિ અણઘડ નહિ પણ સંયમપૂર્વકની હોય છે. તેમનામાં કુપથ્યસેવન હોતું નથી. તેમનું ચિત્ત ધર્મમાં પ્રેમવાળું હોય છે અને ધર્મનું તાત્કાલિક ફળ માનસિક સુખ-શાંતિ જ છે. આ કારણથી સમકિતી જીવોનું મન અને શરીર બંને સ્વસ્થ હોય છે.

સમકિતીને જો આરોગ્ય સુલભ છે તો ઘણા સમકિતીને રોગી અવસ્થા જોવામાં આવે છે તેનું શું કારણ? આના જવાબમાં વર્તમાનકાલીન જીવો માટે એમ કહી શકાય કે વર્તમાન જીવનપદ્ધતિ જ તેમના આરોગ્યને બગાડે છે. હાલમાં ખોરાક-પાણી, રહેણી-કરણી, હવા વગેરે એવાં દૂષિત છે કે ગમે એવા સંયમી જીવોનું પણ આરોગ્ય નષ્ટ થઇ જાય. પૂર્વમુનિઓ માટે એમ કહી શકાય કે કોઇને નિકાચિત અશાતાનો ઉદય હોય તો

પણ રોગ આવે અથવા તો પૂર્વના મહામુનિઓનું લક્ષ્ય એષણીય નિર્દોષ ગોચરી તરફ જ રહેતું, પથ્ય કે કુપથ્ય જે નિર્દોષ મળે તે જ તેઓ વાપરતા. તેમાં કુપથ્યના સેવનથી તેમનું આરોગ્ય બગડે એ સ્વાભાવિક છે. બાકી તેમનું મન તો સ્વસ્થ જ હતું, શરીરને આરોગ્યપ્રદ જ હતું. મન કે ઇન્દ્રિયના અસંયમથી કદી તેમને રોગ આવતો નહિ. યોગમાર્ગને નહિ પામેલા જીવોને વિષયાસક્તિ અને કષાયના આવેશને કારણે આરોગ્ય બગડે છે, એ રીતે લોલતા-અસંયમાદિના કારણે યોગી જીવોનું આરોગ્ય કદી નષ્ટ થતું નથી.

**અનિષ્ઠુરતા** :- યોગી જીવો સહજ રીતે જ કોમળ હૃદયવાળા હોય છે. સમકિતના શમ-નિર્વેદ આદિ પાંચ લક્ષણોમાંનું એક લક્ષણ આસ્તિક્ય છે. આ આસ્તિક્ય ગુણના કારણે આ જીવો જ સાચી દ્રવ્યદયા અને ભાવદયા કરી શકે છે. દુશ્મન પ્રત્યે પણ તેમનો દ્વેષ નિરપેક્ષ નથી હોતો.

નિષ્ઠુરતા બે પ્રકારે હોય છે. (૧) દર્શનમોહનીયજન્ય અને ચારિત્રમોહનીયજન્ય. ચારિત્રમોહનીયજન્ય નિષ્ઠુરતા પાપની પ્રવૃત્તિ કરાવે છે અને દર્શનમોહનીયજન્ય નિષ્ઠુરતા તેમાં નિર્ધ્વંસ પરિણામ લાવે છે. સમકિતી જીવોને ચારિત્રમોહનીયજન્ય નિષ્ઠુરતા સંભવે છે; પણ દર્શનમોહનીયજન્ય નિષ્ઠુરતા હોતી નથી. અર્થાત્ તેઓ હિંસાદિ પાપની પ્રવૃત્તિ કરે છે, પણ વિવેકના કારણે પાપને પાપ તરીકે ઓળખતા હોવાથી તેમનામાં નિર્ધ્વંસતા આવતી નથી. પાપને તેઓ દુભાતા હૈયે કરે છે. તેમની પાપપ્રવૃત્તિ સખેદ હોય છે.

પ્રથમ ગુણસ્થાનકવર્તી જીવોને પણ નિરપેક્ષ દ્વેષ હોતો નથી; છતાં અનાભોગથી તેમનામાં પાપની નિષ્ઠુરતા બેઠેલી છે. ગુણસ્થાનકની બહારના નાસ્તિક જીવો તો પાપને પાપ જાણવા છતાં ધીઠ્ઠાઈથી પાપ કરે છે. તેવી ધીઠ્ઠાઈ પ્રથમ ગુણસ્થાનકવર્તી જીવમાં હોતી નથી પણ તે અનાભોગથી કેટલીક પાપપ્રવૃત્તિને પાપરૂપે નહિ સમજતા હોવાથી રાચીમાચીને કરે છે. આમ અનાભોગજન્ય નિષ્ઠુરતા તેમનામાં રહેલી છે.

સમકિતી જીવ જાણીને પાપ પ્રવૃત્તિ કરે છે, તેના કરતાં પ્રથમ ગુણસ્થાનકવર્તી જીવ અજ્ઞાનથી પાપ કરે છે એટલે તેમને કર્મબંધ અલ્પ થાય એવું માનવું ભૂલભરેલું છે. કારણકે અજ્ઞાન એ જ મોટું મિથ્યાત્વ છે. અહીં અજ્ઞાન હેયોપાદેય સંબંધી સમજવાનું છે, જ્ઞેય બાબત નહિ. ઝેર અજાણતાં ખાવામાં આવે તો પણ તે મારવાના સ્વભાવવાળું જ છે. મિથ્યાત્વ ઝેર સદૃશ છે. સમકિતી જીવ વિવેકના કારણે કર્મબંધથી બચી જાય છે; જ્યારે અજ્ઞાની જીવમાં અવિવેક હોવાથી તેને એ પાપ પ્રવૃત્તિનો ખેદ હોતો નથી. આ

કારણે તેને કર્મબંધ વધુ થાય છે.

**શુભ ગંધ, મૂત્રવિષ્ટાની અલ્પતા** :- યોગી જીવોના આહાર-વિહાર એવા હોય છે કે તેમણે ખાધેલા ખોરાકનું તત્ત્વ જ બને છે, કચરો બહુ ઓછો બને છે. વળી તેમાં દુર્ગંધ નથી હોતી. આ જીવોનું જે શુદ્ધ માનસ છે, તેની અસર શરીર ઉપર પડવાના કારણે પણ આમ બને છે. હઠયોગમાં પ્રાણાયામથી જેમ નાડીઓ શુદ્ધ બને છે તેમ અહીં યોગના પ્રભાવથી બને.

**કાન્તિ** :- યોગી જીવોની શરીરની ધાતુઓ નિર્મળ હોવાથી બીજા જીવો કરતાં તેમની ઓજસ્વિતા, તેજસ્વિતા, કાન્તિ, લાવણ્ય વગેરે વિશેષ પ્રમાણમાં હોય છે. આ કાન્તિ ભાલપ્રદેશમાં વિશેષ હોય છે. તેમનું લલાટ ચમકતું હોય છે. બ્રહ્મચર્યના કારણે પણ કાન્તિ વધે છે.

**પ્રસાદ** :- પ્રસાદ એટલે મનની પ્રસન્નતા. આ ગુણ દરેક સમકિતી જીવને ચોવીસે કલાક હોય છે. તત્ત્વદર્શનની પ્રાપ્તિનો આનંદ તેમને હરહંમેશ હોય છે. ગમે એવી આપત્તિમાં પણ વિવેકજન્ય પ્રસાદ તેમને હોય છે. દીનતા નથી હોતી. આ પ્રસાદ એ આધ્યાત્મિક સુખ છે. યોગીના સુખની અનુભૂતિ છે. વિષયસુખ કરતાં તે તદ્દન જુદા પ્રકારનું છે, અનેકગણું ચડિયાતું છે. વિષયસુખ કર્મબંધન કરાવનારું છે; જ્યારે આ આધ્યાત્મિક સુખ ક્ષણે ક્ષણે કર્મનિર્જરા કરાવનાર છે.

**સ્વરની સૌમ્યતા** :- સમકિતી જીવોનો સ્વર સૌમ્ય હોય છે. અર્થાત્ તેઓની ભાષામાં અકળામણ હોતી નથી. નાની નાની બાબતોમાં તેઓ સ્હેજ પણ અસ્વસ્થ બન્યા વગર સૌમ્ય ભાષાનો પ્રયોગ કરતા હોય છે.

આવા બીજા અનેક બાહ્ય-અભ્યંતર યોગનાં ચિહ્નો સ્થિરાદૃષ્ટિવાળા જીવોમાં જોવા મળે છે. જો કે યોગની ભૂમિકામાં રહેલાને મિથ્યાત્વ ગુણસ્થાનકે પણ અંશે-અંશે યોગનાં ચિહ્નોરૂપ આ ગુણો હોય છે; પરંતુ યોગની ખરી પ્રાપ્તિ સ્થિરાદૃષ્ટિમાં થાય છે. અહીંથી હવે જીવનો યૌગિક વિકાસ ઝડપથી થવા માંડે છે એટલે આ યૌગિક ગુણોની પ્રાપ્તિ અહીં જ થઇ એમ કહેવાય છે.

સ્થિરાદૃષ્ટિવાળા જીવોનો ધર્મરાગ ઉત્કૃષ્ટ પ્રકારનો હોય છે. સંસારીજીવોના કામરાગ અને સ્નેહરાગની ઉપમા વડે ભિન્ન-ભિન્ન ભૂમિકામાં રહેલા જીવોનો ધર્મરાગ

સ્પષ્ટ રીતે સમજી શકાય છે. માટે પહેલાં સંસારી રાગની વિચારણા કરીએ.

સંસારી જીવોને પોતાની પ્રેમપાત્ર વ્યક્તિ ઉપર જે રાગ હોય છે તે બે પ્રકારનો છેઃ-

**(૧)કામરાગ (૨) સ્નેહરાગ.**

**કામરાગ** :- આ રાગ સાપેક્ષ છે. અર્થાત્ એ વ્યક્તિ ઉપર સહજ રીતે તેને રાગ નથી, પણ એ વ્યક્તિની અમુક વસ્તુ તેને ગમે છે, એટલે તેની ઉપર તેને રાગ છે. એ વ્યક્તિનો દેખાવ ગમે છે અથવા તો સ્વભાવ ગમે છે અથવા તો મીઠાં વચનો ગમે છે. અમુક પ્રકારના સુંદર શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિના કારણે તે વ્યક્તિ ઉપર તેને રાગ થયો છે. માટે તે સાપેક્ષ છે. આ રાગ ગમે તેટલો ઉત્કટ હોય, એ વ્યક્તિ માટે તે ફના થઈ જવા સુધી તૈયારીવાળો હોય, તો પણ અવસરે એ રાગને તૂટતાં વાર લાગતી નથી.

આ કામરાગ બે કારણે તૂટે છે (૧) જે અપેક્ષાએ તે વ્યક્તિને એ ચાહે છે એ અપેક્ષા જો પેલી વ્યક્તિ પૂર્ણ ન કરી શકે તો તેના ઉપરનો રાગ તૂટી જાય છે. દા.ત. 'ધન કમાઈ આપશે' એ અપેક્ષાએ પુત્ર ઉપર રાગ હોય અથવા તો 'વિષયસુખની અપેક્ષાએ પત્ની ઉપર રાગ હોય' પણ જો પુત્ર ધન કમાઈ આપે તેમ ન હોય (અપંગ બની જાય) અથવા તો પત્ની વિષયસુખ આપવા માટે અસમર્થ બની જાય; તો એ પુત્ર અને પત્ની ઉપરનો તેનો રાગ ઓસરી જાય છે, તૂટી જાય છે. ઘણાં દષ્ટાંતોમાં જોવા મળે છે કે સ્ત્રી કદરૂપી કે રોગિષ્ઠ બને એટલે તેના પતિનો તેની ઉપરનો રાગ ઓછો થઈ જાય છે.

(૨) કામરાગ તૂટવાનું બીજું કારણ એ છે કે જે અપેક્ષાએ તે આ વ્યક્તિને ચાહે છે એ અપેક્ષિત વસ્તુ તે વ્યક્તિ કરતાં બીજી વ્યક્તિમાં વિશેષ પ્રમાણમાં પ્રાપ્ત થતી હોય, તો આ વ્યક્તિ ઉપરથી રાગ ઊઠીને પેલી બીજી વ્યક્તિ ઉપર રાગ થાય છે. સુંદર રૂપની અપેક્ષાને કારણે, સ્ત્રી ઉપરથી રાગ ઊઠીને પેલી બીજી સ્ત્રી ઉપર રાગ થાય છે. ધનની અપેક્ષાએ કોઈ ઉપર રાગ હોય, તો વધારે ધનપ્રાપ્તિ કરાવનાર જો બીજો કોઈ મળી જાય તો આની ઉપરથી તૂટીને તેના ઉપર રાગ થાય છે.

આમ કામરાગ એ સાપેક્ષ છે. માટે જ તે કૃત્રિમ છે અને અલ્પકાલીન છે. તે ગમે એટલો ઉત્કટ માત્રાનો હોય તો પણ અવિશ્વસનીય છે.

**સ્નેહરાગ** :- આ રાગ નિરપેક્ષ રાગ છે. જયારે માતા-પિતા, ભાઈ, બેન, પ્રિયા, પુત્ર, સ્વજનાદિ પ્રેમપાત્ર વ્યક્તિ ઉપર સહજ રીતે જ રાગ હોય ત્યારે તે સ્નેહરાગ કહેવાય છે. આમાં તેને એ વ્યક્તિ ઉપર જ મૂળથી રાગ છે. તેની પાસેથી બીજી કોઈ

અપેક્ષાના કારણે તેને રાગ નથી માટે તે નિરપેક્ષ છે. તે વ્યક્તિ રૂપવાન હોય કે કદરૂપી હોય, સુંદર સ્વભાવની હોય કે ખરાબ સ્વભાવની હોય, પોતાને ઉપકારક હોય કે અનર્થ કરનાર હોય, ગમે તેવી હોય છતાં તેની ઉપરનો તેનો રાગ તૂટતો નથી. એ વ્યક્તિ પહેલાં સારી હોય પણ પાછળથી બગડી જાય, તેનો સ્વભાવ ખરાબ થઇ જાય, તે વ્યસની-દુરાચારી બની જાય, અપંગ કે રોગી થઇ જાય ગમે તે થાય છતાં તેના ઉપરનો આનો રાગ જરાપણ ઓછો થતો નથી; એટલો ને એટલો જ રહે છે કારણકે તે સહજ અને નિરપેક્ષ છે.

સ્નેહરાગ એ ચિરકાલીન છે. ભવાંતરમાં પણ તે સાથે જાય છે. શંખ-કલાવતીને ૨૧ ભવ સુધી, તેમ જ નેમ-રાજુલને નવ ભવ સુધી, એમ જન્મ-જન્માંતરના જે સ્નેહસંબંધ છે; તે આ સ્નેહરાગના કારણે છે.

આ સ્નેહરાગમાં એવું બને કે જન્માંતરમાં પોતાની એ પ્રેમપાત્ર વ્યક્તિનો સંયોગ-સમાગમ ન થાય તો પછી આપમેળે જ તે સ્નેહ નષ્ટ થઇ જાય છે. આ સ્નેહરાગ પણ પાંચ-પચીસ ભવ ગયા પછી નિમિત્તો મળતાં ઓછો થતો થતો છેવટે મૂળમાંથી નષ્ટ થઇ જાય છે. કેમકે તેના સંસ્કાર એ મતિજ્ઞાનનો ભેદ છે; એટલે અસંખ્ય કાળે તે નાશ પામે છે.

પ્રથમ કામરાગ હોય છે, પાછળથી ખૂબ ગાઢ પરિચય થવાના કારણે તે સ્નેહરાગમાં પરિણમે છે. જીવે આવા સ્નેહરાગ અનેક જન્મમાં કર્યા છે.

આ બંને પ્રકારનો સંસારી રાગ જીવને સંસારમાં રખડાવનાર છે. એકમાત્ર ધર્મરાગ જ જીવને સંસારમાંથી છોડાવી મોક્ષમાં લઇ જનાર છે.

જીવને જ્યારે ધર્મ ઉપર સહજ રાગ ન હોય, પણ તેનાથી અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે માટે ધર્મ ગમતો હોય; અથવા તો ધર્મના ચમત્કાર, મહિમા જોઇને તેની ઉપર રાગ થયો હોય; ત્યારે તે સાપેક્ષ ધર્મરાગ કહેવાય છે. કામરાગની ઉપમા તેને આપી શકાય. આ જીવોનો ધર્મરાગ ગમે તેટલો ઉત્કટ દેખાતો હોય, ધર્મના માટે તેઓ પ્રાણ આપવા સુધીની તૈયારીવાળા હોય; છતાં તે કામરાગની જેમ અલ્પકાલીન છે. તેને નષ્ટ થતાં વાર લાગતી નથી.

આવો સાપેક્ષ ધર્મરાગ ગુણસ્થાનકની બહારના જીવોને હોય છે અને તેની પરાકાષ્ઠા નવમા ગ્રૈવેયકે જનારા અભવ્ય જીવોમાં જોવા મળે છે.

જીવને જ્યારે ધર્મ ઉપર સહજ રાગ હોય છે, ધર્મના કોઇ ચમત્કાર કે મહિમા જોઇને તે અંજાયો નથી, અર્થ કે કામની પ્રાપ્તિ અર્થે તે ધર્મ તરફ આકર્ષાયો નથી, પણ ધર્મની ખાતર તેને ધર્મ ગમે છે; ત્યારે તેનો ધર્મરાગ નિરપેક્ષ કહેવાય છે. સ્નેહરાગની

ઉપમા તેને આપી શકાય. તે ચિરકાલ સુધી ટકે છે.

જીવ જ્યારે ગુણસ્થાનકમાં આવે છે ત્યારે તેનામાં આવો નિરપેક્ષ ધર્મરાગ આવે છે. આ જીવોને ધર્મ અને પરમાત્મા પર નિરુપાધિક રાગ હોય છે. પ્રથમ ચાર દૃષ્ટિમાં આ ધર્મરાગ અલ્પ માત્રામાં હોય છે. તેમને મિથ્યાત્વ બેઠેલું છે, તેથી અજ્ઞાનતાના કારણે પરમાત્મા, ગુરુ વગેરેના બધા જ ગુણોની રુચિ તે કરી શકતા નથી. અતત્ત્વને પણ તે તત્ત્વ માની લે છે. સૂક્ષ્મકષાય અને વિષયસેવન પ્રત્યે અનાભોગથી પણ રુચિ બેઠેલી હોય ત્યાં સુધી તત્ત્વની અરુચિ બેઠેલી છે. માટે ચાર દૃષ્ટિ સુધીનો ધર્મરાગ નિરપેક્ષ છે, પણ તે સંપૂર્ણ અંશમાં નથી, અલ્પ માત્રામાં છે.

નિરપેક્ષ ધર્મરાગની પરાકાષ્ઠા સમકિતી જીવમાં પ્રાપ્ત થાય છે. કારણકે તેનામાં સંપૂર્ણ વિવેક અને સૂક્ષ્મ બોધ છે. તેથી પરમાત્મા, ગુરુ વગેરેના ગુણોની તેને સંપૂર્ણ પૂરેપૂરી ઓળખ છે. હેયોપાદેયનું તેનું જ્ઞાન સંપૂર્ણ રુચિવાળું છે. આથી જ ચોથી દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ જીવ કરતાં પાંચમી દૃષ્ટિવાળા સમકિતી જીવનો ધર્મરાગ અનંતગણો ચડિયાતો હોય છે.

ચિત્તની વિશુદ્ધિ એ જ ધર્મ છે. તેની સાચી શરુઆત અહીં સ્થિરાદૃષ્ટિમાંથી થાય છે. કારણકે ક્ષયોપશમભાવની શરુઆત અહીંથી જ થાય છે. પછી જેમ-જેમ ચિત્તની વિશુદ્ધિ વધતી જાય છે તેમ-તેમ જીવ ઉપર-ઉપરની યોગભૂમિકામાં ચડતો જાય છે.

જ્યાં સુધી જીવની કર્મબંધની યોગ્યતા ઘટતી નથી, ત્યાં સુધી તે યોગની ભૂમિકાને પામી શકતો નથી. એ અવસ્થામાં ચિત્તવિશુદ્ધિ દેખાતી હોય તો સમજવું કે એ ભ્રામક છે. કારણકે કર્મબંધની યોગ્યતાને સંસારની માતા કહેવામાં આવી છે. તે જ અનંત સંસારનો અનુબંધ કરાવે છે. એ યોગ્યતા ઘટાડ્યા વગર મોક્ષપ્રાપક ગુણો કે મોક્ષની પ્રાપ્તિ ક્યાંથી થાય?

જૈનશાસનરૂપી મહેલમાં પ્રવેશ કરાવનાર પ્રવેશદ્વારના બે દ્વારપાળ છે. તેમાંનો પહેલો દ્વારપાળ તે નદીઘોલ પાષાણ ન્યાયે થયેલ કર્મલઘુતા છે. તે જીવને મહેલમાં પ્રવેશ કરવા દેતો નથી, પણ આજુ-બાજુ આંટા મરાવીને પછી તેને દૂર હાંકી કાઢે છે. આવી કર્મલઘુતા જીવને વિકાસ કરાવનાર નથી.

બીજો દ્વારપાળ કર્મવિવર એટલે ક્ષયોપશમથી થયેલ કર્મની લઘુતા છે. તે જીવને જૈનશાસનરૂપી મહેલમાં પ્રવેશ કરાવે છે, પરમાત્માનું દર્શન કરાવે છે, અને ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે છે.

નિશ્ચયનયનું તાત્ત્વિક પ્રણિધાન અહીં સ્થિરાદૃષ્ટિમાં હોય છે. સ્થિરાદૃષ્ટિવાળામાં ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ દોષ હોતા નથી. પરંતુ તેનામાં હજી અન્યમુદ્ નામનો

દોષ રહેલો છે. એ અન્યમુદ્ નામનો દોષ નષ્ટ થાય ત્યારે જીવ છઠ્ઠી કાન્તા નામની દૃષ્ટિને પ્રાપ્ત કરે છે.

## કાન્તાદૃષ્ટિ

આ દૃષ્ટિમાં ચોથા-પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકવર્તી જીવો હોય છે. સ્થિરાદૃષ્ટિમાં પણ આ જ ત્રણ ગુણસ્થાનકવર્તી જીવો હતા. ગુણસ્થાનકના ભેદ અનુક્રમે વૈરાગ્ય, વિવેક, વિરતિ વગેરે ગુણોની અપેક્ષાએ પાડવામાં આવ્યા છે. જ્યારે દૃષ્ટિના ભેદ બીજા ગુણોની અપેક્ષાએ પાડવામાં આવ્યા છે. આથી એવું પણ બને કે છઠ્ઠા ગુણસ્થાનકવર્તી ભાવવિરતિધર સાધુ, જો તેનામાં અન્યમુદ્ દોષ હોય તો પાંચમી દૃષ્ટિમાં હોય, જ્યારે ચોથા ગુણસ્થાનકવાળો અવિરતિ સમ્યગ્દષ્ટિ જીવ જો તેનામાં અન્યમુદ્ દોષ ન હોય તો છઠ્ઠી દૃષ્ટિમાં હોય. ગૃહસ્થાવસ્થામાં રહેલા તીર્થંકરોનું ગુણસ્થાનક ચોથું છે, પણ તેમને દૃષ્ટિ છઠ્ઠી છે. જ્યારે બકુશ કુશીલ ચારિત્રવાળા ભાવવિરતિધર સાધુનું ગુણસ્થાનક છઠ્ઠું છે પણ દૃષ્ટિ પાંચમી છે.

આ દૃષ્ટિનું નામ કાન્તા છે. કાન્ત એટલે મનોહર, પ્રિય. આ દૃષ્ટિમાં રહેલા જીવોના પરિણામ અતિશય કાન્ત - મનોહર હોય છે. તેમનો સ્વભાવ ઉપશાન્ત હોય છે. તેમનામાં સ્વાર્થ લેશ પણ નથી હોતો. સૌને તે પ્રિય હોય છે. એ અપેક્ષાએ આ દૃષ્ટિનું કાન્તા નામ સાર્થક છે.

કાન્તા એટલે પત્ની. જીવનો અનાદિકાલીન અવિનાભાવી સ્વભાવ, તેની મૂળ પ્રકૃતિ સમતા છે. સંસારમાં પત્ની એ સુખને આપનારી છે. પત્ની સારી ન મળે તેનું આખું સાંસારિક જીવન બગડી જાય છે. એ સમતા પત્નીનો અહીં છઠ્ઠી દૃષ્ટિમાં સંયોગ થાય છે. માટે પણ આ દૃષ્ટિનું કાન્તા એ નામ સાર્થક છે.

**બોધ** :- આ દૃષ્ટિનો બોધ તારાના પ્રકાશ જેવો સ્થિર, નિરતિચાર અનુષ્ઠાન કરાવનારો, શુદ્ધ ઉપયોગને અનુસરનારો, વિશિષ્ટ અપ્રમાદથી યુક્ત અને વિનિયોગ પ્રધાન ગંભીર ઉદાર આશયવાળો હોય છે.

તારા શબ્દથી અહીંયાં તારાનું વિમાન લેવાનું છે. તે ઉત્તમ પ્રકારનાં રત્નોથી બનેલું છે. તે રત્નોના પ્રકાશ જેટલો વિશાળ બોધનો પ્રકાશ આ દૃષ્ટિમાં હોય છે. પાંચમી દૃષ્ટિમાં માત્ર એક રત્ન જેટલો જ પ્રકાશ હતો, જ્યારે આ દૃષ્ટિમાં ઝગારા મારતાં ઘણાં રત્નોનો પ્રકાશ છે. એટલે તેના કરતાં અનેકગણો વિશુદ્ધ બોધ છે.

પ્રથમની ચાર દૃષ્ટિમાં જીવની વિકાસની ગતિ ઘણી ધીમી હતી. એ ચારમાં થઈને એકમાત્ર પ્રથમ ગુણસ્થાનકનો પંથ જ કપાય છે. જ્યારે છેલ્લી ચાર દૃષ્ટિમાં ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધીના અગિયાર ગુણસ્થાનકનો પંથ કપાય એટલી ગતિ વધી ગઈ છે. અધ્યવસાયોની વિશુદ્ધિ વધી ગયા પછી મોક્ષમાર્ગનું અંતર કાપવામાં જીવ કૂદકે ને ભૂસકે અંતર કાપતો લાંબું-લાંબું અંતર કાપી શકે છે. આત્માના આંતરિક ગુણો ખીલ્યા એટલે માર્ગની સ્પષ્ટ ઓળખ આવી અને તેથી જ પહેલાં જે એક બે પગથિયાં જેટલું વધતો હતો તે હવે દશ-દશ પગથિયાં અને આગળ જતાં વળી વીશ-વીશ પગથિયાં જેટલું અંતર કાપતો, શીઘ્રતાથી પોતાનું મૂળ શુદ્ધ સ્વરૂપ અંતે પ્રાપ્ત કરી લે છે.

આ દૃષ્ટિવાળાને બોધ સ્થિત છે. તારાની જેમ ગતિને હિસાબે પ્રાયઃ સ્થિર જેવો હોય છે. બીજા જ્યોતિષી વિમાનો જ્યારે ઘણું અંતર કાપે છે, ત્યારે તારાનું વિમાન બહુ અલ્પ ખસે છે. એટલે આપણને તે સ્થિર જેવું જ લાગે છે. તેવી રીતે આ દૃષ્ટિવાળા જીવો પ્રકૃતિ વડે સ્થિતપ્રજ્ઞ હોય છે. ગમે તેવા ઇષ્ટ કે અનિષ્ટ પ્રસંગોની, સુખની કે દુઃખની, કોઈ જ અસર તેમના મન ઉપર થતી નથી. તેમની આ સ્થિતપ્રજ્ઞાને કાચબાની ઉપમા આપવામાં આવે છે. કાચબો જેમ પોતાની જાત સંવરી લે છે, પછી ગમે એટલા પ્રચંડ ઘા તેના શરીર ઉપર કરવામાં આવે, પણ તેની અસર તેને થતી નથી; એમ આ દૃષ્ટિમાં રહેલા મહાત્માઓએ પોતાનાં ઇન્દ્રિય અને મન એવાં બનાવી દીધાં છે કે કોઈ પણ સારાં-માઠાં નિમિત્તોની તેમના મન ઉપર અસર થતી જ નથી. તેમને ભોગ ભોગવવામાં બિલકુલ સ્વાદ હોતો નથી અને તેથી જ તત્ત્વમાં તેમની બુદ્ધિ સ્થિત હોય છે.

શ્રી તીર્થંકર પરમાત્મા જન્મથી જ આ કાન્તાદૃષ્ટિમાં હોય છે. નાનપણથી જ તેમને ભોગોમાં રસ નથી હોતો. બાળક હોવા છતાં તેઓ ગંભીર, ધીર, ઉદાર, શાંત, મનથી વિરક્ત, વિવેક અને ઔચિત્યવાળા હોય છે. શ્રી નેમિનાથ ભગવાન કૃષ્ણમહારાજાને સહાય કરવા ઔચિત્યને ખાતર યુદ્ધમાં ગયા અને ત્યાં એવા વિવેકપૂર્ણ લડ્યા કે કોઈ પણ જીવની હિંસા ન થઈ. ભગવદ્ગીતામાં જે સ્થિતપ્રજ્ઞનું વર્ણન છે તે આને મળતું છે. પરંતુ મિથ્યાત્વના કારણે અમુક અપેક્ષાએ ઘણું અવિવેકભર્યું વર્તન તેમાં બતાવવામાં આવ્યું છે એટલે આ છઠ્ઠી દૃષ્ટિમાં તેનો સમાવેશ કરી શકાય નહિ.

આ દૃષ્ટિવાળાનું અનુષ્ઠાન નિરતિચાર હોય છે. સમકિતી, દેશવિરતિધર કે સર્વવિરતિધર આ બધા જ પોતાના આચારોનું નિરતિચાર પાલન કરે છે. દા.ત. સમકિતી જીવ આ દૃષ્ટિમાં હોય તો તે પોતાના દર્શનાચારની પ્રવૃત્તિમાં એકપણ અતિચાર ન લાગે તે રીતે જ પાલન કરે. બધે જ વિવેક અને ઔચિત્યને બરાબર જાળવે. દરેક ગુણસ્થાનકનું ઔચિત્ય જુદું-જુદું હોય છે. જેટલી ઔચિત્યમાં ખામી આવે એટલી આચારમાં ખામી

આવે છે અને જીવ ગુણમાં નીચે ઊતરી જાય છે. આ દૃષ્ટિમાં રહેલા પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનકવાળા જીવો અનુક્રમે પોતાના દેશવિરતિના અને સર્વવિરતિના આચારોને નિરતિચાર પાળે છે. દા.ત. પુણીયા શ્રાવકનું સામાયિક નિરતિચાર હતું.

આ દૃષ્ટિવાળા જીવો હંમેશાં શુદ્ધ ઉપયોગમાં જ રમતા હોય છે. તેમને અપ્રશસ્ત કષાયના અંશમાત્રનો પણ અભાવ હોય છે. સંપૂર્ણ પ્રશસ્ત કષાયમય જ તેમનું જીવન હોય છે. અંગત કોઈ રાગ-દ્વેષ તેમને હોતા નથી. ગમે એવા વિકટ પ્રસંગોમાં તેઓ શુભપરિણામની ધારા પેદા કરી શકે છે. અશુભ નિમિત્તને તેઓ શુભમાં પલટાવી શકે છે. દા.ત. ક્રોધના નિમિત્તને તેઓ ક્ષમામાં પલટાવી દે છે. તેઓ શાસ્ત્રયોગમાં જ વર્તતા હોય છે. ચોવીસે કલાક તેમનો ઉપયોગ શુદ્ધ જ હોય છે. કોઈ પણ પ્રવૃત્તિ કરતી વખતે તેમાં જે પરિણામો (અધ્યવસાયો) કરવાના હોય એવા જ પરિણામોને તેઓ કરે છે.

આ દૃષ્ટિવાળા જીવો સતત નિદ્રા, વિકથા આદિ પાંચે ય પ્રકારનાં અપ્રશસ્ત પ્રમાદથી રહિત હોય છે.

આ દૃષ્ટિવાળાનો આશય વિનિયોગપ્રધાન હોય છે. પરોપકારને અર્થે જ તેમની સઘળી પ્રવૃત્તિ હોય છે. દા.ત. સમરાદિત્ય પોતાના પિતાના આગ્રહથી પરણ્યા; તેમાં પણ આમ કરવાથી ભાવિમાં ઘણા જીવોનો ઉદ્ધાર થશે, એ જ તેમનું લક્ષ્ય હતું. માટે તેમને આશય વિનિયોગપ્રધાન જ હતો.

વળી વિનિયોગ કરનારે ગંભીર અને ઉદાર ચિત્તવાળા બનવું પડે છે. જો સામી વ્યક્તિના દોષોને જોઈને તે અકળાઈ જાય તો તેનો ઉદ્ધાર તે કેવી રીતે કરી શકે? તેના દોષોને જો તે ગંભીરતાથી પચાવી લે, તેની પ્રત્યે પણ જો ઉદારતાભર્યું વર્તન રાખી શકે તો જ ધીમે-ધીમે તે તેને દોષમાંથી છોડાવીને સન્માર્ગે વાળી શકે છે. આ દૃષ્ટિવાળા જીવો આવા ગંભીર અને ઉદાર આશયવાળા હોવાથી વિનિયોગ કરી શકે છે.

આ પ્રમાણે કાન્તાદૃષ્ટિવાળાનો બોધ ઘણો ઊંડો, વિસ્તૃત અને વિશુદ્ધ છે. એટલે પાંચમી દૃષ્ટિવાળા કરતાં આધ્યાત્મિક વિકાસમાં તેઓ ઘણા આગળ વધી ગયા છે.

**લક્ષણ** :- કાન્તાદૃષ્ટિમાં નિત્યદર્શન, પ્રત્યાહાર, સૂક્ષ્મબોધ આદિ બીજાને પ્રીતિકર બને છે, દ્વેષપ્રદ નથી બનતા. અહીં અન્યમુદ્ નામનો દોષ જાય છે. હિતોદયવાળી તત્ત્વમીમાંસા નામનો ગુણ આવે છે અને ઉત્તમકોટિનું ધારણા નામનું છઠ્ઠું યોગાંગ પ્રાપ્ત થાય છે.

**લોકપ્રિયતા** :- આ દૃષ્ટિવાળા જીવો અત્યંત લોકપ્રિય હોય છે; કારણકે તેમનો

બોધ એક મહાગીતાર્થના જેવો હોય છે. પાંચમી દષ્ટિવાળા જીવો લોકોત્તર ઔચિત્ય જાણતા હોય છે; પણ લૌકિક, વ્યવહારિક ઔચિત્ય તેઓ ન જાણતા હોય એવું બને. એવી જ રીતે તેઓ 'સ્વ'નું ઔચિત્ય જાણતા હોય છે પણ 'પર'નું ઔચિત્ય જાણતા હોય એવો નિયમ નહિ. જ્યારે આ છઠ્ઠી દષ્ટિવાળા જીવો મહાગીતાર્થ હોઇ સ્વ અને પર ઉભયનું લૌકિક અને લોકોત્તર ઉભય પ્રકારનું ઔચિત્ય જાણે છે. માત્ર જાણે છે એટલું જ નહિ, પણ બધી પ્રવૃત્તિ તેઓ ઔચિત્યપૂર્વકની જ કરે છે. આથી પરિચયમાં આવનાર દરેક લોકને તે પ્રિય થઇ પડે છે. યોગના પ્રભાવથી તેમણે પ્રકૃતિગત સૌજન્ય અને સુંદરતા વગેરે એવા અનેક ગુણો પ્રાપ્ત કર્યા છે જેનાથી સૌને તે પ્રિય થઇ પડે છે.

નીચેની દષ્ટિમાંય લોકપ્રિય માણસો હોઇ શકે છે. દા.ત. શ્રીપાલ મહારાજા સ્થિરાદષ્ટિમાં છે, છતાં તેમનામાં પ્રકૃતિગત સૌન્દર્ય છે. ધવલશેઠ તેમ જ બીજા અનેક માણસો સાથેના તેમના વ્યવહારમાં ઔચિત્ય દેખાય છે; પણ તે છઠ્ઠીદષ્ટિવાળા કરતાં ઊતરતા છે. કારણકે તેમનામાં અપ્રશસ્ત કષાય બેઠેલા છે, તેથી તે સંપૂર્ણ ઔચિત્ય જાળવી શકે નહિ.

શ્રી તીર્થંકર પરમાત્મા જ્યારે ગૃહસ્થાવાસમાં હતા, ત્યારે છઠ્ઠી દષ્ટિમાં હતા. પૃથ્વીચન્દ્ર, ગુણસાગર, સમરાદિત્ય વગેરે છેલ્લા ભવમાં ગૃહસ્થાવાસમાં આ દષ્ટિમાં હતા. નિરતિચાર ચારિત્રવાન મુનિઓ તેમજ અનુત્તર વિમાનવાસી દેવતાઓ આ દષ્ટિમાં હોય છે. આ બધાનું જીવન પ્રશસ્ત કષાયમય જ અને સંપૂર્ણ ઔચિત્યવાળું દેખાય છે. જીવ ચરમાવર્તમાં પ્રવેશ કરે ત્યારથી ઔચિત્યનો આરંભ થાય છે. તેની પરિપૂર્ણતા આ દષ્ટિમાં થાય છે. આવા યોગીપુરુષોનું જીવનચરિત્ર, જેઓ યોગની સર્વભૂમિકાના જાણકાર છે એવા શ્રી હેમચંદ્રાચાર્ય જેવા મહર્ષિઓ જ યથોચિત લખી શકે. તેમણે 'ત્રિષષ્ઠી' ચરિત્રમાં શ્રી સગર ચક્રવર્તી અને શ્રી અજિતનાથ ભગવાન વચ્ચેનો, તેમજ શ્રી ભરતચક્રવર્તી અને શ્રી ઋષભદેવ ભગવાન વચ્ચેનો વાર્તાલાપ આબેહૂબ વર્ણવ્યો છે; કારણકે તેઓ જાણતા હતા કે આ બધા જીવો કઇ દષ્ટિમાં હતા અને કયા અવસરે તેઓ કેવું બોલે અથવા કેમ વર્તે. આથી જ તેઓ તેમને સંપૂર્ણ ન્યાય આપી શક્યા છે. સામાન્ય માણસો તો આવા મહાપુરુષોનું જીવનચરિત્ર લખવા બેસે તો છબરડા જ વાળે અને તેમને અન્યાય જ કરી બેસે.

સ્થિરાદષ્ટિમાં અશુભ પરિણામ ચોવીસે કલાક હોઇ શકે છે; જ્યારે કાન્તાદષ્ટિમાં એક ક્ષણ પણ તે હોતો નથી. ગમે એવા સ્વભાવવાળાની સાથે આ જીવો પ્રીતિપૂર્વક જીવી શકે છે. અયોગ્ય માણસ પાસેથી પણ તે પ્રીતિ જ સંપાદન કરે છે. પ્રશસ્ત કષાય અને ઔચિત્યનું જ્ઞાન; આ બે ગુણના કારણે તેઓ સર્વ માણસનાં હૈયાં જીતી લે છે.

**અન્યમુદ્ દોષ** :- પાંચમી દષ્ટિ સુધી દર્શનમોહનીયના દોષનું નિરાકરણ થયું. ખેદ, ઉદ્વેગ વગેરે દોષો દર્શનમોહનીયના કારણે ઉદ્ભવે છે. હવે આ છઠ્ઠી દષ્ટિથી માંડીને ચારિત્રમોહનીયજન્ય દોષોનું નિરાકરણ શરુ થાય છે.

અન્યમુદ્ એટલે યોગમાર્ગ (મોક્ષમાર્ગ) કે તત્ત્વમાર્ગને છોડીને સંસારની કોઇ પણ પુદ્ગલની પ્રવૃત્તિમાં રતિ આવવી તે. અર્થાત્ વિભાવમાં રતિ આવવી તે અન્યમુદ્ કહેવાય છે. છઠ્ઠી દષ્ટિમાં અન્યમુદ્ દોષ નથી હોતો. આ જીવો સંસારમાં જલકમલવત્ રહે છે. વિષયોના સંપર્કમાં પણ તેમનું ચિત્ત વૈરાગ્યવાળું જ હોય છે. સૂક્ષ્મ પણ અન્યમુદ્ હોય ત્યાં સુધી છઠ્ઠી દષ્ટિ સંભવતી નથી.

પુદ્ગલમાં આસક્તિ બે પ્રકારની હોય છે. (૧)**રુચિરૂપ આસક્તિ** :- આ આસક્તિ દર્શનમોહનીયના ઉદયથી થાય છે. તે મિથ્યાદષ્ટિ જીવોમાં હોય છે. પાંચમી દષ્ટિવાળા જીવોને નથી હોતી. (૨) **રતિરૂપ આસક્તિ** :-'આ આસક્તિ ચારિત્રમોહનીયના ઉદયથી હોય છે. પાંચમી દષ્ટિવાળા જીવોને વિવેક હોવાથી ભોગમાં રુચિ નથી હોતી. તેઓ કદી તેને સારા માનતા નથી; પણ તેમાં તેમને રતિ હોય છે. એટલે તેના ઉપભોગમાં તેમને મોહનીયજન્ય આનંદ વગેરે હોય છે; કારણકે તેમનામાં હજી અપ્રશસ્ત કષાય પડેલા છે.

છઠ્ઠી દષ્ટિવાળા જીવોને પુદ્ગલની પ્રવૃત્તિમાં રુચિરૂપ કે રતિરૂપ બંને પ્રકારની આસક્તિનો અભાવ હોય છે. એકાંતે પ્રશસ્ત કષાયયુક્ત વિવેકનો પરિણામ હોવાથી પુદ્ગલની કોઇ જ અસર તેમના મન ઉપર હોતી નથી. અહીં રતિ નથી હોતી એમ કહેવા પાછળ મોહનીયના ઘરની રતિ નથી હોતી એવો આશય સમજવાનો છે. બાકી શાતાવેદનીયજન્ય રતિ તો તેમને પણ હોય છે. દા.ત. તૃષા લાગી હોય ત્યારે ઠંડું શીતળ પાણી પીતાં તેમના શરીરને શાતા ઊપજે જ છે. પણ તેમાં આ જીવો મોહ-રાગ-દ્વેષ નથી કરતા. તેવી જ રીતે ઇન્દ્રિયના વિષયો મળતાં તેમની ઇન્દ્રિયોને પણ શાતા તો ઊપજે છે પણ તેમાં તે મોહ નથી કરતા.

અન્યમુદ્ શબ્દથી હાસ્ય, રતિ-અરતિ, ભય, શોક, દુર્ગંછા એ હાસ્યષટ્કરૂપ બધા જ રાગ-દ્વેષનો અભાવ સમજવાનો છે. આમાંથી એક પણ અશુભ પરિણામ તેમને હોતો નથી. મનને જરા સુખાસિકા થવી, તૃપ્તિ થવી તે રતિ કહેવાય છે. સારા વિષયો જોઇને મનને વિસ્મય થવો તે હર્ષ કહેવાય છે. માનસિક સુખાસિકારૂપ રતિમાં વિષયોનો સંપર્ક નથી જોઇતો. વિસ્મયરૂપ હર્ષમાં વિષયોનો સંપર્ક જોઇએ છે. આ દષ્ટિવાળા જીવોને મરણાન્ત કષ્ટ આવે તો પણ ભય નથી થતો. તેઓ સદા નિર્ભય હોય છે. એમ

પ્રતિકૂળ વિષયો કે સંયોગમાં તેમને અરતિ, શોક કે દુર્ગંછા નથી થતાં.

આ જીવોના મન ઉપર સારા-ખોટા વિષયોની અસર કેમ નથી થતી? તેનું કારણ જણાવતાં કહે છે કે તેમનામાં મીમાંસા નામનો ગુણ છે, માટે તેઓ અનાસક્તભાવ કેળવી શકે છે.

**હિતોદયવાળી મીમાંસા** :- મીમાંસા એટલે તત્ત્વવિચારણા. આ દૃષ્ટિવાળા જીવો ચોવીસે કલાક નિશ્ચયનયનું તત્ત્વચિંતન કરનારા હોય છે. તેથી તેમને તદ્ તદ્ પ્રતિભાસ થતો નથી. 'તદ્' એટલે વિષયોમાં 'તદ્' એટલે હર્ષનો પ્રતિભાસ. અર્થાત્ વિષયો સુખ કે દુઃખ આપનાર છે એવું માનવું તે તદ્ તદ્ પ્રતિભાસ છે. આ જીવો સમજે છે કે વિષયોમાં સુખ કે દુઃખ આપવાની શક્તિ નથી, પણ તેમાં જે રાગ-દ્વેષ કરાય છે તેના કારણે જીવને સુખ-દુઃખનો અનુભવ થાય છે. જે વિષયોમાં જીવને આજે સુખાકારીનો ભાસ થતો હોય તે જ વિષયો કાલે દુઃખાકારીરૂપ ભાસે છે. માટે એમાં સુખ-દુઃખની લાગણી એ માનસિક ભ્રમ-કલ્પના છે, વાસ્તવિક નથી. આમ નિશ્ચયનો વિસ્તૃત બોધ હોવાથી આ જીવોને તદ્ તદ્ પ્રતિભાસ થતો નથી. નિશ્ચયનો બોધ છે તેમ તેઓ નિશ્ચયનું સેવન પણ કરે છે. એટલે તેમનું જીવન નિશ્ચયપ્રધાન હોય છે.

આ દૃષ્ટિવાળા જીવોને સર્વકાળ મીમાંસા હોય છે. ઉપયોગરૂપે ચોવીસે કલાક સદ્વિચાર હોય છે. પાંચમી દૃષ્ટિમાં પરિણતિરૂપે અશુભ કષાય પડેલા છે. એટલે યોગ્યતારૂપે ચોવીસે કલાક અશુભ કષાય રહેલા જ છે. જ્યારે છઠ્ઠી દૃષ્ટિમાં યોગ્યતારૂપે પણ અપ્રશસ્ત કષાયો રહેલા નથી. તો પછી તે ઉપયોગમાં તો ક્યાંથી આવે? જેમ ડહોળાયેલું પાણી હોય, તેનો કચરો નીચે બેસી ગયો હોય પણ તેને હલાવવામાં આવે એટલે કચરો ઉપર આવે છે; પણ જે પાણીમાં મૂળથી કચરો છે જ નહિ તેને ગમે એટલું હલાવીએ તો પણ કચરો ઉપર આવશે જ નહિ. તેમ આ જીવોનો મૂળથી જ અધ્યવસાય સંપૂર્ણ શુદ્ધ થઇ ગયો છે.

આ જીવો જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા છે. એટલે તેમની મીમાંસા હિતોદયવાળી છે. સતત તત્ત્વચિંતનને કારણે શુભ-અશુભ નિમિત્તોની તેમને અસર થતી જ નથી. શરીરને ભલે અસર થાય પણ તેમનું મન એમાં ભળતું નથી. બધે ઠેકાણે બધા નિમિત્તોને તે શુભ બનાવી શકે છે. તેથી ખરો હિતોદય અહીં થયો છે. કારણકે જ્ઞાનનું જે ફળ પ્રાપ્ત કરવાનું છે તે તેમને અહીં સંપૂર્ણપણે પ્રાપ્ત થઇ ગયું છે. જ્ઞાનનું સમ્યગ્ ફળ જ આત્માનો હિતોદય થવો તે જ છે.

**ધારણા** :- યોગનાં આઠ અંગમાં પ્રત્યાહાર પછી ધારણા નામનું અંગ છે, તે આ દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. અહીં ધારણા પરા એટલે શ્રેષ્ઠકોટિની હોય છે.

યોગનાં અંગો હઠયોગવાળાને પણ હોય છે. તેમને યમ એટલે પાંચ મહાવ્રતો બાહ્ય રીતે હોય છે. નિયમમાં માંસ, મદિરા, આદિનો ત્યાગ કરે છે. આસનમાં વીરાસન વગેરે આસનો કરે છે. પ્રાણાયામથી નાડીઓ શુદ્ધ કરે છે. પ્રત્યાહારમાં ઇન્દ્રિયોનો નિરોધ કરે છે અને ધારણામાં કોઇ એક વસ્તુમાં મનને ધારી રાખે છે. એટલે કે મનને અમુક દેશમાં (વિષયમાં) એવી રીતે બાંધી દે કે આંખનું પોપચું પણ ન હાલે.

અહીં આપણે જે યોગના અંગની વાત કરીએ છીએ તે હઠયોગ સંબંધી નથી, રાજયોગ સંબંધી છે. આમાં ધારણા એટલે મન ઉપરનો સંપૂર્ણ કાબૂ, મનની વિષયોની વિરક્તિ. આ જીવોએ મનને સંપૂર્ણપણે જીતી લીધેલું હોવાથી તેઓ મનને જ્યાં ગોઠવવું હોય ત્યાં ગોઠવી શકે છે. તેમનું મન મોક્ષમાર્ગમાં જ જોડાયેલું રહે છે. મનને તેમણે ખીલે બાંધી દીધું હોય છે. ચિત્તનો દેશબંધ એટલે મનની સ્થિરતા. પાંચમી દૃષ્ટિમાં વિવેક સ્થિર હતો પણ મન ચંચળ હતું, રખડેલ વાંદરા જેવું હતું. જ્યારે અહીં છઠ્ઠીમાં મન એ મદારીના વાંદરા જેવું હોય છે. તેની ઉપર એટલો અંકુશ હોય છે કે તેને જેમ ફેરવવું હોય તેમ ફેરવી શકે છે.

પાંચમી દૃષ્ટિમાં ભોગમાં કર્મજન્ય આસક્તિ હતી. અહીં છઠ્ઠીમાં કર્મજન્ય ભોગમાં પણ આસક્તિ નથી. ભોગોનું સેવન તે અનાસક્ત ભાવે જ કરે છે. માટે નિશ્ચયનયથી ખરા જ્ઞાની આ દૃષ્ટિવાળા જીવો જ છે. આ જીવોના ભોગ પણ યોગ સ્વરૂપ હોય છે.

(દરેક તીર્થંકરો ત્રીજા ભવમાં જ્યારે તીર્થંકરનામકર્મ નિકાચિત કરે છે ત્યારે પ્રાય: છઠ્ઠી દૃષ્ટિમાં હોય છે; કારણકે તે વખતે પરાકાષ્ઠાની મૈત્રી જોઇએ છે. તીર્થંકરનામકર્મ પ્રબળ કોટિના પ્રશસ્ત કષાયો હોય ત્યારે નિકાચિત થાય છે. એવા પરાકાષ્ઠાના પ્રશસ્ત કષાયો છઠ્ઠી દૃષ્ટિમાં હોય છે. માટે નિકાચના વખતે આ દૃષ્ટિ હોય પણ પછી તે સતત ટકી રહે એવો નિયમ નથી. વચલા ભવમાં ન પણ હોય. છેલ્લા તીર્થંકરના ભવમાં જન્મથી તે છઠ્ઠી દૃષ્ટિમાં આવી જાય છે.)

**(ગા. ૧૬૨)** :- અન્યમુદ્ દોષ ગયો હોવાથી કાન્તાદૃષ્ટિવાળા જીવો ધર્મમાં એકાગ્ર મનવાળા હોય છે. ધર્મ તે પોતે સુખરૂપ છે અને બીજાને પણ સુખનું કારણ છે. ધર્મના આવા માહાત્મ્યથી અને સદાચારની વિશુદ્ધિથી આ જીવો સૌ કોઇને (પ્રાણીમાત્રને) પ્રિય બને છે.

**(ગા. ૧૬૪)** :- આ જીવોનું મન હંમેશાં સતત શાસ્ત્રોમાં કહેલી ભાવનાઓમાં રમતું હોય છે. તે બીજી ચેષ્ટા મન વગર માત્ર કાયાથી જ કરતાં હોય છે. તેવા પ્રકારનું

ચારિત્રમોહનીયકર્મ ઉદયમાં હોય તો જ આ જીવોની કાયા પણ સંસારની પ્રવૃત્તિમાં હોય. બાકી એવા પ્રકારના કર્મનો ઉદય ન હોય તો આ જીવોની કાયા પણ ધર્મપ્રવૃત્તિમાં જ હોય. સંસારની પ્રવૃત્તિ પણ તેઓ શાસ્ત્રથી નિરપેક્ષ રહીને ન કરે. લાભાલાભના વિચારપૂર્વક જ તેઓ બધી પ્રવૃત્તિ કરે છે.

શ્રી મહાવીરસ્વામી ભગવાનને ચારિત્રમોહનીયકર્મ સોપક્રમ એટલે કે ધારે તો તૂટે એવું હતું. પરંતુ તેમણે જોયું કે પોતે જો માતા-પિતાની હાજરીમાં દીક્ષા લે તો અતિશય રાગના કારણે માતા-પિતા આર્ત્તધ્યાનથી મરીને દુર્ગતિમાં જશે. તેમની આ દુર્ગતિને અટકાવવા માટે ભગવાને ગર્ભમાં અભિગ્રહ લીધો કે "માતા-પિતા જીવતે દીક્ષા નહિ લઉં" માતા-પિતાના રાગથી કે તેમના શરીરની ચિંતાથી તેમણે આ અભિગ્રહ નથી લીધો. માતા-પિતાના આત્મહિતની ચિંતા જ તેમણે કરી છે અને તે ખાતર સંપૂર્ણ ઔચિત્ય જાળવ્યું છે.

શ્રી નેમિનાથ ભગવાને કુમારાવસ્થામાં હરિ અને ગોપીઓના કહેવાથી જળક્રીડા કરી તેમાં પણ આવું ઔચિત્ય જ હતું. તેમાં ગોપીઓને અત્યારે સંતોષ આપીને તેમની સાથે આત્મીયતા ગાઢ કરીને ભવિષ્યમાં તે બધાનો ઉદ્ધાર કરવાની જ ભાવના હતી. એ જળક્રીડા તત્ત્વચિંતનપૂર્વક અંશમાત્ર પણ આસક્તિ વગર તેમણે કરી છે.

આ જીવો રાજા હોય, શેઠ શાહુકાર હોય, માતા-પિતા હોય કે પિતા-પુત્ર હોય, પોતે જે અવસ્થામાં હોય એ અવસ્થાની જવાબદારી બરાબર સમજીને નિર્લેપભાવે, તત્ત્વચિંતનપૂર્વક, સંપૂર્ણ પ્રશસ્ત કષાયથી અદા કરે. પાંચમી દૃષ્ટિમાં ચારિત્રમોહનીય નિકાચિતનો ઉદય થાય તો તે મનને પણ બગાડે છે. જ્યારે આ છઠ્ઠી દૃષ્ટિમાં કર્મનો ઉદય પણ મનને બગાડી શકતો નથી. તે કર્મ બાંધતી વખતે ભલે અપ્રશસ્ત કષાયથી બાંધ્યું હોય પણ ઉદય વખતે તો પ્રશસ્ત કષાય જ હોય.

પાંચમી દૃષ્ટિમાં ગીતાર્થ હોય પણ ચોવીસે કલાક તત્ત્વચિંતન નથી હોતું. જ્યારે અહીં છઠ્ઠી દૃષ્ટિમાં મહાગીતાર્થ હોય છે અને ચોવીસે કલાક શ્રુતના ભાવોનું ચિંતન હોય છે. તેમનું મન શ્રુતની ભાવનાઓમાં સતત રમણતાવાળું હોય છે. આથી જ તેમનું જ્ઞાન આક્ષેપકજ્ઞાન કહેવાય છે. આ જીવો નિશ્ચય અને વ્યવહાર બંને નયને લક્ષ્યમાં લઇને પ્રવૃત્તિ કરનારા હોય છે. ભોગ ભોગવતી વખતે નિશ્ચયનય લગાડે છે. પરહિત કે જીવદયા કરવાની વાત આવે ત્યારે વ્યવહારનય લગાડે છે. આમ બંને નયને ધ્યાનમાં રાખીને તેઓ જીવતા હોય છે. તેથી ઇન્દ્રિયના ભોગો પણ તેમને સંસારના હેતુ બનતા નથી.

**(ગા. ૧૬૫)**:- આ જીવોને ઇન્દ્રિયના ભોગો શાથી સંસારના હેતુ નથી બનતા તે

દૃષ્ટાંત આપીને સમજાવે છે. પાંડવોએ પોતાની રાજસભામાં નીચે જમીનના તળ ઉપર એવાં મણિ અને રત્નોની રચના કરી હતી કે પાણી ન હોવા છતાં જોનારને ત્યાં પાણીનો ભ્રમ પેદા થાય. એવા ઠેકાણે પણ જે માણસને ખબર પડી ગઇ હોય કે આ તો માત્ર પાણીનો આભાસ છે, અહીં પાણી નથી પણ જમીન્ જ છે, તે માણસ તો જરાપણ મુંઝાયા વિના સડસડાટ ત્યાંથી ચાલ્યો જાય છે. ભ્રમ નીકળી ગયો હોવાથી એ કૃત્રિમ પાણીનો દેખાવ (માયામ્ભસ્) તેને ગતિમાં વ્યાઘાત કરી શકતો નથી.

**(ગા. ૧૬૬)** :- એવી જ રીતે આ દૃષ્ટિવાળા જીવો ભોગોને માયામ્ભસ્ સમાન જાણે છે. દેખાવમાં તે ભલે સુખનો આભાસ ઊભો કરતા હોય પણ સ્વરૂપથી તે દુઃખરૂપ જ છે; એમ નિશ્ચિત રીતે તેઓ જાણે છે. એટલે કર્મના ઉદયથી આવી પડેલા ભોગોને ભોગવવા છતાં તે તેનાથી નિર્લેપ રહે છે; અનાસક્ત ભાવે ભોગોને ભોગવે છે. તેથી સડસડાટ પરમપદ-મુક્તિપદ તરફ પ્રયાણ કરે છે. મિથ્યાત્વે ઊભો કરેલો ભોગનો સુખાકારીનો ભ્રમ નીકળી ગયો હોવાથી, એ ભોગ તેમને મુંઝવી શકતા નથી અને પરમપદ તરફના પ્રયાણમાં વ્યાઘાત કરી શકતા નથી.

આ દૃષ્ટિમાં ગુણસ્થાનક પ્રત્યયિક અશુભ બંધને છોડીને બીજો એક પણ અશુભ પ્રકૃતિનો બંધ હોતો નથી. જ્યારે સ્થિરાદૃષ્ટિમાં અપ્રશસ્ત કષાયો પડેલા હોવાથી ગુણસ્થાનક પ્રત્યયિક અશુભબંધ સિવાયનો બીજો પણ અશુભ બંધ થાય છે.

આ દૃષ્ટિમાં કાલ્પનિક કે વાસ્તવિક ભ્રમ ન હોય, માત્ર મોહજન્ય ભ્રમ છે; એટલે કે અવિરતિજન્ય ભ્રમ છે. કેમ કે પ્રશસ્ત કષાયો એ મોહરૂપ છે. તેથી સમતાનું સુખ અહીં નથી. શુભભાવ પણ તત્ત્વદૃષ્ટિમાં ભ્રમ કરાવે છે. કોઇના દુઃખને જોઇને પ્રશસ્ત દયાના પરિણામ આ દૃષ્ટિમાં થાય છે. માટે સંપૂર્ણ નિશ્ચયનું ભેદજ્ઞાન અહીં નથી. તેના કારણે વાસ્તવિક તત્ત્વચિંતન અહીં ન કહેવાય પણ એટલો પ્રશસ્ત કષાયોને કારણે તત્ત્વદૃષ્ટિમાં ભ્રમ હોય છે.

પ્રથમની ચાર દૃષ્ટિમાં કાલ્પનિક ભ્રમ હોય છે. મિથ્યાત્વના કારણે વિષયોમાં તેમને સુખાકારીતાની કલ્પના થાય છે. તેથી હેયોપાદેયના વિષયના તેમને કાલ્પનિક ભ્રમ હોય છે. જો કે પહેલી દૃષ્ટિ કરતાં બીજી દૃષ્ટિમાં તે ભ્રમ ઓછો હોય છે. એમ ઓછો-ઓછો થતાં ચોથીમાં તો એકદમ સૂક્ષ્મ કાલ્પનિક ભ્રમ જ હોય છે.

પાંચમી દૃષ્ટિમાં મિથ્યાત્વજન્ય આવો કાલ્પનિક ભ્રમ નથી હોતો પણ અપ્રશસ્ત કષાયજન્ય વાસ્તવિક ભ્રમ હોય છે. દા.ત. કમળો થયો હોય એને બધુ પીળું દેખાય. ડાહ્યો માણસ સમજે છે કે વસ્તુ તો ધોળી જ છે, પણ મને રોગ થયો છે માટે પીળી લાગે છે. આમ વિષયોમાં સુખાકારીતા નથી એમ પાંચમી દૃષ્ટિવાળો સમજે છે. એટલે પેલો

કાલ્પનિક ભ્રમ તેને નથી હોતો પણ અપ્રશસ્ત કષાયના ઉદયથી તેમાં તેને રાગ થાય છે. આમ રાગરૂપ ભ્રમ તેને બેઠેલો છે. છઠ્ઠી દષ્ટિવાળાને તો વિષયોની મન ઉપર બિલકુલ અસર જ નથી. અપ્રશસ્ત કષાય સદંતર નષ્ટ થઇ ગયા છે એટલે આવો રાગરૂપ ભ્રમ તેને નથી. માત્ર અવિરતિજન્ય, પ્રશસ્ત કષાયરૂપ ભ્રમ છે.

આ છઠ્ઠી દષ્ટિવાળા જીવોએ ઇન્દ્રિયો અને કષાયો ઉપર સંપૂર્ણ કાબૂ મેળવેલો છે. એટલે તેઓ જ્યાં જેટલી જરૂર હોય ત્યાં એટલો જ કષાયનો ઉપયોગ કરે છે. તેઓ સંપૂર્ણ ઔચિત્યના જાણકાર છે. ઔચિત્ય એ મહાગંભીર વસ્તુ છે. દરેક ઠેકાણે ઉચિત અનુષ્ઠાન તેનું નામ જ યોગ છે. જૈનશાસનમાં મહાપુરુષોના કથાનકોમાં દરેક પ્રસંગે ઉચિત આચરણ જ જોવા મળે છે. યોગના અભ્યાસી લેખકોએ લખેલાં આ મહાપુરુષોનાં કથાનકો વાંચવાથી વાચકને ઔચિત્યનો બોધ થાય છે. તેનાથી મોક્ષમાર્ગનો બોધ થવાને કારણે કેટલાકને તો ચારિત્રવાંચનથી સમકિત પણ પ્રાપ્ત થાય છે. અન્યદર્શનીય મહાપુરુષોનાં ચરિત્રો લખનાર લેખકો યોગના અભ્યાસી ન હોવાથી તેમનાં ચરિત્રોમાં અનુચિત ઘણું જોવા મળે છે.

**(ગા. ૧૬૭-૧૬૮)** :- હવે પેલા માયાજળને જેઓ માયાજળ નથી માનતા પણ સાચેસાચ આ પાણી છે એમ સમજે છે તે બિચારા કેવી રીતે ચાલશે? અર્થાત્ ચાલશે જ નહિ, પણ કાંઠે જ ઊભા રહેશે. તેવી રીતે ગુણસ્થાનકની બહાર રહેલા મિથ્યાદષ્ટિ જીવો તો ભોગને એકાંતે પરમાર્થ (શ્રેષ્ઠ) માને છે, તેથી તેઓ સંસારના પારને પામી શકતા નથી. કારણકે તેમને ભોગમાં સુખની બુદ્ધિ હોવાથી તેમાંથી નીકળવાનો તે પ્રયત્ન જ કરતા નથી અને સંસારના કાંઠે જ ખૂંચ્યા રહે છે. આમ તે જીવ ભોગમાર્ગમાં (જેમાં સુખની બુદ્ધિથી અનાદિકાળથી જીવો ચાલે છે તેમાં) જ મોહિત થઇને રહે છે; પણ જ્ઞાનાદિ લક્ષણ મોક્ષમાર્ગમાં ચાલતા નથી.

આ દષ્ટિમાં ચોવીસે કલાક તત્ત્વચિંતનરૂપ શુદ્ધ ઉપયોગ હોય છે. અહીં જીવો વિષયોના સંપર્કમાં પણ નિર્મળ પરિણામની ધારા ટકાવી રાખનારા હોય છે. એક ક્ષણ માટે પણ અપ્રશસ્ત કષાયરૂપી મોહ અહીં હોતો નથી. આથી અહીં સદૈવ હિતોદય જ છે. એટલે કે સતત પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરા જ થતી હોય છે. સ્થિરાદષ્ટિમાં હિતોદય છે, પણ નિત્ય નથી; કારણકે અપ્રશસ્ત કષાયો બેઠેલા છે.

આ દષ્ટિમાં જો ક્ષાયિક ભાવના ગુણો આવી જાય તો પડવાનો ભય નથી. ક્ષયોપશમ ભાવના અને ઉપશમ ભાવના ગુણોમાં ગુણસ્થાનકથી પડવાનો સંભવ છે. તેમાં પણ આ દષ્ટિવાળા જીવો પડે તો પૂર્વે બાંધેલા નિકાચિત કર્મના ઉદયથી પડે છે. આ દષ્ટિમાં રહીને પતન યોગ્ય કર્મ તે બાંધતા નથી. ચૌદપૂર્વી મુનિઓ નિરતિચાર ચારિત્ર

પાળે છે એટલે તે આ દૃષ્ટિમાં હોય છે. ચૌદપૂર્વના જ્ઞાનની હાજરીમાં કદી જીવનું પતન થતું નથી. શ્રુત ભૂલ્યા પછી પતન થાય છે. તેમાંથી જેઓ પડે છે તેમને એવું બને છે કે સંઘના નાયકની જવાબદારીના કારણે પૂર્વગત શ્રુતનું તેઓ પરાવર્તન કરી શક્યા નથી. તેથી ભૂલતાં-ભૂલતાં ૧૦ પૂર્વનું જ્ઞાન રહે. તેમાં પણ ત્રણ ગારવમાં આસક્તિના પ્રમાદથી ભૂલતાં-ભૂલતાં છેલ્લે બધું જ પૂર્વનું જ્ઞાન ચાલ્યું જાય છે. આ રીતે શ્રુતજ્ઞાન ગયા પછી તો ગુણસ્થાનકથી પણ પતન થવાનો સંભવ રહે છે.

હવે ગા. ૧૬૧ના અંતે પાતંજલઋષિના ત્રણ શ્લોક આપ્યા છે. તેમાંનો બીજો શ્લોક આ દૃષ્ટિને લગતો છે. તેનું વર્ણન કરીએ છીએ.

આ દૃષ્ટિવાળાનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી યુક્ત હોય છે. વિષયમાં તેમનું ચિત્ત હોતું નથી. તેઓ પ્રભાવશાળી અને ધીર હોય છે. દ્વન્દ્વોની અસરથી તે પર હોય છે. અભીષ્ટ લાભને પ્રાપ્ત કરનારા હોય છે. અત્યંત લોકપ્રિય હોય છે. યોગની મધ્યમ ભૂમિકાના ગુણરૂપી આ ચિહ્નો કાન્તાદૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. આ લક્ષણોનો ક્રમશઃ વિચાર કરીએ.

આ દૃષ્ટિવાળાનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી યુક્ત હોય છે. જેટલા પણ શુભભાવો, પ્રશસ્ત કષાયો છે તેનો મૈત્રી આદિ ભાવમાં સમાવેશ થઇ જાય છે. જેમ મોહનીયની ૨૮ પ્રકૃતિના બધા જ અશુભ ભાવોનો ક્રોધાદિ ચાર કષાયમાં સમાવેશ થઇ જાય છે, તેમ તાત્ત્વિક ધર્મનું મૂળ મૈત્રી આદિ ચાર ભાવના છે. તાત્ત્વિક ધર્મનો પ્રારંભ પ્રથમ ગુણસ્થાનકમાં અપુનર્બંધક અવસ્થાથી થાય છે. ત્યારથી આ મૈત્રી આદિ ભાવોની પણ શરુઆત થાય છે. તેનો સંપૂર્ણ વિકાસ આ છઠ્ઠી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. વચ્ચેની ભૂમિકાઓમાં મૈત્રીની સાથોસાથ અમૈત્રીનો ભાવ પણ હોય છે. જ્યારે છઠ્ઠી દૃષ્ટિમાં એકલી મૈત્રી જ હોય છે, અમૈત્રીનું નામનિશાન નથી હોતું. અપ્રશસ્ત કષાયો એ અમૈત્રીના પ્રયોજક છે. જેટલે અંશે અપ્રશસ્ત કષાય નષ્ટ થાય છે, એટલે અંશે અમૈત્રીભાવ નષ્ટ થઇને મૈત્રીભાવ વિકસે છે. આ દૃષ્ટિમાં અપ્રશસ્ત કષાય લેશપણ નથી, માટે મૈત્રીભાવ સંપૂર્ણ વિકાસ પામેલો છે.

જેમ રાગ એ બધા કષાયનું મૂળ છે, તેમ મૈત્રીભાવ એ પ્રમોદાદિ બધી ભાવનાઓનું મૂળ ઉદ્‌ગમસ્થાન છે. જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ કરવાનો છે. તેમાંથી ગુણિયલ તેમજ સુખી જીવોને જોઇને પ્રમોદભાવ કરવાનો છે, નિર્ગુણી અને દુઃખી જીવોને જોઇને કરુણાભાવ લાવવાનો છે. કરુણા પણ યોગ્ય જીવોની જ કરવાની છે. અયોગ્ય જીવો તો કરુણાને લાયક નથી. તેમની માત્ર ઉપેક્ષા કરવાની છે. આમ દરેક ભાવનાના મૂળમાં મૈત્રી રહેલી છે. મૈત્રી પોતે પ્રશસ્ત કષાયરૂપ છે. એટલે જ્યાં સુધી મૈત્રી છે ત્યાં સુધી

પ્રશસ્ત કષાયો રહેવાના જ. માટે સાચો મૈત્રીભાવ કરવો હોય તેણે પ્રશસ્ત રાગ, પ્રશસ્ત દ્વેષ, પ્રશસ્ત ઈર્ષ્યા વગેરે કરવાં જ પડે. એ હશે તો જ વિવેકપૂર્વકનો ધર્મ કરી શકશે. મૈત્રી એ બધા પ્રશસ્ત કષાયનું મૂળ છે. એટલે ઉચિત સ્થાને અને અવસરે પ્રશસ્ત કષાયો ન કરે તો એટલી મૈત્રીમાં જ કચાશ ગણાય છે. એ જ રીતે એક પણ અપ્રશસ્ત કષાય કરે તો પણ મૈત્રીમાં જ કચાશ ગણાય છે.

પાંચમી દૃષ્ટિમાં પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને કષાયો હોય. તેથી તે દૃષ્ટિવાળો જીવ કદાચ ધર્મ માટે યુદ્ધ કરતો હોય છતાં તેમાં કેવળ ધર્મભાવ જ હોય એવું ન પણ હોય; સાથે અંગત સ્વાર્થ રહેલો હોય. એટલે અપ્રશસ્ત રાગ-દ્વેષ એમાં ભળેલા હોય. એટલું ખરું કે એ અપ્રશસ્ત રાગ-દ્વેષ વિવેક વગરના ન હોય. તેના વિવેકમાં કદી ખામી ન હોય. દા.ત. રામચંદ્રજીએ સીતા માટે યુદ્ધ કર્યું એ નીતિશાસ્ત્રની અપેક્ષાએ ધર્મયુદ્ધ હતું, કેમકે સીતાના શીલની રક્ષણ કરવાની તેમની ફરજ હતી; તેમ જ જગતને પણ શીલનો આદર્શ દેખાડવાનો હતો. છતાં તેની સાથે તેમને પોતાને સીતા ઉપરના કામરાગ અને સ્નેહરાગ બંને હતા. તેથી અંગત સ્વાર્થ પણ હતો. આ કારણે રામચંદ્રજીને આ યુદ્ધના કારણે પુણ્યબંધની સાથે પાપબંધ પણ થાય.

તેવી રીતે પાંડવો અને કૌરવોના યુદ્ધમાં પાંડવોના પક્ષમાં ન્યાય, નીતિ, સદાચાર વગેરે છે. છતાં રાજ્યનો લોભ હોવાથી સાથે અપ્રશસ્ત કષાય પણ રહેલા જ છે. માટે પુણ્ય-પાપ બંને બંધાય છે.

પોતાની સંપત્તિ કોઈ લૂંટી જાય, તેને મેળવવા માટે કોર્ટે જાય કે જે કાંઈ કરે, તેમાં ન્યાયનો પક્ષ કહેવાય પણ ધર્મપક્ષ ન કહેવાય. સંપત્તિને જતી કરવામાં જ ઉચિત આચરણ છે. હવે એ સંપત્તિ અયોગ્યના હાથમાં ગઈ હોય તો લડીને પાછી મેળવીને ધર્મમાર્ગમાં વ્યય કરી નાંખે, પોતાના ભોગ માટે ન વાપરે તો પુણ્યબંધ જ થાય.

છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોને સન્માર્ગ અને સન્માર્ગમાં રહેલ જીવો પ્રત્યે અત્યંત સદ્ભાવ હોય છે. તેથી સન્માર્ગ કે સન્માર્ગસ્થ જીવોનું કોઈ અહિત કરતું હોય તો આ જીવો તેની ઉપર ક્રોધાદિ કષાયો કરે; પણ તે કષાયો પ્રશસ્તકોટિના જ હોય. સામા માણસના હિતની બુદ્ધિ જ હોય કે તે વિશેષ પાપ ન કરે. આમ તેની ઉપરનો મૈત્રીભાવ તો બેઠેલો જ હોય.

છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનો બીજો ગુણ એ છે કે તેઓ વિષયથી વિરક્ત હોય છે. પાંચમી દૃષ્ટિમાં માત્ર દૃષ્ટિરાગને નાબૂદ કરેલો હોય છે પણ વિવેકપૂર્ણ કામરાગ અને સ્નેહરાગ બેઠેલા હોય છે. જ્યારે આ દૃષ્ટિમાં કામરાગ અને સ્નેહરાગ પણ નથી હોતા, માત્ર પ્રશસ્ત કષાયજન્ય ગુણાનુરાગ હોય છે. વિષયોમાં તેઓ અલિપ્તભાવે માત્ર શરીરથી

જ પ્રવૃત્તિ કરે છે. ઇચ્છા માત્રનો અભાવ હોવાના કારણે સંપૂર્ણ નિશ્ચયનયનો વૈરાગ્ય અહીં જ ઘટે છે. તેમની સંસારની પ્રવૃત્તિ પણ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ, ધર્માચરણરૂપ જ હોય છે. દરેક પ્રવૃત્તિમાં જે પ્રકારના પરિણામો (અધ્યવસાયો) રાખવાનું શાસ્ત્રમાં વિધાન છે, તે પ્રકારના પરિણામો જ તેઓ કરે છે.

આ દૃષ્ટિમાં રહેલા નિરતિચાર ચારિત્રનું પાલન કરનારા સાધુઓ અપવાદ માર્ગે આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે, પણ તે શાસ્ત્રોક્ત પરિણામપૂર્વક જ કરે; એટલે તેમને પાપબંધ થતો નથી. નિરતિચાર ચારિત્રમાં ઉત્સર્ગ-અપવાદ બંનેનું સેવન કરવાનું હોય છે. ઉત્સર્ગને સ્થાને અપવાદ કે અપવાદને સ્થાને ઉત્સર્ગનું સેવન એ દોષરૂપ છે. પોતપોતાને સ્થાને તે બન્નેને શાસ્ત્રમાં કહેલા પરિણામપૂર્વક સેવવાના છે.

વૈરાગ્યનો પ્રારંભ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી થાય છે. તેની પરાકાષ્ઠા અહીં છઠ્ઠી દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. આનાથી નીચેની કક્ષામાં વૈરાગ્ય રાગમિશ્રિત હોય છે. એટલે નિશ્ચયનય તેને વૈરાગ્ય તરીકે સ્વીકારતો નથી.

છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનો ત્રીજો ગુણ એ છે કે તેઓ પ્રભાવશાળી હોય છે. તેઓ ભીમકાન્ત પ્રકૃતિવાળા હોય છે. અયોગ્ય જીવો પ્રત્યે ભીમગુણવાળા હોય અને યોગ્ય જીવો પ્રત્યે વાત્સલ્યવાળા હોય છે. અયોગ્ય જીવો તો તેમનું નામ સાંભળતાં જ થથરતા હોય છે. ઔદાર્ય, દયાળુતા, સૌહાર્દ વગેરે ગુણોની સાથે માણસમાં શૂરવીરતા, આત્માભિમાનતા, પરાક્રમપણું, નિર્ભયતા વગેરે ગુણોની ય જરૂર પડે છે. તો જ તેમના વ્યક્તિત્વનો પ્રભાવ પડે છે. સાધુ હોય કે ગૃહસ્થ હોય, આ દૃષ્ટિવાળા જીવો ખમીરવાળા હોય છે. તેમનામાં અપ્રશસ્ત ભય વગેરે નથી હોતા. અવસરે ઉચિત કડકાઇ કે સૌહાર્દ તેઓ રાખી શકે છે.

પ્રભાવશાળીનો બીજો અર્થ એ છે કે આ જીવો અવશ્ય ધર્મના પ્રભાવક હોય છે. તેઓ એવું વિશુદ્ધ ધર્માચરણ કરે છે કે તે જોઇને બધા જ માણસો ધર્મની પ્રશંસા કરે છે. ધર્મ કદી એકલો રહેતો નથી. તે ધર્મીમાં જ રહે છે. એટલે ધર્મની પ્રશંસા ધર્મીવર્ગ દ્વારા જ થાય છે. જિનેશ્વર ભગવાને સાધુ તેમજ શ્રાવકોને એવો સુંદર આચારમાર્ગ બતાવ્યો છે કે જો તેનું બરાબર પાલન કરવામાં આવે તો તે જોઇ જગતના જીવો ધર્મની પ્રશંસા કર્યા વગર રહે જ નહિ.

આ દૃષ્ટિવાળા જીવોના જીવનમાં કોઇ માણસ આંગળી ચીંધી શકે એવા દોષો ન હોય. તેમનું આચરણ એકાન્તે દોષરહિત હોય. પાંચમી દૃષ્ટિવાળા જીવો પ્રભાવક ભલે હોય પણ તેમના જીવનમાં સૂક્ષ્મ દોષો કે અનુચિત આચરણ હોય, જેથી બીજા જીવો તેમની સામે આંગળી ચીંધે. સમરાદિત્ય કુમાર છઠ્ઠી દૃષ્ટિમાં છે. તેમના ઉચિત આચરણથી

અને પ્રભાવકતાના ગુણથી તેમના મિત્રો બધા ધર્મી બની ગયા. આ જીવો અયોગ્ય માણસના સહવાસમાં રહે છે તો પણ તેની અયોગ્યતાથી પોતાને કાંઇ નુકસાન ન થાય, પરંતુ પોતાનો પ્રભાવ તેની ઉપર પાડે.

છઠ્ઠી દષ્ટિવાળા જીવોનો ચોથો ગુણ ધીરતા છે. તેઓ મરણાન્ત કષ્ટમાં ડગતા નથી, આપત્તિમાં દીન બનતા નથી, ધીરતાને છોડતા નથી.

છઠ્ઠી દષ્ટિવાળા જીવોનો પાંચમો ગુણ છે દ્વન્દ્વોથી અધૃષ્યપણું. સુખ અને દુઃખ, રતિ અને અરતિ, માન અને અપમાન, નિંદા અને પ્રશંસા, રોગ અને આરોગ્ય વગેરે કોઇ પણ પ્રકારના દ્વન્દ્વની અસર આ દષ્ટિવાળા જીવોને હોતી નથી. આના કારણે જ સંપૂર્ણ મૈત્રી આદિ ભાવ અને વિષયોમાં અનાસક્તિ ટકી રહે છે. ભગવદ્ગીતામાં વ્યાસમુનિએ સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો કહ્યાં છે તે બધાં જ અહીં ઘટે છે.

પાંચમી દષ્ટિ સુધી જીવને દ્વન્દ્વની અસર થાય છે. તેથી ચોવીસે કલાક અશુભ પરિણામ અંદર બેઠેલો જ છે એમ જાણવું. તેમને પાપબંધ સતત ચાલુ જ રહે છે, કારણકે આર્ત્તધ્યાનને અનુકૂળ એવા સંકલ્પ અને વિકલ્પો પડેલા છે. છઠ્ઠે ગુણસ્થાનકે સાતિચાર ચારિત્રવાળાને પણ આર્ત્તધ્યાનની શક્યતા છે. ત્યારબાદ નિરતિચાર ચારિત્રમાં આર્ત્તધ્યાન હોતું નથી.

સાધુને અપવાદમાર્ગનું સેવન બે કારણે કરવાનું હોય છે. (૧) અસમાધિ આદિથી બચવા અને (૨) વિશેષ આરાધના કરવા માટે. દા.ત. રોગ થયો હોય તે સહન ન થતો હોય, અસમાધિ થઇ જતી હોય તો તેમાંથી બચવા માટે ચિકિત્સા કરાવે; અથવા તો રોગ સમ્યગ્ રીતે સહન કરી.શકાતો હોય, તેમાં અસમાધિ ન થતી હોય, છતાં રોગ જાય તો જ્ઞાનાદિની વિશેષ પ્રકારની આરાધના કરી શકાય તેમ હોય તો વિશેષ આરાધનાના હેતુથી પણ ચિકિત્સા કરાવે.

પાંચમી દષ્ટિવાળાને દ્વન્દ્વની અસર છે. આર્ત્તધ્યાન છે. માટે તેમને અસમાધિથી બચવા માટે અપવાદનું સેવન હોય પણ છઠ્ઠી દષ્ટિવાળાને દ્વન્દ્વની કોઇ અસર જ નથી. આર્ત્તધ્યાન કે અસમાધિ થવાનો તેમને સંભવ જ નથી; એટલે તેઓ જ્યારે અપવાદનું સેવન કરે છે ત્યારે વિશેષ આરાધનાનું જ લક્ષ્ય હોય છે. જેમકે રોગનો ઉપચાર કરાવે અથવા તો ઠંડી લાગે તો મકાનનો ઉપયોગ કરે વગેરે બધું જ અપવાદસેવન વિશેષ આરાધનાના અર્થે જ કરે છે. સાતમી દષ્ટિવાળાને તો અપવાદનું સેવન હોતું જ નથી.

સનતકુમાર ચક્રી છઠ્ઠી દષ્ટિમાં હતા. રોગ સહન કરવાની તેમનામાં તાકાત હતી. આરાધનામાં તે રોગ બાધક ન હતા તેથી તેમણે ઉપચાર ન કર્યા. પરંતુ તેમને કોઇ મારવા આવે તો ત્યાંથી ખસી જાય, કારણકે તેમને લાંબું સંયમ પાળવું છે; એટલે હાથે

કરીને ત્યાં મરવા માટે ઊભા ન રહે. જ્યારે સાતમી દૃષ્ટિવાળા તો ત્યાંથી એક ડગલું પણ ન ખસે. અરણિક મુનિને સંયમનાં કષ્ટ સહન ન થયાં એટલે અનશન કર્યું. એ વખતે છઠ્ઠી દૃષ્ટિવાળા નથી, કારણકે દુઃખની તેમના મન ઉપર અસર હતી.

પુણ્યાનુબંધી પુણ્યથી મળતા ભોગો પણ ચંદનના અગ્નિ જેવા છે. ભલે અગ્નિ ચંદનનો હોય પણ જાત તો અગ્નિની છે ને? માટે બાળવાનો. માટે ઊંચા પુણ્યથી મળેલા ભોગો પણ જો તેમાં લપટાયા તો મારે જ. અનાસક્ત રહે તેને જ તે તારે. છઠ્ઠી દૃષ્ટિવાળાના ભોગો તે મંત્રથી મંત્રિત અગ્નિ જેવા છે. એ તેને બાળનાર થતા નથી. બધા દ્વન્દ્વથી પર હોવાને કારણે આ જીવો અનાસક્ત યોગી કહેવાય છે.

છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનો છઠ્ઠો ગુણ છે અભીષ્ટ લાભ. આ જીવોનાં મનના સંકલ્પો હંમેશાં પૂર્ણ થાય છે. આ જીવોને અભીષ્ટ શું છે? એ ખાસ જાણવું જોઈએ. તેમને દુઃખ દૂર કરવાના કે સુખ મેળવવાના મનોરથો કદી થતા જ નથી. કારણકે અપ્રશસ્ત રાગ-દ્વેષ તેમને છે જ નહિ. આથી તેઓ કદી એવા સંકલ્પ કરતા જ નથી. સ્વ કે પરના આત્મહિતમાં બાધક કોઇ વિઘ્ન ઊભાં થયાં હોય તો તેને દૂર કરવાનો સંકલ્પ તેમને થાય ખરો અને તે સંકલ્પ તેમના પોતાના વિશુદ્ધ કોટિના ધર્મના પ્રભાવથી અશુભકર્મ તૂટી જવાથી પૂર્ણ થાય.

આ દૃષ્ટિથી નીચલી કક્ષામાં રહેલા જીવોને પણ સંકલ્પસિદ્ધિ કે વિઘ્નનાશ થતો દેખાય છે. પણ તેમાં તેમનું ભૂતકાલીન - પૂર્વનું પુણ્ય જોઈએ છે. જે પુણ્ય સત્તામાં પડ્યું હોય તે ધર્મના બળથી તાત્કાલિક ઉદયમાં આવે અને ઈષ્ટ સિદ્ધિ થાય. સતીઓના સતીત્વના પ્રભાવથી જ્યાં આપત્તિ દૂર થતી દેખાય છે, ત્યાં ભૂતકાલીન પુણ્યની અપેક્ષા રહે છે. જ્યારે આ છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોને પૂર્વકાલીન પુણ્યની અપેક્ષા હોતી નથી. તેમના નિરતિચાર અમૃત અનુષ્ઠાનના બળથી વિઘ્નનો નાશ અને સંકલ્પસિદ્ધિ થાય છે. તેમનો ભાવ જ એવો વિશુદ્ધ હોય કે જો તેઓ સંકલ્પ કરે કે 'મારો રોગ ટળે તો હું વિશિષ્ટ આરાધના કરીશ' તો તુરત જ તેમનો રોગ નષ્ટ થઇ જાય અને તેઓ વિશિષ્ટ આરાધના કરે પણ ખરા.

મેઘકુમાર, સનતકુમાર વગેરે છઠ્ઠી દૃષ્ટિમાં છે. તેમનામાં રોગને નષ્ટ કરવાની તાકાત બેઠેલી જ હતી, પણ જરૂર નહોતી માટે નષ્ટ ન કર્યા. પાંચમી દૃષ્ટિમાં મનોરથ સિદ્ધ થાય પણ યત્કિંચિત્ થાય, પણ સંપૂર્ણ મનોરથસિદ્ધિ ન થાય. મયણાસુંદરીને અમૃત અનુષ્ઠાન તાત્કાલિક ફળ્યું પણ દરેક વખતે તેના મનોરથો સિદ્ધ થાય જ, એવો નિયમ નહિ; કારણકે તેનામાં કામરાગ-સ્નેહરાગ બેઠેલા છે.

આ દૃષ્ટિવાળા જીવોને ય નિકાચિતકર્મ તો ભોગવવાં પડે છે. આ જીવોને અભીષ્ટ

લાભની સાથે-સાથે લબ્ધિઓ પણ હોય છે. શ્રી ગૌતમમહારાજા છઠ્ઠી દૃષ્ટિમાં છે. તેમને યોગના પ્રભાવથી ખીરનો અભીષ્ટ લાભ થયો છે. પણ પછી ખીર જે ખૂટી નહિ તે અક્ષીણ મહાનસ લબ્ધિના કારણે છે. લબ્ધિના પ્રભાવે તેઓ આત્માની વીર્ય શક્તિ ફોરવીને, જગતમાં રહેલ પુદ્ગલ પરમાણુને જે રૂપે બનાવવા હોય તે રૂપે બનાવી શકે છે. ગૌતમ મહારાજે તેને ખીર રૂપે બનાવ્યા છે. આ લબ્ધિ જુદી છે અને અભીષ્ટ લાભ જુદો છે. સાતમી દૃષ્ટિમાં તો અસંગ અનુષ્ઠાનના બળે ક્ષયોપશમ થઇને એવી લબ્ધિઓ પ્રગટે છે કે તેનાથી તેઓ ધાર્યું બધું જ કરી શકે છે. પણ વિના કારણે તેઓ કશું જ કરતા જ નથી; લબ્ધિને ફોરવતા નથી.

છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનો સાતમો ગુણ જનપ્રિયત્વં, આપણે શરુઆતમાં વર્ણવી ગયા છીએ. આ છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનું સંપૂર્ણ પ્રશસ્ત કષાયમય જે માનસ છે, તેવું માનસ ગુણસ્થાનકની બહાર રહેલા અભવ્ય, દુર્ભવ્ય કે ભારે કર્મી જીવોનું ય હોઇ શકે. સંપૂર્ણ નિરતિચાર ચારિત્ર તે પાંળતા હોય અને એક પણ અપ્રશસ્ત કષાય ન હોય, તેમનું દેખીતું જીવન અને માનસ બધું જ છઠ્ઠી દૃષ્ટિવાળા જીવો જેવું જ હોય, છતાં તેઓ દૃષ્ટિની બહાર છે; પહેલી દૃષ્ટિ પણ પામ્યા નથી. કારણકે તેમનામાં તાત્ત્વિક વૈરાગ્ય, વિવેક વગેરે આધ્યાત્મિક ગુણો નથી. સંસારના વિષયો તેમને સ્વરૂપથી દુઃખરૂપ લાગ્યા નથી. આ તેમની પાયામાં જ ખામી છે. તાત્ત્વિક વૈરાગ્ય આવ્યા પછી જ આધ્યાત્મિક વિકાસની શરુઆત થાય છે. હેતુ કે ફળથી નહિ પણ જ્યારે સ્વરૂપથી વિષયો દુઃખરૂપ લાગે ત્યારે જ તાત્ત્વિક વૈરાગ્ય આવ્યો ગણાય છે. આ પાયાના ગુણ વગરનો તેમનો બધો જ વિકાસ અતાત્ત્વિક છે. તેમને મોક્ષમાર્ગમાં ઉપકારક નથી કે સંસારભ્રમણને અલ્પ કરનાર નથી.

છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોના બહુ અલ્પગુણોનું આ શ્લોકમાં વર્ણન કર્યું છે. બાકી તેમનામાં હજારો ગુણો હોય છે; જેનું વર્ણન પણ ન કરી શકાય. આ ગુણોના કારણે તેઓ લોકપ્રિય હોય છે. શ્રી શાંતિનાથ ભગવાન આઠમા-દશમા ભવમાં પ્રાયઃ છઠ્ઠી દૃષ્ટિમાં છે. તેમને એ ભવોમાં ગૃહસ્થપણામાં અવધિજ્ઞાન હતું. પ્રશસ્ત કષાય સિવાય અવધિજ્ઞાન ટકાવવું મુશ્કેલ છે. મુનિને ઇન્દ્રની કામપરવશતા જોઇને સ્હેજ હસવું આવ્યું, તેમાં તેમનું અવધિજ્ઞાન ચાલ્યું ગયું. એ બતાવે છે કે તેને ટકાવવા અપ્રશસ્ત કષાય કાઢવા પડે છે અને પ્રશસ્ત કષાય લાવવા પડે છે.

સ્થિતિબંધ સંક્લેશને આશ્રયીને હોય છે. અભવ્યપ્રાયોગ્ય જે જઘન્યતમ સ્થિતિસ્થાન અંતઃકોડાકોડીનું છે, તેના કરતાં પહેલી દૃષ્ટિમાં રહેલા દેખાવથી તીવ્ર સંક્લેશમાં વર્તતા જીવનું સ્થિતિસ્થાન નીચેનું હોય છે. અર્થાત્ તીવ્ર સંક્લેશમાં પણ એ

મંદ સંક્લેશવાળા અભવ્ય કરતાં અલ્પ સ્થિતિબંધ કરે છે. આનું કારણ તાત્ત્વિક વૈરાગ્ય જ છે.

છઠ્ઠી દૃષ્ટિવાળા જીવોનો મુખ્યતમ ગુણ ઔચિત્યનો છે. ઔચિત્ય એ જ ભગવાનની આજ્ઞા છે અને તે જ યોગ છે. આ જીવોનું જીવન ઔચિત્યમય જ હોય છે. આ ઔચિત્ય ભિન્ન-ભિન્ન કક્ષાના જીવો માટે ભિન્ન-ભિન્ન હોય છે. દા.ત. મેતારજમુનિ એ નિરપેક્ષ મુનિ હતા. એટલે સોનીએ ઉપસર્ગ કર્યો ત્યારે પ્રાણ જવા છતાં મૌન રહ્યા. હવે તેમની નીચેની કક્ષાવાળા નિરતિચાર ચારિત્રવાળા કોઇ મુનિ હોય તો તેમને માટે મૌન રહેવું એ ઉચિત નથી. તેમના માટે સ્વરક્ષા એ ઉચિત છે. કારણકે પોતે જીવશે તો સ્વ-પર ઘણા જીવોનું કલ્યાણ કરી શકશે. એના બદલે મરશે તો પરભવમાં અવિરતિ જ મળવાની છે. આથી સંપૂર્ણ પ્રશસ્ત કષાયથી તે સ્વરક્ષા કરે. તેમાં સામા જીવની હિંસા ન થાય તે માટે યતના કરે; પણ કદાચ સામા જીવની હિંસા રોકી શકાય તેમ ન હોય તો પણ સ્વરક્ષા તો કરે જ. તે એ જીવ માટે પ્રાણત્યાગ ન કરે. આ કક્ષામાં તત્ત્વચિંતન છે. દ્વન્દ્વથી તે પર છે. એટલે તેમને દુ:ખમાં પણ મનની સમાધિ ટકે જ છે: એટલે મનની સમાધિના હેતુથી તેમને સ્વરક્ષા કરવાની નથી; પણ વિશેષ લાભ-આરાધનાના હેતુથી સ્વરક્ષા કરવાની છે.

તેનાથી ઊતરતી કક્ષાના સાધુ હોય તો તેમને તો પોતાના મનની સમાધિ ટકતી ન હોય એટલા માટે સ્વરક્ષા કરવી પડે. કારણકે અપ્રશસ્ત કષાય બેઠેલા હોવાથી તેમને દુ:ખમાં અસમાધિ થઇ જતી હોય. અસમાધિથી મૃત્યુ થાય તો રખડવું પડે. માટે અસમાધિથી બચવાના લક્ષ્યથી તેઓ સ્વરક્ષા કરે. અહીં સમાધિનો અર્થ તત્ત્વની સમજણવાળા મનની સમાધિ એવો કરવો. ભૌતિક સુખની પ્રાપ્તિમાં મનને આનંદ અને સ્વસ્થતાનો આભાસ થાય છે; તેને સામાન્ય લોકો સમાધિ કહે છે. એવો સમાધિનો અર્થ અહીં કરવાનો નથી. કારણકે એવી સમાધિ મેળવવા માટે શાસ્ત્રમાં સ્વરક્ષણની વાત નથી.

આમ છઠ્ઠી દૃષ્ટિવાળા ગૃહસ્થ જીવોની સાંસારિક પ્રવૃત્તિ પણ ભગવાનની આજ્ઞા મુજબની સંપૂર્ણ ઔચિત્યપૂર્ણ જ હોય છે. તેમની અર્થપ્રવૃત્તિ અને કામપ્રવૃત્તિ એ સંપૂર્ણ અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થરૂપ હોય છે, કારણકે પ્રશસ્ત કષાયપૂર્વકના છે. જ્યારે પાંચમી દૃષ્ટિમાં અપ્રશસ્ત કષાયો હોવાના કારણે એ પુરુષાર્થો ખામીવાળા હોય છે.

છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાનકવાળા દરેક જીવોને પોત-પોતાના આચારનું અનુક્રમે દર્શનાચાર, અણુવ્રત અને મહાવ્રતનું નિરતિચાર પાલન હોય છે.

આ દૃષ્ટિમાં અન્યમુદ્ નામનો દોષ ગયો છે, અપ્રશસ્ત કષાય નાબૂદ થયા છે, પણ હજી પ્રશસ્ત કષાયો પડ્યા છે; તેથી 'રોગ' નામનો દોષ પડ્યો છે. એ દોષ નષ્ટ થાય એટલે સાતમી પ્રભાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

## પ્રભાદૃષ્ટિ

'પ્ર' એટલે પ્રકૃષ્ટ અને 'ભા' એટલે તેજ. આ દૃષ્ટિમાં સૂર્યની ઉપમાવાળો પ્રકૃષ્ટ જ્ઞાનનો પ્રકાશ હોય છે માટે તેનું 'પ્રભા' નામ સાર્થક છે. આત્માને રત્નત્રયીની ખરી અનુભૂતિ અહીં થાય છે.

**બોધ** :- આ દૃષ્ટિના બોધને સૂર્યની ઉપમા આપવામાં આવી છે. અહીં પ્રખર જ્ઞાનનો ધોધ વહેતો હોય છે. આ બોધ હંમેશાં ધ્યાનનો હેતુ જ બને છે. પ્રાયઃ તેમાં વિકલ્પનો અવસર નથી. તેમાં પ્રશમસાર સુખ હોય છે. શાસ્ત્રો અહીં અકિંચિત્કર બને છે. અનુષ્ઠાન સમાધિનિષ્ઠ હોય છે. આ બોધવાળા જીવોના સાન્નિધ્યમાં વૈરાદિનો નાશ થાય છે. તેઓ પરાનુગ્રહને કરે છે. શિષ્યોને વિશે ઔચિત્ય જાળવે છે અને હંમેશાં અવન્ધ્ય ફળવાળી સત્ક્રિયાને કરે છે. આ દરેક વિશેષણોને હવે ક્રમશઃ વિચારીએ.

આ દૃષ્ટિમાં જીવોને સતત ધ્યાન અને ધ્યાનના કારણભૂત એવાં ચિંતન, ભાવના અને અનુપ્રેક્ષા હોય છે. તેઓ ચોવીશમાંથી એકવીશ કલાક કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહે છે. છદ્મસ્થને કોઇ પણ વિષયનું ધ્યાન અંતર્મુહૂર્ત પર્યન્ત ટકે છે. તે પૂર્ણ થાય એટલે ચિંતન, ભાવના કે અનુપ્રેક્ષા ચાલુ થાય. તે અનુપ્રેક્ષાદિ એવા પ્રકારનાં કરે કે તેમાંથી પાછા ધ્યાન ઉપર ચડી જાય. આમ સતત સાંકળ ચાલ્યા કરે છે. માટે તેમના બોધને ધ્યાનનો હેતુ કહ્યો છે.

આ દૃષ્ટિ પ્રાયઃ નિરપેક્ષ મુનિને હોય છે. તેઓ સ્વશરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ હોય છે. પ્રશસ્ત કષાયોને નાબૂદ કર્યા હોવાથી દયા, દાન, પરોપકાર કરવા આદિની કોઇ ઇચ્છા તેમને હોતી નથી. લગભગ તેઓ નિર્વિકલ્પ દશામાં જ રહે છે અને સમતાના સુખને અનુભવે છે. પણ કોઇ વખત સમતાથી જ્યારે નીચે ઊતરે છે ત્યારે સવિકલ્પ દશા આવી જાય છે. દા.ત. મહાવીર પરમાત્માને પોતાના સાડા બાર વર્ષના છદ્મસ્થ પર્યાયમાં માત્ર બે વખત કરુણાના ભાવ સ્પર્શી ગયા છે. (૧) ચંડકૌશિકના પ્રસંગમાં અને (૨) સંગમના પ્રસંગમાં આંખમાં કરુણાથી અશ્રુ આવે છે ત્યારે. આવું ક્વચિત્-જવલ્લે જ બને છે. તેથી પ્રાયઃ શબ્દ લખ્યો છે. બાકી તો નિર્વિકલ્પ દશા જ હોય છે.

તીર્થંકર પરમાત્મા દીક્ષા લે ત્યારથી તેમને આ સાતમી દષ્ટિ હોય છે. તેઓ જગતથી તદ્દન અલિપ્ત હોય છે. આત્મરમણતામાં એવા મગ્ન હોય છે કે પ્રશસ્ત કે અપ્રશસ્ત કોઇ વિકલ્પ તેમને સ્પર્શી શકતો નથી. ઇચ્છા માત્રનો અભાવ હોય છે. કર્મ ખપાવવાની ઇચ્છા પણ તેમને હોતી નથી. માટે આ દષ્ટિમાં પ્રાયઃ વિકલ્પને અવસર નથી એમ કહ્યું છે.

આ દષ્ટિમાં પ્રશમસાર સુખ હોય છે. પ્રશસ્ત કષાયથી કરાતા મૈત્રી, કરુણા આદિ ભાવો પણ જીવને મનમાં અમુક પ્રકારનો આવેગ, આવેશ, ઉત્સુકતા આદિ સંતપ્ત અવસ્થા ઊભી કરે છે. દા.ત. કોઇ દુઃખી જીવને જોઇ કરુણા આવી, એનો અર્થ એ જ કે તેના દુઃખથી પોતે દુઃખી થયા, તેનું દુઃખ દૂર કરવાની ઇચ્છા જાગી. ક્યારે એનું દુઃખ દૂર થાય એવી ઉત્સુકતા જાગી. આ બધી લાગણી ભલે પ્રશસ્ત હોય પણ તે મનને પીડા આપનાર છે, સંતપ્ત કરનાર છે. જ્યારે આ દષ્ટિવાળા જીવોને આવી પ્રશસ્ત કરુણા વગેરે ભાવો પણ સ્પર્શતા નથી એટલે સતત તેઓ સમતાના સુખને જ અનુભવતા હોય છે. તેમનું આ સમતાનું સુખ એટલું ઊંચી કોટિનું છે કે તેના એક અંતર્મુહૂર્તના સુખની આગળ, પ્રશસ્ત કષાયથી યુક્ત છઠ્ઠી દષ્ટિવાળા નિરતિચાર ચારિત્રવાળા મુનિનું આખી જિંદગીનું આધ્યાત્મિક સુખ, એ માત્ર રાઇ જેટલું જ છે. તો પછી તેની આગળ ભૌતિક સુખની તો શી વાત કરવી? સંસારના સર્વશ્રેષ્ઠ ભૌતિક સુખને અનુભવનાર અનુત્તરવાસી દેવનું સુખ એ આ સમતાના સુખની આગળ અનંતમા ભાગનું પણ નથી.

બાર મહિનાના પર્યાયમાં અનુત્તરવાસી દેવના સુખને મુનિ અતિક્રમી જાય છે એમ જે કહ્યું છે, તે આ દષ્ટિવાળા મુનિની અપેક્ષાએ કહ્યું છે. આ મુનિ જ 'જ્ઞાનતૃપ્તો નિરંજનઃ' છે.

આ દષ્ટિવાળા જીવોનો બોધ એવો ઉત્તમ છે કે તેની આગળ શાસ્ત્રો અકિંચિત્કર-નિરુપયોગી છે. જૈનશાસનમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આલંબન શાસ્ત્રો જ છે. કારણકે દેવ-ગુરુ-ધર્મની ઓળખ આપનાર શાસ્ત્રો જ છે. શાસ્ત્રથી થતા બોધ કરતાં પણ આ જીવોને ઉચ્ચ પ્રકારનો બોધ થઇ ગયો છે. જે સાધવાનું છે, તે એમને સિદ્ધ થઇ ગયું છે. હવે કશું સિદ્ધ કરવાનું બાકી નથી, તો પછી શાસ્ત્રની તેમને શી જરૂર છે? જો શાસ્ત્રની જરૂર નથી, તો પછી તેનાથી ઊતરતા બીજા આલંબનની તો શી જરૂર હોય? ચશ્મા વગર જ જે દેખી શકતા હોય તેમને ચશ્માની શી જરૂર? લાકડી વગર જ જે ચાલી શકતા હોય તેમને લાકડીના ટેકાની શી જરૂર?

આ દષ્ટિવાળા જીવોનું અનુષ્ઠાન સમાધિનિષ્ઠ હોય છે. આ જીવોને દેવવંદન, ગુરુવંદન, સ્વાધ્યાય, જાપ આદિ કોઇ પણ પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનના આલંબનની

જરૂર નથી; એ આપણે જોઇ ગયા. તેઓ સતત આત્મરમણતામાં ઝૂલતા હોય છે. છતાં જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી ભોજન, સ્થંડિલ, માત્રુ આદિ બાધા રહેવાની. તે કારણે ગોચરી જવાની, સ્થંડિલ જવાની કોઇ શારીરિક પ્રવૃત્તિ તેઓ કરતા હોય ત્યાં પણ તેમની આત્મરમણતા સતત ચાલુ જ રહે છે. તેમાં બાધ નથી આવતો. સમાધિ એટલે ધ્યાન, ચિત્તની એકાગ્રતા. જે પ્રવૃત્તિ કરે તેમાં ચિત્તની એકાગ્રતા એવી ગોઠવાઇ ગઇ હોય કે સતત તે તે સમયને અનુરૂપ પ્રવૃત્તિઓ થયા જ કરે. તેમને વિચાર ન કરવો પડે કે અમુક ક્રિયાનો ટાઇમ થયો કે નહિ. સ્વાભાવિક રીતે જ ઇચ્છા કર્યા વગર, જે કાળે જે કરવાનું હોય તે આપમેળે થયા જ કરે. ધ્યાનની પરિપક્વ દશા અહીં પ્રાપ્ત થઇ ગઇ છે. પૂર્વનો એવો અભ્યાસ કરીને આવ્યા છે કે સતત તેમનો ઉપયોગ જાગૃત જ રહે, ક્રિયાને યોગ્ય પરિણામો પણ સહજ ભાવે આવી જ જાય. આ જીવોને સમતા પરિણતિરૂપ બની ગઇ છે. એટલે સતત તે સમાધિમાં જ હોય. કોઇ વસ્તુ તેમના ચિત્તને વ્યાક્ષેપ ઊભો કરી શકે તેમ જ નથી.

આ જીવોના યોગના પ્રભાવથી તેમના સાન્નિધ્યમાં આવનાર જીવોના વૈર આદિનો નાશ થાય છે.

**પરાનુગ્રહકર્તૃતા** :- આ જીવો લાગણીથી પર છે. શુભ લાગણી પણ તેમને સ્પર્શતી નથી. પરોપકાર કરવાના તેમને મનોરથ નથી હોતા. છતાં અવસરે કોઇ યોગ્ય જીવ દેખાય તો તેને ઉપદેશ આપે છે. પ્રતિબોધ કરી દીક્ષા આપે છે. પણ દીક્ષા આપ્યા પછી તેને ગચ્છમાં સ્થવિર મુનિઓને સોંપી દે છે. કારણકે પોતાનામાં કષાયનો અભાવ હોવાથી તેની સારણા-વારણા પોતે કરી શકતા નથી. પોતે ગચ્છમાં હોય તો શિષ્યોને ઉચિત અનુશાસન આપે પણ ગચ્છથી અલિપ્ત હોય છે. આ દષ્ટિવાળા જીવોની ક્રિયા અવન્ધ્ય ફળવાળી હોય છે. જે ક્રિયા કરે તેનું પરિપૂર્ણ ફળ તેઓ મેળવે છે. ક્રિયાનું યથાર્થ ફળ આત્માની અનુભૂતિ છે, તે અહીં મળે છે. માટે ખરી ફલાવંચક દશા અહીં હોય છે. રત્નત્રયીનો પૂર્ણ આસ્વાદ અહીં જ પ્રાપ્ત થાય છે. તત્કાલ પરમાનંદનું સુખ અહીં જ અનુભવાય છે. માટે આ જીવો જીવતાં છતાં મુક્ત જેવા અર્થાત્ છદ્મસ્થ જીવનમુક્ત કહેવાય છે. કર્મ હોવા છતાં તેનાથી લેપાતા નથી. દેહપિંજરમાં પુરાયા છતાં તેની અસર નથી.

જિનકલ્પિક, યથાલંદી, પરિહારવિશુદ્ધિક, પ્રતિમાધારી આદિ નિરપેક્ષ મુનિઓ આ દષ્ટિમાં હોય છે. તેઓ ઉત્સર્ગમાર્ગનું ચારિત્ર પાળે છે. અપવાદનું તેમને સેવન નથી હોતું. કાન, નાક, આંખનો મેલ પણ દૂર કરતા નથી. રોગની ચિકિત્સા કરતા નથી.

પગમાંથી કાંટો ય કાઢતા નથી. નિર્દોષ ગોચરી મળે તો વાપરે છે. નિર્દોષ ભૂમિ મળે તો જ સ્થંડિલ જાય છે. આહાર-નિહાર વગર ચલાવી શકે એવા દૃઢ સંઘયણવાળા, મજબૂત શરીરવાળા હોય છે. આહાર, નિહાર, વિહાર બધું માત્ર એક ત્રીજા જ પ્રહરમાં કરે છે. નિદ્રા લેતા નથી. પલાંઠી વાળીને બેસતા નથી. કોઇ વખત ઊભા કે બેઠા-બેઠા કદાચ થોડી નિદ્રા આવી જાય પણ એ સિવાય નિદ્રા લેતા નથી. નિશ્ચયની જ તેમની દૃષ્ટિ હોય છે. વ્યવહારથી તે નિરપેક્ષ હોય છે. માટે જ નિરપેક્ષ કહેવાય છે.

આ નિરપેક્ષ મુનિઓને પડિલેહણાદિ આવશ્યક ક્રિયા કરવાની હોતી નથી. આમ તેઓ પ્રતિક્રમણ નથી કરતા, પણ પ્રાયશ્ચિત્તરૂપી પ્રતિક્રમણ હોય છે. જ્યારે ઉપયોગશૂન્યતાથી માનસિક, વાચિક કે કાયિક કોઇ સૂક્ષ્મ દોષ પણ લાગે ત્યારે તેનું તેઓ ઉત્કટ પ્રાયશ્ચિત્ત સ્વયં સ્વીકારી લે છે. દા.ત. ભગવાન મહાવીર સ્વામી પૂર્વના અભ્યાસથી કુલપતિને ભેટ્યા એ ગૃહસ્થાચાર સેવવાના દોષનું પ્રાયશ્ચિત્ત તેમણે ત્યાં જ પાંચ અભિગ્રહો લઇને કરી લીધું છે. એ પાંચ અભિગ્રહો એ પ્રાયશ્ચિત્તરૂપે જ છે અને એ જ તેમનું પ્રતિક્રમણ છે.

**ગા. ૧૭૦ :- લક્ષણ** :- આ દૃષ્ટિમાં રોગ નામનો દોષ નષ્ટ થાય છે. તત્ત્વપ્રતિપત્તિ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. ધ્યાન નામનું સાતમું યોગાંગ હોય છે અને હંમેશ શમથી (સમતા) યુક્ત હોય છે.

**રોગ** :- રોગ એટલે ભાવરોગરૂપ રાગ અને દ્વેષ. તે અહીં હોતા નથી. છઠ્ઠી દૃષ્ટિમાં જે પ્રશસ્ત કષાયો હતા તે અહીં નાબૂદ થઇ જાય છે. અહીં પ્રશસ્ત કોઇ કષાયો નથી હોતા. અહીં જે કષાયનો અભાવ કહીએ છીએ તે વ્યક્ત કષાયનો અભાવ સમજવાનો છે. બાકી અવ્યક્ત કષાયો તો દશમા ગુણસ્થાનક સુધી હોય છે.

આપણને મનમાં જે વિકલ્પો જાગે છે, તે કષાયના કારણે જાગે છે. આ જીવોને કષાયોનો અભાવ હોવાથી નિર્વિકલ્પ દશા હોય છે. ગૃહસ્થોને આ દૃષ્ટિ પ્રાપ્ત થાય ખરી પણ અંતર્મુહૂર્તથી વધુ ટકે નહિ. ત્યારબાદ તે કાં તો ઊંચે ચડે છે અથવા તો નીચે ઊતરે છે, અથવા તો સાધુવેષનો સ્વીકાર કરી લે છે. કારણકે ગૃહસ્થાવાસમાં પાપપ્રવૃત્તિ કરવી પડે. જ્યારે આ દૃષ્ટિવાળા જીવ પ્રશસ્ત કષાયથી પણ જાણી-બૂઝીને પાપપ્રવૃત્તિ કરતા નથી.

**તત્ત્વપ્રતિપત્તિ** :- છઠ્ઠીમાં તત્ત્વમીમાંસા નામનો ગુણ હતો. તેમાંથી અહીં તત્ત્વપ્રતિપત્તિ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. આત્મતત્ત્વની અનુભૂતિરૂપ તત્ત્વપ્રતિપત્તિ

આ દષ્ટિમાં જ થાય છે..નિશ્ચયનયનું સમ્યક્ત્વ અહીં જ હોય છે. કારણકે જેવું જ્ઞાન તેવી જ રુચિ અને તેવી જ પરિણતિ. એમ રત્નત્રયીની અહીં એકતા થાય છે. મન, વચન અને કાયા એ ત્રણનો અહીં સંપૂર્ણ અવિસંવાદ હોય છે. અહીં પુદ્ગલમાં, પરભાવમાં તેમનું કર્તૃત્વ હોતું નથી. માત્ર જ્ઞાતાદ્રષ્ટાભાવ જ હોય છે. જડ અને ચેતનનું ભેદજ્ઞાન તેમને પરિણતિરૂપે હોય છે. સ્થિરાદષ્ટિમાં એ ભેદજ્ઞાન માત્ર રુચિરૂપે હતું.

**ધ્યાન** :- છઠ્ઠી દષ્ટિમાં ધારણા હતી. આ દષ્ટિમાં ધ્યાન નામનું યોગાંગ હોય. ધર્મધ્યાન કે શુક્લધ્યાન હોય છે. પણ ગોચરી આદિ પ્રવૃત્તિમાં ધર્મધ્યાનની ભાવના હોય છે. સૂક્ષ્મ ઉપયોગપૂર્વકનું ચિંતન, સ્થિર અધ્યવસાન તે ધ્યાન કહેવાય છે. ધ્યાનમાં મન, વચન, કાયાની બધી જ શક્તિઓ ઉપયુક્ત હોય છે. ધ્યાનમાં કેટલાક મનની શૂન્ય અવસ્થા માને છે તે ખોટું છે; કારણકે અહીં શક્તિઓ સુષુપ્ત નથી હોતી કે મનની શૂન્ય અવસ્થા નથી હોતી, પરંતુ ધ્યાનમાં ઉપયોગ સૂક્ષ્મ બનતો હોવાથી યોગોનું વીર્ય વિશેષ ફોરવવું પડે છે. એક જ વિષયનો સૂક્ષ્મબોધ ધ્યાનમાં હોય છે. સૂક્ષ્મ એવા મતિજ્ઞાનના પર્યાયોનું તેમાં ભાન હોય છે.

ધ્યાનથી મનને થાક નથી લાગતો પણ વિશેષ સ્ફૂર્તિ જાગે છે. ધ્યાની ભગવંતોનો આહાર અલ્પ હોય છે, નિદ્રા પણ અલ્પ હોય છે. તેનું કારણ એ છે કે થાક લાગે તેને નિદ્રાની જરૂર પડે છે. કષાયોના આવેગ હોય તેને માનસિક થાક લાગે છે. પ્રશસ્ત કષાયો પણ મનને થકવી દે છે. આ દષ્ટિવાળા જીવો તો નિર્વિકલ્પ દશામાં, સમતામાં જ રમે છે. કષાયનું નામ-નિશાન નથી. તેથી માનસિક થાકના અભાવે તેમને નિદ્રા અલ્પ હોય છે.

સાતમી દષ્ટિનું લક્ષણ વર્ણવ્યા પછી હવે ગ્રંથકાર મહર્ષિ આ દષ્ટિનું વિશિષ્ટ સુખ આદિ વર્ણવે છે.

**ગા. ૧૭૧** :- આ દષ્ટિમાં જ મુનિઓને ધ્યાનજન્ય સુખની પ્રાપ્તિ થાય છે. છઠ્ઠી દષ્ટિમાં પ્રશસ્ત કષાયજન્ય માનસિક સુખ હોય છે, પણ એ સુખ ધ્યાનના સુખ કરતાં ઘણી નીચી કોટિનું છે. આ દષ્ટિમાં ધ્યાનનું સુખ છે. તેમાં ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોની બિલકુલ અસર જ નથી હોતી. છઠ્ઠી દષ્ટિમાં તે વિષયોની શુભ અસર અને પાંચમીમાં તેની શુભાશુભ અસર હોય છે. આ દષ્ટિમાં તે જીવોને મન ઉપર સંપૂર્ણ પ્રભુત્વ હોય છે. ખરો મનોવિજય અહીં જ છે. બાહ્ય સુખ કે દુઃખની તેમને કોઇ જ અસર નથી હોતી. ગમે એવી દુઃખની ઝડીઓ વચ્ચે પણ તેમનું આંતરિક સુખ ઇન્દ્ર કે ચક્રવર્તીના સુખ કરતાં અનેકગણું વધારે હોય છે.

આ દૃષ્ટિવાળા જીવોને આ સુખ વિવેકના બળથી પ્રાપ્ત થાય છે. જડ અને ચેતનનું ભેદજ્ઞાન એ જ સાચો વિવેક છે. એ વિવેક-ભેદજ્ઞાન તેમને પરિણતિરૂપે બની ગયું છે. હવે પરભાવમાં તેમની અંશમાત્ર પણ રમણતા હોતી નથી. જગતની વિષમતામાં પણ તેઓ સમતાનું જ દર્શન કરે છે. માટે નિશ્ચયનો વિવેક આ જ દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. વિવેકનું ફળ સમતા છે. તેનું પરમસુખ તેઓ અનુભવતા હોય છે.

**ગા. ૧૭૨ :-** કોઈપણ જાતની પરાધીનતા એ દુઃખ છે અને સ્વાધીનતા એ સુખ છે. સુખ-દુઃખનું આ સંક્ષિપ્ત લક્ષણ છે.

**ગા. ૧૭૩ :-** પુણ્ય પ્રકૃતિના ઉદયથી મળતું સુખ એ પરાધીન છે. કારણકે તેમાં પુણ્યકર્મની અપેક્ષા રહે છે. કર્મ એ આત્મતત્ત્વથી પરતત્ત્વ છે. માટે પુણ્યથી મળતું સુખ એ પરાધીન હોવાથી ઉપરની ગાથામાં કહેલા લક્ષણ મુજબ તો દુઃખ જ છે. ધ્યાનનું સુખ એ આત્મરમણતામાંથી પ્રાપ્ત થાય છે. તેમાં પુણ્યકર્મની અપેક્ષા નથી હોતી. ભયંકર અશાતારૂપ પાપકર્મનો ઉદય ચાલુ હોય, છતાં મુનિઓ આંતરિક ધ્યાનનું સુખ અનુભવી શકે છે. આત્મતત્ત્વ સિવાય કોઈ પણ બાહ્યતત્ત્વની અપેક્ષા વગરનું હોવાથી ધ્યાનનું સુખ એ સ્વાધીન છે. માટે ઉપરની ગાથામાં કહેલા લક્ષણ મુજબ તે સંપૂર્ણ અને પરમ સુખ છે.

**ગા. ૧૭૪ :-** નિર્મળ એવો જ્ઞાનનો બોધ છે, તેના કારણે જ આ મહાત્માઓને સદા ધ્યાન હોય છે. જેમ જેમ જ્ઞાન વિકસિત થાય તેમ તેમ જ તાત્ત્વિક વિચારણા (તત્ત્વચિંતન) કરી શકાય છે. માટે અહીં જ સાચું તત્ત્વચિંતન છે. જેમ જેનો મેલ નાશ પામ્યો છે એવું સોનું ચમક્યા વગર રહે નહિ, તેમ આત્મા પણ કર્મરૂપી મેલ નાશ પામવાથી નિર્મળ પ્રકાશવાન થાય છે.

ઉત્તમ સોનાના આઠ ગુણ કહ્યા છે. તેમાંથી એક ગુણ એ છે કે તે સદા કલ્યાણ કરનારું હોય છે. તેમ આ દૃષ્ટિમાં આત્મા પણ નિર્મળ જ્ઞાનના પ્રકાશવાળો છે, તેથી જ ગુણકારી છે. અહીં નિશ્ચયનયથી આત્માના ગુણોનું વેદન કરવાનો આનંદ છે. તેથી શુદ્ધજ્ઞાનથી તૃપ્તિ છે. જ્યારે પુદ્ગલના ભોગવટાનો આનંદ એ તો વ્યવહારનયથી છે. તેમાં અશુદ્ધ જ્ઞાનથી તૃપ્તિ છે.

**ગા. ૧૭૫ :-** આ દૃષ્ટિમાં જ અસંગઅનુષ્ઠાન નામનું સત્પ્રવૃત્તિપદ હોય છે. એટલે કે તેમાં કેવળ સ્વરસમાં (આત્મામાં) જ પ્રવૃત્તિ હોય. ધર્મ પણ અભિષ્વંગ વગર જ કરે. ઇચ્છા નથી તેથી પ્રવૃત્તિ કરવા છતાં તેમાં રતિ કે અરતિ થાય નહિ. એટલે રાગ વગરની ઇચ્છા તો હોય પણ તે જ્ઞાનસ્વરૂપ હોય, મોહરૂપ વિકલ્પ ન હોય. બાહ્યસંગથી રહિત હોય. એક સમતાનો જ, આધ્યાત્મિક સુખનો જ આનંદ છે. (આ મુનિઓને

સમતાનું સુખ હોય છે. કેવળજ્ઞાનીને વીતરાગતાનું સુખ હોય છે અને સિદ્ધ ભગવંતોને અવ્યાબાધપણાનું સુખ હોય છે. આમ સુખમાં ભેદ છે.)

સિદ્ધિપદરૂપ મહામાર્ગનું પ્રયાણ અહીંથી જ શરુ થાય છે. અત્યાર સુધી ભલે વીતરાગતારૂપ માર્ગમાં જવું હતું, પણ પ્રયાણ સાચું નહોતું. કારણકે વીતરાગતા પામવી હતી અને કરતો હતો પ્રશસ્ત કષાય. માટે માર્ગ ઊંધો હતો. આથી જ તે વિભાવનું સમ્યક્ત્વ હતું. નિશ્ચયનયનું શુદ્ધભાવનું સમ્યક્ત્વ હવે જ આવ્યું. તેથી મોક્ષમાર્ગનું પ્રયાણ પણ અહીંથી જ શરુ થયું મનાય.

છઠ્ઠા ગુણસ્થાનકના ઊંચા અધ્યવસાયોમાં (ઉત્કૃષ્ટ સ્થાનોમાં) અને સાતમા ગુણસ્થાનકમાં પણ ચરમ સપ્તમ ગુણસ્થાનક સિવાય, એટલે સપ્તમ ગુણસ્થાનકના ચરમ અધ્યવસાયોને છોડીને આ સાતમી દૃષ્ટિ હોય છે. અહીં ચિત્ત એકદમ શાંત હોય છે. કારણકે કષાયની કલુષિતતા નથી. આ દૃષ્ટિ આવે એટલે અનેકાંતવાદ ન ભણ્યો હોય તો પણ તેની પ્રવૃત્તિ આવી જાય. સ્યાદ્વાદનું ફળ અહીં પ્રાપ્ત થઇ જાય છે.

**ગા. ૧૭૬ :-** અન્યદર્શનીઓ આ અસંગઅનુષ્ઠાનને જે ભિન્ન-ભિન્ન નામ આપે છે તે કહે છે.

સાંખ્યો તેને પ્રશાન્તવાહિતા કહે છે. પ્રશાન્તવાહી એકધારું વહેતું પાણી જેમ એક સરખી સપાટીવાળું રહે છે તેમ આ દૃષ્ટિમાં મન કેવળ સમતામય છે. મનની ધારા પ્રશાંત, એક સરખી જ હોય છે. જેમ એકધારા તેલથી દીવો પ્રકાશતો હોય તેમ આત્મામાંથી એકસરખો જ્ઞાનનો પ્રકાશ નીકળે છે. રાગ-દ્વેષ હોય તો જ જ્ઞાન બદલાય, પણ અહીં વ્યક્ત રાગ-દ્વેષ છે નહિ તેથી જ્ઞાનનો પ્રકાશ એકધારો રહે છે. જ્ઞાનનો વિષય બદલવાથી જ્ઞાન બદલાયું લાગે છે. પણ તેમાં વિષયનું પરાવર્તન છે, જ્ઞાનનું પરાવર્તન નથી. જ્ઞાનનો પ્રવાહ તો અખંડ એકધારો જ રહે છે.

બૌદ્ધો આ અવસ્થાને વિસભાગ પરિક્ષય કહે છે. બૌદ્ધો દરેક વસ્તુને ક્ષણિક માને છે. પદાર્થ ક્ષણિક છે, પણ તેની સંતાન ચાલે છે એમ માને છે. આ સંતાનને તે બે પ્રકારની માને છે. (૧) સભાગ અને (૨) વિસભાગ. સભાગ એટલે સદૃશ સંતાન, તે સૂક્ષ્મ પરિવર્તનરૂપ છે અને વિસભાગ એટલે અસદૃશ સંતાન, તે સ્થૂલ પરિવર્તનરૂપ છે. દા.ત. મનુષ્યભવ શરુ થયા પછી મરે ત્યાં સુધી તેને મનુષ્યરૂપે સંતાન ચાલે છે, એ સભાગ સંતાન છે. તે મરીને ધારો કે હરણ થાય તો હરણરૂપે જે સ્થૂલ પરિવર્તન થયું એ વિસભાગ સંતાન છે. અર્થાત્ પદાર્થ ક્ષણે ક્ષણે નાશ પામે છે, પણ નવો પદાર્થ જે ઉત્પન્ન થાય છે તે તેના સદૃશરૂપવાળો ઉત્પન્ન થાય ત્યાં સુધી સભાગ સંતાન અને અસદૃશ(જુદા) રૂપવાળો ઉત્પન્ન થાય ત્યારે વિસભાગ સંતાન કહેવાય છે.

ઋજુસૂત્રાદિ નિશ્ચયનયવાળા નિમિત્ત કારણને માનતા નથી. તે સંયોગને નથી માનતા. સૌ સૌને સ્થાને સૌ છે જ. તેથી કાર્ય ઉત્પન્ન થાય તેની પહેલાંની ક્ષણમાં તેની જે અવસ્થા છે તેને જ તેનું કારણ માને છે. તે અવસ્થાને કુર્વદ્રૂપત્વ કહે છે. જેવું કુર્વદ્રૂપત્વ હોય એવું કાર્ય થશે જ.

પુદ્‌ગલની જેમ વિસભાગ સંતાન છે, તેમ આત્માની પણ વિસભાગ સંતાન છે. ક્ષણમાં ક્રોધી, તો ક્ષણમાં માની, તો ક્ષણમાં કામી બને છે. આ ક્રોધાત્મક, રાગાત્મક, શોકાત્મક વગેરે સતત વિસદશ સંતાન ચાલુ જ હોય છે. બૌદ્ધો આત્માને જ્ઞાનસ્વરૂપ માને છે. આ જ્ઞાનની સંતતિ સંક્લિષ્ટ ચિત્તના (કષાયના) કારણે અનાદિકાલથી વિસદશ ચાલુ જ છે.

અહીં સાતમી દૃષ્ટિમાં કષાયોની નાબૂદી થાય છે, એટલે વિસભાગ સંતાનનો ક્ષય થાય છે અને સભાગ સંતતિ ચાલુ થાય છે. હવે એક સરખી નિર્મળ મનની ધારા રહે છે. તેમાં હવે ચંચળતા આવવાની નથી. આત્માનો સમતામય પરિણામ એકસરખો ચાલુ રહે છે. માટે બૌદ્ધો આ અસંગઅનુષ્ઠાનને વિસભાગ પરિક્ષય કહે છે.

શિવધર્મના અનુયાયીઓ આ દૃષ્ટિને શિવવર્ત્મ કહે છે. સમતા તે જ મોક્ષમાર્ગ છે. રાગ-દ્વેષ એ વિભાવનું કારણ છે. સ્વભાવમાં જવા માટે રાગ-દ્વેષના વિકલ્પોનો ત્યાગ કરવો જ પડશે. તે અહીં થાય છે. આમ તો રત્નત્રયી એ મોક્ષમાર્ગ છે. રત્નત્રયીનું ફળ સમતા છે. સમતા પ્રાપ્ત કરવા માટે જ રત્નત્રયીની આરાધના કરવાની છે. માટે તાત્ત્વિક રીતે સમતા એ જ મોક્ષમાર્ગ બને. આ દૃષ્ટિમાં સમતા પ્રાપ્ત થઈ છે માટે આ દૃષ્ટિને શિવવર્ત્મ કહેવામાં આવે છે.

મહાવૃત્તિકો (પરિવ્રાજકનો એક ભેદ) આ દૃષ્ટિને ધ્રુવમાર્ગ કહે છે. સમતા એ વીતરાગતામાં જવાનો સીધો અને સ્થિર રસ્તો છે. અહીં સમાપત્તિ પ્રાપ્ત થાય છે. એટલે કે વીતરાગતાની સમાન અવસ્થાંનો આભાસ અહીં પહેલી જ વાર પ્રાપ્ત થાય છે. પરાકાષ્ઠાની સમતા કહો કે વીતરાગતાનો ભાસ કહો તે અહીં જ થાય છે. અહીં વીતરાગ સદૃશ અવસ્થા છે. તેમાંથી વીતરાગતાની પ્રાપ્તિ નિશ્ચયથી થવાની છે. માટે તેને ધ્રુવમાર્ગ કહ્યો છે.

**ગા. ૧૭૭ :-** આ સાતમી દૃષ્ટિમાં રહેલો મુનિ સત્પ્રવૃત્તિપદ (અસંગઅનુષ્ઠાન)ને શીઘ્ર સાધે છે. અસંગઅનુષ્ઠાનને સાધનારી આ જ દૃષ્ટિ છે. આ અસંગઅનુષ્ઠાન એ અપ્રમત્તદશા છે. નિરતિચાર ચારિત્રવાળાને પ્રશસ્ત કષાયો હજુ હોય છે, માટે તેને અપ્રમત્તદશા ન કહેવાય. પણ અસંગઅનુષ્ઠાનમાં અપ્રશસ્ત કે પ્રશસ્ત એક પણ કષાય નથી માટે તેને અપ્રમત્તદશા કહેવાય છે.

અપ્રમત્તદશા હોવા છતાં અહીં અપ્રમત્ત ગુણસ્થાનક અર્થાત્ સાતમું ગુણસ્થાનક નથી. અપ્રમત્ત ગુણસ્થાનકમાં સતત નિર્વિકલ્પદશા હોય છે; જ્યારે આ દૃષ્ટિમાં પ્રાયઃ નિર્વિકલ્પદશા છે. એટલે વચ્ચે વચ્ચે વિકલ્પનો સંભવ છે. છઠ્ઠું ગુણસ્થાનક અંતર્મુહૂર્ત કાળ જ ટકે એવો નિયમ નથી. તે વધુ સમય ટકતું હોય એમ લાગે છે. કારણકે બકુશ-કુશીલ ચારિત્રવાળાને નિર્વિકલ્પદશા આવવી સંગત નથી. એટલે તેઓ ઘણા કાળ સુધી છઠ્ઠા ગુણસ્થાનકમાં જ રહેતા હોવા જોઈએ. છઠ્ઠું અને સાતમું ગુણસ્થાનક અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત કાળે પરાવર્તન પામ્યા કરે છે, એમ જે કહેવામાં આવ્યું છે તે આ સાતમી દૃષ્ટિની અપેક્ષાએ હોવું જોઈએ એમ લાગે છે.

છઠ્ઠી અને સાતમી દૃષ્ટિ ગીતાર્થને જ પ્રાપ્ત થાય છે. અગિયાર અંગનું જ્ઞાન હોય તે ગીતાર્થ કહેવાય છે. પ્રભુ મહાવીરસ્વામી પૂર્વના ત્રીજા ભવમાં અગિયાર અંગના પાઠી હતા અને ઋષભદેવ ભગવાન ચૌદપૂર્વી હતા. તેથી આ જન્મમાં તેમને પ્રાયઃ પૂર્વનું જ્ઞાન હતું. પૂર્વનું જ્ઞાન હોય પણ થોડું ઓછું હોય.

હવે પાંચમી દૃષ્ટિના અંતે પાતંજલિઋષિના જે ત્રણ શ્લોકો આપ્યા છે તેમાંનો ત્રીજો શ્લોક આ સાતમી દૃષ્ટિને લગતો છે, તેનું વર્ણન કરીએ છીએ.

"નિષ્પન્ન યોગીને દોષ વ્યપાય, પરમા તૃપ્તિ, સંપૂર્ણ ઔચિત્ય, ગુર્વી સમતા, વૈર આદિનો નાશ અને ઋતમ્ભરા બુદ્ધિ હોય છે."

**દોષ વ્યપાય** :- આ દૃષ્ટિમાં સંપૂર્ણપણે પાપારંભનો ત્યાગ છે. અપવાદે પણ અહીં હિંસાદિ દોષ સેવવામાં આવતો નથી.

**પરમા તૃપ્તિ** :- અહીં ઈચ્છા, તૃષ્ણા, અભિલાષાનો સદંતર અભાવ છે; માટે શ્રેષ્ઠ તૃપ્તિ છે. મૈત્રી આદિ પ્રશસ્ત કષાયોનો પણ અહીં અભાવ છે. એટલે ચિત્ત પરમશાંતિને, તૃપ્તિને અનુભવે છે.

**ઔચિત્ય** :- આ મુનિઓને કોઈ પણ જવાબદારી અદા કરવાની નથી હોતી. છતાં જે કાંઈ પ્રવૃત્તિ તેઓ કરે છે તે દરેક પ્રવૃત્તિ ઔચિત્યપૂર્વકની જ હોય છે. અંશ માત્ર પણ તેમાં અનુચિત વર્તન હોતું નથી. તેમને ઔચિત્યનો પણ રાગ કે રસ નથી પણ સહજ રીતે જ ઔચિત્યનું સેવન થઈ જાય છે.

વ્યાસમુનિએ ભગવદ્ગીતામાં કર્તવ્ય-અકર્તવ્ય બાબતમાં થાપ ખાધી છે. તેમની માન્યતા એવી છે કે સંસારનાં બધાં જ કર્તવ્ય ઉપાદેય છે; માટે તે ઔચિત્યપૂર્વક કરવાં

જોઇએ. આ માન્યતા અનુસાર તેમણે કર્મયોગની ફિલોસોફી ઉપદેશી છે. જૈનદર્શનમાં ઉત્સર્ગમાર્ગે સંયમ જ ઉપાદેય છે, સંસાર હેય છે. એટલે સંસાર સંબંધી કર્તવ્યો પણ હેય બને છે. સંયમ લેનાર વ્યક્તિને પિતા, માતા, પત્ની, પુત્ર,શેઠ, નોકર, રાજા, પ્રજા વગેરે કોઇ પણ પદની ફરજ કે જવાબદારી અદા કરવાની રહેતી નથી. તે બધી જ જવાબદારી કે કર્તવ્યોથી મુક્ત બની જાય છે. પરંતુ જેમણે સંયમ નથી લીધું ને હજુ સંસારમાં રહ્યા છે તેમને માટે પોતે જે સ્થાન ઉપર હોય તે સ્થાનનાં કર્તવ્યો ફરજરૂપ બને છે. તે કર્તવ્યો ઔચિત્યપૂર્વક કરવાં જોઇએ. આમ જૈનશાસનમાં સંસારનાં કર્તવ્યો પ્રત્યે સાપેક્ષ ઉપાદેય બુદ્ધિ છે, જ્યારે વ્યાસમુનિને તેના પ્રત્યે નિરપેક્ષ ઉપાદેય બુદ્ધિ છે, એ તેમની ભૂલ છે.

**સમતા ગુર્વી** :- આ દૃષ્ટિમાં પરાકાષ્ઠાની સમતા છે. શત્રુ-મિત્ર, તૃણ-મણિ, કંચન-માટી બધામાં તેમની સમદૃષ્ટિ હોય છે.

**વૈરાદિનો નાશ** :- આ દૃષ્ટિવાળા જીવોના સાન્નિધ્યમાં બીજા જીવોના વૈર આદિનો નાશ થાય છે. દા.ત. સિંહગુફાવાસી મુનિ, બલભદ્રમુનિ વગેરે આ દૃષ્ટિમાં હતા. તેમના યોગના પ્રભાવથી તેમના સાન્નિધ્યમાં આવનાર જીવોનાં અશુભકર્મો નાશ પામી જતાં અને તેઓ હિંસા, અસત્ય, વૈર વગેરે છોડી દેતા. અહીં એટલું સમજવાનું કે જેમનું સોપક્રમ અશુભકર્મ હોય તેમનું જ વૈર આદિ નાશ પામે; પણ જેમનું અશુભકર્મ નિરુપક્રમ હોય તેમનું નાશ ન પામે. દા.ત. ભગવાન તીર્થંકર પરમાત્માના સાન્નિધ્યમાં પણ ગોશાળો, કમઠ વગેરેના વૈરનો નાશ થયો ન હતો.

ગુણસ્થાનકની બહાર રહેલા જીવો ભાવથી વિકાસ સાધી શકતા નથી, માત્ર દ્રવ્યથી વિકાસ સાધી શકે. તેઓ દ્રવ્યથી છઠ્ઠી દૃષ્ટિવાળાના જેવું માનસ કેળવી શકે છે; પણ એથી આગળ વધી શકતા નથી. સાતમી દૃષ્ટિ જેવું માનસ તેઓ દ્રવ્યથી પણ પામી શકતા નથી.

પ્રથમ ગુણસ્થાનકમાં જે અહિંસા વગેરે યમ (મહાવ્રત)ના સિદ્ધયોગી હોય તેમના સાન્નિધ્યમાં અન્ય જીવોના વૈર આદિનો નાશ થાય છે; પણ તેમનો એ ગુણ ક્ષયોપશમભાવનો નથી. ક્ષયોપશમને અનુરૂપ કર્મની મંદતાના કારણે તેમનામાં એ ગુણ આવ્યો છે. જ્યારે સાતમી દૃષ્ટિમાં આ ગુણ ક્ષયોપશમભાવનો છે.

સાતમી દૃષ્ટિવાળા જીવો નિષ્પન્નયોગી કહેવાય છે. તેમને યોગ સિદ્ધ થઇ ગયો છે. ઋતમ્ભરા ધી એટલે તેમનું જ્ઞાન સત્યથી પુષ્ટ હોય છે.

આ દૃષ્ટિમાં રોગ નામનો દોષ ગયો છે. તેથી સમતાના પરમ આસ્વાદને તેઓ અનુભવી રહ્યા છે. તેના આસ્વાદમાં એવા તો લીન બન્યા છે કે તેના આસંગને છોડી શકતા નથી. એ આસંગને છોડે ત્યારે મુનિઓ આઠમી દૃષ્ટિને પામે છે.

## પરાદૃષ્ટિ

યોગની આઠ દૃષ્ટિઓમાંની આ છેલ્લી દૃષ્ટિમાં શ્રેષ્ઠ રત્નત્રયીનો બોધ છે. અધ્યાત્મના વિકાસનું આ છેલ્લું પગથિયું છે. 'પરા' એટલે શ્રેષ્ઠ અને 'દૃષ્ટિ' એટલે રત્નત્રયીનો બોધ. આ દૃષ્ટિમાં જીવ સર્વોત્તમ જ્ઞાન પ્રકાશ - કેવલજ્ઞાન, કેવલદર્શન અને સર્વોત્તમ ચારિત્રરૂપ અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે. માટે તેને પરાદૃષ્ટિ એવું જે નામ આપવામાં આવ્યું છે તે સાર્થક છે.

**બોધ** :- આ દૃષ્ટિનો બોધ ચંદ્રના પ્રકાશ જેવો છે. નજીક જઇને જોઇએ તો સૂર્યવિમાનનાં રત્નોના પ્રકાશ કરતાં ચંદ્રવિમાનનાં રત્નોનો પ્રકાશ એકદમ ઝગારા મારતો હોય છે. તેમજ તે શીતળ અને સૌમ્ય હોય છે. બધા જ્યોતિષી દેવોમાં ચંદ્રદેવ એ સૌથી વધુ મહર્દ્ધિક દેવ છે. તેનું વિમાન સર્વશ્રેષ્ઠ રત્નોનું બનેલું છે. માટે પરાદૃષ્ટિના બોધને તેની ઉપમા આપવામાં આવી છે. સાતમી દૃષ્ટિમાં બોધ, ધ્યાનના હેતુભૂત હતો. ધર્મધ્યાનની વચ્ચે ધર્મધ્યાનની ભાવનાઓ આવતી હતી. જ્યારે આ આઠમી દૃષ્ટિમાં બોધ હંમેશાં ધ્યાનરૂપ જ છે. અહી સતત ધ્યાન ચાલુ છે અને સંપૂર્ણ નિર્વિકલ્પદશા છે. અહીં પરાકાષ્ઠાની સમાધિ હોય છે. સમતાના સ્વાદનો આસંગ અહીં છૂટી જાય છે અને મુનિ અહીં નિર્વિકલ્પદશાના ઉત્તમ સુખની અનુભૂતિ કરે છે.

સાતમે ગુણસ્થાનકે ચારિત્રમોહનીયનું ચરમ યથાપ્રવૃત્તકરણ કરે અને ક્ષપકશ્રેણિ માંડે ત્યારે નિર્વિકલ્પદશારૂપ આ આઠમી દૃષ્ટિનો પ્રારંભ થાય છે. તે ચૌદમા ગુણસ્થાનકની શૈલેશી અવસ્થા સુધી રહે છે. ઉપશમશ્રેણિમાં નિર્વિકલ્પદશા છે, પણ તે અપુનર્ભાવે નથી, અર્થાત્ જીવનું ત્યાંથી પતન થવાનું છે માટે ક્ષપકશ્રેણિ લખી છે. શ્રેણિનો કાળ અંતર્મુહૂર્તનો છે. તેમાં જીવ ધ્યાનસ્થ હોય છે. માટે અહીં સર્વદા ધ્યાન જ હોય છે એમ કહ્યું.

અહીં પ્રતિક્રમણાદિ કોઇ અનુષ્ઠાન નથી. આરૂઢારોહણ અર્થાત્ ચડેલાને ફરી ચડવાનું નથી હોતું. તેમ અહીં અનુષ્ઠાનથી જે સિદ્ધ કરવાનું હતું એ સાધ્ય સિદ્ધ થઇ ગયું છે. માટે કોઇપણ ધર્માનુષ્ઠાન કરાવાનાં હોતાં નથી. સાતમી દૃષ્ટિમાં દોષ લાગે ત્યાં તે

દોષના સર્વથા નિરાકરણ માટે ઉત્કટ પ્રકારના અભિગ્રહો ગ્રહણ કરવારૂપ પ્રાયશ્ચિત્ત નામનું પ્રતિક્રમણ હતું. અહીં તો બોધ એવો ઉત્કટ છે કે દોષ લાગતો જ નથી. માટે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવારૂપ પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન પણ અહીં નથી.

આ શ્રેણિમાં રહેલા જીવોને કદાચિત્ બાહ્યથી દ્રવ્યક્રિયારૂપ અનુષ્ઠાન હોઇ શકે; કારણકે કોઇ જીવને ખાતાં-ખાતાં, કોઈ જીવને નાચતાં-નાચતાં, કોઇ જીવને હસ્તમેળાપ કરતાં એમ અનેક પ્રકારની બાહ્યક્રિયા ચાલુ હોય અને શ્રેણિ મંડાઈ હોય એવાં અનેક દૃષ્ટાંત શાસ્ત્રમાં મળે છે. શ્રેણિના કાળમાં એ બાહ્યક્રિયા ચાલુ જ રહે છે. દ્રવ્યથી જીવ એ ક્રિયા કરતો રહે છે અને ભાવથી તે ધ્યાનમાં ચઢી જાય છે. એમ દ્રવ્યથી બાહ્ય અનુષ્ઠાન આ દૃષ્ટિમાં હોઇ શકે છે.

આ દૃષ્ટિના બોધના વર્ણનમાં 'યથાભવ્યત્વં પરોપકારિત્વં' વિશેષણ લખ્યું છે, તે કેવલજ્ઞાનીની અપેક્ષાએ છે. શ્રેણિનો તો કાળ જ બે-ત્રણ મિનિટનો છે. તેમાં એ સંભવતું નથી. આ જગતમાં સર્વોત્તમ પરોપકાર સર્વજ્ઞો જ કરી શકે છે. યથાભવ્યત્વમ્ એટલે પોતાનું અને સામા જીવનું જેવું ભવ્યત્વ. એ પ્રમાણે પરોપકાર કરે. સામા જીવની યોગ્યતા હોય અને પોતાને એ રીતે કર્મ ખપાવવાનાં હોય તો સદુપદેશાદિથી પરોપકાર કરે, નહિતર ન કરે. આ પરોપકાર પણ ચેષ્ટારૂપ છે, ઇચ્છારૂપ નથી. પરોપકારની તેમને ઇચ્છા નથી.

આ જીવો અમૂઢલક્ષ્યવાળા હોવાથી અવન્ધ્યક્રિયા કરનારા જ હોય છે. તેઓ કદી નિષ્ફળક્રિયા કરતા જ નથી. ઉત્કટ ફલાવંચકદશા અહીં હોય છે. જે પ્રવૃત્તિ તેઓ કરે છે તેનું ઉત્કટ પરાકાષ્ઠાનું ફળ તેઓ મેળવે છે.

**ગા. ૧૭૮ :- લક્ષણ** :- આઠમી દૃષ્ટિમાં આસંગદોષનું વર્જન છે. સાત્મીકૃત્ પ્રવૃત્તિ નામના ગુણની પ્રાપ્તિ છે અને સમાધિ નામનું આઠમું યોગાંગ છે.

**આસંગ** :- આસંગ એટલે અહીંયાં સમતાની રતિ સમજવાની છે. સાતમી દૃષ્ટિવાળાને આ આસંગદોષ મોક્ષમાં બાધક બને છે. એ જીવોએ બધી જ રતિ-અરતિ છોડી દીધી છે. બધામાં જ સમભાવ કેળવ્યો છે. પણ સમતામાં તેમને અપૂર્વ આસ્વાદ - રસ આવે છે. સમતાની કે વીતરાગતાની ઉત્સુકતા તેમને હોતી નથી. પણ સમતાનું જે આધ્યાત્મિક સુખ, તેનો જે પરમાનંદ છે તેના આસ્વાદમાં તેમને રતિ પેદા થાય છે. અર્થાત્ અસંગનો સંગ બેઠેલો છે. સમતાનો રાગ નથી પણ રતિ છે. જ્યાં સુધી આ રતિ બેઠેલી છે ત્યાં સુધી જીવ સાતમીથી આગળ વધી શકતો નથી. આ રતિરૂપ દોષ તેનું પતન કરાવનાર નથી; પણ આગળ વિકાસમાં બાધક બને છે; તેને ત્યાં જ રોકી રાખે છે.

તત્સ્થાનસ્થિતિકારી - તે જ સ્થાનમાં સ્થિતિ કરાવનાર થાય છે. આ આસંગદોષના કારણે ભગવાન મહાવીરસ્વામી સાડા બાર વર્ષ સુધી કેવળજ્ઞાન ન મેળવી શક્યા. પૂર્વ ક્રોડ વર્ષ સુધી મુનિઓ સાતમી દૃષ્ટિમાં સમભાવમાં રમ્યા કરે, પણ સમતાની રતિરૂપ આ આસંગદોષને જ છોડી ન શકે. તેથી શ્રેણિ ન માંડી શકે એવું બને.

જ્યારે અમુક પ્રકારનાં જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મ તૂટે અને પ્રાતિભજ્ઞાન થાય ત્યારે એ જ્ઞાનથી મુનિ સમતાને સેવવા છતાં, તેમાંની રતિ કેવી રીતે છોડવી એ જાણે અને તદનુસાર રતિને છોડે; એટલે તુર્ત જ વીતરાગતા અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સૂક્ષ્મ એવી સમાધિનો આસંગ જતાં શ્રેણિનું યથાપ્રવૃત્તકરણ (૭મું ગુણસ્થાનક) પ્રાપ્ત થાય છે અને શ્રેણિ મંડાય છે.

**સમાધિ** :- સમાધિ એ ઊંચા પ્રકારનું ધ્યાન છે. સવિકલ્પસમાધિ એ ધ્યાન કહેવાય છે. તે સાતમી દૃષ્ટિમાં હોય છે. નિર્વિકલ્પસમાધિને જ સમાધિ કહેવાય છે. કેટલાક સમાધિને ધ્યાનનો પ્રકાર કહે છે; તો કેટલાક સમાધિને ધ્યાનનું ફળ કહે છે. આમાં ઉપયોગની ધારા બહુ જ તીવ્ર હોય છે. એક સરખો નિશ્ચિત ઉપયોગ હોય છે. તેથી સેકંડના કાંટાની જેમ તેમને સમયની ખબર પડે છે. ટીકામાં શ્રી પાતંજલિઋષિનાં સૂત્રો આપીને ધારણા, ધ્યાન અને સમાધિનું સ્વરૂપ વર્ણવ્યું છે. 'ચિત્તનો દેશબન્ધ' એટલે એક વિષયમાં ચિત્તને રોકી રાખવું તેને ધારણા કહેવાય છે. તેમાં જ્યારે જ્ઞાનની ઉપયોગની એકતાનતા, એકાગ્રપણું આવે છે ત્યારે તેને ધ્યાન કહેવાય છે. (પ્રત્યય-જ્ઞાન). ધ્યેયમાત્રનો જ જેમાં નિર્ભાસ થાય એવી સ્વરૂપશૂન્ય અવસ્થાને સમાધિ કહેવામાં આવે છે. અહીં સ્વરૂપશૂન્ય થવું એટલે ધ્યાતા એવા પોતાને ભૂલી જવું એટલે કે ધ્યાતાને ધ્યેયનું એકરૂપ બની જવું તે. અહીં સમાપત્તિ નથી પણ આપત્તિ છે.

આ સમાધિમાં સ્વરૂપશૂન્યતા નથી પણ સ્વરૂપશૂન્ય જેવી અવસ્થા છે.

**સાત્મીકૃત્ પ્રવૃત્તિ** :- સાતમી દૃષ્ટિમાં તત્ત્વપ્રતિપત્તિ નામનો ગુણ હતો. તેમાંથી અહીં પ્રવૃત્તિ નામનો ગુણ પ્રાપ્ત થાય છે. સાત્મીકૃત્ પ્રવૃત્તિ એટલે સદ્ભૂત પ્રવૃત્તિ. ચંદનગંધની જેમ સહજ પ્રવૃત્તિ છે. ચંદનની જેમ સહજ રીતે જ ગંધની પ્રવૃત્તિ થાય છે. લક્ષ્યવેધી પ્રવૃત્તિ નથી પણ લક્ષ્યશૂન્ય પ્રવૃત્તિ છે. આમ થવાનું કારણ સંપૂર્ણ સચ્ચિત્ત છે. સાતમી દૃષ્ટિમાં સમતાના આસંગરૂપ સૂક્ષ્મ અસત્ ચિત્ત હતું, તેનો નાશ થઈને અહીં વીતરાગતાનો પ્રારંભ થાય છે.

**ગા. ૧૭૯** :- સાતમી દૃષ્ટિમાં સૂક્ષ્મ અતિચાર આચારમાં નથી હોતા પણ

અનુપયોગથી સૂક્ષ્મ અતિચાર લાગી જવાનો સંભવ છે. તે અતિચારની શુદ્ધિ માટે તે ફરી નહિ કરવાનો અભિગ્રહ લેવા વડે પ્રાયશ્ચિત્ત કરે. આ પ્રાયશ્ચિત્તરૂપ સૂક્ષ્મ પ્રતિક્રમણનો સૂક્ષ્મ આચાર ત્યાં છે. અહીં આઠમી દૃષ્ટિમાં સૂક્ષ્મ અતિચાર લગાડે એવો પણ મનનો પરિણામ નથી. તેમને અતિચાર લાગતા જ નથી. એટલે સૂક્ષ્મ પ્રતિક્રમણરૂપ આચાર પણ તેમને નથી. માટે આને નિરાચાર પદ કહેવામાં આવે છે.

ક્ષમાના પાંચ પ્રકાર બતાવ્યા છે. તેમાંથી પ્રથમની ત્રણ ક્ષમામાં સ્થૂલ અતિચાર છે. વચનક્ષમા અને ધર્મક્ષમામાં જ્યાં સુધી સૂક્ષ્મ અતિચાર છે ત્યાં સાતમી દૃષ્ટિ છે અને ધર્મક્ષમાની ઉત્કૃષ્ટ અવસ્થા કે જ્યાં સૂક્ષ્મ અતિચાર પણ નથી ત્યાં આઠમી દૃષ્ટિ છે.

આ દૃષ્ટિવાળા મુનિને આચારથી જીતવા જેવું કોઇ કર્મ બાકી નથી માટે તેને આચાર નથી. ચઢેલાને વળી ચઢવાનું શું હોય? તેમ આ દૃષ્ટિમાં કોઇ જ આચાર પાળવાના નથી. નિરાચાર પદ છે. આ યોગીઓ જે કાંઇ ચેષ્ટા કરે તે માત્ર કર્મજન્ય છે.

(આત્મા જ્યારે પોતાના શુદ્ધ સ્વભાવમાં પ્રવર્તે ત્યારે જ નિશ્ચયનય તેને આત્મા કહે છે. તે જ્યારે વિભાવદશામાં પ્રવર્તતો હોય ત્યારે નિશ્ચયનય તેને આત્મા નથી કહેતો, પણ જીવ કહે છે. દ્રવ્યપ્રાણની અપેક્ષાએ તે સંસારી જીવને જીવ કહે છે; પણ ભાવપ્રાણની અપેક્ષાએ તો તેને અજીવ જ કહે છે. એકમાત્ર સિદ્ધને જ જીવ કહે છે. નિશ્ચયનયથી જ્યારે વાત કરવામાં આવે ત્યારે શુદ્ધનયનું આલંબન લીધું કહેવાય.)

**ગા. ૧૮૦ :-** નિરતિચાર ચારિત્રવાળા ગોચરી આદિ ક્રિયા આરાધનાના લક્ષ્યથી કરે છે. રત્નત્રયીની સારી આરાધના થાય એ તેમનું લક્ષ્ય હોય છે. સાતમી દૃષ્ટિવાળાને ગોચરી આદિ ક્રિયામાં સમતાનું લક્ષ્ય હોય છે. જ્યારે આઠમી દૃષ્ટિવાળાને એ ક્રિયા કર્મજન્ય હોય છે. અર્થાત્ કેવલજ્ઞાનીને અઘાતીકર્મોનો ઉદય હોય છે, ઘાતીકર્મનો ક્ષય થઇ ગયો છે. જે સમયે જે કર્મ ઉદયમાં આવે તદનુસાર પ્રવૃત્તિ કરી લે એટલે તે કર્મ ભોગવાઇને ક્ષય થઇ જાય. જેમકે તીર્થંકરનામકર્મનો ઉદય તીર્થંકરોની પાસે ઉપદેશાદિ પ્રવૃત્તિ કરાવે છે. એ પ્રવૃત્તિ દ્વારા તે કર્મ ભોગવાઇને ક્ષય પામતું જાય છે. આમ જે પ્રમાણેનું કર્મ ઉદયમાં હોય એ પ્રમાણેની પ્રવૃત્તિઓ જ તેઓ કરે છે.

આ ઉપરથી સમજાય છે કે સાતમી દૃષ્ટિ સુધી ઘાતીકર્મની પ્રેરણાથી અને ઘાતીકર્મના ક્ષય માટે પ્રવૃત્તિ હોય છે. આઠમી દૃષ્ટિમાં અઘાતીકર્મની પ્રેરણાથી અને અઘાતીકર્મના ક્ષય માટે પ્રવૃત્તિ હોય છે. એ પ્રવૃત્તિથી સાતમી દૃષ્ટિ સુધી સાંપરાયિક *કર્મનો ક્ષય થાય છે, જ્યારે આઠમીમાં ભવોપગ્રાહી અઘાતીકર્મનો ક્ષય થાય છે. માટે* ગોચરી આદિ પ્રવૃત્તિ એકની એક હોવા છતાં ફળના ભેદથી તે ભિન્ન-ભિન્ન ગણાય.

દા.ત. એક માણસ ઝવેરાતનો ધંધો શીખી રહ્યો છે. એ ધંધામાં રત્નની પરીક્ષા

કરતાં આવડવું જોઇએ એટલે તે રત્નની પરીક્ષા કરતાં શીખી રહ્યો છે. એ માણસના હાથમાં રત્ન આવે એટલે તે તેમાં કેટલા ગુણ છે કેટલા દોષ છે એ બધું શીખવાની દૃષ્ટિએ જોશે. બીજો માણસ મોટો રત્નનો વેપારી છે. તેના હાથમાં રત્ન આવે એટલે તે તેને સોદાની-નફાની દૃષ્ટિએ જોશે. (નિયોજન-સોદો) આમ રત્ન જોવાની ક્રિયા દેખીતી એકસરખી હોવા છતાં બંનેના આશય અને ફળ ભિન્ન હોવાથી તે ભિન્ન જ ગણાય છે. એ જ પ્રમાણે સાતમી કરતાં આઠમી દૃષ્ટિવાળાની ભિક્ષાદિ પ્રવૃત્તિ ભિન્ન ગણાય છે.

નિરતિચાર ચારિત્રવાળાને અતિચાર લાગી જાય તો પ્રશસ્ત ખેદપૂર્વક પ્રાયશ્ચિત્ત કરે. મારાથી આવી ભૂલ થઇ ગઇ એવો તેને ખેદ હોય. સાતમી દૃષ્ટિવાળાને અતિચાર લાગી જાય તો તે સમતાપૂર્વક પ્રાયશ્ચિત્ત કરે. પોતાનાથી ભૂલ થઇ કે આરાધનામાં ખામી આવી એવો કોઇ પ્રશસ્ત ખેદ પણ તેમને હોતો નથી; જ્યારે આઠમીમાં તો અતિચાર લાગતા જ નથી.

સાતમી દૃષ્ટિમાં અનાભોગથી પણ જો ઉપયોગશૂન્ય બાહ્યક્રિયા થાય તો અતિચાર લાગે છે. આઠમીમાં એવી દ્રવ્યક્રિયા કરવા છતાં અતિચાર લાગતો નથી. દા.ત. કોઇ સાતમી દૃષ્ટિવાળો ગોચરીની બાહ્યપ્રવૃત્તિ કરતો હોય, એ જ વખતે શ્રેણિ માંડી છે અને આઠમી દૃષ્ટિ આવી જાય, તે વખતે ગોચરીની બાહ્યપ્રવૃત્તિ તો પહેલાંના પ્રમાણે ચાલુ જ હોય, પણ હવે એમાં તેમનો ઉપયોગ ન હોય, ઉપયોગ અધ્યાત્મમાં હોય. આ રીતે ઉપયોગશૂન્ય બાહ્યક્રિયા આઠમીમાં ઘટી શકે છે. ઉપયોગશૂન્ય હોવાથી તે દ્રવ્યક્રિયા કહેવાય છે, પણ અપ્રમત્ત યતિની આ દ્રવ્યક્રિયા હોવાથી તેને અતિચાર લાગતો નથી.

**ગા. ૧૮૧** :- જગતમાં એવા કુશળ વેપારી (રત્નના) હોય છે કે જેઓ એકાદ વખત એવો મોટો રત્નનો સોદો કરી લે, તેનાથી એટલી અઢળક સંપત્તિ કમાઇ લે કે પછી જીવનભર તેમને વેપાર કરવાની જરૂર રહેતી નથી. તે કૃતકૃત્ય થઇ જાય છે. તેવી રીતે અહીં આઠમી દૃષ્ટિમાં રહેલા મહામુનિઓ ધર્મસંન્યાસના વિનિયોગ વડે કૃતકૃત્ય બની જાય છે.

**ગા. ૧૮૨** :- સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જે અપૂર્વકરણ કરવામાં આવે છે, તે પ્રથમ અપૂર્વકરણ કહેવાય છે અને શ્રેણિમાં આઠમા ગુણસ્થાનકરૂપ જે અપૂર્વકરણ છે તે બીજું અપૂર્વકરણ કહેવાય છે. આ બીજા અપૂર્વકરણમાં ધર્મસંન્યાસના વિનિયોગ વડે (નિઃસપત્ના) અજોડ અને (સદોદયા) કદી નાશ ન પામનાર એવી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

છઠ્ઠા ગુણસ્થાનકના પ્રારંભમાં દીક્ષા લેતી વખતે ધર્મસંન્યાસ કરવામાં આવે છે, તે ઔપચારિક છે, અતાત્ત્વિક છે. એ ધર્મસંન્યાસમાં શ્રાવકયોગ્ય ધર્મકૃત્યો જેવાં કે

દ્રવ્યદયા, દ્રવ્યપૂજા, દેરાસર બંધાવવાં, સાધર્મિકવાત્સલ્ય કરવાં વગેરે શુભારંભરૂપ ધર્મકૃત્યોનો સંન્યાસ એટલે ત્યાગ કરવામાં આવે છે. સાધુ થયા પછી દ્રવ્યદયા કે શુભારંભ કરવાના હોતા નથી.

અહીં શ્રેણિમાં જે ધર્મસંન્યાસ છે તે નિરુપચરિત છે, તાત્ત્વિક છે. તેમાં પ્રશસ્ત કષાયજન્ય મૈત્રી, કરુણા આદિ ગુણોનો ત્યાગ કરવામાં આવે છે. ક્ષાયોપશમિક ધર્મનો ત્યાગ કરીને ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરવામાં આવે છે.

**ગા. ૧૮૩** :- આત્મા એ સ્વભાવથી શુદ્ધ સ્વરૂપમાં રહેલો જ છે. આત્મા મૂળથી સોળે કલાએ પૂર્ણ ખીલેલા ચંદ્ર જેવો અર્થાત્ શુદ્ધ સ્વરૂપવાળો જ છે. સંસારી જીવનો આત્મા પણ આવો શુદ્ધ સ્વરૂપી જ છે. તેને કાંઇ શુદ્ધ બનાવવાનો નથી. તેનું કેવળજ્ઞાન એ પૂર્ણિમાના ચંદ્રની ચાંદની જેવું છે. પણ તેની ઉપર ઘાતીકર્મરૂપી વાદળાંનું આવરણ આવી ગયું છે. તે ઘાતીકર્મો જીવના જ્ઞાન આદિ ગુણોને આવરે છે. ચારે ઘાતીકર્મમાં આત્માના બધા ગુણોને આવરવાની શક્તિ છે. જ્ઞાનાવરણીયકર્મ માત્ર જ્ઞાનગુણને જ આવરે છે એવું નથી; પણ તે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એમ બધા ગુણોને આડકતરી રીતે આવરે છે. ચારે ય ઘાતીકર્મ પરસ્પર સંકળાયેલાં છે. આત્મિક ગુણોને પ્રગટાવવા માટે ચારે ય ઘાતીકર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થવો જોઇએ. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કરવા માટે સાથે અંતરાય આદિ બીજા ઘાતીકર્મના ક્ષયોપશમની પણ અપેક્ષા રહે છે. એકલા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ન ચાલે.

આત્મિક ગુણોને પ્રગટાવવા માટે ચારે ઘાતીકર્મના ક્ષયોપશમાદિની જરૂર છે; પણ તેમાં પુણ્યપ્રકૃતિના ઉદયની જરૂર નથી. (જો કે ઔદયિકભાવના ગુણો કે શરુઆતના ક્ષયોપશમભાવના ગુણોમાં પુદ્ગલસાપેક્ષતા રહેલી છે.) જ્યારે પૌદ્ગલિક ભોગવટો કરવા માટે ઘાતીકર્મનો ક્ષયોપશમ જોઇએ અને સાથે-સાથે પુણ્યપ્રકૃતિનો ઉદય જોઇએ. દા.ત. ભોજનથી તૃપ્તિ મેળવવી હોય ત્યારે ભોજન વિષયક જ્ઞાન માટે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ, તે માટેની આવડત માટે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ, તેની પ્રાપ્તિ માટે લાભાંતરાય-ભોગાંતરાયનો ક્ષયોપશમ, તે માટેની શક્તિ માટે વીર્યાંતરાયનો ક્ષયોપશમ; આમ ચારે ય ઘાતીકર્મનો ક્ષયોપશમ જોઇએ, પણ એટલાથી ન ચાલે; સાથે-સાથે શાતાવેદનીય તેમજ શરીર, અંગોપાંગ વગેરે નામકર્મની પુણ્યપ્રકૃતિઓના ઉદયની અપેક્ષા રહે છે.

**ગા. ૧૮૪** :- હવે આ ઘાતીકર્મરૂપી વાદળને યોગરૂપી વાયુના ઝપાટાથી દૂર કરી નાખે છે ત્યારે શ્રેણિ સમાપ્ત થાય છે અને જ્ઞાનરૂપી લક્ષ્મીવાળો એવો યોગી (મુખ્યવિક્રમ) સામર્થ્યયોગરૂપી પુરુષાર્થ વડે સર્વજ્ઞ બને છે.

**ગા. ૧૮૫** :- અહીં સઘળા રાગાદિ દોષોનો સંપૂર્ણ ક્ષય થાય છે. અપુનર્ભાવે ક્ષય થવાથી સર્વજ્ઞ એવા તેમને ક્ષયોપશમભાવની બધી જ લબ્ધિઓ ક્ષાયિકભાવની થાય છે. એટલે લબ્ધિ મેળવવાની હવે તેમને ઉત્સુકતા નથી હોતી. કોઇ પણ વસ્તુ મેળવવાની ઉત્સુકતા તે વસ્તુ ન મળે ત્યાં સુધી જ હોય છે. માટે અહીં ઉત્સુકતાની નિવૃત્તિ થઇ, તેથી સર્વ લબ્ધિનું ફળ મળી ગયું જાણવું. હવે તેમને કાંઇ જ મેળવવાનું બાકી રહેતું નથી.

સાતમી દૃષ્ટિમાં દિદક્ષા હોય છે. એટલે વીતરાગતાના દર્શન માત્રની ઉત્સુકતા હોય છે. ભલે રાગ નથી પણ ઉત્સુકતા છે. જ્યારે અહીં આઠમીમાં સર્વ ઉત્સુકતાથી નિવૃત્તિ છે, દિદક્ષા પણ નથી; તેથી પરંપરાર્થને એટલે યથાયોગ્ય સમ્યક્ત્વાદિ ગુણો બીજાને પમાડવારૂપ પરોપકાર કરીને પછી યોગની પર્યન્તદશાને પામે છે.

**ગા. ૧૮૬** :- યોગની પર્યન્તદશા એ શૈલેશી અવસ્થા છે. તેમાં મન, વચન, કાયાના વ્યાપાર નિરુદ્ધ થયેલા હોય છે. તેમાં ત્રણેય યોગનો બિલકુલ વ્યાપાર હોતો નથી. એવા ઉત્તમ શૈલેશી યોગથી ભવરૂપી વ્યાધિનો મૂળમાંથી ક્ષય કરીને યોગી ભાવનિર્વાણને પામે છે. અહીં શૈલેશી અવસ્થામાં મન-વચન-કાયાનો વ્યાપાર નથી પણ તેનો સંબંધ છે. એટલે એટલી વ્યાબાધા છે. એ વ્યાબાધા ટળી જાય ત્યારે મોક્ષ થાય છે. સંપૂર્ણ અવ્યાબાધ સુખ ત્યાં જ હોય છે.

માણસનું મૃત્યુ થાય એ દ્રવ્યનિર્વાણ કહેવાય છે અને આત્માનો મોક્ષ થવો એ ભાવનિર્વાણ છે.

યોગની સાધનારૂપ આઠ દૃષ્ટિનું વર્ણન અહીં પૂર્ણ થાય છે. આ આઠ દૃષ્ટિમાં પહેલેથી ચૌદ ગુણસ્થાનકનો સમાવેશ થઇ જાય છે. અનાદિકાલથી જીવને સંસારનો રાગ અને મુક્તિનો દ્વેષ બેઠેલો હતો. તેમાંથી સહજમલ કર્મબંધની યોગ્યતા જેમ-જેમ ઘટતી ગઇ તેમ-તેમ તાત્ત્વિક વૈરાગ્ય વિકસતો ગયો. સંસારનો રાગ ઘટ્યો અને મુક્તિ પ્રત્યેનો રાગ જાગ્યો. ત્યારથી યોગમાર્ગની સાચી સાધના શરુ થઇ. પ્રથમ દૃષ્ટિનો પ્રારંભ પણ અહીંથી ગણ્યો છે. ધીમે-ધીમે જીવ યોગની સાધના કરતો એક એક દૃષ્ટિના ગુણને કેળવતો અંતે આઠમી દૃષ્ટિમાં લક્ષ્યસિદ્ધિને સાધે છે અને મુક્તિપદને વરે છે. મુક્તિ એ દરેક આસ્તિક દર્શનનું અંતિમ સાધ્ય છે. મુક્તિના સ્વરૂપ વિશે દરેક દર્શનની માન્યતા ભિન્ન-ભિન્ન છે. તેમાંથી મુક્તિનું તાપશુદ્ધ સ્વરૂપ ગ્રંથકાર મહર્ષિ હવે વર્ણવે છે.

જૈનશાસનમાં કષ, છેદ અને તાપશુદ્ધિનું વર્ણન છે. કોઇપણ ધર્મની પરીક્ષા કષ, છેદ અને તાપથી કરવામાં આવે છે. કષશુદ્ધિ આદર્શની શુદ્ધિ, છેદશુદ્ધિ આચારશુદ્ધિ અને તાપશુદ્ધિ તત્ત્વના ઐદંપર્યની શુદ્ધિ.

જે ધર્મનો આદર્શ, ધ્યેય, લક્ષ્ય મુક્તિનો હોય તે લક્ષ્યશુદ્ધિ કહેવાય છે. ઇસ્લામ,

ક્રિશ્ચિયન વગેરે ધર્મોમાં મુક્તિનું ધ્યેય નથી, આથી તે કષશુદ્ધ ન કહેવાય. ભારતનાં દરેક આસ્તિક દર્શનો મુક્તિને જ ધ્યેય તરીકે સ્વીકારે છે. આથી તે બધાં કષશુદ્ધિવાળાં છે. પરંતુ આચાર-અનુષ્ઠાનની બાબતમાં તેઓ ભૂલથાપ ખાઇ જાય છે. શુદ્ધ આચાર બતાવવામાં તેઓ અમુક અંશે જ સફળ થયાં છે. આથી છેદશુદ્ધિની પરીક્ષામાં તે ઉત્તીર્ણ થયાં નથી. છતાં તેમાં અમુક ટકા તેઓ મેળવી શકે તેમ છે. પણ તાપશુદ્ધિમાં તો એકમાત્ર જૈનદર્શન સિવાયનાં બધાં જ દર્શનો સંપૂર્ણપણે નિષ્ફળ ગયાં છે. કારણકે એકાન્તે નિત્યવાદ કે એકાન્તે અનિત્યવાદ યુક્તિસંગત બનતા નથી. અનેકાન્તવાદ જ યુક્તિસંગત બને છે. માટે તે જ તાપશુદ્ધ છે. તાપશુદ્ધિમાં પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ મોક્ષના સ્વરૂપનું, હેતુ-સ્વરૂપ અને અનુબંધથી વર્ણન કરવામાં આવે છે.

**ગા. ૧૮૭** :- આગળ કહ્યું કે યોગની સાધના દ્વારા જીવ ભવવ્યાધિથી મુક્ત થઇને નિર્વાણને પામે છે. આમ કહીને સૂચિત કર્યું કે જીવને અનાદિકાલથી ભવવ્યાધિ લાગેલો છે. પહેલેથી તે નીરોગી નહોતો પણ વ્યાધિગ્રસ્ત જ હતો. પછી ધીમે-ધીમે તે વ્યાધિથી મુક્ત થાય છે. અર્થાત્ તેના વ્યાધિનો ક્ષય થાય છે. અહીં ક્ષય વ્યાધિનો થાય છે, આત્માનો નહિ. તેનું પોતાનું અસ્તિત્વ તો ટકે જ છે. દા.ત. રોગી માણસ રોગમુક્ત થાય છે, તેમાં સૌ જાણે છે કે તેના રોગનો ક્ષય થયો છે, માણસ પોતે તો જીવે જ છે. ઊલટું પહેલાંની રોગી અવસ્થા કરતાં અત્યારે સારી અવસ્થામાં જીવે છે. એવી રીતે સંસારવ્યાધિથી મુક્ત થયેલા આત્માનું અવસ્થાન તો છે જ. ઊલટું પહેલાં કરતાં ઘણું ચડિયાતું છે. કારણકે તેના સંપૂર્ણ આત્મગુણોનો વિકાસ થયો છે.

આમ મુક્તિમાં આત્માનું સત્ અવસ્થાન વર્ણવીને એમ બતાવ્યું કે, જેઓ મુક્તિને પ્રદ્યોત-દીપક સમાન અર્થાત્ અભાવસ્વરૂપ માને છે તે ભૂલભરેલું છે. કેટલાંક (બૌદ્ધો) એમ માને છે કે જેમ દીપક ઓલવાઇ ગયા પછી પાછળ કાંઇ રહેતું નથી, તેમ મુક્તિમાં આત્માનું અસ્તિત્વ જ નષ્ટ થઇ જાય છે. આમ તેઓ મુક્તિને અભાવસ્વરૂપ માને છે. સંસારી આત્માને ભવવ્યાધિ લાગેલો છે એવું તો તેઓ માને છે. પણ તે ભવવ્યાધિને તેઓ અનાદિનો નથી માનતા; ક્ષણિક માને છે. અર્થાત્ ક્ષણે-ક્ષણે એ ભવવ્યાધિ બદલાય છે એમ માને છે.

હવે બીજા કેટલાક નિશ્ચયવાદી (સાંખ્યો) અનાદિકાલથી આત્માને એકાંતે શુદ્ધ જ માને છે. આત્મા શુદ્ધ સ્ફટિક જેવો નિરંજન, નિર્મળ છે, અનંતજ્ઞાનથી યુક્ત છે. તે પોતાને અજ્ઞાની કે અશુદ્ધ માની બેઠો છે એ ભ્રમ છે. એ ભ્રમ છે ત્યાં સુધી સંસાર છે અને ભ્રમ ટળે એટલે તેની મુક્તિ થાય છે. આ માન્યતા પ્રમાણે તો આત્માને ભવવ્યાધિ વળગ્યો જ નહોતો; તો પછી તેમાંથી મુક્ત થવાની વાત જ ક્યાં રહી? તેમના મતે તો

સંસાર અને મોક્ષ બંને ઔપચારિક બની જાય છે. તેઓએ મુક્તિમાં આત્માની સત્ અવસ્થા માની પણ તેની પૂર્વની વ્યાધિગ્રસ્ત અવસ્થા ન માની, એ તેમની મોટી ભૂલ છે. તે ભૂલ વ્યાધિમુક્ત એવું મુક્તિનું સ્વરૂપ વર્ણવવા દ્વારા ગ્રંથકારે બતાવી દીધી છે.

આત્માની અનાદિકાળથી વ્યાધિગ્રસ્ત અવસ્થા દૂર કેવી રીતે થાય? એ પ્રશ્નનું સમાધાન એ છે કે આત્મામાં કર્મબંધની યોગ્યતા પડેલી હતી, તેના કારણે તેને ભવવ્યાધિ લાગુ પડેલો. એ યોગ્યતાનો ક્ષય થઇ જાય એટલે વ્યાધિનો પણ ક્ષય થઇ જાય છે. દા.ત. કપડાને પાણીમાં બોળીએ તો તે ભીનું થાય છે; પરંતુ કપડા ઉપર મીણ લગાડીને તેની ભીનું થવાની યોગ્યતા નષ્ટ કરી દેવામાં આવે, પછી તેને પાણીમાં બોળવા છતાં તે ભીનું થતું નથી.

આત્માની વ્યાધિમુક્ત અવસ્થા એ મુક્તિ છે, એમ જાણીને સ્હેજે પ્રશ્ન થાય કે આત્માને કયો વ્યાધિ લાગુ પડ્યો છે? એ વ્યાધિનું સ્વરૂપ વર્ણવે છે. સંસાર એ જ મહાવ્યાધિ છે. સંસાર એ બાહ્ય અને અભ્યન્તર એમ ઉભય સ્વરૂપ છે. જન્મ, જરા, મૃત્યુ, શોક, આધિ, વ્યાધિ વગેરે બાહ્યસંસાર, એ બાહ્ય ભવરોગ છે અને મિથ્યાત્વના ઉદયથી આન્તર રાગાદિનું વેદન તે અભ્યન્તર સંસારરૂપ અભ્યન્તર ભવરોગ છે.

**ગા. ૧૮૯** :- જે નિશ્ચયવાદી આત્માને અનાદિ શુદ્ધ માને છે અને અશુદ્ધ અવસ્થારૂપ સંસાર એ તો માત્ર ભ્રમ છે એમ માને છે, તેમને સમજાવે છે કે સંસાર એ ભ્રમ નથી; પણ કર્મકૃત આત્માની વાસ્તવિક અવસ્થા છે. કાર્મણવર્ગણા સ્વરૂપ દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષાદિ સ્વરૂપ ભાવકર્મના કારણે ઉત્પન્ન થયેલ, આત્માની પોતાની જ આ એક અવસ્થા છે. દરેક પ્રાણીને જન્મ, મૃત્યુરૂપે તેનો હંમેશ અનુભવ થાય છે. જો ભ્રમ હોય તો અનુભવ કેવી રીતે થાય? માટે સંસારને ઉપચરિત (ભ્રમસ્વરૂપ, કાલ્પનિક) માનવો તે ભૂલભરેલું છે.

**ગા. ૧૯૦** :- આત્માનો સંસાર જો વાસ્તવિક છે, તો તેનો મોક્ષ પણ વાસ્તવિક છે. કારણ દોષ હોય ત્યાં દોષની મુક્તિ પણ શક્ય છે. જે રાગાદિ ભાવકર્મના કારણે સંસારવ્યાધિ ઊભો થયેલો, તે ભાવકર્મને નષ્ટ કરવામાં આવે એટલે સંસારવ્યાધિ પણ નષ્ટ થાય છે અને જીવ સંસારમુક્ત - વ્યાધિમુક્ત બને છે. મુક્તિ શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત 'કશાકથી મુક્ત થવું' તે છે; તે અહીં બરાબર ઘટે છે. માટે મોક્ષ પણ નિરુપચરિત - વાસ્તવિક છે.

સાંખ્યમતવાળા આત્માના સંસારને (ભવરોગને) કાલ્પનિક માને છે. તેમાં તેમની દલીલ એ છે કે દરેક પદાર્થને પોત-પોતાના અલગ-અલગ ગુણધર્મો હોય છે. ગુણધર્મ એટલે સ્વભાવ. આ સ્વભાવ અને પદાર્થની વચ્ચે અવિનાભાવિ સંબંધ છે. અર્થાત્

પદાર્થ જ્યાં સુધી વિદ્યમાન હોય છે, ત્યાં સુધી તેનો સ્વભાવ પણ વિદ્યમાન જ હોય છે. સ્વભાવ ન હોય અને પદાર્થ હોય એવું કદી બને નહિ. આ કારણે સ્વભાવ બદલાય એટલે પદાર્થ પણ બદલાવો જોઇએ અને સ્વભાવ નાશ પામે તેની સાથે વસ્તુનો પણ નાશ થવો જોઇએ.

હવે એમ માનીએ કે આત્મા અનાદિ કાળથી અશુદ્ધ હતો, જન્મ, જરા, મરણરૂપ વ્યાધિથી ગ્રસ્ત સંસારી સ્વભાવવાળો હતો, પછી સાધનાના બળે તેનો આ સંસારી સ્વભાવ નષ્ટ થયો અને તે શુદ્ધ થયો. આમ માનવામાં દોષ એ આવશે કે સંસારી સ્વભાવ નષ્ટ થવાની સાથે આત્માનો પણ નાશ થવો જોઇએ. કારણકે આપણે ઉપર જોયું કે સ્વભાવનો નાશ થાય તો તેની સાથે પદાર્થનો પણ નાશ થાય છે. એ રીતે આત્માનો જ જો નાશ થઇ જશે, તો પછી મોક્ષ કોનો મનાશે?

આ દોષને ટાળવા માટે તેમણે એવું માન્યું કે આત્માનો મૂળથી સંસારી સ્વભાવ હતો જ નહિ. તે પહેલેથી શુદ્ધ સ્વભાવવાળો જ હતો. પણ આમ માનવા જતાં બીજો નવો મોટો દોષ એ ઊભો થાય છે કે આત્માના સંસારને કાલ્પનિક ભ્રમ માનવાથી તેનો સંસાર અવાસ્તવિક બની જાય છે. અને તે અવાસ્તવિક હોય તો પછી તેમાંથી મુક્તિ થવા રૂપ મુક્તિ પણ અવાસ્તવિક બની જાય છે. મુક્તિને વાસ્તવિક ત્યારે જ માની શકાય, જો તેનો સંસાર વાસ્તવિક હોય તો.

આ કોયડાનો ઉકેલ સ્યાદ્વાદનો આશ્રય લેવાથી થઇ શકે છે. તે એમ કહે છે કે આત્માનો પરિણમનશીલતા નામનો એક સ્વભાવ છે. પરિણમનશીલતા એટલે રૂપાંતર(change) થવું તે. આત્માના ગુણ અને પર્યાયો હંમેશાં એક જ અવસ્થામાં નથી રહેતા; પણ તેમાં રૂપાંતર થયા કરે છે. આત્મદ્રવ્ય એનું એ ધ્રુવ રહેવા છતાં તેના ગુણ અને પર્યાયો સતત રૂપાંતર પામ્યા કરે છે. આત્માના જ્ઞાન, દર્શન વગેરે સહજ સ્વભાવ છે. કર્મના સંયોગથી થયેલા ક્રોધ, માન, માયા વગેરે વૈભાવિક સ્વભાવ છે. જડ પદાર્થને કદી ક્રોધ થતો નથી, ચેતનને થાય છે. માટે તે આત્માનો જ સ્વભાવ ગણાય. પણ તેનો એ મૂળ સહજ સ્વભાવ નથી. કર્મના સંયોગથી થયેલો સ્વભાવ છે. માટે તેને વૈભાવિક સ્વભાવ કહેવાય છે.

આત્માના આ સહજ સ્વભાવો અને વૈભાવિક સ્વભાવો - બંને સ્વભાવો પરિણમનશીલ છે. દા.ત. આત્મા ઘડીકમાં ક્રોધી બને છે, ઘડીકમાં માની બને છે, તો ઘડીકમાં માયાવી બને છે. આ તેના વૈભાવિક સ્વભાવનું પરિણમન છે. આ જ રીતે આત્માનો સહજ સ્વભાવ જ્ઞાન પણ પરિણમન પામે છે. નિગોદ વગેરે એકેન્દ્રિયના ભવોમાં તે લગભગ અજ્ઞાની જેવો બની જાય છે; જ્યારે વિકસિત મનુષ્ય આદિ ભવોમાં

તે મહાજ્ઞાની હોય છે..

ગા. ૧૯૧ :- આમ પરિણમનશીલતા એ આત્માનો એક સ્વભાવ જ છે. તેના કારણે આત્માને વ્યાધિગ્રસ્ત સંસારી અવસ્થારૂપ સ્વભાવ નષ્ટ થાય ત્યારે સ્વભાવ બદલાવાના કારણે આત્માનો નાશ થવાની જે આપત્તિ આવતી હતી, તે હવે નહિ આવે. અને એમ કહી શકાશે કે જે વ્યાધિગ્રસ્ત સંસારી આત્મા હતો તે જ વ્યાધિમુક્ત મુક્તાત્મા બને છે. (સ એવ તથા ભવતિ!) દોષવાન આત્મામાં જ દોષમુક્તપણાની પ્રાપ્તિ થાય છે. દોષયુક્તપણું અને દોષમુક્તપણું બંને તેના જ સ્વભાવ છે.

ગા. ૧૯૨ :- દરેક પદાર્થ ભાવ અને અભાવ બંને સ્વરૂપ છે. ભાવ એ સત્ અંશરૂપ સત્તા છે. અભાવ એ અસત્ અંશરૂપ સત્તા છે. આ બંને એક પદાર્થનાં સ્વરૂપ હોવા છતાં તેમાંથી ભાવાત્મક સ્વરૂપને પદાર્થનો સ્વભાવ કહેવાય છે, અભાવાત્મક સ્વરૂપને પદાર્થનો સ્વભાવ કહેવાતો નથી; પણ સ્વભાવનો નાશ કહેવાય છે. કારણકે સ્વભાવ શબ્દની આપણે વ્યુત્પત્તિ કરીએ તો 'સ્વ' એટલે પોતાની 'ભાવ' એટલે વિદ્યમાનતા (સત્તા). આમ તેનો જે સત્ અંશ (ભાવાંશ) છે તે જ તેનો સ્વભાવ કહેવાય; પણ અભાવ સ્વરૂપને તેનો સ્વભાવ ન કહેવાય. અભાવ સ્વરૂપને સ્વભાવ કહેવામાં આવે તો અતિપ્રસંગ નામનો દોષ આવશે.

ગા. ૧૯૩ :- આ અતિપ્રસંગ 'કાળ' ના દૃષ્ટાંતથી બતાવે છે. પાંચે ય દ્રવ્યમાં કાળનું અસ્તિત્વ છે. કાળ સતત વહેતા પાણીની જેમ વહી રહ્યો છે. ગયેલી ક્ષણો પાછી આવતી નથી. ભૂતકાળની ક્ષણો તે ભવિષ્યકાળની બનતી નથી. ભવિષ્યકાળની ક્ષણો જુદી જ છે. એક માત્ર વર્તમાન ક્ષણનું જ અસ્તિત્વ છે. વર્તમાન ક્ષણમાં ભૂત-ભાવિ ક્ષણોનું અસ્તિત્વ નથી, એટલે અભાવ છે. હવે વર્તમાન ક્ષણમાં રહેલો 'ભૂત-ભાવિ' ક્ષણના અભાવરૂપ જે અભાવાત્મક અંશ છે, તેને જો વર્તમાન ક્ષણનો સ્વભાવ માનવામાં આવે તો એ આપત્તિ આવશે કે વર્તમાન નિત્ય બની જશે. કેવી રીતે? તે કહે છે કે અભાવરૂપે ભૂત-ભાવિ ક્ષણ વર્તમાન ક્ષણમાં વર્તે છે. વર્તવું તે જ 'વર્તમાન' કહેવાય છે. આમ ભૂત-ભાવિ ક્ષણ વર્તવા વડે કરીને વર્તમાન બની ગઇ, એટલે હવે ભૂત-ભાવિ જેવું રહ્યું જ નહિ. બધું વર્તમાન જ બની ગયું. એટલે વર્તમાન એ નિત્ય બની ગયો. (ટીકાનો શબ્દાર્થ :- અનન્તર ક્ષણની સાથે 'વર્તમાન' ને વિરોધ નહિ હોવાથી તે પણ વર્તમાન જ ગણાશે. અને આ રીતે 'તદ્વત્' વર્તમાનની જેમ સદા 'તદ્ભાવાત્' ભૂત-ભાવિનું પણ વર્તમાનપણું હોવાથી વર્તમાન એ નિત્ય બની જશે. ક્ષણિકવાદીઓ દરેક પદાર્થને ક્ષણિક માને છે. તેમના મતે વર્તમાન ક્ષણ ક્ષણિક છે. જ્યારે અહીં તે નિત્ય બનવાથી દોષરૂપ બન્યું.) અથવા તો અનન્તર ક્ષણ એ 'અસત્ત્વાત્' અસત્ હોવાથી

તેની સાથે 'વર્તમાન'ને વિરોધ હોવાથી (જે સત્ નથી તે કેવી રીતે વર્તે? એ વિરોધ.) તેના વડે વર્તમાન એ સદા ગ્રસ્ત થઇ જશે. અર્થાત્ વર્તમાનનો લોપ થઇ જશે એટલે વર્તમાન કદાપિ પણ મળશે જ નહિ.

**ગા. ૧૯૪** :- હવે ક્ષણિકવાદમાં રહેલા દોષો બતાવીને તેનો પરિહાર કરે છે. નિત્યવાદીનું સૂત્ર છે :- 'સ એવ અન્યથા ભવતિ !' અર્થાત્ તે જ અન્યસ્વરૂપે બને છે. ક્ષણિકવાદીનું સૂત્ર છે:- 'સ એવ ન ભવતિ !' અર્થાત્ તે જ નષ્ટ થઇ જાય છે. સ્યાદ્વાદીનું સૂત્ર છે :- 'સ એવ તથા ભવતિ !' અર્થાત્ તે જ 'તથા' એટલે 'તેવા પ્રકારને' રૂપાંતરને પામે છે.

નિત્યવાદી-સાંખ્યો એ સત્ કાર્યવાદી છે. કાર્ય સત્ વિદ્યમાન જ હતું. માત્ર તે તિરોભૂત હતું એ આવિર્ભૂત થાય છે એમ તે માને છે. બૌદ્ધો - ક્ષણિકવાદી એ અસત્ કાર્યવાદી છે. તે માને છે કે કાર્ય પોતાની પૂર્વ અવસ્થામાં અસત્ હતું, તે અત્યારે ઉત્પન્ન થાય છે.

ક્ષણિકવાદી નિત્યવાદીને તેના સૂત્રના 'સ' અને 'અન્યથા' એ બે શબ્દો વચ્ચે વિરોધાભાસ બતાવીને તેને દોષિત ઠરાવે છે. 'સ' એટલે 'તે' અને અન્ય એટલે 'બીજો'. સૂત્રનો અર્થ એ થાય કે 'તે જ અન્ય છે'. આ વાક્યમાં સ્પષ્ટ વિરોધ છે. કારણકે જો 'તે' છે તો તેને 'અન્ય' કેમ કહેવાય અને જો 'અન્ય' છે તો તેને 'તે' કેમ કહેવાય? 'તે' અને 'અન્ય' પરસ્પર વિરુદ્ધ છે.

આ પ્રમાણે નિત્યવાદીના સૂત્રમાં તેણે જે વચનોનો પરસ્પર વિરોધાભાસ બતાવ્યો, એ જ વચનોનો પરસ્પર વિરોધાભાસ શ્રી હરિભદ્રસૂરિમહારાજ ક્ષણિકવાદીને તેના પોતાના સૂત્ર 'સ એવ ન ભવતિ' માં બતાવે છે. 'સ' શબ્દ ભાવસૂચક છે. અર્થાત્ જે સત્-વિદ્યમાન છે તેને જ 'સ' એ પ્રમાણે નિર્દેશ કરાય છે. 'ન ભવતિ' નો અર્થ અવિદ્યમાનતા છે. આમ 'સ' અને 'ન ભવતિ' એ બે વચનોમાં પરસ્પર વિરોધાભાસ રહેલો છે. જો તે વિદ્યમાન છે તો એ (ન ભવતિ!) અવિદ્યમાન કેવી રીતે હોય અને જો તે (ન ભવતિ) અવિદ્યમાન છે તો તે 'સ' એટલે વિદ્યમાન કેવી રીતે હોય?

આ પ્રમાણે પરસ્પર વિરુદ્ધ વચનરૂપ દોષ તેમાં રહેલો છે. એટલું જ નહિ પણ અસત્‌ની ઉત્પત્તિ આદિ બીજા દોષ પણ રહેલા છે તે હવે બતાવે છે.

**ગા. ૧૯૫** :- ક્ષણિકવાદી માને છે કે પદાર્થ સત્ એ ક્ષણિક છે. અર્થાત્ ક્ષણ બાદ તે અસત્ બને છે. અસત્ બન્યું એટલે અસત્‌ની ઉત્પત્તિ થઇ. 'જે વસ્તુ ઉત્પન્ન થાય તેનો નાશ અવશ્ય થાય છે' આવો સનાતન નિયમ છે. આ નિયમાનુસાર અસત્‌ની ઉત્પત્તિ માની તો તેનો નાશ પણ માનવો જોઇએ. હવે અસત્‌નો નાશ એ બીજું કાંઇ નથી પણ

સત્‌ની ઉત્પત્તિ જ છે. એટલે જે ક્ષણે અસત્‌ (અભાવ)નો નાશ થશે તે જ ક્ષણે સત્‌(પદાર્થ)ની ઉત્પત્તિ થઇ જશે. પહેલાં પદાર્થ હતો, પછી તેનો અભાવ થયો, વળી પાછો એ અભાવનો નાશ થવાથી તેનો તે પદાર્થ આવી ગયો. આમ પદાર્થ એ ક્ષણિક નહિ રહે. ક્ષણિકવાદી દરેક પદાર્થને ક્ષણિક માને છે એટલે ક્ષણ પછી તેનો નાશ થાય છે એમ માને છે . તો તેને પૂછવામાં આવે છે કે આ 'નાશ' ને તું કેવો માને છે? (૧) નિત્ય માને છે કે (૨) ક્ષણિક માને છે?

(૧) નાશ જો નિત્ય છે એમ માનીશ તો એમ થયું કે નાશ હંમેશાં હાજર છે. તે નાશની હાજરીમાં પદાર્થની હાજરી કેવી રીતે રહી શકે? તો પછી એક ક્ષણ માટે પણ તે પદાર્થની સ્થિતિ (વિદ્યમાનતા, હાજરી) માની છે તે ઘટી શકશે નહિ, કારણકે પદાર્થનો નાશ અને પદાર્થ બન્ને વિરોધી હોવાથી એકી સાથે રહી શકે નહિ.

**ગા. ૧૯૬, ૧૯૭ :-** (૨) હવે બીજો વિકલ્પ માનવામાં આવે કે પદાર્થનો નાશ પણ પદાર્થની જેમ જ ક્ષણિક છે. અર્થાત્‌ એક ક્ષણ માટે તે ટકે છે પછી તે નાશનો નાશ થઇ જાય છે. 'નાશનો નાશ' થાય એટલે પદાર્થની ઉત્પત્તિ થાય. આમ ગા. ૧૯૫માં બતાવ્યું. એ પ્રમાણે એક ક્ષણ પદાર્થ, પછી બીજી ક્ષણે તેનો નાશ, પછી ત્રીજી ક્ષણે એ 'નાશનો નાશ' થવાથી પાછો પદાર્થ, ચોથી ક્ષણે પાછો તેનો નાશ.

આ પ્રમાણે થવું એ અસંભવિત છે. ક્ષણિકવાદીને પણ તે માન્ય નથી. આમ બંને વિકલ્પોમાં દોષ રહેલા હોવાથી ક્ષણિકવાદ માનવો એ યુક્તિસંગત નથી. એકાન્ત ક્ષણિકવાદ જેમ યુક્તિસંગત નથી તેમ એકાન્ત નિત્યવાદ પણ યુક્તિસંગત નથી. તે હવે બતાવે છે.

જેઓ આત્માને એકાન્તે એટલે કે કૂટસ્થ નિત્ય માને છે તેમની માન્યતા એવી છે કે 'આત્મા એ સ્થિર એક સ્વભાવવાળો છે. તે જેવો છે તેવો જ હંમેશ માટે રહે છે. તેમાં જરાપણ ફેરફાર થતો નથી. તેમાં કાંઇ નવું ઉત્પન્ન થતું નથી, કે તેમાંનું કાંઇ નષ્ટ થતું નથી.' આનો અર્થ એ થયો કે આત્માની હંમેશાં એકસરખી એક જ અવસ્થા રહે છે. કારણકે અવસ્થા બદલાય તો પછી તે સ્થિર સ્વભાવવાળો નિત્ય ન કહેવાય, તો પછી પહેલાં આ આત્મા સંસારી હતો અને પછી તે મુક્ત થયો એમ કેવી રીતે કહેવાશે? કારણકે સંસારી અવસ્થા અને મુક્ત અવસ્થા એ બે ભિન્ન-ભિન્ન અવસ્થાઓ છે. એવી બે ભિન્ન અવસ્થાઓ એકાન્તે નિત્ય આત્મામાં ઘટી શકે નહિ.

**ગા. ૧૯૯ :-** હવે આત્મામાં જો સંસારી અને મુક્ત એ બે અવસ્થા જ નથી, તો પછી તેને સંસારી (તિર્યંચ, મનુષ્ય, દેવ) અથવા તો મુક્ત કેવી રીતે કહી શકાય? કારણકે સંસારી અવસ્થામાં રહેલા આત્માને સંસારી કહેવાય અને મુક્ત અવસ્થામાં રહેલા

આત્માને મુક્ત કહેવાય. જો આત્માની આ બે અવસ્થા જ નથી તો આત્માને સંસારી અથવા તો મુક્ત કહેવો એ નિરર્થક છે, ખોટું છે.

આમ આત્માને નિત્ય માનવો એ ભૂલભરેલું છે. કારણકે એ રીતે તેની વાસ્તવિક મુક્તિ ઘટતી નથી. તો પછી શું માનવું યુક્તિસંગત છે? એ બતાવતાં કહે છે કે આત્માના સ્વભાવનું રૂપાંતર થાય છે. અર્થાત્ નવો સ્વભાવ આવે છે અને જુનો સ્વભાવ નષ્ટ થાય છે; એમ માનવું જોઇએ. દા.ત. આત્મા ક્રોધી હતો. તેમાંથી તે ક્ષમાવાન બન્યો. એટલે ક્ષમાના સ્વભાવે (તદન્તરેણ-સ્વભાવાન્તરેણ) આવીને તેનો જૂનો ક્રોધનો સ્વભાવ દૂર કર્યો. અન્યાપનયન (તદન્તરાપનયન) આવું બને ત્યારે આત્મા ક્રોધમુક્ત થયો એમ કહેવાય. આ રીતે જ આત્માની રાગદ્વેષાદિ દોષોથી મુક્તિરૂપ તાત્ત્વિક મોક્ષ ઘટી શકે છે.

**ગા. ૨૦૦** :- આ પ્રમાણે આત્માને એકાન્તે ક્ષણિક અથવા તો એકાન્તે નિત્ય માનીએ તો તેનો વાસ્તવિક મોક્ષ ઘટી શકતો નથી. એમ બતાવીને નક્કી કર્યું કે આત્મા પરિણામી નિત્ય છે. તે તે પર્યાયોમાં પરિણમન પામવાનો તેનો સ્વભાવ છે. અનાદિકાલથી તેની અશુદ્ધ સંસારી અવસ્થા હતી. તેમાંથી સાધના દ્વારા ક્રમિક શુદ્ધિ કરતાં કરતાં અંતે તે સંપૂર્ણ શુદ્ધ બન્યો. આ સંપૂર્ણ શુદ્ધ દશા એ જ તેની મોક્ષાવસ્થા છે.

સંસારી અશુદ્ધ અવસ્થાનું મૂળ બીજ એ ભવબીજ કહેવાય છે. જુદા-જુદા દર્શનકારો તેને જુદું-જુદું નામ આપે છે. કોઇ તેને દિદક્ષા કહે છે, તો કોઇ તેને અવિદ્યા કહે છે. કોઇ તેને સહજમલ કહે છે, તો કોઇ તેને ભવાધિકાર કહે છે. એક જ ભવબીજનાં આ જુદાં-જુદાં નામ છે.

દિદક્ષા એટલે જોવાની ઇચ્છા. તે બે પ્રકારની છે. (૧) સંસારના પદાર્થોને જોવાની ઇચ્છા. (૨) પરમાત્મ સ્વરૂપને જોવાની ઇચ્છા. આ બીજી દિદક્ષા પ્રશસ્ત છે. છતાં જયાંસુધી એ હોય છે ત્યાં સુધી વીતરાગતા પ્રાપ્ત થતી નથી. જેમ પ્રશસ્ત કષાયો છેવટે છોડવા લાયક છે તેમ આ પરમાત્મા દિદક્ષા પણ અંતે છોડવાની હોય છે. ઇચ્છા માત્રનો અર્થાત્ દિદક્ષા માત્રનો ત્યાગ થાય ત્યારે જ વીતરાગતા પ્રાપ્ત થાય છે.

સહજમલ એટલે રાગ-દ્વેષ. તેના કારણે જીવ કર્મબંધ કરે છે. જીવમાં જયાં સુધી આ કર્મબંધની યોગ્યતા પડેલી છે ત્યાં સુધી તેનો સંસાર ચાલુ રહે છે. માટે જ તેને ભવબીજ કહેવામાં આવ્યું છે.

આ દિદક્ષા (રાગ-દ્વેષ) તે આત્માનો સહજ બની ગયેલો સ્વભાવ છે. તેની પ્રકૃતિરૂપ છે. જો તે તેનો સહજ સ્વભાવ ન હોય તો તે તેમાં ઉત્પન્ન જ ન થાય; જેમ પાણીમાં યોગ્યતા રૂપે ઉષ્ણતાનો સ્વભાવ રહેલો છે, તો જ અગ્નિના સંયોગથી તેમાં

ઉષ્ણતા પેદા થાય છે. જો યોગ્યતા રૂપે પણ તેમાં ઉષ્ણતાનો સ્વભાવ નષ્ટ થઇ જાય તો અગ્નિ આદિના સંયોગમાં પણ તેમાં ઉષ્ણતા પેદા થાય નહિ. તેમ આ દિદક્ષા એ આત્માનો સહજ સ્વભાવ છે; તે કારણથી એ ઉપચરિત નથી પણ વાસ્તવિક છે.

આ દિદક્ષામાંથી પ્રધાન, પ્રકૃતિ, બુદ્ધિ, મહત્ વગેરે ઉત્પન્ન થાય છે અને એ જ તેનો સંસાર છે. જ્યારે દિદક્ષા નષ્ટ થાય ત્યારે તેમાંથી ઉદ્ભવેલ પ્રધાન આદિ પરિણતિ પણ નષ્ટ થાય છે. અર્થાત્ તેનો સંસાર નષ્ટ થાય છે અને મોક્ષ થાય છે. સાદી ભાષામાં એમ કહી શકાય કે રાગ-દ્વેષ એ ભાવકર્મ છે. તેના કારણે બાહ્યકર્મ બંધાઇને જીવનો સંસાર ઊભો થાય છે. તે રાગ-દ્વેષનો ક્ષય થાય ત્યારે બાહ્ય કર્મબંધ પણ અટકી જાય છે અને જીવનો સંસાર નષ્ટ થઇને મોક્ષ થાય છે.

સંસારી જીવને અનાદિકાળથી આ ભાવમલ પ્રકૃતિગત છે. આત્માની સાથે તે એકમેક થઇ ગયો છે. તેને મૂળમાંથી કાઢીએ તો જ આત્માની શુદ્ધિ થાય. જેમ શરીરની નસેનસમાં રોગ વ્યાપી ગયો હોય તેને મૂળમાંથી કાઢવો હોય તો ઘણું મુશ્કેલ પડે છે, તેમ આત્માના રોગને પણ મૂળમાંથી કાઢવા માટે મહાપુરુષાર્થ કરવો પડે છે. તેને માટે જ શ્રેણિમાં સામર્થ્યયોગ નામનો મહાપુરુષાર્થ સેવવામાં આવે છે. તેના વડે રોગનો એક કણિયો પણ રહી ન જાય એ રીતે તેને બીજમાંથી નાબૂદ કરવામાં આવે છે. રોગના હુમલાની મોટી અસર જલ્દીથી અને સહેલાઇથી નષ્ટ કરી શકાય છે. પણ તેની ઝીણી અસર કાઢવા માટે ઘણી મહેનત કરવી પડે છે, આકરી ચરી પાળવી પડે છે. તેમ આત્મામાંથી પણ આ ભવરોગની ઝીણી અસરો કાઢવા માટે ઘણો પુરુષાર્થ કરવો પડે છે. એટલે જ આત્મા જેમ-જેમ આગળ ઊંચી ભૂમિકામાં ચડે છે તેમ-તેમ તેણે પુરુષાર્થમાં વિશેષ વીર્ય ફોરવવું પડે છે.

**ગા. ૨૦૧** :- સહજમલ (દિદક્ષા, અવિદ્યા વગેરે) એ જીવનો અનાદિકાલીન સ્વભાવ હોવા છતાં તેનો નાશ થઇ શકે છે. જો એમ ન માનવામાં આવે તો આત્માનો એ સ્વભાવ નિત્ય બની જાય. તો પછી તેના એ સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલ સંસાર પણ નિત્ય બની જાય. હવે જો આત્માનો સંસાર નિત્ય રહે તો પછી તેનો મોક્ષ કેવી રીતે સંભવે? અર્થાત્ તેનો કદાપિ મોક્ષ થાય જ નહિ.

**ગા. ૨૦૨** :- હવે જો સહજમલ તેનો વાસ્તવિક સ્વભાવ ન માનીએ તો પછી તેનો સંસાર પણ કાલ્પનિક માનવો પડે. જો સંસાર કાલ્પનિક હોય તો પછી આપણને બધાને તેનો જે અનુભવ થાય છે એ કેવી રીતે સંભવે? હવે જો એમ કહેવામાં આવે કે આપણો એ અનુભવ ખોટો છે, ભ્રાન્તિ માત્ર છે; તો તેને પૂછવું પડે કે દરેક જીવ જે આ સંસારી અવસ્થાને સાક્ષાત્ અનુભવી રહ્યો છે તે તેની ભ્રાન્તિ છે એમ કહેવા પાછળ

તમારી પાસે કયો પુરાવો છે?

**ગા. ૨૦૩** :- આના પુરાવારૂપે જો એમ કહેવામાં આવે કે યોગીઓને પોતાના જ્ઞાનથી એમ સમજાય છે કે આત્મા તો અનાદિથી શુદ્ધ છે, પણ અવિદ્યાના કારણે તે પોતાને અશુદ્ધ માનવાની ભ્રાન્તિમાં પડ્યો છે અને પોતે સંસારી છે, અશુદ્ધ છે, દુઃખી છે એમ માને છે. આમ યોગીજ્ઞાન એ ભ્રાન્તિનો પુરાવો છે.

અહીં આચાર્યમહારાજ કહે છે કે આત્મામાં પહેલાં યોગીજ્ઞાન નહોતું પછી સાધના દ્વારા તે યોગીજ્ઞાન પ્રગટ્યું. તો પછી આત્માની બે અવસ્થા થઇ. હવે જો તમે આત્માની એક જ અવસ્થા માનતા હો તો આ યોગીજ્ઞાન એ જુદી અવસ્થાને તમારે ભ્રાન્તિ કહેવી પડે. હવે જો યોગીજ્ઞાન પોતે જ ભ્રાન્ત છે, તો પછી સંસાર એ ભ્રાન્તિ છે એવું તે કેવી રીતે બતાવી શકે? યોગીજ્ઞાનને અભ્રાન્ત એટલે વાસ્તવિક માનવું જોઇએ. હવે જો તે વાસ્તવિક છે, એમ નક્કી થયું તો તમારી વાત સિદ્ધ થઇ ગઇ કે આત્માની અવસ્થાઓ બદલાય છે. પહેલાં તેનામાં યોગીજ્ઞાન નહોતું પણ પાછળથી તે આવ્યું. આમ આત્માની અવસ્થા બદલાય છે. તેથી જ આત્માની પહેલાં સંસારી અવસ્થા હતી તેમાંથી તેની મુક્ત અવસ્થા થાય છે.

**ગા. ૨૦૪** :- આગળ ગા. ૧૮૬-૧૮૭માં ભવવ્યાધિની તથા તે વ્યાધિથી મુક્તિની વાત કરી હતી. તેમાં વચ્ચે પ્રાસંગિક મુક્તિના સ્વરૂપની દાર્શનિક દૃષ્ટિએ ચર્ચા કરીને, હવે પાછું મૂળ વાત સાથે અનુસંધાન કરતાં કહે છે કે - જગતમાં વ્યાધિમુક્ત માણસ તેને કહેવાય છે કે જેને પહેલાં વ્યાધિ થયો હતો અને અત્યારે તે વ્યાધિ નષ્ટ થઇ ગયો છે. પરંતુ (૧) જે માણસને અત્યારે વ્યાધિ થયેલો છે તે માણસ વ્યાધિમુક્ત કહેવાતો નથી, તેમજ (૨) માણસના સર્વથા અભાવને પણ વ્યાધિમુક્ત કહેવાતો નથી. આમ કહેવાનો ભાવ એ છે કે વ્યાધિનો અભાવ જોઇએ, માણસનો નહિ. માણસ તો હયાત જોઇએ. જો માણસ જ હયાત ન હોય તો વ્યાધિમુક્ત કોને કહીશું? (૩) જે માણસ મૂળથી નીરોગી જ છે, જેને વ્યાધિ થયો જ નથી તે માણસ પણ વ્યાધિમુક્ત કહેવાતો નથી.

આ ત્રણમાંથી એકપણ માણસ વ્યાધિમુક્ત કહેવાતો નથી.

**ગા. ૨૦૫** :- આવી જ રીતે આ ત્રણ વ્યક્તિને મુક્તાત્મા કહેવાય નહિ.

**(૧) સંસારી અવસ્થામાં રહેલ આત્માને.**

**(૨) આત્માના જ સર્વથા અભાવને અને**

**(૩) મૂળથી જ જે શુદ્ધ હતો, જેને મૂળથી સંસાર વળગ્યો જ નહોતો તેવા શુદ્ધ આત્માને.**

આ ત્રણને મુખ્યવૃત્તિથી મુક્તાત્મા કહેવાય નહિ. કારણકે મુક્ત શબ્દનું

પ્રવૃત્તિનિમિત્ત 'કશાકમાંથી મુક્ત થવું તે' તેમાં ઘટતું નથી.

**ગા. ૨૦૬** :- તો પછી મુક્તાત્મા કોને કહેવાય? જેમ જેને પહેલાં વ્યાધિ લાગુ પડ્યો હોય અને પાછળથી તે વ્યાધિ નષ્ટ થવાથી અત્યારે વ્યાધિ ન હોય તેવા માણસને વ્યાધિમુક્ત કહેવાય છે; તેમ જેમને પહેલાં સંસારરૂપી વ્યાધિ વળગેલો હતો અને પાછળથી તે સંસારવ્યાધિ નષ્ટ થઇ જવાથી અત્યારે જેને જન્મ, જરા, મરણરૂપ સંસાર નથી; એવા આત્માને મુખ્યવૃત્તિથી મુક્તાત્મા કહેવાય છે.

આમ ,**(૧) અનાદિકાળથી આત્મા સંસારી છે.**

**(૨) યોગસાધના વડે તેની સંસારી અવસ્થા નષ્ટ થઇને તે મુક્ત બને છે.**

**(૩) મુક્તિમાં આત્મા સત્ છે. તે અસત્ નથી થઇ જતો.**

આત્માને પરિણામી નિત્ય માનીને, શ્રી ગ્રંથકાર મહર્ષિએ આ ત્રણ વાત સિદ્ધ કરી બતાવી છે.

**ગા. ૨૦૭** :- હવે આખાય ગ્રંથનો ઉપસંહાર કરતાં કહે છે કે જૈનશાસનના તેમજ અન્યદર્શનના પાતંજલઋષિ આદિના યોગગ્રંથોનું અવગાહન કરીને તેમાંથી સાર રૂપે, દૂધમાંથી માખણ કાઢે તેમ આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં આઠ દૃષ્ટિરૂપે કરાયેલું યોગનું આ વર્ણન સંક્ષિપ્ત અને સાથે-સાથે એટલું રહસ્યમય ઊંડું છે કે મૂળ યોગશાસ્ત્રના ગ્રંથકર્તાઓને પણ ખ્યાલ ન આવે કે આ વાત અમારા ગ્રંથમાંથી અમુક શ્લોકોમાંથી લીધેલી છે. અર્થાત્ પૂર્વઋષિઓના યોગશાસ્ત્રોના મર્મને, રહસ્યને સમજીને, પકડીને, તે રહસ્યને ગ્રંથકાર મહર્ષિએ ખૂબ કુનેહપૂર્વક આ ગ્રંથમાં ગૂંથી લીધું છે.

ગ્રંથકારશ્રી આ ગ્રંથ બનાવવાનું પ્રયોજન બતાવતાં કહે છે કે મારી પોતાની દૃઢ સ્મૃતિને માટે મેં આ ગ્રંથ રચ્યો છે. કોઇ ગ્રંથને વાંચ્યા કે સાંભળ્યા પછી તેને લખવો હોય તો વારંવાર તેનુ ચિંતન કરવું પડે છે. એ સિવાય લખી શકાતો નથી. એને તેના ઉપરથી કોઇ નવો ગ્રંથ બનાવવો હોય તો વિશેષે કરીને દૃઢ રીતે ચિંતન કરવું પડે છે. એટલે પોતાને આ રીતે દૃઢ ચિંતન થઇ જાય અને યોગ વિષયક જ્ઞાન દૃઢ અવિસ્મરણીય બની જાય એ માટે ગ્રંથકારે આ ગ્રંથ રચ્યો છે.

**ગા. ૨૦૮** :- આ ગ્રંથની રચનામાં આત્મસ્મૃતિ ઉપરાંત બીજું પ્રયોજન પરોપકારનું પણ છે. આ ગ્રંથ વાંચીને કુલયોગીને યોગમાં પક્ષપાત જાગે અને પ્રવૃત્તચક્રયોગીને યોગમાં પ્રવૃત્તિ થાય એ રૂપ અંશતઃ પરોપકારનું લક્ષ્ય પણ ગ્રંથકારને છે. સ્વકલ્યાણ સિવાયની પરકલ્યાણની વાતો કરવી એ માયા છે. માટે ગ્રંથકારશ્રી સ્વકલ્યાણને લક્ષ્યમાં

રાખીને જ અહીં પરોપકારની વાત કરે છે.

**ગા. ૨૦૯** :- આ ગ્રંથના અભ્યાસથી જેમને લાભ થાય તેમ હોય એ જ આ ગ્રંથના અધિકારી છે. જે ચાર પ્રકારના યોગી છે, (૧) ગોત્રયોગી (૨) કુલયોગી (૩) પ્રવૃત્તચક્રયોગી અને (૪) નિષ્પન્નયોગી; તેમાંથી ગોત્રયોગીને યોગની સિદ્ધિ થવાની જ નથી માટે અને નિષ્પન્નયોગીને યોગની સિદ્ધિ થઇ ગઇ છે માટે આ બે યોગીને આ ગ્રંથથી કાંઇ જ લાભ નથી થતો. માટે તે બે આ ગ્રંથના અધિકારી નથી. તે સિવાયના કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીને ઉપર જણાવ્યા મુજબ આ ગ્રંથથી લાભ થાય છે, માટે તે બે આ ગ્રંથના અધિકારી છે.

**ગા.૨૧૦** :- (૧) **ગોત્રયોગી**:- જેઓ ધર્મની સામગ્રીવાળા ઊંચા કુળમાં જન્મ્યા છે, પણ યોગની સાધના માટે ઉપયોગી એવા પાયાના ગુણો જેમનામાં નથી, તે ગોત્રયોગી કહેવાય છે. વિષયોનો વિરાગ, કષાયોનો ઉપશમ, ગુણાનુરાગ, પ્રજ્ઞાપનીયતા વગેરે યોગની સાધના માટે આવશ્યક એવા પાયાના ગુણો છે. અભવ્ય, દુર્ભવ્ય, નાસ્તિક, સંસારરસિક, કદાગ્રહી જીવોમાં આ ગુણો નહિ હોવાથી તેઓ ભૂમિભવ્યા અર્થાત્ કર્મભૂમિમાં, ઉત્તમ કુળમાં જન્મ્યા હોય તો પણ તેઓ યોગને માટે, આ ગ્રન્થના અભ્યાસ માટે અનધિકારી છે.

(૨) **કુલયોગી** :- જેઓ ધર્મસામગ્રીથી યુક્ત, ઉચ્ચ એવા આર્યકુળમાં જન્મેલા છે અને સાથે-સાથે યોગીના ધર્મથી એટલે કે ગુણોથી (ઉપર લખેલા પાયાના ગુણોથી) યુક્ત છે; તે કુલયોગી છે. આવા જીવો દ્રવ્યથી અને ભાવથી એમ ઉભયથી કુલયોગી છે. એ સિવાય જેઓ નીચ કે અનાર્ય કુળમાં જન્મેલા હોય છતાં સ્વભાવથી યોગીધર્મ - યોગીના ગુણોથી યુક્ત હોય, તેઓ પણ કુલયોગી કહેવાય છે. તેમને યોગીકુળ નથી મળ્યું માટે તે દ્રવ્યથી કુલયોગી નથી પણ યોગીના ગુણ હોવાથી ભાવથી તે કુલયોગી છે.

**ગા.૨૧૧** :- કુલયોગીનું વિશેષ લક્ષણ બતાવે છે કે તેમને સર્વત્ર અદ્વેષ હોય છે. અર્થાત્ તેમને તત્ત્વનો બિલકુલ દ્વેષ નથી હોતો, બલ્કે તત્ત્વ પ્રત્યે પક્ષપાત હોય છે. એ કારણથી તેઓ કદાગ્રહમુક્ત હોય છે. એટલે કોઈની પણ વાત હોય પણ જો તે સાચી વાત હોય તો તુરત જ તે પોતે સ્વીકારી લે છે અને પોતાની ખોટી વાત છોડી દે છે. અપુનર્બંધકદશાથી કુલયોગીપણું ગણી શકાય; કારણકે એ જીવોમાં અકદાગ્રહીપણું હોય છે. એટલે યોગની ભૂમિકાની શરુઆત ત્યાંથી જ ગણી છે. પહેલી દૃષ્ટિમાં આ તત્ત્વનો અદ્વેષ ગુણ સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે.

ગુણસ્થાનકની બહારના જીવો ગોત્રયોગી હોય છે. ગુણસ્થાનકમાં આવ્યા પછી

તે કુલયોગી કહેવાય છે. પહેલા ગુણસ્થાનકથી માંડીને છઠ્ઠા ગુણસ્થાનક સુધીના જીવો કુલયોગી ગણાય છે.

કુલયોગીનું બીજું લક્ષણ એ છે કે તેઓ દેવ-ગુરુ અને દ્વિજ એ ત્રણ, ધર્મના પ્રભાવક હોવાના કારણે તેમની પ્રત્યે ભક્તિવાળા હોય છે. (દ્વિજ એટલે ગૃહસ્થ ગુરુ.) વળી આ જીવો પ્રકૃતિથી દયાળુ હોય છે. ક્લિષ્ટ પાપ તે કરતા નથી. તે ઉપરાંત તે વિનીત હોય છે. અહીં લૌકિક વિનયની વાત નથી પણ આધ્યાત્મિક દૃષ્ટિએ જેઓ ઉપકારી હોય તેમના વિનયની વાત છે. આ જીવો આવા વિનયી છે કારણકે તેમનું ભાવિ સુંદર છે. અધ્યાત્મના માર્ગે તેઓ ચડ્યા છે તેથી જ તેમને અધ્યાત્મ અને અધ્યાત્મયોગીઓ પ્રિય હોય છે. તેમની ભક્તિ કરવાનું મન થાય છે.

આ કુલયોગીનાં બીજાં વિશેષણો બોધવન્ત અને યતેન્દ્રિય લખ્યાં છે. ગ્રન્થિભેદ થયો હોવાથી તેઓ સમ્યગ્ બોધવાળા હોય છે. એટલે આ વિશેષણ સમ્યગ્દૃષ્ટિને આશ્રયી છે. યતેન્દ્રિય વિશેષણ એ દેશવિરતિધર અને સર્વવિરતિધરમાં ઘટે છે.

અહીં કુલયોગીનાં જેટલાં લક્ષણો ગણાવ્યાં છે તે બધાં જ લક્ષણો બધામાં ઘટે એવું નહિ. આ લક્ષણો ક્રમસર પ્રાપ્ત થાય છે. આમાંથી એક પણ લક્ષણ ઘટતું હોય તો તેને કુલયોગી કહી શકાય છે.

**ગા.૨૧૨ :-** હવે પ્રવૃત્તચક્ર યોગીનું લક્ષણ કહે છે. ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ જેમણે પ્રાપ્ત કર્યો છે અને સ્થિરયમ તેમજ સિદ્ધિયમના જેઓ અત્યંત અર્થી છે; એવા શુશ્રૂષા આદિ બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત યોગીઓ તે પ્રવૃત્તચક્ર યોગી કહેવાય છે.

યમ એટલે પાંચ મહાવ્રત. તેમાં પાલનભેદથી ચાર કક્ષા પડે છે. તેને ક્રમશઃ ઇચ્છાયમ આદિ નામ આપવામાં આવ્યાં છે.

(૧) જેમાં મહાવ્રતની ઇચ્છા છે પણ પાલન વિકલ થાય છે; શાસ્ત્રમાં કહ્યા મુજબ નથી થતું તે ઇચ્છાયમ કહેવાય છે.

(૨) જેમાં શાસ્ત્રમાં કહ્યા મુજબ મહાવ્રતનું પાલન થાય છે તે પ્રવૃત્તિયમ કહેવાય છે. આમાં પ્રમાદરહિત પ્રવૃત્તિ હોય છે. નિરતિચાર ક્રિયાનો અહીં અભ્યાસ હોય છે. છતાં હજુ સહસાત્કારથી કે અનાભોગથી દોષ લાગી જવાનો સંભવ છે. આથી એ દોષ ન લાગી જાય તેના માટે જાગૃતિ રાખવી પડે છે. ઊંઘમાં પણ પડખું ફેરવવું હોય તો તે સજાગ રહેનારા હોય છે. છતાં બાધક ચિંતા (ભૂલ થઈ જવાની બીક) છે, માટે સંપૂર્ણ નિરતિચાર ન કહેવાય, પણ અભ્યાસદશાનું ચારિત્ર કહેવાય.

કુલયોગીને ઇચ્છાયમ હોય છે, કારણકે તેમની પ્રવૃત્તિ પ્રમાદવાળી હોય છે. પ્રવૃત્તચક્રયોગીને હજી નિરતિચાર પણ અભ્યાસદશાનું ચારિત્ર છે; તેથી આ બંનેને

શાસ્ત્રોની જરૂર પડે છે. શાસ્ત્રનું ચિંતન કરવા દ્વારા જ તેમનું મન એકદમ સ્થિર યોગવાળું થાય છે. માટે આ બે યોગીને યોગગ્રંથો ઉપયોગી બને છે.

(૩) સંપૂર્ણ નિરતિચાર મહાવ્રતનું પાલન તેને સ્થિરયમ કહેવાય છે. આમાં અનાભોગથી પણ ભૂલ થવાનો સંભવ નથી હોતો.

(૪) જેમને મહાવ્રત એવા તો સિદ્ધ થઈ ગયા હોય કે તેમના સાન્નિધ્યમાં આવનારને પણ તેની અસર થાય, એ ગુણ પ્રાપ્ત થાય તે સિદ્ધયમ કહેવાય છે.

પ્રવૃત્તચક્રયોગીને પહેલા બે પ્રકારના યમ પ્રાપ્ત થઈ ગયા છે અને પાછલા બે યમના તેઓ અત્યંત અર્થી હોય છે. તેને માટે તેઓ તેના ઉપાયમાં સતત પ્રવૃત્તિ કરતા હોય છે.

વળી આ પ્રવૃત્તચક્રયોગીઓ બુદ્ધિના શુશ્રૂષા આદિ આઠ ગુણોથી યુક્ત હોય છે. શુશ્રૂષા એટલે તત્ત્વ સાંભળવાની તીવ્ર ઇચ્છા, પછી શ્રવણ, ગ્રહણ, ધારણા; વિજ્ઞાન, ઊહાપોહ (ઊંડા ઊતરવું તે) અને તત્ત્વનો અભિનિવેશ (નિશ્ચય). આ આઠ ગુણો ગીતાર્થમાં જ હોય છે. આ પ્રવૃત્તચક્રયોગીઓ આ આઠ ગુણોથી યુક્ત હોય છે એટલે ગીતાર્થ હોય છે. કુલયોગીઓ સાતિચાર ચારિત્રવાળા હોય છે. તેમનામાં અગીતાર્થપણું પણ હોય છે.

અભવ્યોને ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ હોઈ શકે છે. દ્રવ્યથી તેમને નિરતિચાર યમનું પાલન હોય છે, પણ તે અતાત્ત્વિક છે. ક્ષયોપશમભાવના નથી, માટે તેની કાંઈ કિંમત નથી.

**ગા.૨૧૩ :-** કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીમાં યોગાવંચકપણું હોય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ તેમનામાં યોગની સફળતા છે. અનંતી વખત જીવને દેવ-ગુરુ ને ધર્મની સામગ્રી મળી છે; પણ લાયકાતના અભાવે તે તેને સફળ કરી શક્યો નથી. માટે દેવ-ગુરુ આદિનો યોગ તેને માટે વંચક (ઠગનારો) નિષ્ફળ નીવડ્યો. હવે જીવમાં કાંઈક અંશે યોગ્યતા આવી છે, તેથી તેના માટે ધર્મની સામગ્રી હવે અવંચક બને છે. કુલયોગીને તે અંશે સફળ નીવડે છે અને પ્રવૃત્તચક્રયોગીને તે સંપૂર્ણ સફળ નીવડે છે.

આ યોગાવંચક જીવો ઉપદેશને માટે અધિકારી છે, કારણકે તેઓ પછીના બે અવંચક-ક્રિયાવંચક અને ફલાવંચકપણાને અવશ્ય પ્રાપ્ત કરવાના છે. આ ગ્રન્થના અભ્યાસ માટે પણ તે જ અધિકારી છે.

**ગા.૨૧૪ :-** ગ્રન્થના અધિકારી તરીકે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીના વર્ણનમાં સામાન્યથી આપણે ઇચ્છાયમ આદિ વિશે વિચાર્યું. હવે ગ્રન્થકાર મહર્ષિ પોતે સ્વયં તેનું સ્વરૂપ વર્ણવે છે.

અહિંસા, અમૃષા, અસ્તેય, અમૈથુન અને અપરિગ્રહ એ પાંચ યમ સર્વ દર્શનોમાં સાધારણ છે. બધા તેને માને છે. પણ દરેકની વ્યાખ્યા જુદી-જુદી છે. અનાર્યો આ પાંચનો સ્થૂલથી અર્થ કરે છે. આર્યધર્મો તેનો સૂક્ષ્મ અર્થ કરે છે. જ્યારે જૈનધર્મ તેનો વિશેષ સૂક્ષ્મ અર્થ કરે છે.

યમ એટલે ઉપરમ અર્થાત્ નિવૃત્તિ. દા.ત. હિંસાની નિવૃત્તિ તે અહિંસાયમ. એ નિવૃત્તિરૂપ છે, માટે જ પાંચેયના નામની આગળ નિષેધવાચી 'અ' મૂકેલો છે. જ્યારે જ્યારે 'યમ'ની વાત શાસ્ત્રમાં આવે ત્યારે તે નિરવચ્છિન્ન જ એટલે સંપૂર્ણપણે લેવાના. દા.ત. અહિંસા એટલે હિંસાની સંપૂર્ણપણે નિવૃત્તિ. આંશિક નિવૃત્તિને અહિંસાયમ તરીકે ગણવામાં નથી આવતો.

આ યમ ઈચ્છાયમ આદિ ભેદથી ચાર પ્રકારના છે.

**ગા.૨૧૫** :- હવે ક્રમશઃ ઈચ્છાયમ તરીકે આદિ લક્ષણ કહે છે.

૧) **ઇચ્છાયમઃ**- અહિંસાદિ યમની કથામાં જેમને પ્રીતિ હોય અર્થાત્ અહિંસાદિ વગેરે યમની વાતો સાંભળવી જેમને ગમતી હોય, તે સાંભળતાં જેમને આનંદ આવતો હોય, તેમજ અહિંસાદિમાં જેમને અવિપરિણામિની ઈચ્છા હોય તે ઈચ્છાયોગી કહેવાય છે. અવિપરિણામિની ઈચ્છા એટલે તેમાં તાત્ત્વિક રુચિરૂપ સ્થિર ભાવ. યમમાં તેમને તાત્ત્વિક સ્થિર રુચિ હોય. આ રુચિ હવે હંમેશ માટે ટકવાની છે, નાશ પામવાની નથી. ઊલટું જેમ-જેમ તે આધ્યાત્મિક વિકાસમાં આગળ વધતો જાય છે, તેમ-તેમ તેની યમમાં રુચિ વધતી જાય છે. માટે તેને તાત્ત્વિક સ્થિર રુચિ કહેવાય છે.

આ રુચિ તાત્ત્વિક હોવાથી શક્તિ અનુસાર તેમની પાસે યમનું પાલન કરાવે છે. આમ ઈચ્છાયોગીને યમની વાતો સાંભળવી ગમે છે, યમનું પાલન કરવાની રુચિ છે અને શક્ય એટલું યમનું પાલન તેઓ કરે છે.

**ગા.૨૧૬** :- (૨) **પ્રવૃત્તિયમઃ**- સર્વત્ર ઉપશમપૂર્વક જેમાં યમના પાલનની પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિયમ કહેવાય છે. અહીં ઉપશમ એટલે સંપૂર્ણપણે અપ્રશસ્ત કષાયોની નાબૂદી. નિરતિચાર ચારિત્રવાળા, છઠ્ઠી દષ્ટિના જીવોને આ પ્રવૃત્તિયમ હોય છે. તેમની બધી પ્રવૃત્તિ ઉપશમપ્રધાન જ હોય છે. પાંચમી દષ્ટિ સુધી ઈચ્છાયમ હોય છે.

આ પ્રવૃત્તિયમમાં હજી બાધક ચિંતા હોય છે. બાધક ચિંતા એટલે ભૂલ થઈ જવાની બીક. આ જીવોને ભૂલ ન થઈ જાય એના માટે સાવધ રહેવું પડે છે.

**ગા.૨૧૭** :- (૩) **સ્થિરયમ** :- પ્રવૃત્તિયમનું પાલન કરતાં-કરતાં જ્યારે અભ્યાસ એવો સુદૃઢ થઈ જાય કે બાધક ચિંતા ટળી જાય, અતિચાર લાગવાનો સંભવ જ ન રહે, ત્યારે આ સ્થિરયમની પ્રાપ્તિ થાય છે.

વિશિષ્ટ ક્ષયોપશમના કારણે અહિંસાદિ યમ તેમને અસ્થિમજ્જારૂપે સ્થિર થઈ જાય છે. તે ગુણો આત્મસાત્ બની જાય છે. એટલે સ્વાભાવિકપણે જ તેનું પાલન થયા કરે છે. તેમાં અતિચાર લાગવાનો સંભવ જ રહેતો નથી.

**ગા.૨૧૮** :- (૪) **સિદ્ધિયમ** :- શુદ્ધ અન્તરાત્માવાળાને જ્યારે યમનું પાલન એવું સિદ્ધ થઈ જાય, તેનાથી એવો અચિંત્ય સિદ્ધિયોગ પ્રાપ્ત થાય કે પોતાના સાન્નિધ્યમાં આવનાર જીવોમાં પણ તે અહિંસાદિ ભાવોને ઉત્પન્ન કરે; ત્યારે તે સિદ્ધિયમ કહેવાય છે.

આ સિદ્ધિયમ મોહનીયના ક્ષયોપશમથી અથવા તો ક્ષયોપશમને અનુરૂપ મંદતાથી પ્રાપ્ત થાય છે. એટલે તે ગુણસ્થાનકવર્તી જીવોમાં જ હોય છે; પણ ગુણસ્થાનક બહાર રહેલા જીવોમાં નથી હોતો. શુદ્ધ અન્તરાત્મામાં એવું વિશેષણ લખવા દ્વારા ગ્રન્થકાર મહર્ષિએ સૂચવ્યું છે કે ગુણસ્થાનકની બહાર રહેલા જીવોને આ સિદ્ધિયમ હોઈ શક્તો નથી.

અભવ્ય વગેરે ગુણસ્થાનકથી બહિર્વર્તિ જીવોનું માનસ છઠ્ઠી દૃષ્ટિવાળા જેવું હોઈ શકે છે. નિરતિચાર ચારિત્ર, શુભલેશ્યા વગેરે તેમને હોઈ શકે છે, અને સ્થૈર્યયોગ સુધીનો વિકાસ તે સાધી શકે છે, પરંતુ સિદ્ધિયમની પ્રાપ્તિ કે સાતમી દૃષ્ટિવાળા જેવું માનસ તે કેળવી શક્તા નથી. આ જીવો નિરતિચાર ચારિત્ર પાળે છતાં પ્રણિધાન સાચું ન હોવાથી ગુણસ્થાનકવર્તી જીવો કરતાં તેમને સ્થિતિબંધ વિશેષ થાય છે. પુણ્યપ્રકૃતિમાં રસ મંદ પડે છે, નિર્જરા અલ્પ થાય છે અને શુભાનુબંધ પડતો નથી. આ જીવોને પ્રશસ્ત કષાયો હોય છે; પણ તેમાં વિવેકજન્ય શુદ્ધિ નથી હોતી. દેવગુરુની ભક્તિ કરે છે તેમાં રાગ હોય છે; પણ વિવેકજન્ય શુદ્ધિ નથી હોતી.

આ સિદ્ધિયમ પ્રથમ ગુણસ્થાનકે પણ હોઈ શકે છે. તેમના સાન્નિધ્યમાં આવનાર પ્રાણીમાત્રના વૈરનો નાશ થાય છે. પણ પ્રથમ ગુણસ્થાનકે હોવા છતાં એમનું માનસ સાતમી દૃષ્ટિવાળા જીવના જેવું હોવું જોઈએ.

**ગા.૨૧૯** :- આ ગ્રન્થના અધિકારી તરીકે યોગાવંચક જીવને ગણાવ્યા છે. તેનું સ્વરૂપ સમજાવવા માટે હવે ત્રણ અવંચકનું વર્ણન કરે છે.

**યોગાવંચકપણું:-** કલ્યાણને પામેલા, પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા, પવિત્ર દર્શનવાળા એવા ગુણિયલ ગુરુભગવંતનો ગુણવત્તાની દૃષ્ટિએ જે યોગ (સંબંધ) કરવો તે પ્રથમ અવંચક અર્થાત્ યોગાવંચકપણું છે.

આ યોગમાં ગુરુભગવંતનું ગુણની દૃષ્ટિએ બહુમાન કરવાનું છે. તે ગુણદર્શન અવિપરીતભાવે હોવું જોઈએ. અર્થાત્ વિવેકદૃષ્ટિથી તે ગુણોનું મૂલ્યાંકન કરવું જોઈએ. જેમનામાં જેટલા ગુણો હોય એટલા જ ગુણો કહેવા જોઈએ પણ તેનાથી અધિક કે ઓછા ન કહેવા જોઈએ. ગુરુમહારાજની ભગવાન સાથે કે ગૌતમસ્વામીની સાથે સરખામણી કરવી તે અયોગ્ય છે. કારણકે ભગવાન આદિ કરતાં તે ગુણમાં ઘણા ઊતરતા છે. આપણા તે પરમ ઉપકારી છે, તેથી તેનું ઋણ અદા કરવા માટે કર્તવ્યબુદ્ધિથી તેમની અત્યંત ભક્તિ કરવી એ યોગ્ય છે; પરંતુ તેમનામાં જેટલા ગુણ હોય તેના કરતાં અધિક ગુણનો આરોપ કરવો એ અવિવેક છે.

આવી જ રીતે ચતુર્વિધ સંઘમાં કોઈ પણ વ્યક્તિનું મૂલ્યાંકન તેના ગુણને અનુસારે જ કરવું જોઈએ. 'અવિપરીતભાવ' શબ્દ લખીને ગ્રન્થકાર મહર્ષિએ આ વાતનું સૂચન કર્યું છે.

જેમ ગુરુભગવંતનો પ્રભાવ ગુણની દૃષ્ટિએ જોવાનો છે, તેમ દેવ અને ધર્મનો પ્રભાવ પણ ગુણની દૃષ્ટિએ જ જોવાનો છે. દેવ અને ધર્મને ઓળખાવનાર ગુરુભગવંત છે, તેથી અંહીં ગુરુભગવંતની મુખ્યતા ગણીને તેમને આશ્રયીને વાત કરી છે. બાકી દેવ અને ધર્મમાં પણ અવિપરીતભાવે ગુણદર્શન કરીને તેમનો યોગ સાધવાનો છે.

તીર્થંકર પરમાત્મા એ વીતરાગ છે. અઢારદોષ રહિત છે અને અનંત ગુણના નિધાન છે. માટે બીજા રાગી-દ્વેષી-કામી દેવો કરતાં ગુણવત્તાની દૃષ્ટિએ તેઓ શ્રેષ્ઠ છે. એવી રીતે જૈનધર્મની બધી ક્રિયાઓ બીજા ધર્મની ક્રિયાઓ કરતાં, જયણા આદિની દૃષ્ટિએ અનેકગણી ગુણકારી છે. દા.ત. સામાન્ય ગણાતી મુહપત્તિની પડિલેહણાની ક્રિયા પણ સંપૂર્ણ-જયણાનું પ્રતીક છે. સામાયિક આદિ ક્રિયામાં જયારે પણ હાલવું ચાલવું હોય ત્યારે તે-તે અંગનું પડિલેહણ કરવાનું હોય છે. તે પડિલેહણ રજોહરણ અને મુહપત્તિથી કરવાનું હોય છે. માટે બધી ક્રિયાઓમાં પૂર્વે મુહપત્તિનું પડિલેહણ આવે છે. મુહપત્તિની પડિલેહણા કરતી વખતે તેમાં જે બોલ બોલવાના છે, તે તો તે વખતે શૂન્યમનસ્ક થઈ ન જવાય પણ તત્ત્વચિંતન ચાલુ રહે તેના માટે છે. જો બોલ બોલવાના ન મૂક્યા હોત તો આપણો ઉપયોગ પૌદ્ગલિક ભાવોમાં જતો રહે અને કર્મબંધન થઈ જાય. તેવી જ રીતે કાયોત્સર્ગની ક્રિયામાં પણ નવકાર કે લોગસ્સ ગણવાની ગોઠવણ તત્ત્વચિંતન માટે જ કરવામાં આવી છે. ઊંચી કક્ષાના મહાત્માઓને તો કાઉસ્સગ્ગમાં

પદાર્થચિંતન જ કરવાનું હોય છે.

આવી રીતે જૈનધર્મની દરેકે દરેક ક્રિયાઓમાં મહા રહસ્ય ભરેલું છે. ગુણવત્તાની દૃષ્ટિએ તે જોવામાં આવે તો ધર્મમાં ઠગાવાય નહિ. શુદ્ધભાવનો ધર્મ એ અસલી માલ જેવો છે અને શુભભાવનો ધર્મ એ નકલી માલ જેવો છે. ધર્મના ખપી, સમજદાર જીવો પણ આ શુભભાવનો ધર્મ જોઈને ઠગાઈ જાય છે. તેને સાચો માની લે છે. કારણકે મોહનીયકર્મનો ક્ષયોપશમ થયા બાદ જ શુદ્ધભાવનો ધર્મ ઓળખી શકાય છે. જેમને એ ક્ષયોપશમ થયો હોતો નથી એવા જીવો ધર્મના ખપી હોવા છતાં સ્થૂલમાં સૂક્ષ્મનો અને સૂક્ષ્મમાં સ્થૂલનો બોધ કરવાની ભૂલથાપ ખાઈ જાય છે. તેથી તેમને દેવ-ગુરુ-ધર્મનો યોગ નિષ્ફળ જવાની શક્યતા છે.

અનંતીવાર જીવ દેવ-ગુરુના યોગથી ઠગાયો છે. કારણકે તેને આત્માના ગુણોનું વેદન જ નથી થયું. આપણને પુદ્‌ગલના ગુણધર્મના જ્ઞાનનું વેદન થાય છે. દા.ત. પેંડો ખાધો તો તેના સ્વાદના જ્ઞાનનું વેદન થાય છે, પણ એ અશુદ્ધ વેદન છે. કષાયના જ્ઞાનનું વેદન પણ અશુદ્ધ વેદન છે; જ્યારે આત્માના ગુણોના જ્ઞાનનું વેદન તે શુદ્ધ વેદન છે. દા.ત. સમતાના જ્ઞાનનું વેદન. શુદ્ધભાવના ગુણોનું મન વડે ચિંતન અને બોધ કરવાથી આધ્યાત્મિક સુખનો અનુભવ થાય છે. તેની માત્રા જેટલી વધારે એટલું સુખ વધારે. પહેલે ગુણસ્થાનકે યોગાવંચકપણું માત્ર દ્રવ્યથી છે. તેથી ત્યાં સુખની માત્રા અંશમાત્ર છે. સમ્યગ્દૃષ્ટિ જીવને વિવેક અને વૈરાગ્ય સંપૂર્ણ હોય છે. તેથી તેમનામાં ભાવથી યોગાવંચકપણું છે; જેના કારણે તેમના અધ્યાત્મસુખની માત્રા અનેકગણી વધારે હોય છે. મોક્ષની વાતોમાં તેમને હર્ષ જ આવે છે. ચોવીસે કલાક અધ્યાત્મની ક્રિયાઓ કરવામાં આવે તોય તેમને કંટાળો નથી આવતો.

યોગાવંચકપણામાં પણ ભિન્ન-ભિન્ન ઘણી કક્ષાઓ છે. જેમનું યોગાવંચકપણું પરિપક્વ હોય છે તેમને તુરત જ વિરતિ વગેરે ઊંચી કક્ષાનું ફળ મળે છે. જ્યારે જેમનું યોગાવંચકપણું અપરિપક્વ હોય છે તેઓ બોધિબીજ કે સમ્યક્ત્વ જેવું ફળ મેળવે છે. આ જીવો પહેલે ગુણસ્થાનકે હોવા છતાં વેદ્યસંવેદ્યપદને લાયક હોય છે. નિરુપાધિક અધ્યાત્મસુખનું વેદન અંશે-અંશે અહીંથી ચાલુ થાય છે. આધ્યાત્મિક ચિંતન અને ક્રિયાઓમાં હવે રસ જાગે છે અને જીવ હવે અધ્યાત્મમાં ધીમે-ધીમે વિકાસ કરતો જાય છે. આમ કલ્યાણને કરનાર હોવાથી આ ગાથામાં યોગાવંચકપણાને 'સદ્‌યોગ' કહેવામાં આવ્યો છે.

**ગા.૨૨૦ ક્રિયાવંચકપણું** :- દેવ-ગુરુ અને ધર્મ સંબંધી ક્રિયાઓમાં ન ઠગાવું તેને

ક્રિયાવંચકપણું કહે છે. ક્રિયામાં ન ઠગાવું એમ કહેવાનો ભાવ એ છે કે ક્રિયાવંચકપણું આવ્યા પછી જીવ જે કાંઈ દેવની પૂજાભક્તિ, ગુરુની વૈયાવચ્ચાદિ તેમજ ધાર્મિક પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરે છે, તેનું શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે સંપૂર્ણ ફળ મેળવે છે. જ્યારે ક્રિયાવંચકપણાને નહિ પામેલા જીવો, ધર્મક્રિયા કરવા છતાં, તે ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવી શક્તા નથી; પરંતુ અલ્પ, અલ્પતર ફળ મેળવે છે. કારણકે તેમને એ ક્રિયા કરતી વખતે જે પરિણામ રાખવાના હોય છે તે પરિણામનો બોધ નથી હોતો.

ક્રિયાવંચકપણું દ્રવ્યથી પહેલે અને ચોથે ગુણસ્થાનકે હોય છે. ભાવથી તો તે વિરતિધરને જ હોય છે. ક્રિયા એટલે પાપથી વિરામ પામવું તે. ક્રિયા શબ્દથી વિરતિને સમજવાની છે. મોહનીયનો ક્ષયોપશમ થઈને જે જીવોને ભાવથી વિરતિની પ્રાપ્તિ થઈ હોય છે તેઓને જ સમિતિ, ગુપ્તિ આદિના પરિણામની સ્પર્શના થાય છે. તત્કાળ (ક્રિયા કરતી વખતે) વિરતિના પરિણામનું સંવેદન થાય છે. જૈનધર્મમાં એક દર્શનાચારને છોડીને બીજી ક્રિયાઓ વિરતિપ્રધાન છે. એક ખમાસમણું દેવા જેવી નાનામાં નાની ક્રિયામાં પણ 'નિસીહિયાએ' અર્થાત્ પાપવ્યાપારનો ત્યાગ કરવાનો હોય છે. એ સમયે જે જીવ વિરતિના પરિણામને સ્પર્શી શક્તો નથી તેને એ બધી ક્રિયા દ્રવ્યથી જ થાય છે અને તે ક્રિયાવંચકપણામાં ગણાતી નથી. (જો કે પ્રધાનદ્રવ્યક્રિયા પણ ભાવક્રિયાને ભવિષ્યમાં લાવનાર હોવાથી ગુણકારી જરૂર છે.)

વિરતિમાં માત્ર બાહ્ય વસ્તુનો જ ત્યાગ કરવાનો હોતો નથી, પણ તે વસ્તુ ઉપરના રાગ-દ્વેષનો પણ ત્યાગ કરવાનો હોય છે. દાં.ત. કૃષ્ણ મહારાજાએ ચોમાસામાં નગર બહાર ન જવાનાં પચ્ચક્ખાણ કર્યાં. જો તે નગર બહારની બધી વસ્તુ વિષયક રાગ-દ્વેષ છોડી શકે તો તેમને ભાવથી વિરતિ ગણી શકાય; નહિતર દ્રવ્યથી વિરતિ ગણાય. એક પેંડાની બાધા પણ સાચા અર્થમાં ત્યારે જ ગણાય જ્યારે તેની ઉપરના રાગ-દ્વેષનો, માન્યતા, પરિણતિ, યોગ્યતા આદિ સર્વરૂપે ત્યાગ કર્યો હોય. વિરતિના આવા પરિણામ પામવા ઘણા કઠણ છે. માટે જ યોગાવંચકપણું કરેલા જીવને પણ ક્રિયાવંચકપણું પ્રાપ્ત કરવું અતિ દુર્લભ છે.

એક નાનામાં નાનો નિયમ પણ જો સંપૂર્ણ વિરતિના પરિણામની સ્પર્શનાવાળો હોય, તો તે સમર્થ એવો ક્રિયાવંચકયોગ થાય છે. આવો ક્રિયાવંચક યોગ એ મહાપાપનો ક્ષય કરનાર થાય છે. તેનાથી તત્કાળે જે પાપ ઉદયમાં આવવાનું હોય તે પાપરૂપે ન રહેતાં પુણ્યમાં પરાવર્તન પામીને ઉદયમાં આવે છે. દા.ત. પાંચમે ગુણસ્થાનકે મનુષ્યને નીચગોત્ર, દુર્ભગ, અનાદેય, અપયશ વગેરે અશુભ પ્રકૃતિનો ઉદય નથી હોતો. આ અશુભ પ્રકૃતિઓનો ઉદયકાળ પ્રાપ્ત થયો હોય તો પણ તે ઉચ્ચગોત્ર, સુભગ, આદેય,

યશનામ એમ પુણ્ય પ્રકૃતિમાં પરાવર્તન પામીને ઉદયમાં આવે છે.

તિર્યંચો પણ દેશવિરતિના પરિણામને સ્પર્શી શકે છે. બાર વ્રતધારી તિર્યંચોને ઉત્કૃષ્ટ ક્રિયાવંચકયોગ હોય છે. તેમને પણ મહાપાપનો ક્ષય થવાથી બાંધેલી એવી આ અશુભ પ્રકૃતિઓ, શુભમાં પરાવર્તન પામીને ઉદયમાં આવે છે. માત્ર નીચગોત્રનો ઉદય તેમને નિકાચિત હોવાથી તે ફરતો નથી.

**ગા.૨૨૧ ફલાવંચકપણું** :- ક્રિયાવંચકપણાની જ્યારે પરાકાષ્ઠા થાય છે ત્યારે ફલાવંચક પ્રાપ્ત થાય છે. ફળમાં ન ઠગાવું તે ફલાવંચકપણું છે. તે 'સદ્ભ્યઃ' એટલે ગુરુભગવંત અને ઉપલક્ષણથી દેવ અને ધર્મના યોગથી જ પ્રાપ્ત થાય છે. તેમના યોગથી આત્મામાં જે ગુણો પ્રગટ થયા હોય તે સાનુબંધ બની રહે, એટલે કે હવે તે ચાલ્યા નહિ જાય, પણ ભવાન્તરમાંય સાથે જશે અને છેવટે ક્ષાયિક ભાવમાં પરિણામ પામીને સદા અવસ્થિત રહેશે. તેનું નામ ફલાવંચકપણું છે.

તીર્થંકરના જીવોને ત્રીજા ભવમાં છેલ્લે પ્રાયઃ આ ફલાવંચકપણું પ્રાપ્ત થઈ જાય છે. શ્રેણિકને નથી થયું માટે પ્રાયઃ કહ્યું છે. તેમના ગુણો સાનુબંધ હોય છે. અહીં ગુણ શબ્દથી જ્ઞાન કે દર્શન નહિ પણ માત્ર ચારિત્રના જ ગુણો સમજવાના છે. પૂર્વનું જ્ઞાન અને સમ્યક્ત્વ ભવાન્તરમાં જાય છે એ યોગાવંચકપણું છે. આ જીવોને ભવાન્તરમાં જતી વખતે વિરતિ ચાલી જાય છે, પણ વિરતિજન્ય જે ગુણો છે એ તો હંમેશ માટે ટકી જ રહે છે. તીર્થંકરના જીવો દેવલોક કે નરકમાં જાય ત્યાં પણ આ ગુણો ટકી રહે છે. અનુત્તરવાસી દેવો છઠ્ઠી દૃષ્ટિમાં છે. તેમને તથા બીજા છઠ્ઠી દૃષ્ટિવાળા જે જીવોને અવિરતિનો નિકાચિત ઉદય હોય છે તેમને વિરતિનો અભાવ હોય છે; પણ વિરતિજન્ય ગુણો તો તેમને સિદ્ધ જ હોય છે. તેમનું માનસ વીતરાગપ્રાયઃ હોય છે. ફલાવંચક યોગ પામ્યા પછી જીવનો મોક્ષ શીઘ્ર થાય છે.

**ગા.૨૨૨** :- યોગાવંચકપણાને પામેલા કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીઓ આ ગ્રન્થના શ્રવણ માટે અધિકારી છે એમ આગળ વાત કરી. તેમાં એ યોગીઓનું લક્ષણ બતાવતાં વચ્ચે ઇચ્છાદિ ચાર યમની તથા યોગાવંચક વગેરે ત્રણ અવંચકની પ્રાસંગિક વાત કરી.

હવે ગ્રન્થકાર મહર્ષિ કહે છે કે મારા કરતાં જેઓ જડ બુદ્ધિવાળા છે, એવા કુલાદિ યોગીઓને આ ગ્રન્થના શ્રવણથી યોગમાર્ગમાં પક્ષપાત જાગે, એ અંશતઃ પરોપકાર કરવાના પ્રયોજનથી આ ગ્રન્થ લખાયો છે. પક્ષપાત એટલે તીવ્ર અભિલાષરૂપી રુચિ. આ ગ્રન્થનું શ્રવણ, વાંચન, ચિંતન કરવાથી યોગ્ય જીવોને અધ્યાત્મ અને યોગવિષયક

તીવ્ર અભિલાષા જાગે, એ તીવ્ર અભિલાષાથી યોગબીજનું આધાન થાય અને જેમનામાં યોગબીજ પૂર્વે પડેલું હોય તેમને તે પુષ્ટ થાય, જેમ-જેમ આ ગ્રન્થને સાંભળે તેમ-તેમ તેમની રુચિ પુષ્ટ બનતી જાય, એ મહાન ઉદ્દેશથી આ ગ્રન્થની રચના કરાઇ છે.

**ગા.૨૨૩** :- સાંસારિક બાબતોમાં જે માણસની પાસે પુણ્ય નથી તેને ખાલી ઇચ્છા કરવાથી કાંઈ મળતું નથી અને ફક્ત બળતરા થાય છે. માટે ત્યાં રુચિની કાંઇ કિંમત નથી. પણ અહીં ધર્મક્ષેત્રમાં તાત્ત્વિક રુચિની ઘણી જ કિંમત છે. અભવ્યની ઊંચી ક્રિયાઓ પણ, તત્ત્વરુચિ વગરની હોવાથી ભાવશૂન્ય જ કહેવાય છે. અનેકાનેક ઊંચામાં ઊંચા શુભભાવો ભરેલા હોવા છતાં તાત્ત્વિક વૈરાગ્ય અને વિવેક એ બે મુખ્ય ભાવની ખોટ હોવાથી, તે ક્રિયા ભાવશૂન્ય જ કહેવાય છે. તેને અપ્રધાન દ્રવ્યક્રિયા ગણીને તદ્દન નકામી ગણવામાં આવી છે. એવી ક્રિયાઓ માત્ર કોરો પુણ્યબંધ કરાવે છે; પણ તેનાથી જીવનો સંસાર અલ્પમાત્ર પણ કપાતો નથી. તત્ત્વરુચિ વગરની (ભાવશૂન્ય) ક્રિયાને ખજવાની ઉપમા આપી છે.

જ્યારે બીજી બાજુ કોઈ જીવમાં ભલે ક્રિયા કે ગુણ ન આવ્યા હોય પણ જો તેનામાં તાત્ત્વિક પક્ષપાત-તત્ત્વરુચિ આવી ગઇ હોય તો તેની કંઇગણી કિંમત છે. આ તાત્ત્વિક રુચિને સૂર્યની ઉપમા આપી છે.

**ગા.૨૨૪** :- ખજવાનું તેજ અલ્પ અને ક્ષણ વિનશ્વર હોય છે. જ્યારે સૂર્યનો પ્રકાશ તેના કરતાં સ્થિતિ અને તેજની અપેક્ષાએ અનેકગણો ચડિયાતો છે. એ જ રીતે ભાવશૂન્ય ક્રિયાથી તાત્ત્વિક પક્ષપાત એ અનેકગણો ચડિયાતો છે.

**ગા.૨૨૫** :- હવે ગ્રન્થકાર મહર્ષિને ગ્રન્થરચના પાછળ જે પરોપકારની ભાવના છે તે સફળ ત્યારે જ થાય કે જ્યારે આ ગ્રન્થના અધિકારી યોગ્ય જીવો આ ગ્રન્થનું શ્રવણ કરે. શ્રી ગ્રન્થકાર કહે છે કે તેમને આ ગ્રન્થનું શ્રવણ કરવા માટે મારે પ્રાર્થના કરવાની જરૂર નથી. કારણકે તેઓ પ્રાર્થના કર્યા વગર પણ શુશ્રૂષા ગુણના કારણે સ્વતઃ પોતાની મેળે જ શ્રવણમાં પ્રવૃત્તિ કરશે જ. એમ સંસારમાં ભાગ્યશાળી પુરુષો હંમેશાં ચિંતામણિ રત્ન આદિ ઉત્તમ વસ્તુઓ માટે સ્વતઃ પ્રયત્ન કરતા જ હોય છે; કેમકે તેમનું તેવા પ્રકારનું ઔચિત્ય હોય છે. તેમ અહીં મોક્ષમાર્ગમાં પણ યોગ્ય જીવો તો જરૂર મહારત્ન તુલ્ય એવા યોગમાર્ગને સાંભળશે જ અને કદાચ અંતરાયાદિના કારણે તેમને સાંભળવા વગેરેની સામગ્રી ન મળે, તો પણ તાત્ત્વિક પક્ષપાત હોવાના કારણે ભવાન્તરમાં તેમને અવશ્ય તત્ત્વપ્રાપ્તિની સામગ્રી અને તત્ત્વનું શ્રવણ મળશે જ.

**ગા.૨૨૬** :- આ ગ્રન્થના શ્રવણથી યોગ્ય જીવને લાભ થાય છે; પરંતુ અયોગ્ય જીવને નુકસાન થાય છે. તેમને એ નુકસાનમાંથી બચાવવા માટે કરુણાબુદ્ધિથી ગ્રન્થકાર

મહર્ષિ વિદ્વાન પુરુષોને વિનંતિ કરે છે કે, આ ગ્રન્થ અયોગ્ય પુરુષોને આપવો નહિ અર્થાત્ સંભળાવવો નહિ, વંચાવવો નહિ. આ બાબતમાં ખાસ આદર રાખવો (એટલે કે ધ્યાન રાખવું). જો કે વિદ્વાન પુરુષો અયોગ્યને આપતા જ નથી એમ પોતે જાણે છે; છતાં આ વાત મહત્ત્વની છે, એમ ભાર દેવા માટે આ પ્રમાણે વિનંતિ કરી છે.

**ગા.૨૨૭** :- અયોગ્ય જીવને આ ગ્રન્થ ન આપવો એમ કહેવા પાછળ શ્રી હરિભદ્રસૂરિજીનો આશય કરુણાનો છે પણ ક્ષુદ્રતાનો નથી. ભાવદોષ એટલે ક્ષુદ્રતા. તેઓ ક્ષુદ્ર બુદ્ધિથી ના નથી પાડતા, પણ કરુણાબુદ્ધિથી ના પાડે છે. આ ગ્રન્થનો વિષય આધ્યાત્મિક યોગમાર્ગનો છે એટલે અતિ મહાન છે. અયોગ્ય જીવો તેની કિંમત ના સમજે, તેથી અવજ્ઞા કરે અને કીમતી વસ્તુની કરેલી થોડી પણ અવજ્ઞા મહાન અનર્થને માટે થાય છે. તેમને એ અનર્થથી, દુઃખથી બચાવવા માટે જ તેમને આ ગ્રન્થ આપવાની ના પાડે છે.

**ગા.૨૨૮** :- યોગ્ય જીવોને તો આ ગ્રન્થ આપવો જ. તે કેવી રીતે આપવો? એ સમજાવતાં કહે છે કે ઉપયોગપૂર્વક. સંપૂર્ણ શ્રોતાની-વક્તાની વિધિ જાળવીને આપવો. જો વિધિ જાળવવામાં ન આવે તો પાપબંધ આદિ દોષ લાગવાનો સંભવ છે. વળી ગુરુએ માત્સર્યભાવ, અહંકાર ન રાખવો. આવી રીતે અપાયેલો આ ગ્રન્થ પુણ્યમાં અંતરાયભૂત એવા પાપકર્મનો નાશ કરીને કલ્યાણને કરે છે.

અહીં આ યોગદષ્ટિસમુચ્ચય ગ્રન્થ સમાપ્ત થાય છે. આઠ દષ્ટિનું વર્ણન પૂર્ણ કર્યા બાદ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે અધિકારી અને પ્રયોજન વગેરે સામાન્ય વાતો પણ યોગભાષામાં એટલી સુંદર રીતે વર્ણવી છે કે શ્રોતાઓને તેમાંથી ગંભીર, ઉચ્ચ કોટિનું રહસ્યજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમનો આ ગ્રન્થ યોગમાર્ગમાં સર્ચલાઇટ સમાન છે. તેની રચના દ્વારા શ્રી હરિભદ્રસૂરિજીએ અધ્યાત્મરસિક યોગી જીવો ઉપર મહદ્ ઉપકાર કર્યો છે.

(આઠ યોગદષ્ટિના વર્ણનમાં બોધનું વર્ણન ૧૫મી ગાથાની ટીકા ઉપરથી લખ્યું છે.) યોગમાર્ગની સાધનાનાં અનેક પાસાં છે. તેમાં દષ્ટિની અપેક્ષાએ આઠ ભેદ પડે છે. તે આઠ દષ્ટિની વિચારણા કરી. હવે યોગના બીજી અપેક્ષાએ જે ત્રણ ભેદ પડે છે તે (૧)ઇચ્છાયોગ (૨) શાસ્ત્રયોગ અને (૩)સામર્થ્યયોગ; તેનું ત્રીજા શ્લોકથી માંડીને અગિયારમા શ્લોક સુધી વર્ણન કર્યું છે. તેનો સંક્ષેપથી સાર લખીએ છીએ.

(૧) **ઇચ્છાયોગ** :- સંસારની અસારતા સમજાયા પછી જીવને તેના પ્રત્યે વૈરાગ્ય જાગે છે. સાંસારિક સુખો તેને તુચ્છ અને દુઃખસ્વરૂપ લાગે છે. આખો સંસાર તેને પાપમય અને દુઃખમય લાગે છે. સંસાર પ્રત્યે આવો તાત્ત્વિક વૈરાગ્ય આવ્યા પછી તેને

તત્ત્વ જાણવાની, પ્રાપ્ત કરવાની, તાત્ત્વિક ઇચ્છા-રુચિ જાગે છે. તેની આ રુચિ ઔદયિકભાવની નહિ પણ ક્ષયોપશમ ભાવની છે, માટે તેને તાત્ત્વિક કહી છે.

આ તાત્ત્વિક વૈરાગ્યમાંથી જન્મેલી તાત્ત્વિક રુચિ જીવને ધર્માનુષ્ઠાનો કરવા પ્રેરે છે. પણ પ્રમાદના કારણે તે અનુષ્ઠાનોને શાસ્ત્રમાં કહ્યા મુજબના નિરતિચાર કોટિના એ કરી શકતો નથી. અનુષ્ઠાનમાં જે દ્રવ્ય, જેવું ક્ષેત્ર, જે કાળ કે જે ભાવ શાસ્ત્રમાં કહ્યો હોય તે પ્રમાણેના દ્રવ્ય-ક્ષેત્રાદિ સાચવવામાં આવે તો તે અનુષ્ઠાન સંપૂર્ણ બને છે; પણ દ્રવ્યાદિમાં જો ખામી રહી જાય તો અનુષ્ઠાન વિકલ બને છે. વળી આ જીવોમાં અપ્રશસ્ત કષાયરૂપ મોટો પ્રમાદ પડેલો છે. તેને કારણે શાસ્ત્રના અર્થનું કેટલાકને જ્ઞાન હોવા છતાં પણ તેઓ શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન કરી શકતા નથી, વિકલ અનુષ્ઠાન કરે છે.

તાત્ત્વિક રુચિવાળાનું આવું વિકલ અનુષ્ઠાન એ ઇચ્છાયોગ કહેવાય છે. તેમાં રુચિ અને વિવેકની પ્રધાનતા છે. આ જીવોને પ્રણિધાનઆશય હોય છે. ધર્મની ઇચ્છા તેમને સંસારના વિષય-કષાય સાથે સતત સંઘર્ષ કરાવે છે.

(૨) **શાસ્ત્રયોગ**:- અપ્રમત્તપણે શાસ્ત્રમાં કહેલી વિધિ મુજબનું સંપૂર્ણ નિરતિચાર અનુષ્ઠાન એ શાસ્ત્રયોગ કહેવાય છે. આ યોગમાં જીવો પ્રણિધાનઆશયથી આગળ વધીને પ્રવૃત્તિ આદિ આશયમાં હોય છે. અપ્રશસ્ત કષાયનો સંપૂર્ણપણે ત્યાગ કરીને એકમાત્ર પ્રશસ્ત કષાયપૂર્વક જ તેઓ સઘળી પ્રવૃત્તિ કરે છે. આથી તેઓ સતત પુણ્યાનુબંધી પુણ્યનો બંધ અને સકામનિર્જરા કરતા હોય છે. ગુણસ્થાનક પ્રત્યયિક પાપબંધ સિવાય બીજો પાપબંધ તેમને હોતો નથી.

આ યોગમાં પરિણતિની પ્રધાનતા હોય છે. ઇચ્છાયોગમાં રુચિરૂપ શ્રદ્ધા હોય છે; જ્યારે અહીં પરિણતિરૂપ શ્રદ્ધા હોય છે. પરિણતિ એટલે અનુભૂતિ. અહીંયાં વિરતિના પરિણામોની અનુભૂતિ હોય છે. ચોથા ગુણસ્થાનકે આવી પરિણતિ આંશિક હોઈ શકે છે, પણ સંપૂર્ણ હોય તેની જ શાસ્ત્રમાં વિવક્ષા કરવામાં આવે છે. તેથી પાંચમા ગુણસ્થાનકથી જ આ શાસ્ત્રયોગની વિવક્ષા કરવામાં આવી છે. ચોથા ગુણસ્થાનક સુધી ઇચ્છાયોગ ગણ્યો છે.

આ યોગમાં રહેલા ગૃહસ્થો કે સાધુનું અનુષ્ઠાન નિરતિચાર હોય છે. નિરતિચાર અનુષ્ઠાન એ ઉત્સર્ગ-અપવાદ ઉભયરૂપ હોય છે. તેમાં અનુષ્ઠાન યથાશક્તિ કરવાનું હોય છે. એટલે શક્તિને ગોપવવાની નહિ, તેમ શક્તિથી ઉપરવટ પણ નહિ કરવાનું; એટલે મન-વચન-કાયાની શક્તિનો અભાવ હોય તો પ્રશસ્ત આલંબને અપવાદનું સેવન કરવામાં આવે તો પણ તે નિરતિચારમાં જ ગણાય છે. નિષ્કારણ તો મનથી પણ અતિક્રમ, વ્યતિક્રમ વગેરે લગાડવાથી અનુષ્ઠાન સાતિચાર બની જાય છે.

આ યોગમાં રહેલા જીવો નિષ્કારણ ઊંઘે નહિ, ભોજન કરે નહિ કે હલનચલન આદિ કોઈપણ પ્રવૃત્તિ કરે જ નહિ. તે બધી જ પ્રવૃત્તિ સકારણ અને પ્રશસ્ત કષાયપૂર્વક જ કરે. દુઃખ પ્રત્યેનો અણગમો એ પણ અપ્રશસ્તકષાય રૂપે એક જાતનો પ્રમાદ છે. આ યોગમાં રહેલા જીવો દુઃખથી ગભરાતા નથી. દુઃખની ઝડી વરસતી હોય છતાં તેઓ અડીખમ સ્થિતિમાં સ્વાધ્યાય-ધ્યાનાદિમાં અપ્રમત્ત રહે છે.

આ યોગમાં સંપૂર્ણ શાસ્ત્રાનુસારી વિધિપૂર્વકનું અનુષ્ઠાન હોય છે. તે માટે ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર આદિ શાસ્ત્રનો ઊંડો બોધ જરૂરી છે અને શાસ્ત્રનાં ઐદંપર્યને સમજવા માટે તીવ્ર, પટુબુદ્ધિ જરૂરી છે; કારણકે શાસ્ત્ર ગંભીર હોય છે. માર્ગાનુસારી ક્ષયોપશમ ન હોય તો તેનું ઐદંપર્ય સમજી શકાતું નથી અને ભૂલથાપ ખાઈ જવાનો સંભવ છે. દરેક અનુષ્ઠાનના અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર આદિ, તેમ જ સંયમના પરિણામો, ચૌદ ગુણસ્થાનકના પરિણામો, સમિતિગુપ્તિના પરિણામો આદિ તીવ્ર પટુબુદ્ધિ સિવાય સમજી શકાતા નથી. બોધના અભાવમાં સૂક્ષ્મ કષાય આદિના પરિણામો પણ સમજી શકાતા નથી. માટે આ યોગમાં જીવને શાસ્ત્રનો ઊંડો બોધ, તીવ્ર પટુ બુદ્ધિ અને માર્ગાનુસારી ક્ષયોપશમની આવશ્યકતા રહે છે. શાસ્ત્રયોગ એ મોક્ષમાર્ગમાં કિલ્લા સમાન છે.

(૩) **સામર્થ્યયોગઃ**- શાસ્ત્રયોગ પછીની યોગની ઉપરની કક્ષાએ સામર્થ્યયોગ છે. ઇચ્છાયોગમાં રુચિની પ્રધાનતા હોય છે; શાસ્ત્રયોગમાં શાસ્ત્રની પ્રધાનતા હોય છે; જ્યારે અહીં સામર્થ્યયોગમાં સામર્થ્યની પ્રધાનતા હોય છે. સામર્થ્ય એટલે જીવની શક્તિ, વીર્ય, પુરુષાર્થ વગેરે. તેની પ્રધાનતા હોવાના કારણે આ યોગમાં શાસ્ત્ર ગૌણ બની જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ સઘળાં આલંબનો છૂટી જઈને નિરાલંબનતા જ અહીં આલંબનરૂપ બને છે.

આ સામર્થ્યયોગ શ્રેણિમાં આવે તે સમયે ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં આત્માનો પ્રખર પુરુષાર્થ હોય છે. પ્રકૃષ્ટ પ્રકારનો જ્ઞાનયોગ અહીં સિદ્ધ થાય છે અને પ્રાતિભજ્ઞાનની સહાયથી જીવ પ્રચંડ પુરુષાર્થ ફોરવીને પોતાનું લક્ષ્ય સિદ્ધ કરે છે. પ્રાતિભજ્ઞાન એ અરુણોદયની જેમ શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનની વચ્ચેનું જ્ઞાન છે. તે આવ્યા પછી જીવને ટૂંક જ સમયમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ જ્ઞાનમાં માર્ગાનુસારી પ્રકૃષ્ટ ઊહ (બુદ્ધિ) હોય છે. અર્થાત્ આમાં સાક્ષાત્ અનુભૂતિ નથી પણ તે અનુભૂતિને મેળવવા માટેની ક્ષયોપશમજન્ય પ્રકૃષ્ટ બુદ્ધિ છે.

પ્રાતિભજ્ઞાનને સાદી ભાષામાં અનુભવજ્ઞાન કહી શકાય. શ્રેણિમાં રહેલ આ સામર્થ્યયોગરૂપ ધર્મવ્યાપારનું વર્ણન શાસ્ત્રમાં વિસ્તારથી મળતું નથી; કારણકે તે

અનુભવગમ્ય છે, અવાચ્ય છે. માત્ર સામાન્યથી તેનું દિશાસૂચન શાસ્ત્રમાં કરવામાં આવ્યું હોય છે. દા.ત. કોઇને બીજનો ચન્દ્ર બતાવવા માટે આપણે કહીએ કે આ બાજુ પેલા વૃક્ષની ઉપર સીધી લાઇનમાં આકાશમાં જો, તને ચન્દ્રલેખા દેખાશે. આમ આપણે તો માત્ર દિશાસૂચન કર્યું. તે અનુસાર જોવાનું કામ તો તેણે જ કરવાનું છે. એમ શાસ્ત્રમાંથી માત્ર સામાન્યતઃ દિશાસૂચન મેળવી પ્રવૃત્તિ કરતા જીવને પ્રકૃષ્ટ ક્ષયોપશમરૂપ પ્રાતિભજ્ઞાન પ્રગટે છે. (જેને કોઠાસૂઝ કહી શકાય. તેનાથી જીવ અચિન્ત્ય વીર્યોલ્લાસ વડે કર્મક્ષયને કરતો સામર્થ્યયોગમાં સડસડાટ આગળ વધતો જાય છે.)

એકથી સાત ગુણસ્થાનક સુધીનું શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. કારણકે ત્યાં શાસ્ત્રની પ્રધાનતા છે; અનુભૂતિ ગૌણ છે. આઠમાથી ઉપરના ગુણસ્થાનકમાં અનુભૂતિ મુખ્ય હોવાથી શાસ્ત્રમાં તેનું સંક્ષેપથી સામાન્ય વર્ણન જ કરવામાં આવ્યુ છે. દરેક ગુણસ્થાનકમાં ગુણોની અનુભૂતિ તો જરૂરી છે જ, તેના સિવાય ગુણસ્થાનક આવે જ નહિ; પણ તેનો ગૌણ-મુખ્યભાવ હોય છે.

સામર્થ્યયોગના બે ભેદ છે. (૧) ધર્મસંન્યાસયોગ અને (૨) યોગસંન્યાસયોગ.

(૧) **ધર્મસંન્યાસસામર્થ્યયોગ**:- ધર્મ એટલે ક્ષાયોપશમિક ગુણો. તેનો સંન્યાસ કરવો એટલે ત્યાગ કરવો. તેનું નામ ધર્મસંન્યાસ છે.

આત્મા અનાદિકાળથી ઔદયિકભાવમાં વર્તતો હોય છે. તેમાંથી નીકળીને જ્યારે તે ક્ષાયોપશમિક ભાવમાં આવે છે ત્યારે ધર્મની શરુઆત થાય છે. ત્યાર પછી ક્રમસર ધીમે-ધીમે વિકાસ સાધતો આત્મા જ્યારે ક્ષાયોપશમિક ભાવને છોડીને ક્ષાયિક ભાવને પામે છે; ત્યારે ધર્મની પરાકાષ્ઠા આવે છે. એ ક્ષાયોપશમિક ભાવને છોડી ક્ષાયિક ભાવ પામવારૂપ ધર્મસંન્યાસ અહીં શ્રેણિમાં આઠમા ગુણસ્થાનકે હોય છે.

આ ક્ષાયોપશમિક ભાવ એ ગુણ સ્વરૂપ છે. એટલે તેમાં દોષ નથી હોતા, માત્ર ગુણો જ હોય છે. છતાં પણ તે ગુણો અધૂરી કક્ષાના છે. તેમજ પ્રશસ્ત કષાયજન્ય હોવાના કારણે ઊંચી કક્ષાના ગુણો મેળવવા માટે તેને છોડવા પડે છે. જેમ નાના બાળકને ચાલતાં શીખવા માટે પહેલાં ઠેલણગાડીનો સહારો જરૂરી હોય છે; પણ પછી એ ઠેલણગાડી છોડી દેવાની હોય છે તેવું જ અહીં છે. શરુઆતમાં પ્રશસ્ત કષાયની જરૂર હતી માટે તદ્જન્ય ક્ષમા, દયા, દાન આદિ ગુણોને જીવે કેળવ્યા; પણ હવે એ પ્રશસ્ત કષાયને છોડીને અકષાયી અવસ્થામાં જીવને આગળ વધવાનું છે; ત્યારે તે કષાયજન્ય ગુણોને પણ છોડવાના છે. તે છોડવાથી જીવ નિર્ગુણી નથી બનતો, પણ એથી અનેકગણા ઊંચા આત્મસ્વરૂપ બની ગયેલા ક્ષાયિકભાવના ક્ષમા આદિ ગુણોને પ્રાપ્ત કરીને મહાગુણી બને છે.

આ આઠમા ગુણસ્થાનકનો ધર્મસંન્યાસ તાત્ત્વિક છે. તે પહેલાં દીક્ષા લેતી વખતે જીવે શ્રાવકયોગ્ય જે શુભારંભરૂપ ધર્મનો ત્યાગ કર્યો હતો, તે અતાત્ત્વિક ધર્મસંન્યાસ હતો. સાધર્મિકવાત્સલ્ય, દ્રવ્યપૂજા, તીર્થયાત્રા આદિ શુભારંભરૂપ ધર્મ શ્રાવકને માટે ગુણરૂપ હોવા છતાં સાધુને માટે તે અનુચિત છે. એટલે દીક્ષા લેતી વખતે તેનો ત્યાગ કરવાનો હોય છે. જીવ જેમ જેમ ઉપરના ગુણસ્થાનકમાં આગળ વધતો જાય છે, તેમ-તેમ નીચેના ગુણસ્થાનકોનાં કર્તવ્યો તેના માટે અકર્તવ્યરૂપ-હેય બનતાં જાય છે. એટલું ધ્યાન રાખવું કે શુદ્ધ ભાવના ગુણો એ આત્મસ્વભાવરૂપ છે. તેનો કદી ત્યાગ કરવાનો નથી હોતો. માત્ર શુભ ભાવના ગુણો પ્રશસ્ત કષાયજન્ય હોઈ તેનો ત્યાગ કરવાનો હોય છે. દરેક ગુણસ્થાનકમાં જેટલો-જેટલો પરભાવ છે, તે છોડતાં-છોડતાં આગળ જવાનું છે. એટલે નિશ્ચયનયથી તો ચૌદે ગુણસ્થાનક હેય ગણાય છે.

(૨) **યોગસંન્યાસ** :- સામર્થ્યયોગનો આ બીજો ભેદ શૈલેશી અવસ્થામાં પ્રાપ્ત થાય છે. શૈલેશી અવસ્થા પામ્યા પહેલાં, કેવલી ભગવંતો આયોજ્યકરણ કરે છે. તેમાં શૈલેશી અવસ્થાના જેટલા સમયો છે તે દરેક સમયમાં જે-જે ભવોપગ્રાહી કર્મ ખપાવવાના હોય તે કર્મ તે-તે સમયમાં ગોઠવી દે છે. તે આયોજ્યકરણ કર્યા પછી યોગસંન્યાસનો પ્રારંભ થાય છે. તેમાં મન, વચન, કાયાના યોગનો નિરોધ કરાય છે. મન, વચન, કાયાની વ્યાબાધા હોય છે, ત્યાં સુધી શુદ્ધ ચૈતન્ય પ્રગટતું નથી. માટે શુદ્ધ ચૈતન્યને પ્રગટાવવા મન, વચન, કાયાની વ્યાબાધા છોડવાની હોય છે અને તે વ્યાબાધા છોડવા માટે મન, વચન, કાયાનો સંપર્ક છોડવાનો હોય છે:

આ રીતે આ યોગસંન્યાસ એ શુદ્ધ ચૈતન્યને પ્રગટાવવાનો ઊંચો ધર્મ છે. આ યોગસંન્યાસ એ અનાશ્રવરૂપ, અયોગરૂપ છે. તેના પછી શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે બધા યોગમાં તે સર્વોત્તમ યોગ છે.

અહીંયાં મન, વચન, કાયાનું વીર્ય પ્રવર્તતું બંધ થઈ જાય છે; પણ હજુ તેનો સંયોગ રહેલો છે. માટે આ અવસ્થાને હજી મોક્ષ કહેવાય નહિ. મન, વચન, કાયા વગેરે જડના સંયોગથી જે ક્રિયાઓ થતી હતી, તે બધી જ અહીં બંધ થઈ જતી હોવાથી, એ અપેક્ષાએ અહીં આત્મા નિષ્ક્રિય કહેવાય છે. બાકી અનંત જ્ઞાન, દર્શન, સુખના વેદનરૂપ શુદ્ધ ચૈતન્યની ક્રિયા તો અહીં પણ ચાલુ જ છે.

આ યોગસંન્યાસમાં બધા જ ધર્મ-અધર્મનો સર્વથા ત્યાગ કરવાનો છે, માટે સંપૂર્ણ શુદ્ધ એવો આ યોગ છે. તેના પછી જે મોક્ષની અવસ્થા છે, એ તો તેના કરતાં પણ વધુ શુદ્ધ દશા છે; અર્થાત્ સંપૂર્ણ શુદ્ધ દશા છે.

**સમાપ્ત**

# મુખપૃષ્ઠ પરિચય

દૃષ્ટિએ શ્રદ્ધાયુક્ત બોધ સ્વરૂપ છે, તત્ત્વદર્શન સ્વરૂપ છે. આપણા સૌના આત્મામાં દૃષ્ટિઓ પડેલી જ છે પણ જેમ જેમ પુરુષાર્થ વડે કર્મના આવરણો હટાવીએ તેમ તેમ તે પ્રગટ થતી જાય. જ્ઞાનીઓએ તેને આઠ દૃષ્ટિમાં સ્થૂલથી વર્ણવેલ છે જે આંતરપ્રકાશની તરતમતા સૂચવે છે. જેમ રંગોની મન પર અસર હોય છે, તેમ આત્મામાં વર્તતા ભાવોને પણ જુદા જુદા રંગો વડે વર્ણવવાની એક શૈલી છે. મુખપૃષ્ઠ પર બતાવેલી સાધકની વિવિધ અવસ્થાઓ જુદા જુદા રંગો વડે બતાવવાનો સુંદર પ્રયત્ન છે. ઓઘની સૂક્ષ્મતા વધતી જાય તેમ તેમ અંદરમાં રમતી પરિણતિઓને જુદા જુદા રંગો, ઉઘડતા ક્રમે બતાવ્યા છે, જે છેલ્લે ચંદ્રના પ્રકાશ જેવો શીતલ-ઉજ્જવલ રંગમાં નિવર્તન પામે છે. ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળેલાં અને યોગદૃષ્ટિમાં પ્રવેશેલા સાધક ચઢતીનાં આઠ પગથિયાં – આઠ અવસ્થાઓ આઠ રંગો વડે બતાવેલ છે. આ ઉપમાને પ્રકાશની માત્રા આદિ સાથે તુલવવાની છે નહીં કે ઉષ્ણતા-દાહકતા વિ. સાથે.

| ક્રમાંક | યોગની દૃષ્ટિ | બોધપ્રકાશ | યોગાંગ | રંગ |
|---|---|---|---|---|
| ૦ | ઓઘદૃષ્ટિ (યોગ નહીં) | | | |
| ૧ | મિત્રાદૃષ્ટિ | તૃણાગ્નિ જેવો | યમ | |
| ૨ | તારાદૃષ્ટિ | છાણાગ્નિ જેવો | નિયમ | |
| ૩ | બલાદૃષ્ટિ | કાષ્ઠાગ્નિ જેવો | આસન | |
| ૪ | દીપ્રાદૃષ્ટિ | દીપક જેવો | પ્રાણાયામ | |
| ૫ | સ્થિરાદૃષ્ટિ | રત્ન જેવો | પ્રત્યાહાર | |
| ૬ | કાંતાદૃષ્ટિ | તારા જેવો | ધારણા | |
| ૭ | પ્રભાદૃષ્ટિ | સૂર્ય જેવો | ધ્યાન | |
| ૮ | પરાદૃષ્ટિ | ચંદ્ર જેવો | સમાધિ | |
| | સિદ્ધભગવંતનો લાલ વર્ણ | | | |

સાધક જીવના સમ્યકબોધના વિકાસ પંથને કલાકારે નિપુણતાથી જુદા જુદા મનોહર આકાર અને રંગ આપ્યા છે. જેને મનમાં ધારીને યોગદૃષ્ટિસમુચ્ચયનો સ્વાધ્યાય કરીને સૌ પૂર્ણ સમ્યકબોધ પામે તેજ અભ્યર્થના.

મુદ્રક : સૂર્યા ઑફસેટ, આંબલી ગામ, અમદાવાદ